બ્રહ્મચર્યનું ગૌરવ

૭૮૬

ઈસ્લામનું ગૌરવ.

હશમત મિટે, જલાલ મિટે, કરૌફર મિટે;
માલો મનાલ સારા મિટે, યાકે, ઝર મિટે;
સબ જાયેં મિટ, બલાસે, ન ઈમાં મગર મિટે.

લેખક અને પ્રકાશક.

આય. કે. ખાન.

પ્રિન્સપાલ મુસ્લિમ મિડલ સ્કુલ,
ઉપલેટા

'શાહી ગુપ્ત ભંડાર,' 'ઈસ્લામની અમૃતવાણી,' 'બહેરામનાં હેરતઅંગેઝ કારનામ,' 'દેશોદ્ધાર મુસ્લિમ વિરાંગ્ના' વગયરા વગયરાના કર્તા.

ઇ. સ. ૧૯૩૧ પ્રથમ આવૃત્તિ પ્રત ૧૦૦૦

મુલ્ય ૧-૪-૦

" ઈસ્લામનું ગૌરવ. "

વિષય અનુક્રમણિકા.

અમદાવાદ, પાનકોરના નાકે ધી. " વાસુદેવ " પ્રી. પ્રેસમાં
ઇશ્વરલાલ મોતીલાલે છાપી.

નિવેદન.

ઝમાને ભરમેં એક ઇસ્લામ તેરી દૌલત હય,
ન તેરે પાસ ખઝાનેં કહીં ન જાગીરેં;
હુઈ મુદાખલત ઇસ્મેં તો યાદ રખ એક દિન,
ફરેંગે દૌર દબા દેગા તેરી તકબીરેં;
ઉઠ ઔર અપની નિયાબતકો ઉસ્તવાર બના,
કે તેરે હક્કી હિફાઝત હય વ્હે તદબીરેં. (હમદર્દ)

કુરબાન જાઉં એ ઇસ્લામ ઉપર કે જેણે પ્રથમજ સેંકડો બલ્કે હઝારો દુધ પીતી બાળાઓને યમશરણ થતાં બચાવી લઇ સ્ત્રી જાતીનું નીકળી જતું નિકંદન અટકાવી લીધું અને તેમ કરી સ્ત્રી જાતીનું ભૂષણ, મોભો અને માન આદી જાળવી લઇ સ્ત્રીનું ગૌરવ વધાર્યું; વળી જેણે કાષ્ટ તેમજ પાષાણની પ્રતિમાઓના પાપી પૂજનના અઘોર અને અક્ષમ્ય પાપમાંથી જનતાને તારી લઇ એકેશ્વરવાદની કલ્યાણકારી તેમજ પુણ્યશાળી ભક્તિનું પાન કરાવી લોકોની અપવિત્ર અને હેવાનિયત ભરી હસ્તીને બદલે '**અશરફુલ મખલુકાત**' નું મોભાભર્યું તેમજ માનભર્યું અસ્તિત્વ ગ્રહણ કરાવી માનવ જીવનનું સાર્થક કર્યું, વળી જેણે નકામી અને નજીવી વાતમાંથી વર્ષોના વર્ષો સુધી ચાલતી કૌટુમ્બીક ખુનખાર લડાઇઓના ભયંકર

પરિણામોને ' **કુલ્લો ઇખ્વતુન મુસ્લેમીન** ' ના ચમત્કારિક નુસ્ખાથી વિદારી આપસમાં બંધુતા, મિત્રતા, હમદર્દી અને ઇખ્લાસના અમૃત જળનું સિંચન કરી સર્વત્ર શાન્તિ, આબાદી અને અમનની સ્થાપના કરી એટલુંજ નહિ, પરંતુ જેણે સકળ સંસારને રફતે રફતે સુધારી તરક્કી અને ઉન્નતીના ઉચ્ચ શિખરે લઇ જઇ જગતરૂપી નર્કને આખેરતરૂપી જન્નત પ્રત્યક્ષ પ્રમાણ રૂપે અહીંજ ઉપસ્થિત કરી બતાવ્યું, ધન્ય એ સંસાર સુધારક તેમજ જગત ઉદ્ધારક ઇસ્લામને !

હઝરતકી રિસાલતસે, **સિદ્દિકકી** હિમ્મતસે,
ફારૂકકી શવકતસે, **ઉસ્માંકી** સખાવતસે.
હયદરકી શુજાઅતસે, ઝેહરાકી ઇબાદતસે,
હુસનેનકી જુરઅતસે, **ખાલિદકી** શહાદતસે.
ઇસ્લામ હુવા રવશન, તનવીરે ખુદા બનકર.

વળી વારી જાઉં એ પવિત્ર હસ્તિ ઉપર કે જેને જગત તમામ આજ ચૌદ સદી થયાં ' **રહમતુલ લિલ આલમીન** ' ના મુબારક નામથી સંભારી રહ્યું છે, સંભારે કેમ નહિં ? ! કે જે નામદારે જગત બંધુઓનાં દુઃખે દુઃખી બની તેમનાં દુઃખોને સુખોમાં, તેમની આફતોને રાહતોમાં, તેમની અશાન્તિને શાંતિમાં, તેમની ખાનાખરાબીને ખાનાઆબાદીમાં, તેમની વેરવિખેર સ્થિતિને સુવ્યવસ્થિત અને સંગઠિત હાલતમાં, તેમની કંગાલિયતને આસુદગીમાં, તેમની હડધુત હાલતને

તઆઝિમ અને તવકીરમાં, તેમની એબસી અને એકસીને સત્તા અને અધિકારમાં એવી તો ફેરવી બતાવી કે તે જંગલી, નિર્દય અને જંગજુ અરબોને જોત જોતામાં **શામ-સિરિયા, સ્પેન, મોરક્કો, ઇરાન, આફ્રિકા, ત્રીપોલી** આદિ મુલ્કોના ધણી બનવા શકિતમાન બનાવી દીધા કે જેમણે ઝુલ્મ, પશુબળ અને ઝાર-શાહીને પડખે ચડયા વગર ભ્રાતૃભાવ, સમાનતા, ઇખલાસ અને અનુકંપાના ઇસ્લામના ગૌરવભર્યા અલૌકિક શિક્ષણથી તમામ આલમની કાયા પલટાવી દીધી. એવા સકળ સંસારને શાંતિ, આબાદી, અને તરક્કીના ઉચ્ચ શિખરે પહોંચાડનાર સંતોના શિરોમણી અને મહર્ષિઓના મુગટમણી હઝરત રસુલે ખુદા (સલ.) ને સહસ્ત્ર કોટિ દુરૂદો સલામ હજો.

કારણકેઃ—

નુરે ખુદાસે નુર તેરા જલ્વાગર હુવા,
કવનૈન તેરે નુરસે પસ મુસ્તહર હુવા;
તુ જબકે ઐસા બાઇસે જીન્નો બશર હુવા,
કેહના યેહ તેરી શાનમેં કયા સખ્તતર હુવા.
અય નુરે ઝાતે પાક શહનશાહે બેહરો બર,
બાદઝ ખુદા બુઝુર્ગ તુઇ કિસ્સા મુખ્તસર.
કુર્આંમેં જબકે તેરી ખુદાને સના લીખી,
ફિર કયા બશરકા મુંહ કે કરે વસ્ફ ફિર યહી.
કેહતે હેં સારે જીન્નો બશર હુર ઓર પરી,

સલ્લુ અલા મોહંમદો આલે મોહંમદી.

અય નુરે ઝાતે પાકે શહનશાહે બહેરો બર,

બાદઝ ખુદા બુઝુર્ગ તુઇ કિસ્સા મુખ્તસર.

હવે જગતને સરજી ફરી જગતને નિસ્તો નાબુદ કરી વળી પાછી જગતને સજીવન કરવાની અલૌકિક શક્તિધારી, તમામ બ્રહ્માંડોના ખાલિક તેમજ માલિક, વળી " **વહદહુ** " તથા ' **લાશરીકલહુ** ' અલ્લાહ જલ્લશાનહુ કે જેણે મ્હારા જેવા એક નાચિઝ, નાદાન, પુરખતા, કમઇલ્મ તેમજ કમ ફહમ બંદાને પોતાના ફઝલે અમીમથી અને ખાસ કરી પોતાના પ્યારા હબીબે પાકના વસીલાની બરકતથી આ " **ઇસ્લામનું ગૌરવ** " પ્રસિદ્ધિમાં લાવવાનું સામર્થ્ય અર્પ્યું કે જે ' **તવહીદના ઉપાસકો** ' અત્યારે વાંચે, વિચારે અને વર્તે તો મ્હારા પ્યારા મુસ્લિમ બંધુઓની આ ચાલુ ભયંકર–ખોફનાક તેમજ દર્દનાક દયાજનક અવદશા કે જેને માટે ઇસ્લામના એક અંગ તરીકે મ્હને પોતાને અંતરથી લાગી આવે તે તો સ્વાભાવિક બલ્કે ઝુરૂરી છે, એટલે ' **નયરંગ** ' સાહબની ' **ગમે કૌમ** ' વાળી નઝમનો એકાદ મિસ્રો મારી દુઃખાતી લાગણી પ્રદર્શિત કરવા અત્રે ટાંકી બતાવું છું—

દિલ ભર આયા કૌમકી હાલત પરેશાં દેખકર !
રો પડે હમ અપની બરબાદીકે સામાં દેખકર !

મુસ્લિમ ઝબુન હાલત નિહાળીને ફક્ત અશ્રુઓ સારીને, માત્ર હાય અફસોસ કરીને કે ગમગીન અને નિરાશ થઇને

બેસી રહેવાની નાલેશી અને બુઝદિલી માથે વહોરી લેવાને બદલે એ ભયંકરતા દૂર કરવા માટે કટિબદ્ધ થવાની સવેળાયે ચેતવાની ઝુરૂરત છે. મુસ્લિમ જનતાની થઇ પડેલ એ અધો-ગતિના અનેક કારણો પૈકી ખાસ કારણ મ્હારી અલ્પમતિ અનુસાર મને જે દ્રષ્ટિ ગોચર થાય છે તે એકે (૧) ખુદાઈ કલામ–કુરઆને કરીમની આજ્ઞાઓ તરફની મુસ્લિમ જાહેલિયત ભરી ન માફ થઈ શકે તેવી બેદરકારી; (૨) મુસ્લિમ ઝિંદગીની સોળે કળા ખિલવનાર નબિયે કરીમ (સલ.) ની મુબારીક સુન્નતોની કલ્યાણકારી પયરવી પ્રત્યે શર્મનાક ગફલત; (૩) ઇસ્લામનો પ્રભાવ તેમજ પ્રતાપ પોતાની રૂહાની તા'કતના બળે પ્રત્યેક પ્રજા અને દરેક દેશને સિદ્ધ કરી બતાવી ઇસ્લામી અદ્દભુત આત્મિક શકિત આગળ અમીર ઉમરાવોનાં તો શું પણ મહાન ગર્વિષ્ઠ અને મુતકબ્બિર રાજા મહારાજાઓના મસ્તક પણ નમાવી ઇસ્લામનો અલૌકિક ચમત્કાર ખુલ્લમ ખુલ્લા દેખાડનારા ધર્મ ધૂરંધર વલિ ઓલિયાઓ–બુઝુર્ગોને દીન તરફ પૂજ્યભાવ તથા આસ્થામાં નિશદિન વધતી જતી મુસ્લિમ ઉણપ તેમજ હિણપત; (૪) આ ખરા કટોકટીના પ્રસંગે આપસમાં ખુલ્લા દિલે સંગઠન અને એક દિલી–એકયતા સ્થાપિ મઝબૂત અને મુસ્તકિમ ફિરકાબંધી તરફ ભયાનક લાપરવાઈઓ; (૫) ઇલ્મો હુન્નર હાથ કરી દીની તેમજ દુન્યવિ કામયાબી, તરક્કી, અને આબાદી સાધવાના સાધનો પ્રાપ્ત કરવા તરફ અક્ષમ્ય બેપરવાઈ અને (૬) ખોટી તેમજ તકલીદી નામનાની પ્રાપ્તિ

ખાતર પોતાની અતિ નિકટના ભવિષ્યની પાયમાલી અને બે-ઇજ્ઝતિને નોતરનાર બલ્કે બાવડે ઝાલી આંગણે તેડી લાવનારા મુશરિકાના રિતરીવાજો માટે થતી 'ફુઝુલ ખર્ચી' વગેરા વગેરામાં અમે મુસ્લિમો કેમ સંડોવાણા તેના ઉકેલ માટે રાજે શ્રી 'નયન' સાહેબ કહે છે કે:—

વિલોકીને, તપાસીશું તો અમારી છે બધી ખામી,
અનિતી, સ્વાર્થ વૃત્તિને, પ્રપંચે પ્રિત છે જામી;
વિના વિદ્યા, વગર જ્ઞાને, અમો એ નામના વામી,
કુપંથે દોડનારાનો, બને વિશ્વેશ શું હામી ? ?
નયન દિ પાસથી જોતાં નથી કંઈ દ્રષ્યમાં ખામી,
રહી છે નામની આજે અમારામાં મુસલમાની. (દીન)

વળી એક ઉર્દુ શાએર કહે છે કે:—

એક તૂ થા કે ભરોસા થા ખુદા પર તૂઝકો,
આજ ક્યું મિન્નતે અગિયાર હે આદત તેરી ?
દસ્તે હાજત હય તેરા સામને ગૈરોં કે દરાજ,
ગર્મ રહેતીથી કભી બઝમે કરામત તેરી !
તુને નાદાન બુઝૂર્ગોંકા ચલન છોડ દીયા,
રિશ્તએ ઉલ્ફતે આકાએ ઝમન તોડ દીયા !

હવે એ નાશકારક પ્રથાઓ તેમજ શર્મનાક રીતરીવાજોને નાબુદ કરવા માટેની દિલોજાનભરી તૈયારી સારૂ મઆબુદે હકિકીની પવિત્ર આજ્ઞાઓ તેમજ નામદાર તાજદારે મદિના (સલ.) ના મુબારીક ફરમાનોના પાલન તરફ મ્હારા મુસ્લિમ બિરાદરોને વાળી તેમની ચઢતી કળા અને આબાદીના સાધનો

પ્રાપ્ત કરવાના ખાલિસ નિમિતે આ 'ઇસ્લામનું ગૌરવ' કે જે '**ફ્યઝુલ બારી**,' '**મઝહરે હક્ક**,' **સહિહ બુખારી શરિફ**, '**મિશ્કાતશરિફ**' (ગ્રંથોના માલિક ઝકરિયા મસ્જીદના ઇલ્મ દોસ્ત પેશ ઇમામ ઇસામીયાં સાહેબ,) વળી '**ખયરૂલ મવાનિસ**' (કિતાબના માલિક ઝિઇલ્મ મૌ. અબ્દુલ જબ્બારખાન સાહેબ) અને '**ફતાવા આલમગીરી**' તેમજ 'શરએ વિકાયા' (ઉપલેટા મુસ્લિમ કુતુબખાના) (નો ઉલ્લેખ પુસ્તકનું પ્રમાણ આપવા ખાતિર, નહિં કે મારો જ્ઞાન ભંડાર બતાવવાની ફોકી-યતથી અહીં કરૂં છું) માંથી તૈયાર તો કર્યું ખરૂં પણ વાંચક બંધુઓની રસિકતા તેમજ ટેસ્ટ બરાબર વાંચનદ્વારા જળવાઇ રહે એ માટે કૌમી ખિદમત ગુઝાર '**વતન**,' '**હમદર્દ**,' '**ઇન્સાફ**' ને '**મેમણ સુધારક**' જેવા અગ્રગણ્ય ઇસ્લામી અઠવાડીકો તેમજ '**પેશ્વા**,' **મૌલવી**,' **મુમન મિત્ર**' અને '**સાદિક**' જેવા અજોડ દીની રિસાલાઓમાંથી નઝમો, કવિ-તાઓ, ફકરાઓ આદિ મેં ચુંટીને પણ 'ઇસ્લામનું ગૌરવ' માં સ્થાન પણ આપ્યું છે, તે તમામની પરોક્ષ મળેલી સહાયતાની અહેસાન મંદી જાતો જીગરથી અહીં ઝાહિર કરી દેવા મ્હારી ફર્ઝ સમજું છું. વળી મ્હારી નર્મ ગર્મ રહેતી તબિયતને લઇ લખાણ કાર્યની ખુલ્લા દિલે હર વકત મદદ દેનાર વઢવાણ નિવાસી ભાઈ. અ. રહેમાન શેખ સાહેબનો પણ ઉપકાર માનું છું, તેમજ વળી 'ઇસ્લામનું ગૌરવ' માટે સક્રિય સહાય દેનાર અન્ય બિરાદરોનો પણ ખરેખર ઋણી છું.

અને વળી પ્રિય વાચક બંધુ ! આ પ્રેમનો ઉભરો તો જુઓ, "........પાણીમાં બેસી જાઉં, એટલી નફટાઇ, પ્રિન્સીપાલ સાહેબ, મ્હારામાં નથી, તે ચોકકસ માનજો.... (૨) આપની છપાવેલી પ્રથમ આવૃતિ ખપાવવા ઉપલેટામાં મ્હારી સઘળી શકિતઓ ખર્ચીશ......તે બાબત આપ નચિંત રહેજો......" એ લેખિત ખાલિસ મનનાં પ્રેમ ભરેલ ઉદ્દગારથી એ સ્નેહી વર્ગના પાલનનું મૂલ્ય કેટલું આંકે છે ! વળી સાહિત્યના સત્કાર માટે કેટલી તિવ્ર તત્પરતા ધરાવે છે! ! અને મ્હારી કૃતિ પ્રત્યે કેટલાં માન અને પ્રેમ દર્શાવે છે ! ! ! એ તો સહૃદયોથી સ્હેજે સમજી શકાય તેવું છે, અને એનાં પરિણામે (જો કે સાહિત્યની કદ્ર અને કિંમત સાથે તેનો સત્કાર કરવા મ્હારા મુસ્લિમ બિરાદરો નવિન પુસ્તકની પ્રસિદ્ધિ ટાણે કેવાં ઉંચા નીચા–તલપાપડ–થઇ દોડાદોડ કરી મૂકે છે એતો સૂર્યના પ્રકાશ સમાન સર્વત્ર પ્રકાશિત હોવા છતાંયે એ મુહિબ્બની પવિત્ર લાગણીને દિમાગી તેમજ આર્થિક શકિતઓ ખર્ચીને પણ વધાવી લેવા ખાતિર) ગમે તે ભોગે મ્હારે મ્હારૂં 'ઇસ્લામનું ગૌરવ' છેવટ જન સન્મુખ મૂકવુંજ એ નિર્ણય ઉપર લઇ આવનાર અત્રેના સાહિત્ય રસિક, કોમી ઉન્નતિના ઉપાસક, મુસ્લિમ સંગઠનના સંપાદક અને કેળવણીના ચાહક એક નવજવાન મેમણ બંધુ અઝીઝી મોહંમદ ઇસ્માઇલ આદમજી કેબર સાહેબના ખરા જીગરથી આભાર માનવાની ફર્ઝ અત્યારે ન બજાવું તો પછી મ્હારા જેવો

કૃતઘ્ની બીજો કોણ હોઈ શકે?! વળી એક અન્ય બંધુના હૃદયમાં સાહિત્ય માટે પ્રેમ, કદ્રદાની અને સત્કાર, એ સર્વ કેવો વાસ કરી રહ્યાં છે તે બતાવવા નિમિતે તેમનાં એક મહોબ્બતભર્યા પત્રની થોડીક વાતો અહીં અસ્થાને નહિં લેખાય, પુસ્તક બે માસમાં પ્રગટ થવાના બદલે ચ્હાર ચ્હાર મહિના થઇ જવા છતાંયે પ્રગટ ન થવાથી એ ભાઈ મોહોબ્બતના જોશમાં આવી લખે છે, "........કારણ આપને પ્રેસવાળાઓની વાયદા ખિલાફીની શિકાયતમાંથી જ ફુરસદજ કયાં છે?........પ્રેસવાળા પણ ખરેખર આપને માથાના જ મળ્યા છે, 'દાગ' મરહુમ હયાત હોત તો મા'શુકની બેવફાઈનાં રૂદનને બદલે પ્રેસવાળાઓની બેવફાઇનાં ગીત ગાત! આપ શું ધારો છો?..........'દેર આયદ દુરૂસ્ત આયદ,' 'અલ્લાહની જેવી ઇચ્છા' તે તો મનનો સંતાપ ઓછો કરવાનું બ્હાનું છે, પરંતુ ગૌરવ જો વહેલું બાહિર પડી જાત તો પરદેશી મુસાફિરોને રૂપિયો ખર્ચવો ભારી ન પડત......ખબર" એ મહેરબાન પણ અહેસાનમંદીના અધિકારી કાંઇ ઓછા છે ખરા? એ ભાઈ અન્ય કોઇ નહિ પણ 'છેલ' સાહેબ (કે જે પોતાની ડયુટીમાં કાબેલિયત અને કાર્યકુશળતાની એક અજોડ વ્યક્તિ સાબિત થતા આવ્યા છે અને જેમના દિમાગે આલીથી ઉપલેટા મુસ્લિમ–કુતુબખાનું એક નમુનેદાર સંસ્થા આજ બની છે કે જેનો વહિવટ અને વ્યવસ્થા પ્રત્યેક વિઝિટરને સંતોષવા પૂર્ણ શક્તિ ધરાવે છે.) એ ભાઇઓ જેવા

અન્ય મુસ્લિમ સાહિત્ય કારોની કૃતિઓને અન્ય ભાઇબંધ પ્રજાઓ પેઠે સહૃદયે અપનાવવા મદદેં મયદાન બને તો મુસ્લિમ સાહિત્યનાં રોવાતાં રોદણાં અવશ્ય દૂર થઇ જવા સાથે મુસ્લિમ સાહિત્યનો બોલ બાલા થાય. ઇ. અ.

આ પુસ્તકની છપામણી દરમિયાન મ્હારે લાઇલાજે **ગોંડલ, રાજકોટના** પ્રેસોને કામ સોંપી તેમની પાસેથી વાયદા ખિલાફીના કારણે પ્રત લઇ અહમદ આબાદમાં એક પ્રેસને સ્વાધિન કરવું પડયું. વળી એ દરમિયાન મ્હારી પ્રકૃતિ પણ વધારે અસ્વસ્થ રહેતી હોઇ પ્રુફો તપાસવાનું મ્હારાથી ન બન્યું તેમજ અલ્લાલતને લઇ મેટરમાં પણ કોઇ સ્થળે ન્યુનતા તેમજ ત્રુટી રહી ગઇ છે, તેમાં વળી પ્રુફ સુધારનાર પોતાની ગફલતીને લઇ નઝમો–કવિતાઓના યોગ્ય સ્થળની જાળવણી કરી ન શકવાથી કેટલાક સ્થળે એ પણ ભૂલ રહી ગઇ છે ખરી. તે તમામ માટે તેમજ વાયદાસર પુસ્તક પ્રસિદ્ધ નહિ થવાથી નારાજ થયેલ શુભેચ્છકોની પણ અહીં ક્ષમા યાચું છું. અને 'ઇસ્લામનું ગૌરવ' ને અગાઉથી વધાવી લઇ આશ્રય દેનારા ગ્રાહકોની એ નવાઝિશ માટે ઉપકાર માની તેમના મુબારિક નામો પુસ્તકમાં વાયદા પ્રમાણે પ્રગટ નથી કરી શકયો તે માટે દિલગીર છું. સાહિત્ય રસીક બંધુઓને આ મ્હારા ઇસ્લામનું ગૌરવ માં જે કાંઇ દોષ જણાય તે મને ખુલ્લા દિલે જણાવવા તેમને મ્હારી નમ્ર અર્ઝ છે. એ દોષોની સુધારણા બીજી આવૃતિમાં અહેસાન સાથે, ઈ. અ. કરી બતાવીશ.

હજુ એક વાત વધારે કહેવી રહી જાય છે તે એ કે અહ-મદ્આબાદથી નિયમીત પ્રગટ થતું ખિદમત ગુઝાર 'દીન' જે ફક્ત રૂપિયા ચ્હારમાં ઘેર બેઠાં નૈતિક, સામાજીક, આર્થીક, રાજકિય બાબતો માટે વિશાળ વાંચન દ્વારા સાદી અને સરળ ભાષાદ્વારા અસરકારક શૈલીમાં કે જ્યારે ભાષા આજે અલંકાર, આડંબર આદીથી સળગી ઉઠી છે, તેવા સમયમાં પણ, જન સમાજને લાભદાયી, રૂચિકર, પૌષ્ટિક અને શક્તિ વર્ધક વિધ-વિધ વાનીઓ પીરસી મઝહબ અને દેશને સન્મુખ રાખી સમાજ સેવા ઉત્તમ રીતે બજાવી સર્વત્ર લોકપ્રિય થઇ હાર્દીક સત્કાર પામતું જાય છે, તેના કાબિલ, બાહોશ, અને ઝીઇલ્મ તંત્રી શ્રી હમદર્દે કૌમો મિલ્લત જનાબ નિઝામુદ્દીન કુરેશી સાહેબે મ્હારી માંદગી દરમિયાન અને પ્રેસોની બેપરવાઇ ટાંણે મ્હારો હાથ ઝાલી ઇસ્લામનું ગૌરવને છપાવવા માટે સુયોગ્ય ન કરી... આપ્યો હોત, તો ઇસ્લામનું ગૌરવને વધાવવા અધિરા થઈ રહેલ મ્હારા શુભેચ્છકો ઇસ્લામનું ગૌરવ કયારે જોવા ભાગ્યશાળી અરે, શક્તિશાળી થાત,તે કહી શકાત નહિ.ઈસ્લામનું ગૌરવના ઉપાસકોની હાલત 'અલ ઇંતિઝારો અશદ્દો મિનલ મૌત' સમાન અને મ્હારી 'પારકા મ્હોઢે પાન' જેવી ગત થઇ પડી હતી. કહો તેવા પ્રસંગે મ્હને કામ આવનાર તે સાહબ મૌસુફનો પાડ માન્યા વગર કેમ ચાલે ? જઝાક અલ્લાહ.

હવે નિવેદનને વધારે નહિં લંબાવતાં અત્રેથીજ ટુંકાવી લઉં તે અગાઉ જનાબ બખ્ત સાહેબની દુઆ સાથે જીગરથી સામિલ થઇ હાલના માટે વિરમીશ, વસ્સલામ,

મ્હારા દરેકે દરેક પુસ્તકને ઉમદા આર્થિક સહાયતાથી જીગરથી વધાવી સાહિત્ય સેવા બજાવવા મ્હને શક્તિમાન બનાવવા હર હંમેશ તૈયાર તેમજ તત્પર રહી મહારી દસ્તગીરી કરનાર અત્રેના લોકપ્રિય દુઃખીઓના દાતા, ગરીબોનાં બેલી, કેળવણીના ઉપસાક અને વિદ્યાના દાનેશ્વરી સખી શ્રીમંત **હાજી આદમ ઈસ્માઈલ કુલારા** સાહેબ સમાજ સુધારણા માટે ભડવીર બની કૃતિમ મ્હોટાઈને ઠોકરે મારવાની પહેલ કરનાર સખી શ્રીમંત હા૦ અ૦ **લતીફ કુલારા** સાહેબ મ્હે. શેઠ **સા. હા મોહમદ કુલારા** સાહેબ, સાહિત્યના રસિક અને કદ્રદાન ભાઈ **અ. લતીફ કુલારા** સાહેબ, ઉચ્ચ કેળવણીનું ખરૂં રહસ્ય સમજનાર શેઠ **હા. મોહમદ શીવાણી** સાહેબ, મ્હે. શેઠ **હા. અ. ગની લોધા** સાહેબ, કોમી ઉન્નતીની દાઝ હૈડે ધરનાર શેઠ **હા.નુરમોહમ્મદ લાલા** સાહેબ. **"ગુપ્તદાન મહા પુન્ય"**નો અમલ કરનાર ભાઈ **તાહેર મોહમદ લાલા** સાહેબ, સખી શ્રીમંત હા.**રહમતુલ્લાહ જુમાણી** સાહેબ, મ્હે. હા. **સાલેહ મોહમદ** મુન્શી સાહેબ, મ્હે. હા. **અ. રહેમાન ભાઠારા** સાહેબ, સાર્વજનિક કાર્યોમાં હાતિમી હિસ્સો લેનાર સખી શેઠ **રહમતુલ્લાહ** તેમજ **અ.લતીફ** અબલા સાહેબો અને જમાત તંત્રના કાર્યકુશળ સંચાલક મ્હે.શેઠ **અ. કરીમ સાલે મુસા** સાહેબ વગયરા વગયરા કદ્રદાન ભાઈઓએ મ્હારી કૃતિઓને હર વક્ત ઉમદા ઉત્તેજન આપ્યું—અપાવ્યું છે તે

તમામ આશ્રયદાતાઓનો તેમજ નવસારીથી નીકળતા **વફા-દાર** ના હમદર્દ અને મુખ્લીસ મહેરબાન **સૈયદ મુહમ્મદ સૈયદઅલી** સાહેબે પોતાના ખિદમતગુઝાર પત્રદ્વારા મ્હારા પ્રથમજ સાહસને ઉમદા રીતે ઉત્તેજવા અને પોષવાના પવિત્ર નિમિત્તે મ્હારી **શાહી ગુપ્ત ભંડાર** ડિટેકટીવ નોવલની જાહેરાત ફ્રી ઑફ ચાર્જ લાંબા વક્ત સુધી લઇ તે ટાણે કરેલ મ્હારી દસ્તગીરી માટે તે ફયઝરસાન સૈયદ સાહેબનો તેમજ વળી ઇન્સાફ અને **મુમન મિત્ર** ના તંત્રી સાહેબોની ભલી લાગણી અને ઇમ્દાદ માટે તેઓ બન્ને મુરબ્બીઓનો પણ અંતઃકરણ પુર્વક આભાર માનીને પછી—

બખ્ત અબ યે કૌમ ફિર મખદુમે ઇકલીમ હો,
ફિર હમારા ગરતબા આફાકકો તસ્લીમ હો.
ફિર વોહી રાહે અમલ હો ફિર વોહી તાઅલીમહો,
ફિર હમારી સઇએ ઇલ્મી વાજીબુત તકરીમ હો.
પયરવીએ દીંભી, ઇલ્મો ફઝલભી, શોહરતભી હો,
યા ઇલાહી કોમકો શવકે સનઅતો હિરફતભી હો.
આમીન, યા રબ્બુલ આલમીન, આમીન.

" **ઇસ્લામનું ગૌરવ** " **ઓફિસ**
ઉપલેટા.
તા. ૧૨મીમુહર્રમ સને ૧૩૫૦ હિજરી

લેખક,
આય. કે. ખાન.

અર્પણ પત્રિકા

શ્રીમાન,

ચંદુલાલભાઇ બહેચરલાલ પટેલ, બી. એ.

વિદ્યા અધિકારી સાહેબ,

સાહેબ, સંસ્થાન ગોંડલ.

મહારાજાશ્રી ભગવતસિંહજી વાચનમાળા દ્વારા આપ સાહેબ પાશ્ચાત્ય કેળવણીનાં વિષમ અને દુઃખદ પરિણામોના વિદારક બની ભવિષ્યની પ્રજાને શ્રેષ્ઠ સંસ્કારી, ઉચ્ચ અભિલાષી, નિડર દેશાભિમાની તેમજ શુદ્ધ ચારિત્ર્યશાળી બનાવવાના દૈવી મનોરથના સત્ય સેવક બની, એ ભગીરથ પ્રયાસની સફળતા માટે દાખવેલ અદ્‌ભૂત કાર્યદક્ષતા, વળી વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ, ને અધ્યાપકો તેમજ આચાર્યો, ઉભયમાં હરદિલ અઝીઝ થવાની કર્તવ્ય નિષ્ઠતા; ઉપરાંત ખાસ કરીને હિંદુ મુસ્લિમ ઐક્યતાના ઉપાસક, તેમના ભ્રાતૃભાવના પોષક, સર્વત્ર સિદ્ધ થવાના અનેક દૈવી ગુણોની એક અદના યાદીમાં આ મ્હારૂં "ઈસ્લામનું ગૌરવ" આપ શ્રીમાનને સદ્દભાર સમર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

મુસ્લિમ મિડલ સ્કૂલ
ઉપલેટા તા. ૧૧ જુન ૧૯૩૧

નિયાઝમંદ સેવક,
આય. કે. ખાન.

૭૮૬

ઇસ્લામનું ગૌરવ.

પ્રકરણ ૧ લું.

કુરૂઆને કરીમનું સુશિક્ષણ.

૧ જગત જનોમાં આત્મ વિશ્વાસ અને સ્વતંત્રતા કેળવાય એજ પવિત્ર નિમિત્તે અલ્લાહની વહેદાનીયત-ઈશ્વરની એકતા-વિષે સ્પષ્ટ અને પવિત્ર બોધ જનતાને દેવાની પહેલ કરનાર પણ ઇસ્લામજ છે.

૨ ઇસ્લામનો એકેશ્વરવાદ માત્ર અલ્લાહનાં મહિમાના ફક્ત યશોગાન ગાવા માટેજ નથી; ભલે, માણસ એક અલ્લાહને બદલે અનેક દેવદેવતાઓને પુજે; એથી અલ્લાહનું કંઇજ બગડતું નથી, તેમજ અલ્લાહને તેની અદેખાઈ પણ નથી, પણ અલ્લાહ સિવાય બીજાની પુજાનો અંગીકાર કરવામાં મનુષ્યનું પોતાનુંજ નુકશાન સમાયેલું છે, કારણકે મનુષ્ય તેમ કરી પોતાના બધી ઉચ્ચગામી-પ્રગતી કરનારી શકતીઓને હણી નાંખે છે; જો માણસ અનેક દેવદેવીઓની ઉપાસનામાં સપડાણો ન હોત, તો તે જેને પોતે દેવ ગણતો એવી વ્યક્તિઓએ જે કાંઇ કરી બતાવ્યું હતું તે સઘળું પણ તે પોતે કરી શકત.

૩ માણસની સમાનતા અને કુદરતની દરેક વસ્તુ માણસને પોતાનાં તાબામાં છે; આ બે માન્યતાઓજ સુધારા અને સંસ્કૃતિને ગતિમાં મૂકનાર મુખ્ય ચાવી છે. આ માન્યતાઓ સ્પષ્ટ રીતે કુરઆને મહંમદે પ્રથમ મનુષ્યને શીખવાડી.

૪ સહાય માગો, તો માત્ર એક અલ્લાહનીજ સહાય માગો; મનુષ્ય અને તેના કિરતાર વચ્ચે અન્ય કોઇપણ આડતિયો નથી.

૫ અલ્લાહે મનુષ્યને જે હિકમત વહિચ્ય કરી છે, જે ડહાપણ શીખવાડ્યું છે, તે એ છે કે અલ્લાહ સાથે બીજા કોઇને પૂજાને પાત્ર ન ભેળવ-મઅબૂદ ન બનાવ; રખેને તને ઠપકાપાત્ર ઠરાવી તજાયેલી સ્થીતિમાં જહન્નમમાં નાખી દેવામાં આવે.

એક ઉર્દુ શાયર સર્વવ્યાપક સર્જનહારના ઇશ્કમાં લુબ્ધ બની કહે છે કે:—

વોહિ શીરીં[1] નામ હય અલ્લાહુકા, જબ હમ ઇસકો લેતે હે,
ચિપક જાતીહે તાલુકા ઝબાં અલ્લાહો અલ્લાહ હે.
અયાં[2] અલ્લાહી અલ્લાહહે, નીહાં[3] અલ્લાહી અલ્લાહ હે.
યહાં[4] અલ્લાહી અલ્લાહહે, વહાં[5] અલ્લાહી અલ્લાહ હે
કરો અલ્લાહી અલ્લાહ દમબદમ, અલ્લાહ ખુશ હે ગા
વહાં રહેમત બરસ્તી હે, જહાં અલ્લાહી અલ્લાહ હે;

---

૧ મધુર, લાવણ્ય, મોહાકશવાળું, ૨ પ્રકટ, જાહિર, દૃષ્ય. ૩ અપ્રકટ, ગુપ્ત અદૃશ્ય. ૪ અહીં. ૫ ત્યાં.

ગુઝરતી હે શહાદત[૬] પંજગાના, ઉસ્કી મસ્જીદસે,
નઆએ ગર યકી[૭] સુનલો, અઝાં[૮] અલ્લાહી અલ્લાહુ હે.
અલેફ જડ લામ શાખે[૯] હે સમર[૧૦] તશ્દીદ ગુલ સરમદ
પેહ સારા ગુલિસ્તાં[૧૧] કાં ગુલિસ્તા અલ્લાહી અલ્લાહુ ૬

(બદ: દુજા)

૬ તમારા પાલનહારની આજ્ઞા છે કે તમારે તેના સિવાય બીજા કોઇની ઇબાદત-સેવા કરવી નહીં; અને માબાપ સાથે સારી વર્તણુંક રાખવી, જ્યારે તેમાંના એક અથવા બન્નેને ઘડપણ આવે, ત્યારે તેમની સામે તૂંકારો પણ ન કરો, તેમ તેમની સામે ઉદ્ધતાઇથી ન બોલો, પણ તેમની સાથે હેતપ્રિતથી વર્તો.

૭ રાજ્ય ચલાવવાની સત્તા તો એમનેજ મળવી જોઇએ, કે જેઓ પ્રજાનાં ભલાની ખાતિર રાજ્ય ચલાવતા હોય, અને પોતાનાં સ્વાર્થની ખાતર પોતાનાં માણસોને બળવાન બનાવવા જતાં જેમની ઉપર તેઓ રાજ્ય કરતા હોય તેમને બળહિન ન બનાવતા હોય.

૮ પ્રજાસત્તાક વ્યવસ્થાને તેની સઘળી શાખાઓ અને પ્રતિશાખાઓ સહિત સર્વોત્તમ સ્વરૂપમાં સોથી પ્રથમ માનવજાતી સમક્ષ મૂકનાર પણ ઇસ્લામજ છે

૬ પવિત્રતા, શુદ્ધતા. ૭ ખાત્રી, ભરુ. ૮ બાંગ, નમાઝ માટે આમંત્રણ. પોકાર. ૯ ડાળીઓ. ૧૦ ફળ. ૧૧ બાગ, ઉપવન (શહાદત=કલમ-એ શાહાદત= એકેશ્વરવાદ તેમજ પયગમ્બર હ. ર. ખુ. સલ. હોવાની ખાત્રી-ગવાહી)

૯ ઇસ્લામે રાજ્યદ્રોહ અને છૂપા મંડળોને ખરાબ ગણ્યા છે જો ન્યાયપૂર્ણ અને યોગ્ય હોય તો તેણે ચાલી આવતી સ્થીતિને ટકાવી રાખવાનું પણ કહ્યું છે.

૧૦ ઇસ્લામે મ્હેનતનું માન વધાર્યું છે; તેણે ગમે તેવા નજીવા પણ પ્રમાણિક જીવનને ઉત્તમ-પવિત્ર ગણ્યું છે અને ભિખ માગવાનું ખરાબ ગણ્યું છે.

૧૧ ઇસ્લામે વ્યાજનો ઉચ્છેદ કરી વ્યાપારને ઉત્તેજન આપ્યું છે

૧૨ કાર્ય કરવાં અને ફળ મેળવવામાં સઘળાં મનુષ્યો સમાન છે એ ઇસ્લામનો એક સિદ્ધાંત છે.

૧૩ ઉપરીઓએ-વડવાઓએ જે કાંઇ કરી બતાવ્યું છે તે દરેક મનુષ્ય પુરૂષાર્થથી કરી શકે છે; વંશ કોમ, વર્ણ કે શ્રીમંતાઇ આદિની જે કાંઇ દિવાલો અને અડચણો જગત જનોએ ઉભી કરી છે તે બધીને કુરઆને પાક તોડી ઝમીન દોસ્ત કરે છે.

૧૪ જેઓ ખુદાના માર્ગમાં પ્રાણ અર્પણ કરે છે, તેમને મરેલાઓ ન સમજો, બલ્કે તેઓ તો પોતાના સર્જનહાર ખુદા પાસે જીવતા છે.

૧૫ એક બીજાઓનો માલ અન્યાયથી પચાવી પાડો નહીં, તેમ બીજાઓના માલને અપ્રમાણિકપણે ઉડાવી જવા માટે ન્યાયાધીશોને લાંચ રૂશ્વત પણ ન આપો.

એક મુસ્લીમ કવિ કહે છે કે—

લાંચ લઇ લુચ્ચાઇથી, રચે પ્રપંચ અપાર,
હાય ખાય જે રંકની, ફટ પામે ફિટકાર.
ધિક્ક તેની બુદ્ધી બધી, ધિક તેનો અધિકાર,
ધિક્ક સમૃદ્ધિ તેમની, જેને નહીં સુવિચાર,
સફ કરે ઇન્સાફ જો, અમલદાર સુખકાર,
ગરિબ બિચારા તો નસે, મટે પાપ પોકાર

૧૬ તમારામાંથી જેઓ નબળા મનનાં છે તેમની માલમીલ્કતની તમો સુવ્યવસ્થા કરો, ખુદાએ તેમની માલમિલ્કતમાંથી તમને જે કાંઇ સોંપ્યું છે, તે વેડફી ન નાખો, પરન્તુ તેમના નફામાંથી તેમનું ભરણપોષણ કરો, અને તેમને સાચી પ્રમાણિક સલાહ આપો.

૧૭ સાચેજ અલ્લાહ તમોને આજ્ઞા કરે છે કે તમને જે કાંઇ સોંપવામાં આવ્યું હોય, તે તેના માલિકને તેવીજ સ્થીતિમાં બરાબર પાછું સોંપો.

૧૮ અલ્લાહને દગાબાજ—વિશ્વાસઘાતિ-માણસો પસંદ નથી

એક ઉર્દુ શાયર 'ફેહમી' સાહબ કહે છે કેઃ—

નતીજા યેહ મીલા હમકો, દગાબાઝીસે અય 'ફેહમી'
શરાફત ખો ગઇ, ગૂમ હોગઇ, સારી મુસલમાની.

૧૯ વ્યભિચાર પાસે પણ ન જાઓ,—એવા પ્રસંગોથી સદા વેગળા રહો કારણકે વ્યભિચાર એ ભ્રષ્ટતા-દુષ્ટતા અને નરી નિર્લજતાજ છે.

વ્યભિચારના પરિણામ પ્રત્યે સુલક્ષ દેવું હોય, તો સાંભળો:—

'ઝના, ઉમ્ર કોતાહ, માલ ફના;'

(વ્યભિચારે આયુષ્ય અલ્પ, ધનનો કચ્ચડઘાણ.)

વળી એક ખતીબ-ધર્મ વ્યાખ્યાન દેનારના પ્રવચનને પણ સાંભળી લ્યો:—

ઝનાકાર[1] હો મર્દ વ ઔરત યે હુકમે ખુદા ખાલીક[2]
બાહરો[3] બર[4] હૈ,
અગર મોહસિન દોનો શાદીશુદહ[5] હૈ, સઝા ફરાજમુ[6] ઉનકા
બસ બિલહજર[7] હૈ;
વગર હૈં દોનોં બિલા[8] કિદખુદઇ,[9] હરએકકે લિયે દુરે[10]
સો મઓતબર[11] હૈ.
જુદા ઉનસે ઇમાં હોતા હૈ બેશક, યેહી હુકમે ખત્મુર[12]
રસૂલ સરબસર હૈ.

(પરણેલ પતિ પત્નિ પાપાચારના પંથે પડનારના પ્રાણ પત્થરના પ્રહારેથી હરી વ્યભિચારના જડ ફેંકી નાખવાની પહેલ કરનાર ઇસ્લામને ધન્ય, વળી એવા પવિત્ર અને મોબેર ઇસ્લામના સંચાલક

---

૧ વ્યભિચારી. ૨ સરજનહાર. ૩ સમુદ્ર ૪ ઝમીન, ધરતી. ૫ સ્ત્રી-હીન, પરણેલ. ૬ પત્થર પ્રહારથી પ્રાણ હરવા. ૭ નિ:સંદેહ. ૮ વગર. ૯ સ્ત્રીહીન ઝિન્દગી. ૮-૯ અવિવાહીત કુંવારા, વાંઢા. ૧૦ ફટકા. ૧૧ નિર્ણીત, નક્કી. ૧૨ ઇસ્લામમાં છેલ્લા રસૂલ (હ૦ મોહમ્મદ મુસ્તુફા સલ.)

જગતના મહાન સુધારક નબીયે આખેરૂઝ્ ઝમાનનું ફરમાન વગી એ છુટે છે કે અતિવાહીત, વાંઢા કે કુંવારાઓ પાપચાર સેવે તો તેમને સો સો ફટકા મારવા અને એ સખ્ત શિક્ષાનો દિલો- જાનથી અમલ કરનાર ન્યાયમૂર્ત્તિ કહો કે ન્યાયની અજોડ વ્યક્તિ કહો કે અદલ ઇન્સાફની બેનમૂન હસ્તી કહો કે જે પોતાના પ્યારા પુત્રને સરે ઝાહિર બાઝારના ચોકમાં માણસની મેદની દરમિયાન સો ફટકાનો માર મારવા પણ ન અચકાય અને એ શિક્ષાના ભોગે પોતાના પુત્રનો પ્રાણ નીકળી જતાં તેની પણ લેશ માત્ર પરવા કે દરકાર ન કરનાર જગતનો ઇન્સાફ બતાવી શકે તો તે એકજ હઝરત સૈયિદના ઉમર અલ્ફારૂક (રદી) સિવાય જગતમાં અદલ ઇન્સાફ માટે અન્ય ન થયો ન થાશે. **ન ભૂતો ન ભવિષ્યતિ.** અત્યારે ઇસ્લામી શરિયત હોય અને ઇસ્લામી કાનુનસર ઇસ્લામી- ઓનો ન્યાય તોળાય તો ઇન્શા અલ્લાહ વ્યભીચારીઓ પાંસરા દોર થઇ ન જાય? કયો વ્યભિચારી પત્થરના પ્રહારથી પ્રાણ તજવા કે સો ફટકાનો અસહ્ય માર સહન કરવા તૈયાર થશે? ન થાય તો પછી પાપાચાર કે વ્યભિચારનું નામો નિશાન ન મટી જાય?!

૨૦ ઇમાનવાળાઓ—આસ્તિક પુરૂષોને કહો કે પારકી સ્ત્રીઓ તરફ નઝરે ન કરે અને જ્યારે નઝર કરે ત્યારે પોતે નીચી નઝર કરી લે અને સંયમ પાળતા રહે.

૨૧ ઇમાનદાર સ્ત્રીઓને કહો કે પરપુરૂષો પ્રત્યે દૃષ્ટી કરવાથી આંખોને દૂર રાખો અને માત્ર બાહિર રહેતો હોય તે

સિવાયનો શરીરનો શણગાર અન્યોને બતાવતી ન ફરે, ઓઢણું એવીરીતે ઓઢે કે છાતી વિગેરે બરાબર ઢંકાઇ જાય પગ અફાળતાં-ઝાંઝર ઝમકાવતાં-ન ચાલે અને ઠોકર ન ખાઇ બેસે એવું રક્ષણ મેળવવા અલ્લાહ તરફ વળે.

૨૨ જેમને પરણવાનાં સાધન ન હોય તેમણે શિયળનું રક્ષણ કરવું-સંયમ જાળવવાનાં બીજા અનેક ઉપાયો અજમાવવા.

૨૩ અપરિણિત સાધુપણું જાળવવાની આજ્ઞા અમે-અલ્લાહે નથી કરી, એ તો માણસોએ પોતાનાં પયદા કરનારને પ્રસન્ન કરવાનાં ઇરાદાથી માત્ર ઉપજાવી કાઢ્યું છે, પરંતુ તેઓએ જેવીરીતે બ્રહ્મચર્ય પાળવું જોઇએ, તેવીરીતે તેઓ તેનું પાલન કરતા નથી.

૨૪ નમાઝ, રોઝા અને ખયરાતથી એ કાર્ય ચઢીયાતું છે તે એ કે એકબીજાને સલાહ સંપથી સાંકળી મજબૂત કરતા રહેવું.

રાણાવાવ નિવાસી મી. 'નયન' કવિ કહે છેઃ—

દ્વેષ. દંભ, વિખવાદ વિદારો, સંપે સાધો પ્રીત,
નમ્ર ભાવ, નિસ્વાર્થ વર્તન, પામો વિશ્વે જીત.

૨૫ એક બીજાઓમાં ફાટફુટ-વિક્ષેપ કરાવનાર ધર્મનું અને દેશનું સત્યાનાશ કાઢનાર છે.

એક કવિ શીરજ કહે છે કે:—

લડે કંઇક લોક આપસમાં, અવરને કંઇ લડાવે છે,
ઘણા છે મૂર્ખ તેઓને, જલણ એવુંજ ભાવે છે;
અમોને આ દશા જોઇ, છતાં ક્યાં શર્મ આવે છે.
વિભુ તું તો કૃપાળુ છે, સહુ પર 'રહેમ' લાવે છે
(ઇ-સાફ)

૨૬ જ્યારે યતિમો-અનાથોની મિલ્કત તેમને (તેમની અક્કલ પાકટ થતાં) યુવાન થતાં પાછી સોંપો, ત્યારે સાક્ષિઓની મોજુદગીમાં પાછી સોંપજો.

૨૭ જેઓ અનાથોની ધન દોલત ખાઇ જાય છે તેઓ પોતાના પાપી પેટમાં આગનાં અંગારા ભરે છે અને છેવટે તેઓ નર્કની ભડભડતી અગ્નિમાંજ દાખિલ થવાનાં.

૨૮ માતપિતા પછી આપણે અનુક્રમે આપણાં સગાવહાલાંઓ, યતિમો, નિરાધારો, ઝરૂરતવાળાઓ, પાડોસી,-સગાઓ, અન્ય પાડોશીઓ સાથે મુસાફરી કરનારાઓ, પ્રવાસીઓ,-મુસાફિરો, ચાકરો અને નજરકેદી કેદીઓ સાથે ભલાઇ કરવી જોઇએ.

મહાશય 'નયન' ઇદની મુબારકબાદી દાણે એ ભલાઇની યાદ આપતાં કહે છે કે:-

વિધવા યતિમ વૃદ્ધો શિશુ, લુલા, અપંગ આંધળા,
વ્યાધિ વિષે રોગી રડે, બેહાલ સંકટમાં ઘણાં;
કંઇ અન્ન વિણ, વસ્ત્રો વગર, નવલેશ અંતમાં મણાં

કઇ કાન, ત્યાં સંકટ હતું, સહાયક થઇ રંકો તણાં.
હોંશે હસી, યત્ને ધસી, કમ્મર કસી ખતે ખરી,
પરમાર્થથી પોશક થયા, "આ છઇ છે તહેની ખરાં" (દીન)

૨૯ ગૂલામોને સ્વતંત્ર કરવા.

૩૦ ગરિબોને, યતિમોને, કયદિયોને, ભૂખ્યાઓને અને મુશીબતનાં માર્યાઓને જમાડવા જોઇએ.

૩૧ વાતચિતમાં સારા—મધૂર શબ્દો વાપરો, પુરૂષોએ બીજા પુરૂષોની હાંસી કરી તેમને તૂચ્છકારી કાઢવા નહીં, કદાચ તેઓ તમારા કરતાં સારા પણ હોય; તેજરીતે સ્ત્રીઓએ પણ બીજી સ્ત્રીઓની હાસી કરી તેમને ઉતારી પાડવી નહીં.

૩૨ ભૂંડાઇનો બદલો ભૂંડાઇનાં પ્રમાણમાંજ (ન છૂટકે) આપી શકાય પણ જો કોઇ માણસ ક્ષમા આપે અને તેથી જોઇતો સુધારો થાય તો તેને અલ્લાહ પાસેથી તેનો બદલો મળશે. (ક્ષમા એ વીરનુ ભુષણ છે, ક્ષમામાં જેટલી વિરતા છે તેટલી વેર વાળવામાં પશુતા છે.)

(નોટ:—નં. ૨૮, ૨૯ અને ૩૦ અલ્લાહ ઉપરનાં પ્રેમને લિધેજ થવું જોઇએ, બદલા કે આભારની આશાએ અથવા ગર્વ કરવા કે બડાઇ ખાવા માટે તો નહીંજ.)

૩૩ બદગૂમાની-ખોટા વહેમ-થી ખાસ કરીને દૂર રહો, તેમ પીઠપાછળ બીજાઓનું ભુંડુ પણ ન બોલો, ખબર, ખાત્રી,-વિના બીજાઓ ઉપર આળ ન ચડાવો; ખરેખર આવું કરવા માટે કાન આંખ, અને હૃદય-દિલ-ને (ખુદા સમક્ષ) જવાબ દેવો (ભારી) પડશે.

૩૪ જેઓ પોતાનો ગુસ્સો પીજાય છે અને જેમની ઉપર ગુસ્સો આવ્યો હોય તેમનું ભલું કરે તો તેઓ ખરેખર ભલાઇનાં કરનારા છે.

૩૫ આ પૃથ્વી ઉપર પરમ કૃપાળું જગત નિયંતા ખુદાના વહાલા બંદાઓ એ છે કે જે નમ્રતાથી ચાલે છે; જ્યારે ક્ષુદ્ર વાતો થતી સાંભળે છે ત્યારે ત્યાંથી મોભા ભરેલી રીતે પસાર થઇ જાય છે.

૩૬ નજીવી બાબતો માટે કજીયાઓ નાહક વહોરી ન લ્યો; (નકામા ચીઢ ચઢે ગુસ્સો, આવે એવા શબ્દો કે કૃત્યોને) સુંદર ખુબી ભરેલી વાણી વડે વારો; પરિણામે જેની સાથે તારે દુશ્મનાવટ હતી તે તારો દિલોજાન દોસ્ત હોય તેવો બની જશે.

૩૭ પૂરેપુરું ભરી આપો અને ચોકકસ વજન રાખો.

૩૮ માણસોને છેતરશો નહીં.

૩૯ ગુનાહો-કુકર્મો-જ કરવાના ઇરાદાથી પૃથ્વી ઉપર ન ફરો.

૪૦ સારી વસ્તુઓના બદલામાં નઠારી ન આપો.

૪૧ શાંતિથી રહો શાંતિમાં ફાયદા ઘણાં છે.

૪૨ અલ્લાહતઆલાની નજદિક કયામતને દિવસે સોથી ખરાબ પદવી એની હશે કે જેને લોકા તેની ખરાબ વાણીની બીકથી તજદે.

૪૩ જે એ ચાહે કે પોતે નર્કાગ્નીથી બચી દુર રહે અને જન્નતમાં દાખિલ થાયતો તેને માટે એ જુરૂરનું છે કે એ એવી હાલતમાં મરણને શરણ થાયકે જ્યારે તે "લા ઈલાહા ઈલ્લલ્લાહો મોહમ્મદુર્રસુલુલ્લાહ(સ.અ.વ." ની ગવાહી દેતો હોય અને માણસોની સાથે તે એવા કામ કરે કે જેવા પોતાને માટે બીજાઓ કરે એ તેને પસંદ પડે.

૪૪ જે પોતાની મોત વકતે "કુલ હોવલ્લાહો અહદ" નું રટણ કરે તો તે પોતે કબ્રમાં અઝાબ નહીં ભેગવે. અને વળી કબ્રનાં દબાણુથી બચી જશે અને ફિરિશ્તાઓ એને કયામતને દિવસે પોતાની હથેલીઓ ઉપર બેસાડીને પુલ–સિરાત ઉપરથી પસાર કરીને જન્નતનાં દ્વાર પાસ લઇ જશે.

૪૫ જે મનુષ્યમાં આ ત્રણ બાબતો જોવામાં આવે તે મુનાફિક છે, ભલે પછી તે નમાઝ પડતો હોય અને રોઝા પણ રાખતો હોય:—જેવી કે (૧) જ્યારે વાત કરે ત્યારે ખોટું બોલે. (૨) જ્યારે વચન આપે ત્યારે પછી વચન ન પાળે ને (૩) સોંપેલી થાપણમાં બેઇમાની–વિશ્વાસઘાત–કરે.

૪૬ જે વસ્તુ દઈને ઇન્સાન પોતાની ઇજ્જત આબરૂનો બચાવ કરે, તે તેને માટે તેનો સદકો છે.

૪૭ સદાચાર એકલોજ મહાન (કામની) કસોટી છે.

૪૮ પૃથ્વી ઉપર નમ્રતાથી ચાલે છે અને પોતાની મિલ્કતમાંથી અમુક ભાગ માંગનારાઓને માટે આપે છે, કારણકે જગતમાં ઉત્પન્ન કરેલ સરસ ભંગપોષણ-આજિવીકા કૃપાળુ અલ્લાહતઆલાનાં સેવકો માટે છે.

૪૯ અલ્લાહે પોતાના બંદાઓ માટે જે કાંઇ સરસ શણગાર ઉત્પન્ન કર્યા છે અને ઉત્તમ આજિવીકા અર્પણ કરી છે, તેનો (હદમાં રહી) ઉપભોગ કરવાની કોણે મના કરી છે?

૫૦ પોતાની મિલ્કતમાંથી દર વર્ષે દર સેંકડે ૨॥ ટકા જેટલો ભાગ ગરીબોને માટે આપવાનું દરેક મુસ્લિમનું ધાર્મિક કર્તવ્ય ઠર્યું છે. (એ ધર્માદા દાન આપો તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરતાં) શિઘ્રકવિ 'નયન' સાહેબ કહે છે કે:—

વિધવા યતિમ, કાજે કંઇ, શાળા વિષે પૈસો ખર્ચો,
વિપરિત કુધારા કાપવા, ઉત્સુક દિલે પરિશ્રમ કર્યો,
(દાન)

૫૧ કુરઆનના કથન પ્રમાણે તો ફિરિશ્તાઓ, એ જ્ઞાનવાળા અસ્તિત્વો છે જે કુદરતની શક્તીઓને ચલાવે છે અને તેમની અસરોને પ્રગટ કરે છે.

૫૨ જે લોકો બુદ્ધિમાન છે તેઓ જે કાંઇ આકાશમાં અને પૃથ્વીમાં છે તેની ઉત્પત્તી ઉપર વિચાર કરે છે; (અને કહે છે) હે અમારા પાલનહાર! તેં આ બધું નકામું તો નથી ઉત્પન્ન કર્યું; (માણસના ઉપયોગ ખાતર પયદા કર્યું છે) સર્વ કીર્તિ તનેજ શોભે છે.

(પોતાના ઇલમના ફયઝે જારિયથી ઇલમની તૃષને છીપાવવા ગુજરાતી પુસ્તકો તેમજ ઉર્દુમ કિતાબો અનેક મુફત પ્રગટ કરી મુસ્લિમોને મુસ્લિમ જ્ઞાન ભંડારથી માલામાલ કરનાર મૌલાના સૂફી આબિદ સાહેબ શમસ ઉર્દુમાં કહે છે કે:—

વો હય ખાલિકે[1] માલિકે દોસરા[2],
ફકત કુનસે[3] દુનયાકો પયદા કિયા;
કહીં હય સિતારે કહીં માહો[4] મેહર,
મુઝય્યન[5] કિયા હી ઇનસે સિપેહર
ઉજાલા કિયા રાતકો ચાંદસે,
કે શબકો ભી ખલકત[6] જો ચાહે કરે;
બનાઇ હય રાત ઉસને આરામકો,
કિયા રોઝ રૌશન અયાં કામકો;
ઇનાયત ખુદા પાકને હમપે કી,
ઝમીં અમનો[7] રાહતસે રહેનેકો દી.

---

૧ સરજનહાર. ૨ આલોક અને પરલોક. ૩ 'થઇ જા'-હુકમી આજ્ઞા: ૪ સૂર્ય અને ચંદ્ર. ૫ પ્રકાશીત, દેદિપ્યમાન. ૬ જગત વાસીઓ. ૭ શાન્તી.

યુસબ્બેહો લિલ્લાહ પઢતે હુંય સબ,
તેરા ઝિક્ર હર જાયે કરતે હુંય સબ.
ન મશ્ગૂલ ઇસ્મેં જો ઇન્સાન હુય,
હકીકતમેં વો એક હયવાન હુય.

૫૩ પૃથ્વી અને આકાશમાં જે કંઇ છે સુર્ય, ચંદ્ર તારા, પરિત સાગર, વહાણુ, વૃક્ષો આદિ બધાં મનુષ્યને ફયેઝ-લાભ પહોંચાડવા નિમિત્તે સર્જાયાં છે.

૫૪ કુદરતનાં અન્ય પદાર્થો સાથેનો મનુષ્યનો સંબંધ પણ કુરઆને કરીમ નક્કી કરી આપે છે.

૫૫ આત્માએ જે કાંઇ કમાણી કરી છે, તે તેની છે; અને જે કાંઇ તેણે કર્યું છે, તેના સારા માઠાં પરિણામો તેણેજ ભોગવવાનાં રહ્યા (કરણી તેવી પાર ઉતરણી)

૫૬ જેણે એક તલ બરાબર-રજમાત્ર-ભલાઇ કરી હશે તે પોતે મેળવશે અને જેણે એક તલ બરાબર પણ બુંરા-ઇ કરી હશે, તે પણ પોતે ભોગવશે.

૫૭ મઠવાસી જીવનને અયોગ્ય જાહેર કરનાર અને ભિખ માંગવાની મનાઇ કરનાર પણ ઇસ્લામેજ પહેલ કરી. (કારણકે ભિખનાં ધંધાદારીઓ કેવા ભીખ માટે ઢોંગ મચાવે છે તેનો ચિતાર) કવિરાજ 'નયન' સાહેબ આપતાં કહે છે કે:-
નાચે કૂદે હસે હોંસથી, કરે રૂદન દેખાવ
કરે ચેનને ચાળા ભારે, ઢોંગે ખેલે દાવ.

શોરથી કરતા શબ્દોચ્ચાર
લહીંગા નથી કશા હકદાર

ભિક્ષાવૃત્તિ. આળસ અંગે, એહિ થઇ ફરનાર,
વિનય બતાવે, તપે ક્રોધમાં, વિધ યુકિત રચનાર

દિનની નિંદા ત્યમ કરનાર,
લઠોંગા નથી કશા હકદાર.

માળા ફેરે, મ્હોટી પહેરે, લાંબાવસ્ત્રો વેશ,
બાબ વેશમાં બાવા બનતા માણે જગમાં ટેશ,

કોમનું શોણિત જે પીનાર,
લહીંગા નથી કશા હકદાર.

ક્રોધ કરે કંઇ, શ્રાપ આપતા, જપે ઇશનું નામ,
ભારરૂપ ભૂમિને દંભી, રોજી ખાયે હરામ.

નિરોગી. છંદે છેતરનાર,
લઠોંગા નથી કશા હકદાર.

૫૮ સંસારિક વસ્તુઓના ઉપભોગની (આવા ઢોંગી ધુતારાઓને દાન દેવું હરામ) છુટ આપનાર પણ પ્રથમ ઇસ્લામ પણ એ ઉપભોગ ઉપર સાથે સાથે અંકુશ મૂકનાર પણ પ્રથમ ઇસ્લામજ.

૫૯ પૃથ્વી ઉપર ગર્વથી અકડ બનીને ન ચાલો, કારણકે તમે પૃથ્વીને ચીરી નહીં શકો કિંવા પર્વત જેટલા ઉંચા પણ નહીં બની શકો, હ. શયખ સા'દી (ર)એ કહ્યું છે કે:—

તકબ્બુર આજિઝીસે ક્યા ઇઝહાર કરું
કે ફિરઔને સામાનત ગીરફતાર કરું (કરીમઃ)

૧૦ તમારા બાલ બચ્ચાઓને તંગીની બીકથી મારી ન નાખો, અમો (અલ્લાહ) તેમને તેમજ તમોને ભરણ પોષણ પુરું પાડનારા છીએ; સાચેજ તેમને મારી નાખવા એ તો બહુજ મોટી ભુલ છે.

૧૧ દુઃખની લાગણી સાથે (પૂજ્ય ભાવથી) તમે તેમના (માબાપના) તાબેદાર અને નમ્ર બની જાવ; વળી તેમના માટે દુઆ કરો કે, 'હે અમારા રબ, તેમની ઉપર દયા કર, કારણકે તેમને મને નાનપણથી ઉછેરી (દુઃખે. વેઠી) મોટો કર્યો છે.'

૧૨ તમારા સગા વહાલાઓને તેમનો હિસ્સો આપો, તેમજ જરૂરતવાળાઓને અને મુસાફિરોને પણ.

૧૩ નકામું ઉડાઉ ખર્ચ ન કરો, સાચેજ જેઓ નકામું ઉડાઉ ખર્ચ—અપવ્યય—કરે છે, તેઓ શયતાનોનાં સાથી છે; અને શયતાન (પાખંડી પુરૂષ) પોતાના પાલનહાર સામે સદા કુફ્ર કરતો રહ્યો છે-કૃતઘ્ની થતો ગયો છે.

શયતાનોનાં સાથી ન હોય તો પાયમાલી થઇ જતાંયે આંગળ ન ઉપાડે !!

લખલુટ ખરચ્યા શાદીએ રેશમને દાગીના વિષે,
એક સવાયાથી લઇ દેવું કરી દંડાય છે.

હેવા થકી ઇઝ્ઝત ગઇ ને કંઇ જમા [illegible] થયાં,
તોએ ઉડાઉ મોઅમિનો અવિવેકી બનતા જાય છે.
અવિવેકથી કંગાલ થઇ ચડતીથી પડતી થઇ ગઇ,
જે હબહબાં મોઅમિન ! હતા તે ગમરૂ કોમે જાય છે.

(હ ઝિઓ)

૬૪ (માગનારાઓને આપવા શક્તિ ન હોય) તો તેમને નમ્ર શબ્દોથી વિદાય કરો.

૬૫ તમારો હાથ તમારી ડોકમાંજ બેરવાયેલો ન રાખો, (પોતાનું જ ભલું કર્યા નજ કરો) તેમ તેને એટલો પ્રસારી પણ ન મૂકો (ઉડાઉ ન બની જાવ) કે તમને ઠપકાપાત્ર થઇ તંગીની સ્થિતિમાં સપડાઇ (ખૂણે) ભરાઇ રહેવું પડે.

ઉડાઉ થવાનાં બદલે કરકસર કરવા માટે ભેરવા 'નયન' કવિ શિખ આપે છે કેઃ—

કરકસર જે કોમમાં પ્રતિદીન વધતી જાય છે,
દ્રવ્યને અભ્યાસમાં તે ઉચ્ચ શિખરે જાય છે.
જે કોમને કરકસરનો ખ્યાલ રજ દિલમાં નથી,
તે હો ભલે લક્ષાપતિ અંતે ભિખારી થાય છે.
પાંચને પેદા કરી પંદર તણો ખરચો કરે,
તે આદમી આકીલ નથી, મૂર્ખ તે કહેવાય છે.
નિત નિત પેદા શું કર્યું શું ખર્ચ કીનો થાય છે,
રાખે હીસાબ એ વિશે શુધબુધ તે કહેવાય છે.

શાણો મુસલમાં તેજ છે જે બેકાર ખરચોથી બચે,
આપે મદદ ઇસ્લામને સમજુ તે કહેવાય છે. (દીન)

૬૬ ખરેખર તમારો પાલનહાર ચાહે, તેનાં માટે પુષ્કળ નિર્વાહનાં દ્વાર ઉઘાડી દે છે, અને ચાહે તેનાં માટે બંધ કરી દે છે; તે પ્રત્યેકને માપસર (લાયકાત મુજબ) આપે છે; ખચિત તે પોતના બંદાઓની સ્થિતિથી માહિતગાર છે અને જોતો પણ રહે છે.

૬૭ જે તમે જાણતા ન હોવ તેની પાછળ ન પડો; સાચેજ તમારી સાંભળવાની શક્તિ, જોવાની શક્તિ અને અંતર આત્મા, એ બધાને તે વિષે પૂછવામાં આવશે.

૬૮ જે જૂઠું છે, તેને જગત નિયંતા ધિક્કારે છે.

૬૯ વિનય-વિવેકની (અમૂલ્ય) દોલત હાથવગી રાખ, કેમકે એથી સદા કાયમ રહે, એવો લાભ તને મળી શકશે.

ઉર્દુ શાયર કહે છે કેઃ—

અદબ હય તાજ લુત્ફેરબ્બકા અય યાર,
જીસે અદબ રખ્ખે સો હોવે સરદાર.

બીજો શાયર કહે છે કેઃ—

માલો દૌલતકા વસિલા હૈ અદબ,
બે અદબ પર તો સદોંકા હૈ ગઝબ.

વળી એક અન્ય શાયર કહે છે કેઃ—

હરરાફસકા કર અહદ હુમડી,

કરેગા વોહી તુઝે આફત પડી. (તઆલા શીમ નામા)

૭૦ તમને (જગત જનોને ખાસ કરી અરબીવાસીઓને) એ વાત લાયક નથી, કે તમે હઝરત રસૂલે ખુદા (સ. અ. વ ને તકલીફ પહોંચાડો-રંજાડો, અને તમને એ પણ શોભે નહીં કે તમે તેમની પવિત્ર પત્નિઓ સાથે તેમની પછી લગ્ન ગાંઠથી જોડાઓ; અલ્બત્ત ખુદાની નજરમાં આ અપરાધ મોટો-અક્ષમ્ય-છે.

૭૧ તમે કોઈ બાબતને પ્રકટ કરો કે ગુપ્ત રાખો પરંતુ ખુદા તો (સર્વવ્યાપક હોઈ) સર્વજ્ઞ-સર્વ જાણનાર છે.

૭૨ કોઈ ઈમાનદાર-આસ્તિક-પુરૂષ કિંવા આસ્તિક સ્ત્રીને એ સિવાય બીજું એક કામ કરવું ન ઘટે કે જે ખુદા નક્કી કરે અને જે તેનો રસૂલ મુકરર કરે, આપણે તેમને ફેર કરવાને અધિકાર છે. પણ જે કોઈ ખુદાના આજ્ઞાઓનું (પાલન કરવાના બદલે) ઉલ્લંઘન કરે અને તેના રસૂલનાં ફરમાનોથી વિરૂદ્ધ થશે, તે ખરેખર સાચા જીવન (પંથ) માર્ગથી ભૂલેલો જાણો (સમજો).

૭૩ હે ઈમાનવાળાઓ ! તમે હઝરત રસૂલે ખુદા (સ. અ. વ) નાં સાદથી તમારો અવાજ ઉંચો ન કરો; તેમની સાથે

વાતચીતમાં મોટેથી—તાણીને ન બોલો, જેમ તમે આપસમાં વાત કરો છો. જોજો (ચેતતા રહેજો) કે એથી તમારા કૃત્યો એળે જાય નહીં. અને તેની ખબરે તમને પડશે નહીં.

૭૪ એ લોકો ધીમે સ્વરે—વિનયથી હજરત સાથે બોલે છે તેજ લોકોના અંતરોને પરહેઝગારી માટે ખુદાએ તપાસી જોયાં છે. અને તેમનાજ માટે માફી અને જઝીલ છે અને એજ મોટું પુણ્ય છે.

૭૫ જે લોકો ખુદાની આજ્ઞા અનુસાર ચાલતા નથી અને તેનાં રસુલ (સ. અ. વ.)ને રંજાડે છે, તેનાં ઉપર આખેરત તથા આ લોકમાં શાપ ઉતરે છે; તેઓ માટે ફજેતીની શિક્ષા પણ નિર્માણ થઇ છે.

૭૬ કોઇ અત્યાચાર કિન્ના કરે તો તેનાં પ્રમાણ—માં બદલો લીએ અને જો તે ક્ષમા કરે તો તે મહાન ધૈર્યવાન અને હિંમતવાળો છે.

૭૭ (હે અરબવાસીઓ) તમારી પાસે તમારામાંથીજ એક પયગમ્બર આવ્યો, (તે એવો દયાળુ અને માયાળુ છે કે) તેનાથી તમારૂં કષ્ટ જોઇ શકાતું નથી. એ તો તમારી ભલાઇનો ભૂખ્યો છે; વળી આસ્તીક જનો માટે એ ઘણોજ નમ્ર તેમજ કૃપાળુ છે.

(જે જગતના મહાન સુધારકમાં હ. નૂહ (અ. સ.) જેવો ઉત્સાહ અને ધગશ; હ. ઇબ્રાહીમ (અ. સ.) જેવી દયા અને મમતા; હ. યુસુફ (અ. સ.) જેવી ક્ષમા; હ. દાવુદ (અ. સ.) જેવી વિજય પ્રાપ્તી; હ. યાકુબ (અ. સ) જેવી સહિષ્ણુતા અને બુર્દબારી; હ. સુલયમાન (અ. સ.) જેવો દબદબો અને બાદશાહી; હ. મુસા (અ. સ) જેવી નમ્રતા અને મૃદુતા; હ. ઝકરિયા (અ. સ.) જેવી પરહેઝગારી; અને હ. ઇસ્માઇલ (અ. સ.) જેવી કુદરત એટલે કે 'આંચે ખુબાં હમા દારંદ, તુ તનહા દારી' બીજા બધાના ગુણો જે એકલામાં હોય તે દયાના દાતા અને ક્ષમાના શણગારનાં દૈવી ગુણોની પ્રશંસા કરતા) મૌલાના હાલી સાહેબ કહે છે કે:—

વોહ નબીયોમેં રહમત[1] લકબ[2] પાનેવાલા,
મુરાદે[3] ગરીબોંકી બર[4] લાનેવાલા;
મુસીબત મેં ગયરોં[5] કે કામ આનેવાલા,
વોહ અપને પરાયે[6] કા ગમ[7] ખાનેવાલા;
ફકીરોંકા મલજા[8], ઝઈફોંકા[9] માવા[10];
યતીમોંકા વાલી[11], ગુલામોંકા મૌલા[12].
ખતા કારસે[13] દરગુઝર કરનેવાલા.

---

૧ કૃપા. ૨ ઇલ્કાબ ૩ અભિલાષાઓ. ૪ પૂર્ણ. ૫ બીજાઓ. ૬ પારકાઓ. ૭ ફિકર ૮ આશ્રય સ્થાન. ૯ અશક્તોનો. ૧૦ નિવાસગૃહ ૧૧ નેતા, નાથ. ૧૨ માલિક. ૧૩ અપરાધીએ.

બદ[14] અહદાકે દિલમેં ઘર કરને વાલા,
ગુરૂરે સફ્ફાક[15] ઝગે ઝબ્બર[16] કરને વાલા,
કબાઇલકા[17] શીરો[18] શકર કરને વાલા;

૯૮ (હે નબી!) તમે નમ્રતા-સભ્યતાથી વર્તો છો; જો તમે નિષ્ઠુર અને કઠોર હૃદયનાં હોત તો એ લોકો (અજ્ઞાન અનુયાયીઓ) તમારી આજુબાજુથી ખસી જાત.

૯૯ (હે પ્યારા નબી!) એ લોકો આપને બાહ્ય આંખોથી જુએ છે અંતર ચક્ષુથી નિહાળતા નથી, તારા મુખારવિંદને જોવા માટે તો બીજી આંખોની જરૂરત છે; જે આંખે બાહ્ય દેખાવની ઝાહિર છે, તે તો તારા દર્શનને લાયક નથી.

જગતના મહાન સુધારક (સલ) ની દીવ્યજ્યોતીથી પોતાના અંતરઆત્માને પ્રકાશિત અને મુનવ્વર કરતાં આશિકે રસુલ જનાબ શ્યામસુંદર સાહબ કહે છે કે:—

દુનિયા કો તમને આકર પુર નુર કર દિયા હે,
ઓર ઝુલ્મતોંકો[1] અકસર કાફુર[2] કર દિયા હે;
પયગામે[3] હક્ક[4] સુનાકર મસરૂર[5] કર દિયા હે.

---

૧૪ આનષ્ટ ઇચ્છનારા. ૧૫ ફાટફુટ નાખનાર. ૧૬ વેરઝેર. ૧૭ કુટુંબો. ૧૮ દૂધ (અને).

૧ અંધેર, અંધાધુંધી ૨ અદ્રશ્ય. ૩ સંદેશ. ૪ હકકસુબ્હાનહુ જગતનિયંતા. ૫ આનંદી, ખુશ.

વેહદ[1]તકી ચઢ[7] જિલાકર, મખમૂર[8] કર દિયા હૈ.
કુત્સંકી[9] વાદિયોં પર વો આફતાબ ચમકા,
ચશ્મે કુફ્રકો જીસને મહજૂર કર દિયા હૈ;
આરે[10] હિસાંસે[11] નીકલી વો નૂરકી શુઆએં,[12]
તારીક[13] વાદિયોં[14]કો પુર[15] નૂર કર દિયા હૈ.
સારે જહાંમેં તુમને પયગમ્બરે ખુદાકા રૂતબા,[16]
પયગામે આખરી કા મશહૂર કર દિયા હૈ;
પસરૂબકી[17] વાદિયોંકો બાગે-ઇરમ[18] બનાયા
ફારાંકો તુમને રશ્કે કોહતૂર કર દિયા હૈ,
હિંદુ સે કયા રકમ[19] હો વો શાન હૈ તુમ્હારી,
જીસને ગદા[20] ગરેકે ફગફુર[21] કર દિયા હૈ. (ધીન)

૮૦ (હે નબીયે અકરમ!) આપને સકળ સંસાર માટે રહમ કૃપાળુ-દયાનિધી બનાવી મોકલ્યા છે; એ પવિત્ર ઝાત એવી (રહમતવાળી અને દયાળુ) છે કે તેમને કોટ દિલનાં-દયા વગરનાં (કેમ) કહી શકાય?

1 એકેશ-વાહ-વહદાનિયત. ૭ દારૂ. ૮ મસ્તૂર. ૯ અરબની નજદીકનો પર્વત. ૧૦ ગુફા. ૧૧ હીરા નામનો પહાડ. ૧૨ કિરણો. ૧૩ અંધારી. ૧૪ જંગલો. ૧૫ ઝગમગતો, પ્રકાશિત. ૧૬ પ્રતિષ્ઠાવાળી, પ્રભાવવાળી. ૧૭ પથ્થર-બહિના. ૧૮ સ્વર્ગ. ૧૯ વર્ણન, પ્રમાણ, તુલના. ૨૦ ભિખારીઓ, કંગાલો. ૨૧ નિહાલ, માલામાલ, બેડાપાર.

સકળ સંસારને પ્રકાશિત કરી જગત તમામના મહાન સુધારકની શાનમાં મૌલાના આબિદ સાહબ કહે છે કે:—

લકબ[1] પાયા હે અહમદને[2] સભી નબિયોંમેં રહમતકા,
ઉન્હેં પૂરી લકબ રહમત મુબારિક હો મુબારિક હો.
મિસ્લ સુરજકે હે રોશન વો ઝાતે પાક સરવરકી,
ઉન્હેં શમસુદ્દુહા હોના મુબારિક હો મુબારિક હો.
અંધેરા શિરકો બિદઅતકા હુવા કાફુર[3] દુનીયાસે
ઉન્હેં બદરૂદ્દુજા હોના મુબારિક હો મુબારિક હો
જેહાલત ઓર ઝલાલ[4]તકો મિટાયા આને[5]વાહેદમેં,
ઉન્હેં નુરૂલહુદા હોનાં મુબારિક હો મુબારિક હો.
સલાતને[6] જહાં કયા શે[7] ઇમામે અંબીયા કહે રે,
ઉન્હે કહફુલવરા હોનાં મુબારિક હો મુબારિક હો.
તડપતા હે મે દિલ 'આબિદ કા' શોકે વસ્લે[8] તા[9]હામેં,
ઉન્હેં બેપરદા આજાનાં મુબારિક હો મુબારિક હો

૮૧ સત્ય જાહિર થયું અને અસત્ય પરાજિત; બેશક અસત્યનો (સદા) પરાભાવજ થાય છે, તેમનાં (ધર્મના નાસ્તિકોના)

---

૧ ઉપનામ, ઉપાધી ૨ ભાવીક ભકત હ. ર. ખુદા મોહમદ મુસ્તફા (સન). ૩ અદ્રશ્ય, પલાયન. ૪ અંધેર ૫ પલવાર. ૬ રાજામહારાજાઓ, પાદશાહો. ૭ ચીઝ લેખું ગણુ્યરી. ૮ મિલાપ, જોડાણ. ૯ કુરાઅને કરીમની એક આયત, નબી એ કરીમનું પવિત્ર નામ.

કરેલ કામો કંઇ કામ આવતાં નથી, કારણ કે તેમનાં માટે તો દોઝખ (નિર્માણ) છે.

૮૨ રોગીષ્ટ,--મલિન--અંતરો નબિયોનાં આવવાથી વધારે બગડયાં.

૮૩ જો (અમારા બંદા મોહંમ્મદ (સ. અ. વ.) ઉપર (કુરઆન અમે) ઉતાર્યું છે જો તમને એમાં શંકા હોય અને એમ સમજતા હોય કે એ ધર્મગ્રંથ તો ખુદાનો નથી, બલ્કે માણસે ઉપજાવી કાઢેલ છે; અને (તમે એમ કહેવમાં) સાચા હો, તો એના જેવો (વધારે નહીં માત્ર) એક અધ્યાય (તમે પણ બનાવી) લાવો અને (તેમ કરવામાં) ખુદા સિવાય તમારા (સઘળા) સહાયકોને (પણ તમારી મદદે) બોલાવો.

ઇસ્લામની સત્યતા અને કુરઆનની પ્રિયતાની ખંડણી ભરનાર **શ્રીયુત દિલ્લુરામ ચૌધરી** સહાબ 'કવસરી'નાં હૃદયોદ્ગારન પોતાનાં હૃદયમાં સ્થાન આપી કુરઆને કરીમની પ્રૌઢતા, ગંભીરતા અલૌકિકતા તેમજ મહત્તા પ્રત્યે કર્તવ્ય ભાન કરવા **કવસરી** સહાબની નઝમ જુઓ આ રહી:—

કુછ બઅથતે[1] નબીકે ઝમાનેપે ગવરકર,[2]
ઉસકદમ અરબમેં કાઇન "કાલિજ" "સ્કૂલ" થા!

---

૧ આગમન. ૨ લક્ષદે.

સુદ્દે અરબમેં કવ્રે[3] જેહાલત[4] થા ફરતરફ,
બુજહલ છંક નજીનએ કવમે જહુલ[5] થા.
કુર્આંકી ફિર બશારતે[6] બે મિસ્લ દેખ તૂ.
યે સોચ કયસે વક્તમેં ઉસ્કાનુઝૂલ[7] થા.
ઉસ જહલકે[8] ઝમાનેમેં લાયા જો યે કિતાબ,
સાબિત હુવાયે સાફ, વો સચ્ચા રસૂલ થા!
કુર્આનકા જવાબ ન હોગા, ન હય કહીં,
'કઝઝાબ'[9]ને જો લિખ્યા, વો બિલ્કુલ ફુઝુલ[10] થા.
કુર્આં ખુલાહય મુઅજિઝા[11] 'ઉમ્મી[12] ખિતાબ'કા;
કી ગવર જિસને ફિર ઉસે મતલબ રસુલ[13] થા
કુર્આન જબસે પઢતાહું, દિલખુશ હય કવસરી!
કુર્આં બગયર દિલ બિરા હરદમ મલૂલ[14] થા!

(નિદાએ મિલ્લત)

૮૪ મ્હારો-(કુરઆનનો) મુકાબલો કોઈ કરી શકતું નથી. અને ભડુચોક કહ્યું કે મ્હારા ખ્યાલ બરાબર એક નાનામાં

---

૩ ઝમાનો. ૪ અજ્ઞાનતા. ૫ અજ્ઞાન ૬ બંધારણ, લખાણ. ૭ ઉતરવું ૮ અજ્ઞાનતા ૯ કઝઝાબ, જુઠો ૧૦ નિરર્થક, નકામો. ૧૧ ચમત્કાર. ૧૨ હઝરત પોતે તો નિરક્ષર-અનપઢ હતા તેથી ઉમ્મી-અશિક્ષિત કહીને સંબોધાતા હતા ૧૩ પ્ર.મ. ૧૪ ચિંતાતુર, ઉદાસ.

નાનો અખ્યાય (પગ તમે) અખાય મળીને અનત્રી શ્રાવો તો બસ તમારો મ્હારો ફયસલો–છેવટનો નિર્ણય થઇ ગયો સમજી લ્યો) પણ જો નો બનાવી શ્રકો (તો પણ) અમને તો ખાત્રી છે, કે (તમે કદિયે) બનાવી શકશો નહીં તો પછી (નક્કી) માની લ્યો કે કુરઆને કલામ-ખુદાઇ વાણી-છું; નહીં તો પછી અમારી) હંમેશા અકૃપાથી ડરતાં રહો કે જે (એ અકૃપા ની) ના પાડનારાઓ માટે તૈયાર છે.

કુરઆને કરીમ એ ઇશ્વરીજ વાણી છે તેનાં સચોટ અને અજોડ પુરાવો આપતાં એક ઉર્દુ કવિ કહે છે કે:—

કલામે પાક[1] ખાલિકકી[2] અજબ,[3]
અઝમત[4] આજબશા[5] હય;
કે મિસ્લે[6] મહેર[7] તાબા[8] ચર્ખે[9],
રફઅત[10] હે હરફશાં[11] હય.
જમાલો[12] હુસ્ન[13] કુરઆં નૂર,
જાને[14] હર મુસલમાં હય,
કમર[15] હય ચાંદ ઓર દિનકા,
હમારા ચાંદ કુરઆં હય,

૧ વાણી. ૨ જગતનિયંતા, સરજનહાર ૩ નવાઇજનક ૪ મ્હોટાઇ, વડપણ. ૫ દબદબો, જાહોજલાલી. ૬ જેવો. ૭ સૂર્ય, ૮ પ્રકાશીત. ૯ આકાશ. ૧૦ ઉંચાઇ, મ્હોટાઇ. ૧૧ પ્રકાશીત, ...પ્રકાશીત. ૧૨ સૌંદર્યતા. ૧૩ મનમોહનતા. ૧૪ પ્રાણ. ૧૫ ચંદ.

કલામે પાક રબ્બાની[16] હય,
જસમે ગૌહરે[17] યકતા[18],
ચમકમેં આફતાબ[19] આસમાં,
હરગિઝ નહીં વયસા,
ઝમીનો આસમામેં જગમગાતા,
નૂર હય ઇસ્કા,
હય એક એક લફ્ઝસે[20] ઉસકે,
અયાં[21] રહેમાનકા[22] જલ્વા[23].
નઝર ઉસકી નહીં જમતી,
નઝરમેં ફિક્ર કર દેખા,
ભલા ક્યું કર નહીં યકતા,
કલામેપાક રહેમાં હય. (હમ:દ)

૮૫ તે ખુદાજ છે કે જેણે (અરબનાં) અજ્ઞાન પુરૂષે માંથીજ (હઝરત-મહિમ્મદ મુસ્તફા (સ. અ. વ.) ને ચુંટીને પયગમ્બર નીમ્યા; (કે જે) તેમને ખુદાનાં ફરમાનો કહી સંભળાવતાં, વળી તેમને (નાસ્તિકતાથી અપવિત્રતાથી, પાક ને શુદ્ધ બનાવતા, અને (ખુદાની) કિતાબ અને બુદ્ધિ (ની વાતો) નું શિક્ષણ આપતા નહીં તો એ લોકોના તો પહેલા પુરેપુરી ગુમરાહીમાં પડ્યા હતા.

---

૧૬ ઈશ્વરી. ૧૭ મૂલ્યવાન મોતી ઝવેરાત, અમૂલ્ય ગુણ. ૧૮ બેમિસાલ અજોડ. ૧૯ સૂર્ય. ૨૦ શબ્દ ૨૧ જાહેર, પ્રકટ. ૨૨ દયાળુ દાતા ૨૩ દિદાર, દર્શન.

એ મહાન સુધારકના દૈવી ગુણોના યશોગાન ગાતાં એક ઉર્દૂ શાયર કહે છે કે:—

અરબમેં ઉતરા, અજમમેં[1] ચમકા,
ઝમીપે આયા, ફલકમેં[2] ધમકા,
નઇ નઇ તેરી શાન દેખી,
ક્યામત આરા[3] તુમહીંકો દેખા.
હૈં તેરે શયદા,[4] જમાલ[5] વાલે,
ગુલામ હૈં મુલ્કો માલ વાલે,
ફલકકા કિબ્લા જમીંકા કાબા,
જમીલ[6] અયસા તુમ્હીકો દેખા.
સલામી હોં જીસકે હુરો કુદસી,[7]
ગુલામ હોં જીસકે જીન્નો ઇન્સાં,
યેહ અયસા સરવર,[8] એ અયસા નવશા,[9]
એ અયસા દુલ્હા,[10]
જમાલ વાલા તુંહીકો પાયા,
કમાલ[11]વાલા તુમ્હીકો દેખા. તુમ્હીકો દેખા.

---

૧ હેરાન. ૨ મગન. ૩ (શણગાર) શણગારનાર. ૪ પ્રેમઘેલા, ચપલ ૫ મનમોહન–સૌંદર્યસંપન્ન. ૬ સૌંદર્યવાન. ૭ ફિરિશ્તાઓ, પવિત્ર આત્માઓ, ૮ અગ્રેસર, પેશવા ૯ વર–દુલ્હા ૧૦ નવશા–વર ૧૧ ચમત્કારી, સંપૂર્ણતાવાળો.

કદમ કદમ પર હો હુઆ[12] આરપા.[13]
એ ચાલવાલા તુમ્હીં કા દેખા,
નિસાર[14] જીસપર હેં અર્શ કુરશી,
યેહ મહેરો[15] મેહ[16] જીસકે હેં ફિદાહ,
યેહ અયસા દિલબર,[17]
યેહઅયસા મેહવશ[18] મહે[19] મદિનાતુમ્હીકા દેખા
(અદદરૂદુજા)

૮૬ એ ધર્માન્ધ લોકો પોતાની હદીસોથી જે મોજીઝાનો સંબંધ (કુરઆનની ઉત્પત્તી) સાથે બતાવે છે, તેની ભાષા તો અજબી છે (તે પોતે તદન અભણ્યુ છે) અને અહીં તો એક (છટાદાર—લાવણ્યમય) સુશોભિત અરબી ભાષાની હદીસમાં ચેલેંજ આપવામાં આવે છે.

(કુરઆને શરિફની પ્રૌઢતા, માધુર્યતા, લાવણ્યતા અને શુભાષકતાનો ઉલ્લેખ કરતાં ટુંકમાં એક ઉર્દુ શાયરે કેવું મઝાનું કહ્યું છે કે:—

કલામકા તેરે, વોહ ભુલ્ફ, કયા બ્યાન કરૂં,
ઝબાંપે આ નહીં શકતી, જો દિલમેં લજ્જત હય.

૮૭ જગત સર્જનહાર અને તેના પયગમ્બરની આજ્ઞા પાળો, માંહોમાંહે ટંટો ફિસાદ ન કરો, તેમ કરવાથી તમારી

---

૧૨ પ્રબળકાળ ૧૩ મોકુફ—હયાત ઉપરથી. ૧૪ ફિદા, મરી ફિટવું ૧૫ સૂર્ય. ૧૬ ચંદ્ર. ૧૭ મન મોહન ૧૮ ચંદ્ર સમાન. ૧૯ ચંદ્ર.

હીમ્મત–ધૈર્ય ખુટી જશે, તમારો ઉત્સાહ મોળો પડી જશે, સહનશિલતા ગ્રહણ કરો, ખચ્ચિત સહનશક્તિવાળાઓ સાથે અલ્લાહનો વાસ છે.

(હિમ્મત હારી ધૈર્ય ખોવાના બદલે ધિરજ ધરી હિમ્મત રાખવનાર પુરૂષાર્થી પુરૂષની સફળતા માટે એક લેખક કહે છે કે એકવાર નહિ અનેકવાર ધિરજ ન ખોતાં કોશિષ કરવી જોઇએ અને દરેક વેળાએ વધુ ને વધુ દ્રઢતા અને મુસ્તીકલાલથી દરેક મુશ્કેલીનો સામનો કરવો ઘટે; એમાંજ ખરો પુરૂષાર્થ રહેલો છે એવા પુરૂષોજ અંતે પોતાના ધારેલો હેતુ સફળ કરે છે એ માટે) એક વિદ્વાન કવિએ કહ્યું છે કે:—

ખુદા ઉનકી મદદ કરતા હય, જો અપની મદદ કરલેં;
વોહી દામનમેં ગુલ ભરતે હંય જો દામનમેં ગુલ ભરલે.
ઉસ્સે કામયાબી ઉનકે, હમ આગોશ હોતી હય,
જો નકદે જાન્તજા રખતે હંય, હિમ્મતકે ખઝાનમેં.
વોહી બઝમો અમલમેં કામયાબો કામરાં હાંગે;
જો હિમ્મત ઓર ઇસ્તિકલાલસે દાઇમ રવાં હાંગે (મ. આ.)

૮૮ . ...બેશક અલ્લાહ દગાખોરોને ચાહતો નથી. (દગો તો દાટ વાળે)

૮૯ ફિસબીલિલ્લાહ જે કંઇ ખર્ચશો, તેનો પૂરેપૂરો બદલો તમને મળશે, તમારો હક્ક ડુબાડવામાં નહિ આવે

૯૦ હે ખુદાના નાબબ! ઇમાનદારોને નાસ્તિકો સાથે જંગ ખીડવાને પ્રોત્સાહન આપ, ધૈર્ય સંપન્ન ૨૦ વીસ

આસ્તિકો ૨૦૦ બસો, અશ્રદ્ધાળુઓ ઉપર વિજય મેળવવા બસ છે, નાસ્તિકો એવા છે, જે આખેરતને માટે ઇમાનમાત્ર અર્પણ કરતા નથી.

(ઇસ્લામની બિસ્મીલ્લાહ સાથે ફક્ત વીસજ ધૈર્ય સંપન્ન ઇમાનદારો બસો નાસ્તીકો ઉપર વિજય મેળવી તેમને મગલુબ કરતા હતા તેનો આદર્શ ચિતાર જનાબ જવાહિર રકમ સહાબ "જાહિદ્દ" વાળી મશહુર કુરઆનની આયતનાં શાનદાર પરિણામને કવિતામાં સમજાવી રહ્યા છે, તે ધ્યાનથી શ્રવણ કરો અને આપણાં બાપદાદાઓ અને બુઝુર્ગો જેવી બગસ, જવાંમર્દી અને જાફિશાની દાખવવા આપણે તત્પર રહીએ તોજ આપણે અન્ય સાથે રહી શકીએ.)

અજબ હંગામા પત્થરથી મુસલમાનોંકી શમ્શીરેં
પલટ જાતીથી જીનકી ઝર્બસે[1] કામોકી તકદીરેં!
હુઈ ઇરાનો રોમાકે સરોદ[2] અયશ પર ગાલિબ[3]
અરબકે ગાઝિયાને[3] "મિલ્લે બયદા" કી તદબીરેં;
કભી અયયરાને[4] કયસરમે[5] તઝલઝુલ[6] ડાલ દેતી થી.
"અમીરૂલ મુઅમિનીં" હારૂને અબ્બાસકી તહરીરેં[7]!

---

૧ વાર, ફટકો. ૨ ગીત ૩ ધર્મવીર. ૪ મહેલ. ૫ રૂમી પાદશાહ. ૬ સળાટો, થરથરાટ. ૭ લખાણ, સંગીત ફરમાનો.

અરબ, ઇરાન, તુર્કી, મિસ્ર, કાબુલ, હિંદ, અફ્રિકહ;

યેહ કયા હય? એક હરફે "જાહિદ[૮]?" કી સમહ ંય તફસીરેં[૯]
મુસલમાનો ! જુનુંકો[૧૦] તાઝા કરલો, ફિરબહાર આઇ!
અગર મંઝૂર હય, કટ જાયેં મહકૂમીકી[૧૧] ઝંજીરેં!
નહીં હરગિઝ ગવારા[૧૨] ખાલિક અકબરકી ગયરતકો,[૧૩]
કે હકકે[૧૪] સામને ફૂલેં ફલેં બાતિલકી[૧૫] તદબીરેં!
કભી ગાલિબ ન હોંગે બુત પરસ્ત અલ્લાહવાલોંપર,
કહાં ઈક ઝિન્દા હસ્તી ઔર કહાં બેજાન તસ્વીરેં!
ન અબતક દબ સકા જો દીને હક મગરિબકી તોપોંસે
દબા દેંગી ઉસે કયા સંગદીલ વાલોંકી તકરીરેં[૧૬]!
(નિદાએ મિલ્લત)

૯૧ જે કાંઇ ધર્મની લડાઇની લુટમાં મળ્યું છે તે તમારા હલાલનો ભાગ અને તેને હલાલ સમજી ઉપયોગમાં લ્યો, ખુદાનાં પ્રકોપથી ડરતા રહો, ક્ષમાની આશા રાખો; ખરેખર ખુદા ક્ષમા કરનાર અને દયાળુ છે.

૯૨ જે લોકોએ આસ્થા રાખી, ધર્મ માટે સ્વદેશ ત્યાગ કર્યો, ખુદાને માટે પોતાની ધન દૌલત અને તનમન કામમાં

૮ ધર્મયુદ્ધ. (જિહાદનો હુકુમ) ૯ વિવરણ ટીકા. ૧૦ ઘેલછા. ૧૧ પરતંત્રતા, પારકી તઆબેદારી. ૧૨ સહન. ૧૩ શર્મ ૧૪ સત્ય. ૧૫ અસત્ય. ૧૬ વ્યાખ્યાનો, ભાષણો.

લઇ ધર્મ માટે લડાઇ કરી, જે લોકોએ મોહાજરીનને આશ્રય આપ્યો અને મદદ કરી એજ લોકો એક બીજાનાં હકદાર છે.—ખરા મુસલમાન છે, તેમને માટે તેમના કુકર્મોની ક્ષમા અને નામવરી સાથે આજીવિકા મળશે.

૯૩ ખુદા અને પ્રલયકાળને માન્યા, અલ્લાહની બંદગી કરી, ઝકાત દીધી, ખુદા સિવાય તેમણે કોઇની દહેશત ન રાખી એવાજ લોકો ખુદાની મસ્જીદો આબાદ રાખે છે, એઓએ સત્ય માર્ગ ગ્રહણ કર્યો છે.

૯૪ હે ઇમાનદારો! તમારા બાપ, ભાઇઓ, ઇમાન કરતાં અશ્રદ્ધાને વધારે ગણે તો તમે તેમને તમારા સાથી બનાવતાં નહીં, જે કોઇ તેવાની સાથે સંબંધ રાખે, એજ ખુદાનાં ફરમાનનું ઉલ્લંઘન કરનારા છે.

૯૫ ......જે લોકો સોનું, ચાંદી—માલમિલ્કત જમા કરે છે પણ તેમાંથી લિલ્લાહ દેતા નથી તેમને હે પયગમ્બર! પ્રલયકાળની અસહ્ય શિક્ષાની ખબર દે.

૯૬ હે પયગમ્બર! મનુષ્યોની ધનદોલતથી તારે આશ્ચર્યચકિત થવું નહીં, તેમની સંતતીથી પણ નવાઇ પામવી નહીં, ખુદા એ ચાહે છે, એ ધનિકો સંસારની મોહમાયામાં લપટાઇ રહી તેની શિક્ષા ભોગવે.

દુનિયાની ધનદોલત, મોહમાયા અને સુખસંપત્તી એ કશા કામની નથી એ માટે મૌલાનાં આરિફ સાહબ 'ફિરદોશે ફાતિમા'માં કહે છે કે:—

ન કુચ્છ માલ વ દૌલત ન ધન
જાયેગા ફકત સાથ તેરે કફન જાયેગા
ન કુચ્છ કામ આયેગી દૌલત નઇજાત,
ફકીરીસે કુચ્છ કામ બનજાયેગા.
યેહ દુનિયાકા લાલિચ યેહ હિર્સ ઔર ખ્વાહિશ
યેહ દલદલ હૈ તું ઇસમે ધસજાયેગા,
યેહ આંખે રસિલી યેહ ખૂશ રંગ ચહેરા,
યેહ મિટીમેં ગોરા બદન જાયેગા.
કહાં દસ્તોબાઝૂ કહાં ચશ્મો અબરૂ,
યેહ સબ જોર બલ તન બદન જાયેગા,
યેહ સબ તનબદન હોકે મિસ્લે ગુબાર,
હવાકી યેહ છમનીમેં છન જાયેગા.
યેહ દૌલત યેહ કુવ્વત યે હુસ્નો જવાની,
યેહ નાઝો અદા બાંકપન જાયેગા.
તુજે છોડ દેંગે સબ અહબાબ તેરે,
અકેલા તું અપને વતન જાયેગા.
દમે નઝઆ જબ જાન નીકલેગી તનસે,
યેહ સબ ભૂલ તું મકરોફન જાયેગા.
કુચ્છ આમાલ અચ્છે અગર સાથ હોંગે,
તો રહમતસે વાં કામ બન જાયેગા.
રહેગા વોહી મરકે આરામસે,
કે મૌલા મેરા જીસે મનજાયેગા.

ન કુરબ સાથ દેવેંગે બાપ બિરાદર,
ફકત કર્મમેં તેરા તન જાયેગા.
વોહી શખ્સ ખુશ હોગા મહશરમે હરિફ,
કે રબ્બુલ ઉલા જીસે મન જાયેગા.

૯૭ ખયરાત, જકાતનો માલ તો ફકત નિરાધારો માટે, ખાજગીપદાર્થ મેળવવાને લાચારનો હક છે ઝકાત ઉ રાવવા મુકરર કરેલા ઉપરીઓનો હક છે, જે લોકોના ઇસ્લામ તરફ વળેલા હોય તેમનો હક, ગુલામો આઝાદ કરવાનો, કરઝદારોનું કરજ દેવામાં, ધર્મ યોદ્ધાઓને ધર્મ યુદ્ધની સામગ્રી લેવામાં, વટેમાર્ગુની વાટ ખર્ચીમાં ખુદા તરફથી આ હકક સાબિત છે.

૯૮ મુનાફિક સ્ત્રી પુરૂષો, બેઇમાન લોકો માટે ખુદાએ જહન્નમ તૈયાર રાખી છે, એવા લોકો હરહંમેશ દોઝખમાં રહેશે, એજ તેમની શિક્ષા......

૯૯ મુસલમાન સ્ત્રિ પુરૂષો એક બીજાનાં સાથી છે, તેઓ જગતજનોને સુકર્મો કરવા સુચવે છે, કુકર્મોથી દૂર રહેવા ચેતવે છે, પોતે ખુદાની બંદગી કરે છે, ઝકાત આપે છે અને ખુદા રસુલનાં હુકમ પ્રમાણે ચાલે છે, એજ એવા છે જેમનાં ઉપર ખુદા સત્વર કૃપા કરશે; બેશક ખુદા સર્વે શક્તિમાન્ અને મહેરબાન છે.

૧૦૦ લોકો પોતાના પાપનો પશ્ચાતાપ કરે, એ તેમને માટે લાભદાયક છે; તોબા કરવાની આનાકાની કરે તેને આલોક

તેમજ પરલોકમાં ભયંકર સજા થશે; આ દુનીયામાં તેનાં હીમાયતી કે મદદગાર કોઇ થશે નહીં.

૧૦૧ હે પયગમ્બર! અશક્ત અને દુ:ખીજનો તેમજ લડાઇની સામગ્રી મેળવી શકતા નથી તે લોકો, ખુદા તથા તેનાં રસૂલનું હીત ચીંચે છે તે ધર્મ લડાઇમાં ભાગ ન લઇ શકે તો તેમાં તેમનો કાંઇ દોષ નથી, ખુદા મારીનો બક્ષનાર અને દયાનો દાતા છે.

૧૦૨ હે પયગમ્બર! એ મસ્જીદમાં એવા લોકો છે કે જેઓ ચોકખાઇ અને સ્વચ્છતાને ચાહે છે; ખુદા પણ સફાઇ તેમજ ચોકખાઇને ચાહનાર છે.

૧૦૩ હે ઇમાનવાળાઓ! ખુદાથી ડરી ચાલો અને સત્યવાદીઓનો સંગ કરો.

૧૦૪ તેજ—ખુદા પોતે સૂર્યને પ્રકાશિત અને ચંદ્રને તેજસ્વી બનાવી તેમની ચાલ નકકી કરી, કે તેથી જગતજનો વર્ષની ગણત્રી કરી શકે.

૧૦૫ લોકોને હાડમારી ભોગવ્યા પછી તેમનાં ઉપર અમે દયા કરીએ છીએ ત્યારે એ લોકો અમારી દયાની અવગણના કરે છે, ખુદાની અકૃપા વધારે સખ્ત છે.

૧૦૬ હે પયગમ્બર! લોકોને પૂછ તો ખરો કે તેમને આકાશમાંથી તેમજ પૃથ્વીમાંથી તેમની જરૂરતો કોણ પૂરી પાડે છે? સાંભળવાની અને શ્રવણ કરવાની શક્તિઓ ઉપર કોણ

સત્તા ધરાવે છે? નિર્જીવમાંથી સજીવ અને સજીવમાંથી નિર્જીવ કરવા કોણ સમર્થ છે? પ્રત્યેક કાર્યને વ્યવસ્થાપૂર્વક ચલાવવા કોણ શક્તિમાન છે? ત્યારે લોકો કબૂલ કરશે કે એ તો ખુદાજ. ત્યારે તેમને જણાવી દયો, આમ માનવા છતાં ખુદાથી ડરતા નથી?

૧૦૭ હે પયગમ્બર! લોકોને પૂછ કે તમે માનેલા દેવોમાં કોઇ એવો છે કે જે પ્રથમ સૃષ્ટીની રચના કરે. અને પછી તેનો પ્રલય કરી ફરી નવા સર્જે?

૧૦૮ હે પયગમ્બર! લોકોને પૂછ કે તમારા માની લીધેલા દેવોમાં કોઇ એવો છે? કે સન્માર્ગ બતાવી શકે?...એ દેવો તો એવા છે કે જ્યાંસુધી બીજો કોઇ તેમનો ભોમિયો ન બને ત્યાંસુધી તેઓ પોતાનેજ પોતાનો માર્ગ મળતો નથી

૧૦૯ જે લોકો સહનશક્તિવાળા છે, ભલાઇ કરે છે તેમને માટે ખુદા તેમની કદર કરનાર અને મોટો બદલો આપનાર છે.

૧૧૦ લોકો જ્યારે અનર્થ કરે છે ત્યારે તેમનો સર્જનહાર તેમને શિક્ષા કરવા તૈયાર થાય છે......એની શિક્ષા અતિ સખ્ત અને અસહ્ય છે.

૧૧૧ કુરઆનને અરબી ભાષામાં એટલા માટે અમે ઉતાર્યું કે તમે—અરબ—વાસીઓ—તુર્ત સમજી શકો......

૧૧૨ ......સ્ત્રિઓનાં આ ચરિત્રો ભારે ગંભિર હોય છે.

૧૧૩ ......વિશ્વાસઘાત કરનારાઓને તેમના પ્રપંચમાં અમે—ખુદા છેવટ ફાવવા દેશું નહીં. (જુઓ નાં. ૧૮)

૧૧૪ હરેક સ્ત્રી ગર્ભ ધારણ કરે છે તે પરમેશ્વરની જાણ બહાર નથી.—એના ગર્ભાશયમાં પુત્ર છે કે પુત્રી તે સત્ય જાણનાર એના સિવાય અન્ય કોઇ નથી.

૧૧૫ જાહિર પ્રકટ તેમજ બાતિન—અદ્રશ્ય બિનાઓનો જાણકાર ખુદા છે. સઘળાઓમાં મહાન અને મહિમાવાળો છે, ધીમેથી અથવા ઉતાવળે થતી વાતો પણ એનેજ ખબર છે. રાતનાં અઘોર અંધારામાં અથવા ધોળા દિવસનાં પ્રકાશમાં બનતા બનાવો જાણવા એજ સમર્થ છે.

મોલાના સૂરી આબિદ સાહબ કહે છે કે:—

સિતાઇશ[1] તુઝીકો સઝાવાર[2] હય,
કે આલમકા[3] તુહી નિરનકાર[4] હય;
તુ ખાલિકે[5] હય ઔર સબકા રોઝીરસાં,[6]
કે પત્થરકા કીડા પલે બેગુમાં.[7]
તસદદુક[8] મેં કયું હોતું ન ઇસ દાદ[9] પર
તુ પહોંચે હરએક કી ફરિયાદ પર,
કરમ[10] તુને હમ પર હય ચેલી કિયા,
હિદાયકેન[11] તુને દિયે રહનુમા.[12]

---

૧ તઆરીફ, પ્રશંસા. ૨ ઘટીત, શોભીતું. ૩ સંસાર, પૃથ્વી. ૪ બેનમૂન. ૫ સરજનહાર ૬ નિર્વાહ પુરો પાડનાર. ૭ ખચ્ચિત, વગર સંકોચે. ૮ કુરબાન. ૯ ઇન્સાફ. ૧૦ કૃપા, મહેરબાની. ૧૧ બોધ, શિક્ષા. ૧૨ માર્ગદર્શક, રસૂલ.

દિખાતે રહે વો રસ્તે[13] મુસ્કિમ,[14]
કે ચલનેમેં જિસપર ઝરા ન બીમ.[15]

૧૧૬ લોકો! લીલ્લાહ ખર્ચ કરો, હાથે કરી તમે મુશીબતમાં ન પડો, પરગજુ થાઓ; ખચ્ચિત પરોપકારી પુરૂષોને ચાહનાર ખુદા છે.

૧૧૭ ખુદા માટે હજ્જ અને ઉમરાની ફરજો પૂર્ણ કરો.

૧૧૮ જે લોકો લડવા આવે તેની સાથે તમે પણ ધર્મ માટે લડો, અત્યાચાર ગૂજારવો નહીં, અત્યાચારીઓને અલ્લાહ પસંદ કરતો નથી.

૧૧૯ લોકો, અ માંહો માહે તમે એક બીજાની માલમિલ્કત વિના કારણે દબાવી જતા નહી, ব માલને લાંચ રૂશ્વતમાં વાપરતા બચજો. ক માલ પચાવી પાડવાની પાપિ નીષ્ઠા તજો, ড અપવાસની રાત્રીઓમાં પોતાની સ્ત્રીઓ પાસે જવાની પતિને છૂટ છે.

૧૨૦ જે કોઇ વસિયતનામામાં મરનાર પછી કાંઇ ફેરફાર કરે તેનો દોષ એ ફેરફાર કરનાર ઉપર છે, બેશક, ખુદા જ્ઞાતા અને શ્રાતા છે.

૧૨૧ તથાપિ જો કોઇ વસિયતનામું કરનાર તરફથી હક્કદારનો હક્ક માર્યો જતો બચાવવાને તેનાં વારસોમાં સમાધાન

૧૩ માર્ગ, રસ્તો ૧૪ અચળ, મકકમ. ૧૫ બ્હીક, ભય.

કરાવે તો તેનો કશો દોષ નથી; અલ્લાહ ક્ષમા કરનાર અને કૃપાળુ છે.

૧૨૨ હે ઇમાનદારો! તમારી અગાઉના ગ્રંથધારી લોકો માટે જે ઉપવાસ-પાળવા તેમનાં ઉપર ફર્ઝ નાખેલી તે મુજબ ઉપવાસ માટે તમારે તમારૂં કર્તવ્ય બજાવવું.

૧૨૩ રોઝા માટે અમુક દિવસો નિર્માણ કર્યા છે; જે કોઇ બિમાર હોય, મુસાફરીમાં હોય તેટલા દિવસોનાં રોઝા પછી પુરા કરવા; જેનામાં ભિક્ષુકને અન્નદાન દેવાની શક્તિ હોય તેણે એક ગરિબને ખવડાવવું; જે કોઇ પોતાની ખુશીથી ગરિબોને દાન દેવાનું કાર્ય કરે તે એથી પણ સરસ છે; ઉપવાસ કરવા એ રોઝદારોનેજ માટે લાભદાયક છે.

૧૨૪ રોઝા રાખવા માટે રમઝાન મહીનો ઠર્યો છે. તેમાં કુરઆનેકરીમ પણ પ્રકટ થયું છે; તેમાં જગતજનો માટે સદ્‌બોધ અને સન્માર્ગ ખુલ્લો છે, વળી પ્રત્યેક પ્રકારનાં નિયમો ચોકખા છે; મુસલમાનોમાંથી જે કોઇ રમઝાન મહીનામાં આજાર ન હોય કે સફરે ન હોય તેણે રોઝા બરાબર રાખવા; મુસાફરીમાં કે બિમારીમાં ગયેલા રોઝા તેટલા ફરી રાખી લેવા. ખુદા સખ્તાઇ કરવા-ઇચ્છતો નથી. તેણે તમને સત્ય માર્ગ દર્શાવ્યો માટે તેની મ્હોટાઇના યશોગાન ગાવ અને તેનાં અગણિત ઉપકારો માટે તેનો આભાર માનો.

મોંઘેરા મ્હેમાન રમઝાન શરિફનો મહીમા વર્ણવતાં કવિ 'નયન' સાહબ (દિનમાં) કહે છે કેઃ—

નવલ ચંદ્રના જન્મે ભાસે, ગુઢ ગહન હિતકર શુભ જ્ઞાન,
વિશ્વે આજ પધાર્યો પાછો, મુસ્લીમનો મોંઘો મ્હેમાન.
વૃત્તો, દાનો, દયા, ભાવના, સંયમ, શિખ તણું જ્યાં જ્ઞાન,
ગૂઢ અનુપમ, હિતકર પ્યારો, આવ્યો શ્રેષ્ઠ અહો રમઝાન.

સત્કારે સહુ સિદ્ધ પ્રિતથી, અમલે પ્રીતી હર્ષાવેશ,
આજ શશિ, રમઝાન માસનો, અર્પે ગુઢ ગહન ઉપદેશ ૧.

વિધવિધ રિતો વૃત તણી છે, અમલ કરે ઉપવાસ ગણાય,
મનનો, કરનો, તન અવયવનો, રોજો વિધ અમલે લેખાય,
મલિન વિચારો મેલી ઇચ્છા, મનો કામના સહુ રોકાય,
નિંદા ચાડી ભ્રષ્ટ ભાવનાં, તજાયે, ખરો ઉપવાસ ગણાય.

ટેક ધિરતા, સહનશિલતા, આત્મિક બળ ખિલે હંમેશ,
પરઉપકારી, દાઝરંકની, ઉચરે છે હિતકર ઉપદેશ. ૨.

વૃષ્ટી વિશ્વે, ખાસ થયેલી, આવ્યું મુસ્લિમનું કુરઆન,
નિર્મળ વહાલું પ્રેરક સાચું, પૂજ્ય મહદ ઉન્નત કુરઆન,
માનવ ચેતન, શુદ્ધી બુદ્ધી, મુક્તિ યુક્તિ, અર્પે જ્ઞાન,
પાર નથી ઉપકાર પ્રભુનો, શા મુખથી ઉચરે ઇન્સાન,

પ્રિતિ નિતી, માનવ રીતી, સંભાળે નિર્મળ આદર્શ.
ભિન 'દીનમાં' થાઓ એવો, ઉચરે ગૂઢગહન ઉપદેશ. ૩.

બાર માસમાં, સૌથી મોટો, બરકત રૂપ ગણાયે માસ,
ભાન ભરે રમઝાન જગતમાં, પસરે નિર્મળ જ્ઞાન પ્રકાશ.
બુદ્ધિ માંહે આચારોમાં, આત્મીક બળમાં થાય વિકાસ,
ચેતનવંતો, વિધગુણ વાળો, પ્રેરક, તારક મહિનો ખાસ,

રુહ પહોંચે પ્રભુ હજૂરે, દુઆ રૂપી માનવ સંદેશ,
બરકત વિણ જ્યાં બરકત ભારે, ઉચરે છે ઉમત ઉપદેશ. ૪.

પ્રતિ વર્ષે રમઝાન આવતો જગે ટકે જે એકજ માસ.
પણ તે ટુંક સમયમાં વિશ્વે, પ્રસરાવે છે, પૂણ્ય પ્રકાશ
નેકી કરતાં, માનવ દિલની, થાય બહુ સફળ સુઆશ,
અમલે, પરની પ્રીતી પ્રગટે, વ્યાપે નિત્ય અતિ ઉલ્લાસ.

સંપે પ્રેમે, વસે સાથમાં, મટે દંભ પાખંડો ક્લેશ,
ખરા ખ્યાલનો ખાસ ખજાનો આપે છે ઉમત ઉપદેશ. ૫.

આજકાલની, ગણુતાં ગણુતાં, ગફલતમાં વય વિતી જાય
ભક્તિ વિણ મુક્તિ નવ મળતી, મર્ણ સમે માનવ પસ્તાય,
પાછળી બુદ્ધિ ડહાપણ આવે, પણ શું તેથી હિતકર થાય!
પસ્તાવાનું ઓખડ કયાં છે? રડતું અંતર મન મુંઝાય.

માટે ચેતો જાગો જલદી કળી મનુજ હાકત ઉદ્દેશ,
નયન નિરક્ષે અવલોકનથી ગૂઢ ગહન સાચો ઉપદેશ, ૬.

દેખો જો વૈદક દ્રષ્ટીએ, તો પણ હવે લાભ અપાર,
પૂણ્ય મળે, ને રોગ મટે છે, આરોગ્યે લાભો મળનાર.

પાર વિના, ઉપકાર પ્રભુનાં, કથતાં ગુણ ન આવે પાર,
સંયમ, ટેકી વૃત્તી ન્યાયે, ધીરજથી અમલે ઉદ્ધાર.
મહિમા જાણો, નેક માસનો. કળો ગૂહતાનો ઉદ્દેશ,
પ્યારો ન્યારો, હિતકર સાગે, ઉચરે છે ઉત્તમ ઉપદેશ ૭.

ભૂખ તરસનો ભેદ કળાયે, સમજાયે વૃત્તે પરપ્રિત
પરની પ્રિતી, દાઝ હ્રદયમાં, ઉપજે વિધવિધ રીતેનીત,
દીન દશાનો દોર કળાયે, સમજે પૂણ્યે, નિજનું હીત,
ઉગ્ર મટીને, બને, સ્વભાવે, મિલનસાર આનંદી ચિત.
ભેદ દંભ, વિખવાદ વિદારે, અંતરમાં ઉભરે આવેશ,
એવો સાચો પરઉપકારી, ગુઢ ભાતસ ઉચરે ઉપદેશ. ૮.

રમઝાને છે બરકત મ્હોટી, બંધનમાં શયતાં જહકાય,
દ્વારો ઉઘડે, સ્વર્ગ તણાં સૌ, બંધ નર્ક કેરા થઇ જાય,
ચાવી લાવ્યો જન્નત કેરી, પ્રેરક સ્વર્ગ પંથે લઇ જાય,
મહિમા મ્હોટો, પાક માસનો, પ્રભુ તણો ઉપકાર ગણાય.
વિભૂ પ્રેરે હ્રદય અમારે, અમલ કર્મ શક્તિ આવેશ,
પ્રેરક, તારક ને ઉદ્ધારક, આપે છે ઉન્નત ઉપદેશ. ૯.

૧૨૫ ......પ્રાર્થના ટાણે પ્રાર્થના કરનારની નીકટમાં પ્રાર્થના માન્ય કરનાર ખુદા મોજુદ હોય છે.

૧૨૬ હે શ્રદ્ધાળુઓ પૂણ્ય એનું નામ નથી કે ભક્તિ કરનારાઓ ભક્તિ ટાણે પોતાનાં મ્હોં પૂર્વ તરફ કે પશ્ચિમ વગર કરે, પણ પૂણ્ય ખરેખર તો એ છે કે ખુદાની વહેદાનિયત

ઉપર, પ્રલયકાર ઉપર, ફિરિશ્તાઓ ઉપર, આકાશી ધર્મગ્રંથો ઉપર થઇ ગયેલા પયગમ્બરો ઉપર, સંપૂર્ણ વિશ્વાસ ધરાવવો; વળી ખરૂં પુણ્ય તો એ છે કે પોતાની દોલત ખુદા ખાતર પોતાના દુઃખી સગા સ્નેહીઓ, અનાથ બાળકો ભૂખે મરતાં ગરીબો, ખર્ચી વગરનાં મુસાફિરો અને ભિક્ષુકોની સહાયતામાં ખર્ચવું, ગુલામોની આઝાદિમાં, કયદિઓની મુકિતમાં પોતાનું જેણે ધન ખર્ચ્યું, નમાઝ પડી, ઝકાત દીધી, વચનનું પાલન કર્યું, વિટંબણામાં મુફેલેસીમાં અને સખ્તિમાં જે અડગ રહ્યા એજ ખરા મુસલમાન અને ખુદાથી ડરી ચાલનારા છે.

૧૨૭ મૃત્યુ સમયે મરનાર પોતાની માલમિલ્કત માટે તેનાં હકદારો માટે મૃત્યુ લેખ ધર્મની રૂએ કરે.

૧૨૮ अ ખુદા સિવાય બીજાને ભકિત લાયક ન સમજવો ब માબાપની આજ્ઞા પાળવી, क સગા સંબંધીઓ તરફ સારી વર્તણુંક રાખવી ड અનાથ બાળકો અને દારિદ્ર લોકો સાથે આર્થીક સહાયતાથી ચાલવું, इ જગતજનો સાથે હળીમળી રહો, ई નમાઝ પઢો ઝકાત દયો.

૧૨૯ अ જનસમાજમાં રક્તપાત કરશો નહીં, ब લોકો ઉપર બળજોરી કરશો નહીં, क તેમને હદપાર કરશો નહીં, ड અન્યાયથી ચાલશો નહીં, ई બળાત્કાર ગુજારશો નહીં, બંદિવાનને બંધીખાનેથી છોડાવવા મદદ કરશો.

એ ખુદાઇ ફરમાન શિરોમાન્ય કરવામાં મુસ્લિમો હાલ કેવા પછાત પડયા છે અને તેને અંગે તેની થયેલી શોચનિય સ્થીતિનું દિગ્દર્શન કરાવતા એક કવિ કહે છે કેઃ—

કંકાસ વ્યાપ્યો કોમમાં અભિમાનમાં ઉદ્ધત થયા,
પરમાર્થની પ્રીતી તણાં, વહેતાં ઝરણ સુકી ગયાં.
મુસ્લીમનાં ઉદ્યાનમાં, વિધવિધ તરુવર ઓપતાં,
પણ સંપનાં સિંચન વગર, તરુવર હવે સુકી ગયા.
ઇર્ષા વધી વ્યાપ્યો કજીઆ પાખંડીઓ પોષાય છે,
અંતર મહીં સત્કર્મનાં કાં આજ જળ સુકી ગયા?
જે ભાવ ભિના દિલ હતા, પ્રેમાળ નિર્મળ લાગણી,
તે રસ વિહિન હૃદયે, થયાં, સન્માન પણ સુકી ગયાં.
સંકટ નિહાળી અન્યનું, જે ખૂબ અશ્રુ સારતા,
તે પણ કઠણ દિલના થયા, અશ્રુ હવે સુકી ગયા.
અજ્ઞાનમાં ભટકે ઘણાં, કંઇ પેટ પિડાને રડે,
સંતોષ વિણુ જ્ઞાની તણાં, હૃદયો હવે સુકાઇ ગયાં.
અંતર અતિ મારૂં બળે, આમ દુર્દશા ભારે થઇ
રડતું જીગર નયનનાં અશ્રુ વહન સુકી ગયા.(દીન)

૧૩૦ જે ખાસ ખુદા ઉપર સંપૂર્ણ આધાર રાખે, પરોપકાર કરે તેને તેનો બદલો સર્જનહાર તરફથી ખચ્ચિત મળશેજ, અને એમને કશો ભય રહેશે નહીં કે દુઃખી પણ થશે નહીં.

૧૩૧ પૂજ્ય સ્થાન મસ્જીદમાં ખુદાની બંદગી કરતાં અટકાવે-મના કરે; મસ્જીદને વેરાન કરે એના જેવો બીજો જૂલ્મ શું હોઇ શકે ? એવા ઝાલિમોને આલોકમાં નામોશી અને પરલોકમાં સખ્ત શિક્ષા મળશે.

૧૩૨ પૂર્વ તેમજ પશ્ચિમ-સર્વે પરમેશ્વરનીજ ભૂમિ છે કિબલા તરફ નમાઝમાં ગમે ત્યાંથી તમે મોઢું રાખશો ત્યાં ખુદા તો નમાઝીની સન્મુખજ છે; બેશક ખુદા સર્વવ્યાપક સર્વજ્ઞાની છે.

૧૩૩ ન્યાયનાં દિવસથી ડરતા રહો, એ દિવસે કોઇ કોઇને કામ આવશે નહીં. તે એક બીજાને મદદ કરી શકશે નહીં, કોઇ કોઇની ભલામણ કે લાગવગ ચાલશે નહીં,

૧૩૪ ખુદા સિવાય અન્યને માનવો નહીં, કુરઆન પ્રમાણે ચાલવું, ઇબ્રાહીમ, ઇસ્માઇલ, ઇસહાક, યાકુબનાં વંશજો ઉપર જે પ્રગટ થયું હતું તે ઉપર, મુસા અને ઇસાને જે ધર્મ પુસ્તક મળ્યા હતા તે ઉપર, તેમજ અન્ય પયગમ્બરોને ખુદા તરફથી મળેલ દિવ્ય ગ્રંથો ઉપર આસ્થા ધરાવે તે કોઇ વચ્ચે પણ ભેદભાવ ન રાખવો અને એકજ ખુદાની આજ્ઞાને આધિન રહેવું.

૧૩૫ अ મુસલમાનોની ભૂખથી, ब માલની ખોટથી, क પ્રાણની તકલિફથી, ड પાકનાં નુકશાનથી કસોટી કરવામાં આવશે

ત્યારે સહનશિલતા ધારણ કરીએ આપત્તિઓ હસ્તેમુખે વેઠનાર માટે અલભ્ય બદલો મળશે;

૧૩૬ સાચાને જુઠાથી છુપાવવું નહીં; જાણી જોઇ સત્યતા છાની રાખવી નહીં.

૧૩૭ હજરત આદમ (અ. સ.) ક્ષમાની યાચનાં કરતાં પોતાનાં વાક્યની ક્ષમાની પ્રાપ્તિ મેળવી શકયા; બેશક ખુદા ક્ષમાની મારી બક્ષનાર અને દયાળુ છે.

૧૩૮ હે જગતજનો ! ખુદાની હસ્તીનો સ્વીકાર કરતાં તમે કેમ અચકાઓ છો ? તમે નિર્જીવ હતા ત્યારે તમને જીવતા કરનાર એ સિવાય બીજો કોણ છે ? ખચ્ચિત માનો કે ખુદા મારનાર તેમજ જીવાડનાર અને વળી પ્રલયકાળે ફરી સજીવન કરનાર તેજ છે. છેવટ તેની સન્મુખ ગયા વગર છુટકો નથી.

૧૩૯ પાખંડી લોકો એવા હોય છે, જેઓ સત્ય માર્ગને બદલે ખોટો માર્ગ પોતાની ઇમાનની પુંજી ખોઇ વેચાતો લે છે, છતાં એ વેપારમાં તેઓ ફાવતા નથી; સત્ય માર્ગ ઉપર પણ મક્કમ રહેતા નથી.

૧૪૦ બહેરા, મુંગા, આંધળા સન્માર્ગ ઉપર આવી શકતા નથી.

૧૪૧ કુરઆન એવું પુસ્તક છે જેની સચ્ચાઇમાં કથી શંકા નથી, ખુદાથી ડરી ચાલનારા માટે સત્ય માર્ગનો ભોમિયો છે.

(દીન તેમજ દુન્યા બેઉમાં મુસલમાનોની રહબરી કરવા સંપૂર્ણ શક્તિ ધરાવનાર કુરઆને કરીમના મુખ્ય સિદ્ધાંતોનું સંક્ષિપ્તમાં ભાન કરાવી પછી એ પવિત્ર અને અદ્વિતિય ધર્મગ્રંથની તઆલીમ પ્રત્યેની અજ્ઞાનતા તેમજ ગફલતના પરિણામે આધુનિક સમયના મુસ્લિમો હાથે કરી પોતાની અધોગતી અને અવનતી તેમજ હલાકી અને બરબાદીને નોતરી કેવા ખસ્તા ખ્વાતિર અને હડધૂત થઇ રહ્યા છે તેનો ભયંકર ચિતાર રજુ કરતો) એક શાએર કહે છે કે:—

કુરઆન કહતા હે કે કાયમ તુમ નમાઝોંકો કરો,
કુરઆન કહતા હે ઝકાતે માલ મીસ્કીનોં કો દો;
કુરઆન કહતા હે કે રોઝે માહે[1] રમઝાંમે રખો,
કુરઆન કહતા હે કે હજ્જો જાઓ ગર મકદુર[2] હો;
કુરઆનકી તાલીમસે હમ લોગ કોસોં[4] દુર હય, ૧

કુરઆનકી તુઅલીમ હય તુમ લો યતીમોંકી ખબર;
કુરઆનકી તુઅલીમ હય હો બકસોં[5] કે ચારાહ[6]ગર,
કુરઆનકી તુઅલીમ હય શયતાનસે રખો હઝર,[7]
કુરઆનકી તુઅલીમ હય નીચી રખો અપની નઝર;
કુરઆનકી તુઅલીમસે હમ લોગોકોસોં દુર હંય. ૨

કુરઆન કભી પઢતે નહીં કુરઆનસે હય નફરતહમેં;[8]
અબ નાવેલોંસે કામ હય ફીલ્મસે હય લઝઝતહમેં;

ફીર ચાહતે હેં કે દુન્યામેં મીલે ઇઝઝત હમેં,
કયસી હયાકી[૯] બાત હય આતી નહીં ગયરત હમેં;
કુર્આનકી તઅલીમસે હમ લોગ કોસોં દૂર હંય. ૩
સુનલે બીરાદર બાતયે સીમાબકા એ અલાન[૧૦] હય,
ઇસકો પઢેગા કોહસે જો સાહેબે ઇમાન હય;
જીસને અમલ ઇસપર કીયા ઉસકે લીયે ગુફરાન[૧૧] હય,
જો પઢકે ચુપકા હો ગયા વો ગારીબો નાદાન હય,
કુર્આનકી તઅલીમસે હમ લોગ કોસોં દૂર હંય। ૪

હવે જનાબ હાશિફ બરચીના 'યું કુફ અઝ કાબા બરખિઝદ, કુજા માનદ મુસલમાની' 'ઘર ફૂટે, ઘર જાય' ના ભયંકર પરિણામ તરફ દૃષ્ટિ કરશો.

તદબ્બુરસે[૧૨] મુસલમાં પઢતે ગર આયાતે[૧૩] કુર્આની,
ન આતે યેહ બુરે દીન ઔર ન યોં હોતી પરેશાની.
મુસલસિન ઠોકરોં પર ઠોકરેં ક્યોં કર ન ખાયેં હમ,
કે ઝુલ્મતમેં[૧૪] પડે હૈં છોડ કર યેહ શમ્અ[૧૫] નુરાની.[૧૬]
કિયા બાતિલ પરસ્તીને હમેં બરબાદ કુછ ઐસા,
ન તાકત હમમેં જિસ્માની[૧૭] ન કુબ્બાત હમસેં ઇમાની.

---

૧ મહિનો. ૨ જો. ૩ ગજું, શકિત, સંપત. ૪ ગાઉના ગાઉ ૫ નિરાધાર. ૬ આશરો. ૭ છેટું, અંતર. ૮ યુગ. ૯ શર્મ ૧૦ ઢંઢેરો, ખબર. ૧૧ બક્ષિસ. ૧૨ પુખ્ત વિચાર. ૧૩ અધ્યાય. ૧૪ અંધકાર ૧૫ બત્તી, ૧૬ પ્રકાશવાળો ૧૫-૧૬ ઇસ્લામની જ્યોતી. ૧૭ શારીરિક.

તમદ્દુનકે[૧૮] સમંદરમેં ખુદારા[૧૯] તેરના સીખો,
ડિબો દેગી વગરના મુફ્લિસકી તુમકો તુગીયાની.[૨૦]
ખલફ[૨૧] ઇસ કૌમકે હુંય આજ મહકુમીકી[૨૨] લઆનતમેં[૨૩]
સલફ[૨૪] કલ જિસ્કે કરતેથે ઝમાનેમેં જહાંબાની.[૨૫]
હમારે રહનુમા[૨૬] મસરૂફ[૨૭] હુંય અબ ખાનાજંગીમેં[૨૮].
ચું[૨૯] કુફ્ર[૩૦] અઝ[૩૧] કઆબા[૩૨] બરખિઝદ[૩૩] કુજા[૩૪]
માનદ[૩૫] મુસલમાની.
યેહ બુનિયાદે[૩૬] તનઝ્ઝુલ[૩૭] હુય યેહ ઉફ્તાદે[૩૮]
મઝલત[૩૯] હુય,
તઅસ્સુબ[૪૦] ! હાં તઅસ્સુબ ! હુય તુમ્હારા દુશ્મને જાની.[૪૧]
કરો વોહ કામ અય કાસિફ કે યોં કોઇ ન કહ બયઠે,

---

૧૮ શહેરસુધારણા civilization સુધારો ૧૯ ખુદા વાસ્તે–ગમે તે ભોગે. ૨૦ ગઝબ. ૨૧ વારસદાર, જાનશીના કેર પરતંત્રતા. ૨૩ શાપ. ૨૪ પૂર્વજ; બાપદાદા. ૨૫ જગત રક્ષા. ૨૬ માર્ગદર્શક, પેશ્વાઓ ૨૭ પ્રવૃત્ત, રચ્યા-પચ્યા. ૨૮ આપસની લડાઇ. ૨૯ જ્યારે. ૩૦ નાસ્તિકતા. ૩૧ માંથી ૩૨ મક્કા શરીફમાં હજ માટેનું પવિત્ર ધામ. ૩૩ નીકળે, ઉઠે. ૩૪ ક્યાં ? ૩૫ રહે. ૩૬ પાયો. ૩૭ પડતી, અવનતિ ૩૮ પડેલ, પાની. ૩૯ નામોશી, બેઆબરૂ. ૪૦ મૂર્ખાઇ ભરેલ હઠ, શરમિંદો, નિરર્થક વિરોધ, ૪૧ પ્રાણઘાતક.

ચિરા[૪૨] કાર[૪૩] કુનદ[૪૪] આકિલ[૪૫] કે બાઝ[૪૬] આયદ[૪૭]
પશે માની.

૧૪૨ સકળ સંસારનો પાલનહાર જે ખુદા એક છે તેને તમામ વખાણ છાજે છે. મહાન દયાળુ અને પરમકૃપાળુ છે.

૧૪૩ ન્યાયનાં દિવસનો ધણી છે.

૧૪૪ ભક્તિ કરીએ તો તેનીજ (તારીજ) અને મદદ માંગીએ તોપણ તેનીજ (તારીજ).

(એકેશ્વરવાદી મુસ્લિમ પોતાના પાલનહાર તરફની પોતાની અર્થપૂર્ણ મખલુકાતની ઉચ્ચ નવાઝિશના ઋણમાંથી મુક્તિની પ્રાપ્તિ કરવાના ઉચ્ચ આદેશ રાત દિવસમાં પાંચ માંગલિક અવસરે પોતાનું કુદરતી કર્તવ્ય બજાવતાં ફર્ઝ, સુન્નત, નફીલ અને વિતર નમાઝ અદા કરતાં સૂર-એ-ફાતિહા કે જે પોતાના પાક પરવરદિગાર સન્મુખ આજેજી અને નમનતાઓથી અદબ સાથે દરેકે દરેક રકઆતમાં પઢે છે. જેનું અહીં નં. ૧૪૨ થી ૧૪૬ સુધીમા અર્થસુચક શબ્દાર્થનુ ટાંચણ કર્યું છે તે કુરઆને કરીમના પ્રવેશ દ્વારના પ્રથમના મહાન અને પવિત્ર અધ્યાયના અલૌકિક મહિમા અને ગૂઢ તાત્પર્યનો ચિતાકર્ષક ઉલ્લેખ; "બદરૂ દુજા"માં મૌ. સૂફી સાહબે જે કર્યો છ તે ખુબ

૪૨ શામાટે ? ૪૩ કાર્ય. ૪૪ કરે. ૪૫ બુદ્ધિશાળી, ચતુર. ૪૬ પાછળ, ફરી. ૪૭ આવે. (૪૨થી૪૮ ૨.૩૫ા પછીનું કહાપણુ.

લક્ષપૂર્વક શ્રવણ કરી સ્મૃતિના પટ ઉપર હંમેશને માટે કોતરી લેવા) આ રહ્યો:—

પોતાના પાલનહાર પરવરદીગારની પ્રાર્થના કરતાં જ્યારે નમાઝી કહે છે કે '**અલહમ્દો**' એટલે તમામ તારીફો કરે ત્યાં વેળા અલ્લાહ પાક ફરમાવે છે કે:—'ઓ મારા બન્દા! આ તમામ તારીફ કોને માટે છે'! ત્યારે બન્દો કહે છે કે '**લિલ્લાહે**' એટલે આ બધી તારીફ અલ્લાહ પાકનેજ માટે છે. ત્યારે અલ્લાહ પાક ફરમાવે છે કે 'અલ્લાહ કોણ છે'? ત્યારે બન્દો અરજ કરેછે કે "**રબ્બિલ આલમીન**" એટલે આ તમામ તારીફો તે અલ્લાહને માટે છે, કે જે આખી સૃષ્ટિનો પાલનહાર છે.

પછી અલ્લાહપાક ફરમાવે છે, કે '**રબ્બિલ આલમીન**' કોણ છે ત્યારે બન્દો અરજ કરે છે, કે તેતો "**અર-રહમા નિરરહીમ**" છે એટલે તે મોટામાં મોટો મહેરબાન અને મોટામાં મોટો રહમ કરનાર છે.

પછી અલ્લાહપાક ફરમાવે છે કે '**અર-રહમા નિરરહીમ**' તે કોણ છે! ત્યારે બન્દો અરજ કરે છે, કે અર-રહમા નિરરહીમ તે "**માલિક યવ મિદ્દીન**" છે. એટલે તે કિયામતના દિવસનો માલિક છે ત્યારે પરવર દિગારે આલમ ફરમાવે છે કે—"ઓ મારા બન્દા! તારૂં કહેવું તદન ખરૂંજ છે કે હું એકલોજ માલિક છું" પછી બન્દો અરજ કરે છે કે "**ઇય્યાકાનાબુદો વ ઇય્યાકા નસ્તાઇન**" એટલે ઓ માલિક! અમે તારીજ બન્દગી અને તારીજ ઇબાદત કરીએ છીએ, અને અમે તારીજ પાસે

મદદ માગીએ છીએ. ત્યારે અલ્લાહ પાક ફરમાવે છે કે 'ઓ મારા બન્દા ! જ્યારે કે તું મારીજ ઇબાદત અને બંદગી કરે છે ત્યારે તો મારી પાસે જે કંઇ તારે માગવું હોય તે ખુલ્લા દિલથી માગ. હું ત્હારી માગણી અને ત્હારી અરજ કબુલ રાખીશ અને ત્હારો સવાલ પૂરો કરીશ.'

ત્યારે તે બન્દો અરજ કરે છે કે "ઇહદેના" એટલે ઓ મારા માલિક ! તું અમને માર્ગ અને રસ્તો દેખાડ, ત્યારે અલ્લાહ પાક ફરમાવે છે કે ઓ મારા બન્દા ! તું કયા રસ્તાની માગણી કરે છે ? ત્યારે બન્દો અરજ ગુજારે છે કે 'અસ્સિરાતલ મુસ્તકીમ' એટલે ઓ મારા માલિક ! હું તારી પાસે સીધા રસ્તાની માગણી કરૂં છું. ત્યારે પાક રબ્બુલ ઇઝઝત ફરમાવે છે કે ઓ મારા બન્દા ! તને કયો સીધો રસ્તો જોયે છે ? ત્યારે બન્દો કહે છે, કે "સીરાતલ્લઝીના અન અમતા અલયહિમ" એટલે નબિઓ, સિદ્દીકો, શહિદો, સાલેહો અને અલ્લાહના અવલીયાઓનો રસ્તો કે જેના ઉપર તારા તરફથી ઇનામો અને બક્ષિસો કરવામા આવી છે તો હવે જે પ્રમાણે હઝરતઆદમ (અ૦) ને તારા તરફથી માફી બક્ષવામાં આવી છે તે પ્રમાણે મને મારી બક્ષ અને હઝરતનુહ (અ૦) ને તોફાનથી નજાત આપી તે પ્રમાણે ગુનાહોના દરીઆના તોફાનમાંથી મને નજાત આપ; અને જે પ્રમાણે હઝરત ઇબ્રાહીમ (અ૦) ને નમ્રુદને અગ્નિમા બચાવી લઇ તે અગ્નિને તારા ખલીલને માટે ગુલઝાર બનાવી તેજ રીતે જહન્નમના આગથી મને નજાત બક્ષી ગુલઝારે

જન્નત મને બક્ષ, અને જે પ્રમાણે હઝરત ઇસ્માઇલ (અ૦) ને શયતાનના ફરેબથી દુર રાખી તારા હુકમ અને મરજીને તાબે રહેતાં શીખવ્યું તેજ પ્રમાણે મને પણ તારા ફરમાનો બજાવવાની તોફીક આપ અને શયતાનના ફરેબોથી દુર રાખ અને જે પ્રમાણે હઝરત મુસા (અ૦) ને ફિરઔન અને તેના લશ્કરથી નજાત આપી તેજ પ્રમાણે મને પણ અઝાઝીલ અને તેના લશ્કરના પંજામાંથી છોડવ, અને જે પ્રમાણે તારા મહબુબ હઝરત મોહંમદ મુસ્તુફા (સ. અ. વસ) ને તારા મુબારિક દરબારમાં નઝદીકી આપી તેજ પ્રમાણે મને પણ તારી નઝદીકી અતાકર,

ત્યારે અલ્લાહ પાક ઇરશાદ ફરમાવે છે કે 'ઓ મારા ફિરિસ્તાઓ! તમે ગવાહ રહો કે આ મારો બન્દે જે જે માગણીઓ મારી પાસે કરે છે તે હું કબુલ રાખું છું.'

પછી બન્દો પાછો અરજ કરે છે કે 'ગયરિલ મગ દુબે અલયહિમ વલદ્દાલ્લીન' એટલે ઓ પરવર દિગાર! જે લોકો તારા ગઝબમાં આવેલા છે અને તારા દરબારમાંથી હાંકી કાઢવામાં આવેલા છે, તેવા ગુમરાહ લોકોનો રસ્તો તો મને જોઇએજ નહિ.

ત્યારે અલ્લાહ રબ્બુલ ઇઝઝત ઇરશાદ ફરમાવે છે કે ઓ મારા ફિરિસ્તાઓ! તમે ગવાહ રહો કે મેં આ મારા બન્દાને નઠારા અને જેમના પર મારો ફીટકાર અને ગઝબ નાઝિલ થએલો છે તે પાપી માણસોના ટોળામાંથી આ મારા ફર્માંબરદારને

સદાને માટે અલગ કરી દીધો છે તે ઉપર ફિરિસ્તાઓ તેમજ તે નમાઝી 'આમીન' કહે છે.

વળી 'તઆલીમ નામા'માં સૂર-એ-ફાતિહાના ભાવાર્થ-વાળી નઝમ પણ સાંભળી લ્યો:—

ખુદા યા તૂ ખાવિંદ સબસે બડા,
ઝમીંઆસમાં તૂને પયદા કિયા,
સઝાવાર હૈ તુજહકો તઆરીફ સબ,
તૂ હૈ સારે આલમકા[1] ખાવિંદ[2] રબ.[3]

તૂ હૈ મેહરબાં તેરી સબપર મયા.[4]
જિસે ચાહે કરતા હૈ ઉસપર દયા,
ક્યામતકે દીનકા ભી તૂ હૈ ધની,
ભિખારી હૈં સબ ઔર તૂ હૈ ગની.[10]
તેરી બંદગી કરતે હૈં હમ મુદામ,[5]
મદદ માંગતે હૈં તેરી સુબ્હો[6] શામ.

દિખા રાહ[7] સીધી તૂ હમકો તમામ,
કે હમ દીનો દુનિયામેં હોં શાદકામ.[8]
તેરી નેઅમતોસે[9] જો હૈં સરફરાઝ,[10]
ઉન્હોં હી કે જૈસા તુ હમકો નવાઝ.[11]

---

૧ પૃથ્વી. ૨ ધણી. ૩ પાલનહાર. ૪ કૃપા. મહેરબાની ૫ હંમેશ. ૬ સાંજ સવાર. ૭ માર્ગ. ૮ ખૂશહાલ. ૯ બક્ષિસો. ૧૦ ઉન્નત. ૧૧ નિહાલ, લાડ લડાવ.

ગઝબ[12] તૂને જિનપર કિયા ઉનકી રાહ,
લેજા મત તૂહે હુમકો ઉસ્સે પનાહ.[13]
નગુનશ[14]હોંકી રાહ હુમ્કો દિખા,
હુમ'આમીન'[15]કેહતે હૈં અય કિબ્રિયા[16]

૧૪૫ સીધો માર્ગ બતાવનાર તું છે–અમને સત્યમાર્ગે દોરવ.

૧૪૬ જેમનાં ઉપર તેં મહેરબાની કરી તેમને તાર્યાં છે, તેમનો રસ્તો અમને બતાવ.

૧૪૭ પણ જેમના ઉપર તું કોપિત થયો છે તેમનો માર્ગ પણ નહીં.

૧૪૮ તેમજ તને ભૂલી અવળે માર્ગે ચઢેલાઓનો માર્ગ પણ નહીં બતાવ. (આમીન)

૧૪૯ કુરઆન એક એવું પુસ્તક છે કે જેની સત્યતામાં લેશ માત્ર શંકાને સ્થાન નથી; ખુદાથી ડરી ચાલનારાઓ માટે માર્ગદર્શક છે.

૧૫૦ જે લોકો ધર્મના ઉંડા–ગુપ્ત રહસ્યો ઉપર વિશ્વાસ ધરાવે છે, નમાઝ પડે છે ખુદાએ આપેલમાંથી લિલ્લાહ દેછે, તેજ લોકો જગતનિયંતાના સીધા રસ્તા ઉપર છે.

૧૫૧ જે લોકો પ્રેરિત પુસ્તક ઉપર તેમજ અગાઉનાં પ્રેરિત ગ્રંથો ઉપર વિશ્વાસ ધરાવે છે અને આખેરત માટે

---

૧૨ કોપ. ૧૩ આશ્રય. આશરો ૧૪ માર્ગ ભૂલેના. ૧૫ અસ્તુ. ૧૬ ખુદા. ૧૭ બેપરવા.

ખાતરી રાખે છે તે લોકો પોતાનાં પરવરદીગારનાં સત્ય માર્ગ ઉપર છે. અને છેવટ એજ સફળ થશે.

૧૫૨ હે પયગમ્બર ! જે લોકો સત્ય ધર્મ સ્વીકારવા તૈયાર નથી તેમને તું ખુદાઈ કોપનો ડર બતાવે અથવા ન બતાવે એ સરખુંજ છે, તેઓ કદિ ઇમાન લાવનારા નથી. (જુઓ નંબર ૧૭૨).

૧૫૩ ખુદાએ એવા અશ્રદ્ધાળુ લોકોનાં દિલ ઉપર તેમજ કાન ઉપર સિલ લગાવ્યાં છે; તેમની આંખો ઉપર પડળ ચડયાં છે; તેમની સિરજોરી માટે તેમનાં માટે સખ્ત શિક્ષા થશે.

૧૫૪ હે પયગમ્બર ! એવા નાસ્તિકમાં કોઇ કોઇ એવા પણ છે જે જીભથી કહે છે કે તેઓ ખુદા તથા કયામતને માને છે, પણ વાસ્તિવિકરિતે તેઓને તેમાં શ્રદ્ધા હોતી નથી.

(કારણકે વિજ્ઞાન શકિતમાં તેઓ એવા તો અંધ અને લુબ્ધ બની રહેશે કે એ વિજ્ઞાન શકિત આપનાર, એ શકિત ખીલવનાર અને એ શકિતને ફયઝબક્ષ બનાવનાર કુદરતે કામિલાના ધણી સર્વશકિતમાન ખુદાની હસ્તી અને શકિતનો પણ ઇન્કાર કરવા જરાયે લજાશે કે સંકોચાશે નહિ પણ શ્રીમતી રાજકુમારી માધુરી સાહબા B. A. હઝરત પયગમ્બરે ખુદા (સલ.) જેઓ મહાન સુધારક હોઇ જગતજનોની ઉચ્ચ સુધારણાની સફળતામાં આપની મુબારિક હસ્તીમાંજ વિશ્વમય-જગવ્યાપી પ્રસંશા અને લોક પસંદગી પામ્યા અને આપના શિક્ષણ દ્વારા

'સંપૂર્ણ મનુષ્ય' બનાવવાના કુદરતી કાર્યમાં આપ ફતેહમંદ થયા વગેરેનો સ્વીકાર કરતા કહે છે કે 'આજે **સંસ્કારી અને સુધરેલી દુન્યા પોતાની સફળતા અને પ્રગતી ઉપર ભલે ગમે તેટલો ગર્વ કરે, પરંતુ એ એક ઐતિહાસિક હકીકત છે કે જો દુન્યામાં ઇસ્લામ અને પયગમ્બરે ઇસ્લામ પ્રગટ થયા ન હોત, તો વિદ્યા, કળા, સંસ્કૃતિ, અને વિવેક સભ્યતા, સઘળુંય યુરોપના સંકુચિત દૃષ્ટિવાળા અને વિલાસી ધર્મ ગુરૂઓ અને પાદરીઓના પ્રતાપે ક્યારનાં નષ્ટભ્રષ્ટ થઇ ગયાં હોત, અને આજે માનવસૃષ્ટિ પ્રગતિની આટલી ઉંચી ટોચે પહોંચવાના બદલે અધોગતિ અને અવિવેકીની ખીણમાં (ક્યારનીયે) જઇ પડી હોત'** વળી આગળ ચાલતા કબુલ કરે છે કે '**જગત ઇસ્લામના તે ઉપકાર વીસરી શકતું નથી કે તેણે માનવતાની ડુબતી નોકાને બચાવી લીધી અને સંસ્કાર તેમજ સુધારાને પુન: પ્રગતિના પંથે ચડાવ્યા'** આમ ઇસ્લામના પ્રતાપે સકળ સંસારની સુધારણાની સફળતા પ્રાપ્ત થઇ એમ માનનારાઓને અત્યારે વિજ્ઞાન યુગમાં પણ ઇસ્લામની સત્યતાની ખંડણી ભરવા આગળ આવ્યા વગર છુટકો ક્યાં થાય છે ?!)

૧૫૫ એવા અશ્રદ્ધાળુ લોકો ખુદાને તેમજ ઇમાનદારોને છેતરવા માંગે છે, પણ તેઓ પોતા સિવાય અન્યને છેતરી શકવાના નહીં એ તેઓ સમજતા નથી.

૧૫૬ એવા નાસ્તિક લોકોનાં અંતઃકરણમાં પ્રથમથીજ બે'ઇમાનીનો સડો હતો, હવે ખુદાના ગ્રંથથી તે સડામાં વધારો થયો અને તેમના અવિશ્વાસ રાખવા માટે અને જુઠું બોલવા માટે છેવટ તેમને ભયંકર શિક્ષા થવી બાકી છે.

૧૫૭ પ્રત્યેક પ્રકારનો ખરેખરો અધિકાર તો ખુદાનેજ છે; નેકીનું ઉત્તમ ફળ આપનાર અને છેવટ ઉત્તમ બદલો આપનાર પણ એજ છે.

૧૫૮ હે પયગમ્બર! ધન દોલત તેમજ સંતતિ આ દુનિયાની જીંદગીની ક્ષણિક શોભા છે. સુકૃત્ય હંમેશ માટે તારા ખુદા આગળ પરિણામે સારાછે અને આશાની દ્રષ્ટીએ પણ શ્રેષ્ટ છે.

૧૫૯ હે પયગમ્બર! આ કુરઆન એક વિશ્વાસ પાત્ર પુસ્તક છે એ અમે તારા ઉપર એટલા માટે પ્રસિદ્ધ કર્યું કે, તું લોકોને તેમનાં પાલનહારની આજ્ઞાઓ પ્રમાણે અશ્રદ્ધાનાં અંધકારમાંથી બહાર કાઢી શ્રદ્ધાનાં પ્રકાશમાં લઇ આવે કે જે સર્વમાં શકિતમાન અને પ્રસંશનિય છે.

૧૬૦ હે પયગમ્બર! લોકોને કહી દે કે, ખુદાનાં હુકમ સિવાય કશો ચમત્કાર તમને બતાવવા અમે સમર્થ નથી. અમે તો તમારા જેવાજ મનુષ્યો છીએ પણ ખુદા પોતાનાં આજ્ઞાકિંત સેવકોમાંથી જેના ઉપર પ્રસન્ન થાય તેનાં ઉપર પયગમ્બરી ઉતારે છે, તમામ વિશ્વાસુઓએ ખુદા ઉપરજ વિશ્વાસ રાખવો.

૧૬૧ જે લોકો પોતાના સર્જનહારને માનતા નથી તેઓ એવા છે કે જેમનાં કૃત્યો જાણે ધૂળ જેવા હોય, કે જે વાવા-ઝોડાનાં પ્રતાપે ઝપાટાથી ઉડી જશે. એટલે ઇમાન વગર તેમનાં કરેલા કાર્યો તેમને છેવટ કાંઇપણ કામમાં આવશે નહીં. ખરેખર તેમનાં માટે મોટામાં મોટી બદનામી છે.

૧૬૨ જે લોકો ઇમાન લાવ્યા, સારા કામો કર્યા તેઓ ખચ્ચિત જન્નતમાં સ્વર્ગીય સુખો માણશે ત્યાંજ હંમેશાં સુખ શાંતિથી રહેશે. એ અમુલ્ય બક્ષિસ માટે તેને અભિનંદન !

૧૬૩ ......ખુદા પોતાની આજ્ઞાઓ નહીં માનનાર લોકોને લટકતા મુકે છે અને પોતે જે ધારે તે તેમને માટે કરે છે.

૧૬૪ કુરઆન જગતજનો માટે એક સંપૂર્ણ આદેશ છે; એનો હેતુ એ છે કે તેનાં શિક્ષણદ્વારા નાફરમાન લોકોને ખુદાનો ભય બતાવવામાં આવે અને વળી સમજે કે ખુદા સિવાય અન્ય કોઇ ઉપાસ્ય નથી; અને એ કે સમજુ લોકો તેમાંથી બોધ ગ્રહણ કરે. (જુઓ નાં. ૧૨૪ કડી ૩જી)

૧૬૫ કોઇપણ લોકો પોતાનાં સમય પહેલાં પોતાનાં નિર્માણ થયેલા સ્થળે જઇ શકતા નથી. તેમજ તેથી પાછળ પણ રહી શકતા નથી.

૧૬૬ ખચ્ચિત કુરઆન પ્રકટ કરનાર અમેજ છીએ અને ખરેખર તેનાં સંરક્ષક પણ અમેજ છીએ.

૧૬૭ અમેજ લોકોને જીવાડીયે છીએ અને પછી અમેજ તેમને

મરણને શરણ કરીએ છીએ. અને તમામનાં મરણ બાદ અમેજ તેમનાં વારસ છીએ.

૧૬૮ જે લોકો નાસ્તિક બને છે અને બીજાને સત્ય માર્ગ ઉપરથી ભમાવે છે, તેવા પાખંડી લોકોનાં પાખંડ માટે અમે તેમને શિક્ષા કરીએ છીએ અને એ શિક્ષામાં વધારો કરતા જઈશું.

૧૬૯ ખુદા ન્યાયથી, વર્તવા, પરોપકાર કરવા, નઝદિકનાં સગા સંબંધીઓની સહાયતા કરવાની આજ્ઞા આપે છે, પણ નિર્લજતા તથા અકુદરતી વર્તણુંક ચલાવવા તથા અત્યાચાર કરવા મનાઈ કરે છે.

૧૭૦ જે કોઈ સારા કામ કરશે ભલે પછી તે પુરૂષ હોય કે સ્ત્રી પણ તે સાથે તે ઇમાનદાર પણ હોય, તેને અમે આ દુનિયામાં પણ સુખી કરીશું વળી આખેરતમાંએ સારા કર્મનો સારો બદલો નક્કી આપીશું.

૧૭૧ જે લોકો ઇમાનદાર છે અને પોતાનાં પરવરદિગાર ઉપર વિશ્વાસ ધરાવે છે તેમનાં ઉપર શયતાનનું જોર ચાલતું નથી, એ નક્કી.

૧૭૨ હે પયગમ્બર! સારી સમજ અને સદ્બોધ મારફત તારા પરવરદિગારના માર્ગ તરફ લોકોને બોલાવ, તેમને ધાર્મીક વાદવિવાદથી સમજણ પાડ, જે ખુદાઈ માર્ગ ઉપરથી અવળે

રસ્તે ચઢી ગયેલ છે તેનાથી પણ તારો પાલનકર્તા સારી રીતે વાકેફ છે.

એ ખુદાઇ વાણીના સમર્થન માટે એક ઉર્દુ કવિ કહે છે કે:—

તેરા શવદા[1] ન હો જીસ સરમેં, વોહ સર[2] ઝેરે[3] ખંજર હો,
તેરી ઉલ્ફત[4] નહો જીસ દિલમેં, ઉસ પહેલુમેં[5] પત્થર હો.
જો સમઝાનેસે સમઝે ઉસ્કા, સમઝાના ભી લાઝિમ હય,
ઉસે કયા ખાક[6] સમઝાયે કે જીસ્કા દિલહી પત્થર હો.

(બદરૂદ્દુજા)

૧૭૩ જે કોઇ આ નાશવંત જગતની ઇચ્છા કરે છે તો તેને અમે જેટલું ઇચ્છીએ અથવા જેને આપવા ચાહિએ તેને અહીંજ તત્કાળ આપી દઇએ છીએ પણ છેવટ તેનાં માટે જહન્નમ નક્કી છે. તેમાં તેનાં બુરા હાલ થશે.

૧૭૪ હે લોકો! તમારા દિલની વાત પણ તમારો સર્જનહાર બરાબર જાણે છે; જો તમે સદાચારી હશો તો તે તમારા માબાપ પ્રત્યે થયેલી તમારી ભૂલ ક્ષમા કરશે ખચ્ચિત પશ્ચાતાપ કરનાનો એ ક્ષમાકર્તા છે.

૧૭૫ લોકો, સગાસંબંધીઓ, ગરીબ ગુર્બાઓ અને વટેમાર્ગુઓને તેમનાં હક્ક આપો, પણ ઉડાઉ બનતા ના.

---

૧ લગ્ની, ધૂન. ૨ શિર. ૩ નીચે. ૪ ઇશ્ક, પ્રેમ ૫ દિલ-અંતર. ૬ ધૂળ,

૧૭૬ હે પયગમ્બર લોકોને કહે કે સર્વ સ્તુતિ એવાજ ખુદાને લાયક છે કે જે કોઇને પણ પુત્ર તરીકે ગ્રહણ કરતો નથી અને પોતાની સત્તામાં બીજા કોઇને ભાગીદાર બનાવતો નથી; તેનું કારણ એ નથી કે ખુદા પોતે તેમ કરવા અશક્ત છે કે ખુદાનો કોઈ મદદગાર નથી, ખુદાની મ્હોટાઇ વર્ણવી તેનું તું ગૌરવ વધારતો જા.

એક ઉર્દુ શાયર કહે છે કે:—

અજબહે તેરી શાને કુદરત ઇલાહી,
કે હયરાનં હય અકલે ખલ્કત ઇલાહી,
તુ બે મિસ્લ બેચું, હે માબુદ બરહક,
કિસીસે નહીં તુજકો નિસ્બત ઇલાહી,
કહા મઆ અરફનાક સારે નબીને,
હે તેરી અયસી શાનો અજમત ઇલાહી,
કદમ વાદીએ હમ્દમેં કયા રખું મેં,
હુઈ જાતી હે પસ્ત હિમ્મત ઇલાહી,
તેરા ફઝલ હર નેકો બદપર હે યકસાં,
તેરી સબપે હે ચશ્મે રહેમત ઇલાહી.

[સિરાતે મુસ્તકીમ]

૧૭૭ જે લોકોએ વિશ્વાસ રાખ્યો તેમજ સારાં કામો પણ કર્યાં, વળી જે કોઇ સારાં કામો કરશે, તેનો બદલો અમે (ખુદા) ફોકટ જવા દઇશું નહીં.

સુકૃત્યોનાં સુંદર ફળ માટે મહાન કવી **અકબર** કહેછે કેઃ-

અગર આમાલ અચ્છે હેં, તો પાવોગે બડે દરજે,
સમજ લો ઇમ્તેહાં ઇસ, દારે ફાની મેં તુમારા હે;

૧૭૮ ખુદાજ મારો પાલન કર્તા છે અને એ મારા પાલન કર્તાનો ભાગિદાર બનાવતો નથી કે હોય એમ માનતો નથી, એમ નેક નિષ્ઠાથી કહેનાર ખરેખર ઇમાનદાર છે.

૧૭૯ તમારામાંથી જે લોકો ગુજરી જાય અને સ્ત્રીઓ મૂકી જાય તો તે રાંડીરાંડ સ્ત્રીઓએ ચાર મહીનાં અને દસ દિવસ સુધી સોગ પાળવો; (એ મુદ્દત દરમિયાન) બીજે લગ્ન ગાંઠથી પોતાને ન જોડે; એ મુદત બાદ ધર્માનુસાર બીજે લગ્ન કરે, તો મરનારનાં વારસોય વચ્ચે ન આવે.

૧૮૦ જ્યાંસુધી પતિએ સ્ત્રીની સાથે અંગ સંબંધ ન કર્યો હોય, અથવા સ્ત્રી ધન-મહોર ન ઠરાવી હોય, ત્યાં સુધી તેમને ફારગતી આપે તો તેમાં કાંઇ પાપ નથી. પણ તેવી ફારગતીવાળી સ્ત્રીઓને [યોગ્ય મુદત વિત્યા કેડે બીજે ધર્મની રૂએ નિકાહ કરતાં સુધી] નિર્વાહનું સાધન તેણે આપવું, ધનવાને પોતાની પ્રતિષ્ઠાનાં પ્રમાણમાં અને નિર્ધને પોતાની શક્તિનાં પ્રમાણમાં, જે લોકો પરોપકાર વૃત્તિનાં છે. તેમનાં ઉપર એવી સ્ત્રીઓનો એ હક છે.

૧૮૧ જો તમે સ્ત્રીઓને સ્પર્શ કર્યા અગાઉજ તલ્લાક આપી દયો અને તેમની મહેર નક્કી થઈ ચૂકી હોય, તો જે કાંઇ નક્કી થયું હોય તેનો અર્ધ ભાગ આપવો, જો સ્ત્રીઓ પોતાનો હક્ક (પોતાની રાજીખુશીથી) જતો કરે, અથવા જેનાં હાથમાં લગ્ન ગાંઠ છે, તે મુઆફ કરી દે તો તે જુદી વાત; તમે તમારી નેકનામીને ભૂલતા નહીં.

૧૮૨ તમારામાંથી જે કોઈ મરણ પામે અને (પોતા પાછળ) સ્ત્રી-સ્ત્રીઓ મૂકી જાય તો તે સ્ત્રીઓને એક વર્ષ સુધી નિર્વાહનાં સાધન પુરાં પાડવાં, તેમને ઘર બાહિર કાઢી મૂકવી નહીં, એવી વસિયત મરનારે કરવી, સ્ત્રીઓ આપખૂદીથી બાહિર જાય. તો રિવાજ પ્રમાણે જે કાંઇ તેઓ પોતાને માટે કરે, તેનો દોષ તેમનાં ઉપર છે; ખુદા પરમ સમર્થ અને મહા બુદ્ધિમાન્ છે.

૧૮૩ કોણ છે એવો કે જે અલ્લાહને રાઝી કરવા માટે ધિર-ધાર કરશે કે જેથી અલ્લાહ તેનું લ્હેણું અનેક ગણું વધારી આપશે? (એ ધીરધારીનો ધંધો એવો તો મોટો નફાવાળો છે કે જેનો દસગણો નફો તો ફક્ત અહીંજ સંસાર વ્યવહારમાં એના તરફથી મળી ચૂકે છે. અને વળી એ ઉપરાંત સિત્તેર ગણો બલ્કે સાતસો ગણો નફો એ ધિરધાર કરનારને હવે પછી આપવો

એ એના નામે એ જગત નિયંતા જમા રાખે છે. એટલુંજ નહીં પણ એ ખિરધાર અદ્ધરથી ઉડી જવાની લેશ માત્ર ભિતી સિવાય સદાને માટે સદ્ધર રહેવાની પુરેપુરી ખાત્રી રહેલી છે.)

૧૮૪ ખુદા મનુષ્યને તંગીમાંય નાખે છે અને વળી ઘણું પણ આપે છે. એવા શક્તિ સંપન્ન અલ્લાહ પાસે સવળાને (છેવટ જવાનું છે.)

૧૮૫ અલ્લાહ સહન કરનારાઓનો મદદગાર છે.

સબ્ર તલ્ખ અસ્ત, વલેકિન બરે શિરીં દારદ.

(ધીરા સો ગંભાર, ધિરજનાં ફળ મીઠાં)

૧૮૬ જે લોકો સત્યતાનો સ્વીકાર કરવા ના પાડે છે તેમને (જગતની જાહોજલાલીમાં જકડી આખેરત માટે કર્તવ્ય સુન્નવાળા સિદ્ધ કરવા માટે) અલ્લાહ જગતની ઝીંદગી ખૂશકારક કરી બતાવે છે; (ભલે) તેઓ સત્ય પંથે ચાલનારાઓની મશ્કરી કરે. (એથી શું ?)

૧૮૭ હે મુસલમાનો, ધર્મ માટે લડવું એ તમારૂં કર્તવ્ય ઠરાવવામાં આવ્યું છે, જોકે એ તમને ગમશે નહીં પણ તે તમારે માટે અતિ લાભદાયક નીવડે; જે તમને સારૂં લાગે તે તમારે માટે ખરાબ નિપડે એમાં નવાઈ નહીં કારણ કે એતો અલ્લાહ જાણે છે, તમે જાણતા નથી.

(પ્રકરણ ૨ જું નં. ૧૩૩ માં ધર્મયુદ્ધનું મહાત્મ્ય જુઓ.)

૧૮૮ હે પયગમ્બર લોકોને સમજાવી દે કે પવિત્ર માસમાં વડાઇ—અહંકાર કરવો એ મહાન પાપ છે; અલ્લાહનાં માર્ગમાં આડે આવવું, અલ્લાહને સત્ય રીતીએ નહીં માનવો, શ્રદ્ધાળુઓને કા'બામાં જવાની મના કરવી, તે મસ્જીદમાં રહેવાને અને બંદગી કરવાને જે લાયક છે તેમને તેમાંથી હાંકી કાઢવા એ સર્વને અલ્લાહ મોટું પાપ ગણે છે.

૧૮૯ ફિતૂર કરવું તે રક્તપાત—ખૂન કરવા—કરતાં પણ વધારે ભયંકર છે.

૧૯૦ હે પયગમ્બર સત્ય માર્ગે નહીં ચાલનારાઓ તમારી સાથે મગરૂરી કરતાજ રહેશે, તેમનું ચાલે તો તે તમને ઇસ્લામમાંથાયે ફેરવી નાંખે, પણ જે કોઈ એટલેથીજ ફરી જાય અને નાસ્તિક બની બેસે અને તેમાંજ મરી જાય તો એવા લોકોનું કર્યું કરાવ્યું. આલોક તેમજ પરલોકમાં એળે જશે; એઓજ નર્કવાસી છે અને નર્કમાંજ સદાને માટે રહેશે.

૧૯૧ જે લોકો ઇમાન લાવ્યા અને જેમણે અલ્લાહને માટે જન્મભુમિનો ત્યાગ કર્યો અને ધર્મ માટે લડાઇ પણ કરી, એજ અલ્લાહની દયાની આશા રાખનારા છે; અલ્લાહ તો મઆફી બક્ષનાર અને દયાનો દાતા છે.

૧૯૨ દારૂ તથા જુગારમાં મોટું પાપ છે; લોકોને એમાં ફાયદો કાંઇક ભલે દેખાય પણ એના એ નજીવા ફાયદા કરતાં એનું પાપ તેમજ નુકસાન અતિ ભયંકર છે.

(શરાબીની ખરાબીનું ભાન કરાવી એ જાનમાલનું સત્યાનાશ કાઢનાર પીણાનો ચિતાર આપતાં મહુમ નવાબ સદ સાહબની જુની પુરાણી પણ આજે એટલી સવેળાની નઝમ જણાય છે કે જાણે તેમનો આત્મા મુસલમાન શરાબીઓ સામે તે દ્વારા પીકટીંગ કેમ કરી ન રહ્યો હોય ?)

જહાંકો કિયા ખૂબ ગારત[1] નશેને !
અજબ હમપે ડાલી કયામત નશેને !
બિગાડી હૈ હર એક આદત નશેને !
યેહ ફયલાઇ હમને કબાહત[2] નશેને !
નશેને અજબ અકલ ખોઇ હમારી !
બનાયા હમેં ઝી-હિમાકત[3] નશેને,
નહીં ઝોરો કુવ્વત[4] ઝરા હમમેં બાકી,
સભી અપની કી સલ્બ[5] તાકત નશેને,
જવાનીમેં આયા હય હમકો બુડહાપા,

---

૧ લુટી લેવું, પાયમાલ કરવું, ૨ ખરાબી, હલકાઈ, ૩ મુર્ખાઇ ભરેલું, ૪ શક્તિ અને બળ, ૫ ખેંચી લેવું, પડાવી લેવું,

કમાં[6] કર દિયા કદ્દો[7] કામત નશેને!
કમીનોંકે[8] ઝુમરેમેં[9] હમકો બિઠાકર,
મિટાઈ નજાબત,[10] શરાફત નશેને!
હમે દિનો દુનિયાસે દોનોંસે ખોયા,
કહાં કી નિકાલી અદાવત નશેને!

તવજ્જહ[11] જો ગુજરાત પર અપની ડાલી,
ન છોડા કીસીંકો સલામત નશેને!
મલામતસે[12] મખલુકકે[13] જબ ન સમઝે,
સુનાલી ખુદાકી મલામત નશેને!
વહાં છિન ગયા બાગે જન્નતમેં હિસ્સા,
જહન્નમકી દીં યા[14] બશારત[15] નશેને!
હુઈ ખત્મ[16] અય 'સદ્ર' હમપર ખરાબી,
કિયા ખાનદાનોંકો ગારત નશેને!

× × ×

દારૂના દાટનું દિગદર્શન કરાવતાં બીજો શાયર કહે છે કેઃ—

શરાબીકી ખરાબી તો હય ઝાહિર,

---

૬ અધગોળ, ૭ શરિરબંધારણ ૮ નિચ લોકો, ૯ સમુહ ટોળું. ૧૦ ઉચ્ચકુળ. ખાનદાની. ૧૧ દ્રષ્ટી, નજર, ૧૨ મેણું, ફિટકાર, ૧૩ સર્જનતા, જગતજનો, ૧૪ સ્પષ્ટ ૧૫ ભવિષ્યવાણી, ખુશ ખબરી. ૧૬ સંપૂર્ણ

કે ખોદે માલ ઔર હુર્મતકો[17] આખિર,
ફિર ઉસકે તનકો ઔર જીકો ન રાહત,
અગરચે માલ રખતા હોવે વા[18] ફિર.

× × ×

વળી વડિલોના એ માટેના ટકોરને પણ જરા સાંભળો.

" એક કયફ,[19] હઝાર હયફ.[20] "

દારૂના દૈત્યની મહોકાણ પછી હવે કિમાર બાઝી—જુગારના સત્યાનાશ માટેની એક નઝમ પ્રત્યે નઝર નાખી તેનાથી સમુળગા વેગળા થઇ જાઓ:—

કિમાર[21] બાઝીમેં હય દુનિયા વ દીંકા[22] નુકસાન,
વયસી બલાસે[23] રહો દૂર, તા ન હો હયરાન.
કિમાર બાઝીકે ફંદેમેં,[24] જો ફસાં આખિર,
ઝલિલો[25] ખ્વારહો દુનિયામેં, હશ્રમેં[26] ગિરિયાં.[27]
બૂરા યેહ કામ હય, હદસે[28] કિમાર બાઝીકા,
નતિજા[29] ઉસકા નહીં, આખિરશ[30] બજૂઝ[31] હિરમાં[32]

---

૧૭ આબરૂ ૧૮ પુષ્કળ ૧૯ નિશો, બેશુદ્ધિ ૨૦ ધિક્કાર. ૨૧ જુગાર, જુગટું, ૨૨ ધર્મ, મઝહબ. ૨૩ આફત, ૨૪ જાળ ૨૫ બે આબરૂ, હલકો. ૨૬ આખેરત, કયામત ૨૭ અશ્રુપાત કરતો, વિલાપ કરતો ૨૮ હદ ઉપરાંત, ૨૯ પરિણામ, ફળ, ૩૦ છેવટે તેને. ૩૧ સિવાય ૩૨ નિરાશા,

હમેશા ખલ્કમેં,[૩૩] રૂસ્વા[૩૪] રહે વોહ બસ નાદિમ,[૩૫]
ખુદાકે સામને, હો રૂ[૩૬]સીયાહ[૩૭] વોહી નાદાં.[૩૮]

(જુગારે જાન જાય, જુગારે માલ જાય, જુગારે આબરૂ જાય, જુગારે વિશ્વાસ જાય, જુગારે ઘરબાર જાય, જુગારે નારી જાય, જુગારે રાજપાટ જાય, જુગારે સત્તા જાય, જુગારે સર્વ જાય—એ સર્વનો નાશ થાય—ફના ફાતિહા થાય, વળી એ ઉપરાંત ધર્મ પણ જાય ત્યારે પછી ઉત્તમ મનુષ્ય દેહનું બાકી શું રહે ! ? મનુષ્યાવતારનું જુગારથી છડેચોક લિલામ કરનાર નરપશુની અહીં ખાના ખરાબી અને તહીં અધોગતિ ! !)

૧૯૩ અનાથોની સુધારણા [મનુષ્યોનું] અતિ ઉત્તમ [કર્તવ્ય] છે; તમે યતિમો સાથે હળીમળી રહો એ તમારા ભાઇ ભાંડુ છે.

[જુઓ પ્રકરણ ૨ જું નં. ૧૨૮.]

૧૯૪ બગાડનારને સુધારનારથી જાણવાની શક્તિ અલ્લાહને [વધારે] છે.

૧૯૫ મૂર્તિપૂજક સ્ત્રીઓ ઇમાન લાવે તે પહેલાં તેમની સાથે લગ્ન ગાંઠથી જોડાવું નહીં; એ ઇમાન સ્ત્રી ગમે તેટલી

---

૩૩ દુનિયા, ૩૪ બેઆબરૂ, ૩૫ શર્મીંદા, લજ્જિત, ૩૬ ચહેરો, ૩૭ કાળો, (કાળું મોઢું) આબરૂના કાંકરા, ૩૮ મૂર્ખ, બેસમજ.

ભલી હોય તોપણ તેના કરતાં મુસલમાન દાસી બહેતર; મૂર્તિને માનનારા પુરૂષો ઈમાન લાવે નહીં ત્યાં સુધી તેમની સાથે વિવાહ સંબંધથી જોડાતા નહીં; મૂર્તિનો માનનાર ગમે તેટલો ભલો હોય તો પણ તે કરતાં મુસલમાન દાસ બહેતર; મૂર્તિ પૂજન નર્કાગ્નિ તરફ લઇ જનાર છે ત્યારે અલ્લાહની બંદગી સ્વર્ગ અને મોક્ષ તરફનો માર્ગ મોકળો કરી આપે છે.

૧૯૬ અલ્લાહ પશ્ચાતાપ કરનારાઓને તેમજ સફાઈ રાખનારાઓને ખચ્ચિત ચાહે છે.

સફાઈની પ્રસંશા કરતાં એક શાયર કહે છે કેઃ—

સફાઈ અજબ ચીઝ દુનિયામેં હય,
સફાઇસે બહેતર નહીં કોઈ શય,
સફાઇસે તુમ હોગે હરદિલ અઝીઝ,
સફાઇસે આયેગી તુમકો તમીઝ,
સફાઇ રખેગી તુમ્હેં તંદુરસ્ત
રહોગે તુમ હર વકત ચાલાકો ચુસ્ત,
લિબાસો મકાં બિસ્તરો જીસ્મકો,
બહોત સાફ સૂથરા હમેશાં રખો.

૧૯૭ પૂન્ય વર્તન રાખવું, ખુદાથી ડરીને ચાલવું, લોકોમાં સમાધાન કરાવવું, (એનાથી સારૂં બીજું શું ?)

૧૯૮ અલ્લાહ સાથે બીજા દેવોને શામેલ કરવા નહીં.

૧૯૯ અલ્લાહે મના કરેલ પ્રાણીઓનો વધ–સંહાર કરવો નહીં.

૨૦૦ સંયમ પાળવો અને વ્યભિચારને પડખે પણ ચડવું નહીં (જુઓ પ્રકરણ ૧ લું નં. ૧૯ વ્યભિચારની વિટંબણા.)

૨૦૧ ખોટી શાક્ષિ આપવી નહીં, અને શાક્ષિ પૂરતી વખતે પ્રમાણિક રહેવું.

૨૦૨ પોતાને સોંપવામાં આવેલી અમાનતો–થાપણની [ઇમાનદારીથી] જાળવણી કરવી; તેમાં વિશ્વાસઘાત ન કરવો. [દગા કિસીકા સગા નહી'.]

૨૦૩ પ્રજાકિય બાબતોનાં તેમજ ખાનગી જીવનનાં કરેલા કોલ કરારોમાં સદા વફાદાર રહેવું.

હવે વફાદારીનાં થોડાંક અમૃતફળ ચાખો.

અય દિલ વફામેં રહે સાબિત કદમ, ઇસ વાસ્તેકે બગયર સિક્કે રાઇજ નહીં હોતા દિરમ; રહે વફાસે ગર ન ફેરે તુ બાગ, હોવે તુ દોસ્ત દિલમેં દુશ્મનોંકે જુદાઇ દોસ્તોંસે કરના ગુનાહ હે, કાટના યારોંસે ખિલાફ વફાકે હે; હોવે બેવફાઈ આદત ઓરતોંકી, ન સિખ કામ બદ ઓરતોં કે.

૨૦૪ વ્યર્થ કાર્યો નજરે પડતાં ત્યાંથી માનભરી રીતે ચાલ્યા જવું.

૨૦૫ કયામતનાં દિવસની સત્યતાનો (શુદ્ધ ભાવે) સ્વીકાર કરવો અને અલ્લાહનાં અઝાબથી (અલ્લાહ જબ્બાર અને કહાર પણ હોવાથી) ડરતા રહેવું.

૨૦૬ કુરઆનનાં મહા સુત્રોને બહેરા અને મુંગા પેઠે શ્રવણ (કદિયે) ન કરવા.

૨૦૭ સત્ય માર્ગની શોધ કરનારને એ માર્ગ બતાવવો.

૨૦૮ ન તો ઉડાઉ થવું કે નતો કૃપણ બનવું; [પણ] બન્ને વચ્ચેનો ન્યાયિ માર્ગ હાથ ધરી ચાલવું.

ઉડાઉપણું અને કૃપણુતા વચ્ચેનાં મધ્યમસર માર્ગ—કરકસરની અલૌકિકતા વિશે થોડીક કડીયો આ રહી—

કરકસરની અદ્દ્ભુત અસર, અનુકુળ સકળને સર્વદા,
હરિફાઇ વિણુ જર વ્યય કરે, જન કષ્ટ નવ પામે કદા.
સાદાઇમાં સુખ સર્વદા, હિતકર સકળને થાય છે,
વિપરિત પંથે વિચરી ઘણાં, કષ્ટાબધીમાં સપડાય છે.
કરકસરમાં સંતોષ હર્ષાવેશ ઉર્મી નિશદિન ઉછળતી,
પરમાર્થમાંયે ઝરણી વહે અવરિત સદા દિનજન પ્રતિ.
સત્કર્મ પંથે પ્રેરણાં, સંતુષ્ટ દિલ હર્ષીત રહે,
નિત દિલ વિષે સદ્દગુણરૂપી, સરિતા સબળ વહને વહે.
વિશ્વને પણ સર્વદા ગરીબાઇ છે વહાલી ઘણી,
ઉત્સુક દિલે નિત સૌ ગૃહો કરકસરને અમૃત ગણી.

કરકસરની અણુમુલ્ય અસર, ઉદ્દેશ તે અંતર ધરે,
સુખ સબળ ગુઢ મર્મો કળી, સ્પર્ધા વિષે નવ કો ફરે.

૨૦૯ લા તક નતુ મિર્રહમતિલ્લાહ—અલ્લાહની કૃપાથી નાઉમિદ–નિરાશ ન થા.

નિરાશામાં આશા, આફતમાં રાહત, દુઃખમાં દિલાસો, વિટંબણામાં વિસામો, પરિતાપમાં શાન્તી આદીની ગયબી નવાઝિશ કરનાર સર્વશકિતમાન કૃપાળુ અલ્લાહની કૃપાથી નિરાશ થતાં 'સાદિક' ના વાંચક બંધુઓને જનાબ **નિસાર** સાહબ ઇદ્દિનો સંદેશ પાઠવતાં જે કહે છે, તે એક કાને પ્રિય વાંચક, કાઢી ન નાખતા હોકે ? !

રે ! જાગ મુસ્લિમ તું હવે તબલીગ સૌમાં આમ કર,
વૈરી રહે આશ્ચર્યમાં વિશ્વે કંઇ એ કામ કર.
'લા તકનતુ' મયથી ફરી લબરેઝ તારૂં જામ કર,
જેવા હતા તેવા થવા કંઇ કામ કર કંઈ કામ કર. ૧

ઇખ્લાસ ઉલ્ફત ઐકયતા સાધી જીવન જ્વલંત કર,
કુસંપ કષ્ટો કાપીને ઉન્નત થવા કંઇ યત્ન કર.
નિર્દોશ નીતિએ ઠરી દિલ જ્યોત ભર તવહીદથી,
આજીઝ થા ના તું કદી કુફ્ફારની તરદીદથી. ૨

યાહોમ કર આગળ વધી અહદે ગુલામી તોડ તું,
આઝાદ જીવન જીવવા દષ્ટિદિશાને મોડવું;

... ...

... ... ૩

વળી આફતનાં ડરથી ડરપોક અને નાહિમ્મત માણસ આફત આવ્યા પહેલાંજ તેનો સામનો કર્યા વિના પુંઠ ફેરવી લે છે. કાચી છાતીવાળો માણસ કામ લીધા પછી વિઘ્ન આવ્યે તુરતજ કામ પડતું મેલી દે છે પણ જે હિમ્મતવાન અને શુરો મર્દ હોય છે તે પોતાની ઉપર આફતોનો વરસાદ વરસાવા છતાંયે હાથમાં લીધેલું કામ પુરૂં કર્યા વિના કદિપણ છોડતો નથી અને એવા હિમ્મતવાન નરની દરેક ઇચ્છાઓ તથા મુરાદો ખુદા બર લાવે છે. લક્ષ્મી, ઇજ્જત અને ઐશ્વર્ય એવાં જવાં મર્દોનેજ વરમાળ પહેરાવવા અલ્લાહ તૈયાર રાખે છે. છેવટ એક મહાન ઉર્દુ કવિની મનન કરવા લાયક એક કવિતા સાંભળો:—

બશરકો હે લાઝિમકે હિમ્મત ન હારે,
જહાં તક હો કામ આપ અપને સંવારે.
ખુદાકે સિવા છોડ દે સબ સહારે,
... ...

૨૧૦ **ઇન્ના અકરમ કુમ ઇન્દલ્લાહે અતકાકુમ**—અલ્લાહની પાસે એ માનવંતો છે કે જે પરહેજગાર હોય.

૨૧૧ આ લોક તેમજ પરલોકમાં ભલાઇ નસીબ કર.

૨૧૨ હે હમારા માલિક જો અમે ખતા કરીએ કે ગુન્હો

કરીએ તો તું (ક્ષમા કરી સદ્દમાર્ગ સુચવજે પણ) અમને શિક્ષા કરીશ મા.

*　　*　　*

૨૧૩ હે સર્જનહાર, અમે સહન ન કરી શકીએ એવી વિપત્તી અમારા ઉપર નાખીશ મા.

૨૧૪ ખુદા જે ઠેકાણે પોતાની પયગમ્બરીની અમાનત–પુંજી સોંપે છે, તે .(પાત્ર સુરક્ષિત અને વિશ્વાસ લાયક હોવું જોઇએ, તે બાબતને) સારી રીતે જાણે છે.*

---

* [જગત નિયંતાએ પોતાની પયગમ્બરીના પાત્રની જેની પસંદગી કરી તે વિશે થોડુંક સાંભળો જે પોતાના સગા વહાલાઓની સાથે સદ્દવર્તન રાખનાર, માંદાઓને રવારી આપનાર, કંગાલોને ધન આપનાર પરોણાઓની સેવા ચાકરી કરનાર અને દુઃખીયોને મદદ કરનાર હોય અને વળી જેની ખાસ પુંજી ખુદાની ઓળખાણમાં, જેનાં ધર્મની જડબુદ્ધિ હોય જેનું મૂળ ખુદાનો પ્રેમ હોય, જેનું વાહન ખુદાની પ્રીતી હોય, જેનો મિત્ર ખુદાની ભક્તિ હોય, જેનો ખજાનો ખુદાપરની આસ્થા હોય, જેનો સાથી અંતઃકરણમાં ખુદાની લાગણી હોય, જેનો હથીયાર વિદ્યા હોય, જેનાં વસ્ત્ર ધૈર્ય હોય, જેનો માલે ગનિમત ખુદાને રાજી રાખવાપણું હોય, જેનો ગર્વ ખુદાની દરગાહે આજેઝી હોય, જેનો ધંધો ખુદાનું ચિંતન હોય, જેનો ખોરાક શ્રદ્ધા હોય, જેનો સહાયક સત્ય પ્રિયતા હોય, જેની પુંજી

૨૧૫ મનુષ્યની શક્તિ એવી નથી, કે ખુદા તેની સાથે કોઈ પણ પ્રકારનાં અંતરાય સિવાય (રૂબરૂ) વાતચિત કરે,

---

ખુદાની તાબેદારી હોય, જેનો વિનય ખુદાનાં રસ્તામાં પ્રયત્ન કરવો હોય અને જેની આંખોનો ઠંડક નમાજ હોય; વળી જેણે બંદાઓને ખુદાની સાથે મેળવ્યા હોય, જેણે ખુદાનો પ્રકાશ બંદાઓને દેખાડયો હોય, જેણે અંતઃકરણને પવિત્ર, આત્માને પ્રકાશિત, મગજને દુરૂસ્ત અને સ્વભાવને સમાન કર્યું; વળી કેળવણીએ સર્વત્ર શાંતિ ફેલાવી હોય અને જે ગરિબી તેમજ અમીરી, જુવાની તેમજ ઘડપણ, શાંતિ તેમજ અશાંતિ, ફકીરી તેમજ બાદશાહી, સુખ તેમજ દુઃખ અને શોક તેમજ આનંદનાં દરેક દરજ્જા પર તે દરેક વખતે મનુષ્યને રસ્તો બતાવતો હોય, વળી જેની કેળવણીએ હિંસક પ્રાણીઓને રખવાળી, વરૂઓને પહેરા ચોકી, લુંટારાઓને દેશરક્ષા, ગુલામોને પાદશાહી, પાદશાહોને સમાનતા અને ભાઇચારો શિખવ્યા હોય તો એવો કે જે ગરિબોનો મિત્ર, અશકતોનો સાથી, બાદશાહોનો તાજ, માલિકોનો માલિક, ગુલામોનો તારણહાર, અનાથોનો સહાયક, નિરાશ્રયનો આશ્રયદાતા, ઘરબાર વિનાનાનો મદદગાર, માંદાઓની માવજત માટે દિલસોજ, સમાનતાનો સાથી અને ભાઇચારાનો સ્થાપક, પ્રેમનો પુજારી, સંપનો ચાહક, સત્યતાનો ગ્રાહક ધૈર્યનો શોધનાર, ખાકસારીનો ખરીદનાર અને ખુદાની કૃપાનું પાત્ર, હોય જેણે દેશોની વચ્ચેનું અંતર, પ્રજાઓની ભિન્નતા,

કાંતો વહીની માર્ફતે કાંતો પડદાની આડે (અને) કાંતો રસૂલ દ્વારા.

૨૧૬ ન્યાયાધિશ કિંવા પાદશાહને એ સત્તા નહોય કે હરામને હલાલ ઠરાવે અને હલાલને હરામ સિદ્ધ કરે; (એ ઠરાવનો અમલ મુસ્લિમથી તો ન થાય.)

૨૧૭ જગતમાં કૂકર્મો અને પાપો વધે તેમજ સદાચાર અને શિષ્ટાચાર ઘટે ત્યારે પાપીયો તેમજ સદાચારી બધા હલાક થઇ જાય. (સુકા સાથે લીલું બળે.)

૨૧૮ તમારામાં એનુંજ માન અને પ્રતિષ્ઠા જગતના+પાલનહાર–પરવરદિગારે+આલમ–આગળ વિશેષ છે કે જે અવાર નવાર ભૂખની વેદના ભોગવે છે. (અપવાસ કરે છે) અને હંમેશ અલ્લાહની યાદ અને ચિંતનમાં પરોવાઇ રહે છે.

રંગોની જુદાઇ, ભાષાઓની વિવિધતા દુર કરીને બધાનાં દિલોમાં એકજ ઉત્સાહ અને બધાનાં અંતરોમાં એકજ ધ્યાન અને બધાની જીભપર એકજ કલમો જારી કરી દીધો. આવી પવિત્ર અને નિર્મળ હસ્તી તરફ આ પોતાની આંગળી ચીંધી એ અલૌકિક ગુણોધારીને ઘૂવડની પઠે સૂર્યની હસ્તીનો સદંતર ઇન્કાર કરનાર પેઠે દગાબાજ અને ફરેબી કહે તેઓ છડેચોક જાણી જોઇને ન્યાયનું ખુન નથી કરતા એમ કયો ન્યાય પ્રેમી કહી શકે ?]

અપવાસનો મહિમા વર્ણવતાં કવિ 'નયન' સાહેબ કહે છે કેઃ—

સાચી કસોટી જન તણી, અપવાસથી નિશ્ચે થતી
વૈદક નજરથી દેખતાં, હિતકર ચિકિત્સા ભાસતી,
વિધ ગુપ્ત તનનાં રોગ કેરી, નષ્ટતા વૃત્તે થતી,
મહિમા મહદ, બરકત મહીં, શંકા નહીં રજભર ઠરી,
પણ અમલમાં રહેતા અચળ, ધન્ય છે તેને સહી.

૨૧૯ સૌથી વધારે કનિષ્ઠ,–દુષ્ટ, સર્વ શક્તિમાન ખુદા આગળ એ છે કે જે અતિશય નિંદ્રા લે છે, અતિશય આહાર રાખે છે અને અતિશય વિહાર વિહરે છે

આહાર, વિહાર અને નિંદ્રાની હદનું ઉલંઘન કરનાર પોતાના કર્તવ્યનું ભાન કેવું ભૂલે છે તેનો ચિતાર આપતાં મૌલાના વજહ સાહબ કહે છે કેઃ—

દુર બિનીસે[૧] હે નફરત[૨] કામકો,
કામકી બાતોંસે નફરત કામકો.
સિનઅતો[૩] હિરફતકો[૪] હેં છોડે હુવે
મહેરો[૫] ઉલ્ફતસે[૬] હેં મુંહ મોડે હુવે.
ઈન્કો નફરત હોતી હે તન્ઝીમસે,[૭]

---

૧ અગમચેતી, દૂરઅંદેશી, ભવિષ્યનો વિચાર ૨ તિરસ્કાર. ૩ હુન્નર. ૪ કારીગરી, ૫ કૃપા. ૬ પ્રેમ. ૭ સંગઠન.

ઇન્કો વહેશત[૮] હોતી હે તાલિમસે.[૯]
ખુલખુલો ગુલકે હેં અફસાને[૧૦] પસંદ
અયેશો ઇશરત[૧૧] પર હેં દિલસે કારબંદ[૧૨]
ઇન્કો અહેસાસે[૧૩] ગુલામી[૧૪] કુચ્છ નહીં;
ફિક્ર આઝાદીકા[૧૫] અપની કુચ્છ નહીં.
હિસ્સે ખયરો શરસે[૧૬]નાકારાં[૧૭] હેં યેહ,
સાથ ગુમરાહોંકે[૧૮] આવારા[૧૯]હેં યેહ.
અપની સુસ્તીકે સબબસે રહે ગયે,
દૂર કોસું[૨૦] મંઝીલે[૨૧] મકસુદ[૨૨] સે.
હાથ આઝાદીસે અપની ધો ચૂકે,
સારા લુત્ફે ઝીંદગાની ખો ચુકે.
દેખતેં હેં ઇસ લિયે સૂએ[૨૩] ફલક[૨૪]
રેહનુમાઇકે[૨૫] લિયે આયે મલક.[૨૬]

૨૨૦ સ્ત્રીઓને અને બાળકોને આંખોની ઠંડક બનાવો (સ્ત્રીને આંખોની ઠંડક બનાવવાના રહસ્યના ઉકેલ માટે પ્રગમ

---

૮ જંગલીપણું. ૯ કેળવણી. ૧૦ નવલીકાઓ, જોડેલી વાતો. ૧૧ મોજમોજા. ૧૨ ચોંટેલા, લાગેલા, પ્રિય. ૧૩ લાગણી. ૧૪ પરતંત્રતા, ૧૫ સ્વતંત્રતા. ૧૬ ભુંડાઇ ભલાઇ, નેકીબદી, પુણ્ય પાપ. ૧૭ નકામા. ૧૮ માર્ગ ભૂલેલા, કર્તવ્ય વિમુખ થયેલા. ૧૯ ભટકેલ. ૨૦ ગાઉ. ૨૧ સ્થળ, સ્થાનક. ૨૨ ધારણા. ૨૩ પ્રત્યે. ૨૪ ગગન. ૨૫ માગદર્શન. ૨૬ દેવદૂત,

એ જાણી હયો કે જગતથી શાહીવાદ અને ગુલામીને નષ્ટ કરી, સામ્યવાદનો સંબંધ સ્થાપી, માનવસૃષ્ટિની અર્ધી વસ્તી અર્થાત સ્ત્રીજાતિને અધમતા પરતંત્રતા અને ગુલામીની ખીણમાંથી ઉગારી પુરૂષોના પડખે બેસાડી ઇસ્લામે સકળ સંસાર ઉપર જે ઉપકાર કર્યો છે તે એહશાન ફરામોશ સિવાય અન્યથી તો કદિયે વીસરાય તેમ નથી અને સ્ત્રીઓના હકકોની જાળ-વણીથી જે કીર્તિ ઇસ્લામે પ્રાપ્ત કરી છે તે, કીર્તિ-વંત સંસ્કાર ઉપર પ્રલયકાળ સુધી જંગતને અભિ-માન લીધા વગર પણ છુટકો નથી. એ જાણ્યા પછી **અવરત** વાળી નઝમ સાંભળો)

હયાઓ[૧] હુરમતો[૨] મિહરો[૩] વફાકી[૪] શાન[૫] અવરત હય !
શબાઓ[૬] હુસ્ન[૭] અંદાઝો[૮] અદાકી[૯] જાન[૧૦] અવરત હય !
હિજાબો[૧૧] અસ્મતો[૧૨] શર્મો હયાકી કાન[૧૩] અવરત હય !
જો દેખો ગવરસે[૧૪] હર મર્દકા ઇમાન અવરત હય !
અગર અવરત ન આતી કુલ જહાં માતમકદહ[૧૫] હોતા !
અગર અવરત નઆતી હર મકાં ગમકદહ[૧૬] હોતા !!

---

૧ શર્મ, લજ્જા. ૨ પવિત્રતા. ૩ કૃપા. ૪ વફાદારી. ૫ નમૂનો. ૬ યુવાની. ૭ સૌંદર્ય. ૮ ચેટક, નખરા. ૯ હાવભાવ, ચેનચાળા. ૧૦ પ્રાણ પડદો, આડ, અંતર. ૧૨ શિયળ. ૧૩ ખાણ, ભંડાર. ૧૪ લક્ષ,ધ્યાન. ૧૫ વિલાપાલય. ૧૬ શોકાલય.

કહીં મઅસૂમ[૧૭] તિફ્લી[૧૮] ઇસકે નગ્મોસે[૧૯] બહલતી હય !
કહીં બેખુદ જવાની ઇશ્કે નોશ[૨૦] લબસે[૨૧] ફલતી હય !
કહીં મજબૂર પીરી[૨૬] ઇસકી બાતોંસે સંભલતી હય !
કહીં આરામસે જાં ઇસકે કદમોં પર નિકલતી હય !

નહીં હય કિબ્રિયા,[૨૨] લેકિન વો શાને કિબ્રિયાઇ[૨૩] હય !
હમારી સારી પ્યારી, ઉમ્ર પર ઉસકી ખુદાઇ હય !

વો રોતી હય, તો સારી કાઇનાત[૨૪] આંસુ બહાતી હય !
વો હંસતી હય, તો ફિતરત[૨૫] બેખુદીમેં મુસકરાતી[૨૬] હય !
વો સોતી હય, તો સાતોં આસ્માંકો નીંદ આતી હય !
વો ઉઠતી હય, તો કુલ ખાબીદા[૨૭] દુન્યાકો ઉઠાતી હય !

વુહી અર્માંને હસ્તી હય, વુહી ઇમાન હસ્તી હય !
બદન કહીએ અગર હસ્તીકો, તો વો જાને હસ્તી હય!

વો ચાહે તો ઉલટ દે, પર્દએ દુન્યાએ ફાનીકો[૨૮] !
વો ચાહે તો મિટાદે, જોશે બહરે[૨૯] ઝિન્દગાની કો !
વો ચાહે તો જલાદે, નખ્લે[૩૦] ઝારે હુકમરાનીકો[૩૧] !
વો ચાહે તો બદલદે, રંગે બઝ્મે[૩૨] આસમાની કો !

વો કહ દે તો બહારે[૩૩] જુલ્વા[૩૪] મિટ જાએ નઝારોંસે[૩૫] !
વો કહ દે તો લિબાસે નુર છિન જાએ સિતારોંસે !

(નિદાએ મિલ્લત.)

---

૧૭ નિર્દોષ. ૧૮ બચપણુ. ૧૯ ગીતો. ૨૦ પુંઠ. ૨૧ હોઠ. ૨૨ ખુદા. ૨૩ ઐશ્વર્ય, ૨૪ સૃષ્ટિ. ૨૫ કુદરત. ૨૬ હસતી, મલકાતી. ૨૭ નિદ્રાધીન, સૂતેલ. ૨૮ નાશવંત. ૨૯ સમુદ્ર. ૩૦ ખજુરી. ૩૧ સત્તા. ૩૨ સભા, મંડળ. ૩૩ વસંત. ૩૪ દીદાર, દર્શન. ૩૫ દૃષ્યો, દેખાવ.

૨૨૧ નમાઝમાં નિયમિતતા પાળવી. રાત્રી અલ્લાહ આગળ નમવામાં અને તેની બંદગી કરવામાં ગાળવી.

મનુષ્યને અશરફુલ મખ્લુકાતની ઉચ્ચ પદ્વી એનાયત કરવા ઉપરાંત ઇન્સાનને અસંખ્ય બક્ષિશોની અલભ્ય નવાઝિશ કરવા પોતાના ઋણોમાંથી મુકિતની પ્રાપ્તિ ખાતિર માણસ પોતાના પયદા કરનાર પરવરદિગારનું રટણ કરે તો તેમાં નવાઇ શી ? !

જળ સ્થળ સકળ સૃષ્ટિ રચી, ચૈતન જડ ઉપજાવ્યા,
લીલા અકળ કુદરત તણી, રટતો ખુદાને નવાઇ શું ? !
શ્રેષ્ટ દેહ ઇન્સાનની, આપી તને અવનિ વિષે,
કરી મહેર એવી માલિકે, રટતો ખુદાને નવાઇ શું ? !
જે કાર્ય કરવા સિદ્ધ તું, આ વિશ્વ માંહે અવતર્યો,
ધરી મહેર પયગામ પાઠવ્યો, રટતો ખુદાને નવાઇ શું ? !
નિજ રૂહ આ જુદો પડયો, નુરાની જ્યોતિ માંહેથી,
એ. અસલ વતને પહોંચવા, રટતો ખુદાઇને નવાઇ શું ? !

× × ×

એક ઉર્દુ શાઇર કહે છે કેઃ—

કી મુસ્તફાને જબકે ખુદાકી અદા નમાઝ,
હો સકતી હૈ મુઆફ કિસી પર ભલા નમાઝ ? !
આરામો ચયન અપના કઝા કરકે શૌકસે,

દીનદારો સબ અદા કરો બહરે ખુદા નમાઝ.

હર વકત ઉસકા અયશો મુસીબતમેં યાદ રખ,
હય દાફ્એ કુદુરતો રંન્જો બલા નમાઝ.

દુનિયા ઓ દીંકે કામ ઇસીસે તુ કર તલબ,
પૂરા કરેગી દિલકા તેરા મુદઆ નમાઝ.

ઇસિયાકી હય તિબ તો આસીકી હય શિફા,
બિમારિયે ગુનાહકે લિયે હય દવા નમાઝ.

પ્રિય વાંચકબંધુ, કુરઆને કરીમનું આ સુશિક્ષણ અહીંથી જ ખતમ કરી આગળ વધું તે અગાઉ જણાવી દેવા ઉચ્ચીત અને શ્રેયકર માનું છું કે એ અમૂલ્ય ભાગની મહત્તા, સચોંટતા, ખુબી આદી વિશેષ હજુ ઘણી અવશેષ રહે છે જે ઇ. અ. નજદીકના ભવિષ્યમાં તમારા સન્મુખ જ ધરીશ. કુરઆને શરીફ તો ખુદાઇ કલામ નિઃસંદેહ હોઈ તેની પ્રૌઢતા, માધુર્યતા, અખંડતા, અને અલૌકિકતા તો કલામે ઇલાહીમાં સ્થળે સ્થળે એટલી તો વિશાળ અને અગાધ છે કે તેનો પાર પામવા મારા તમારા જેવા તો શું ? ! પણ મ્હોટા મ્હોટા સંતશિરોમણીઓ અને જ્ઞાનના ભંડાર મહા પ્રવિણ આલિમો યે આજ સુધી અશક્ત પોતાને સાબિત કરી ચુકયા છે એ પણ કુરકાને હમીદ કલામે ઇલાહી છે તેનો એક સજ્જડ પુરાવો છે. વળી આજ સાડા તેરસો વર્ષ વીતી જવા છતાંયે

તેના વાકયો કે શબ્દોમાં તો શું પરન્તુ એક કાનામાત્ર સુદ્ધાંમાં પણ લેશમાત્ર ફેરફાર થવા પામ્યો જ નથી તો પણ એ ખુદાઇ સંદેશની શાખ પુરે છે, તેમજ શબ્દે શબ્દ તો શું પણ અક્ષરે અક્ષર મ્હોઢે છે. યાદ રાખનાર કુમળી વયનાં બાળકો સુદ્ધાં આજ જ્યાં જુઓ ત્યાં મોજુદ અને હયાત છે આ વિજ્ઞાનના ઝમાનામાં પણ મહા પ્રવીણ અને પારંગત વિજ્ઞાનીઓ પણ ફૂરમાને પાકનું એક નાનામાં નાનું વાકય પણ બનાવવા વિજયશાળી નથી થતા એનું કારણ જ એ કે એ બેશક અલ્લાહનો કલામજ છે.

પ્રકરણ ૨ જું.

બેનમૂન ગવર્‌રો.

પ્રકરણ ૨ જું.

બેનમૂન ગવહરો—હદિસો.*

૧ મનુષ્યનું ઈમાન સંપૂર્ણ અને શુદ્ધ નથી થતું, જ્યાંસુધી પોતે દીલથી તમામ માણસો માટે એજ ખરેખર પસંદ કરે, જે પોતે પોતા માટે પસંદ કરવા માટે તૈયાર હોય.

૨ અ પહેલવાન એ નહીં, કે જે માણસોને પછાડે, પણ ખરી રીતે પહેલવાન તો એ કે જે ક્રોધાવેશમાં પોતાને સંભાળી રાખે.

બ સૃષ્ટી સર્જનહાર ખુદાને રાઝી રાખવા માટે અને ખુશ કરવા કાજે જે ગુસ્સાને પીજાય છે, તે ખરેખર સરસમાં સરસ કાર્ય કરે છે.

નોટઃ* જગતમાં **અંધેર** અને **અંધાધુંધી** મચાવનાર ઉંચ નીચના ભેદભાવનું નિકંદન કાઢી **સમાનતા** અને **બંધુતા**ની શુભ પહેલ કરી સકળ સૃષ્ટીમાં **શાંતિનું** બીજારોપણ કરનાર **નર શિરોમણી રસુલે ખુદા** (સ. અ. વ.)ની ચૂંટી કાઢેલા થોડાક બેનમૂન ગવહરો. (સનંદી ગ્રંથોના આધારે)

૩ એકલા બેસવું એ એનાથી સારૂં છે કે, ભુંડાઓનો સંગ કરવો; સારાની સંગત એથી વધારે સારી છે કે એકલા બેસી રહેવું; વિદ્યાર્થી સાથેનો વાર્તાલાપ એથી સરસ છે કે ચુપ રહેવામાં આવે અને ચૂપ રહેવું એ વધારે સારૂં છે, એનાથી કે ખરાબ વાતો કરવી.

૪ વાત એજ કહો જે સત્ય હોય: ભલે પછી માણસો એથી નારાજ થાય.

૫ જગત માટે કામ કર જ્યાંસુધી ત્યાં તારૂં સ્થાન છે; આખેરત—પરલોક માટે એટલું કામ કર, જેટલી આખેરતની સ્થીરતા છે; ખુદા માટે એટલું કામ કર જેટલાની તને હાજત—જૂરૂરત—છે; અને દોજખ—નર્ક—માટે એટલું કામ કર જે પ્રમાણમાં તું શિક્ષા ભોગવવાની શક્તિ ધરાવે.

૬ અદેખાનાં સુકર્મોને અદેખાઇ એવી ખાઈ જાય છે, જેમ અગ્ની લાકડાને.

૭ મોટા પૂણ્યનું—સવાબનું મોટું કામ એ છે કે મઆફ કરવું લેણું ગરીબ ઉપરનું અને ઢીલ દેવી માલદારને.

૮ પવિત્રતા—સફાઇ—સ્વચ્છતા—પાકી એ ઇમાનનો અર્ધ ભાગ છે.

સફાઇની તઆરીફ માટે એક શાએર કહે છે કે:—

સફાઈ અજબ ચીઝ દુનિયામેં હય,
સફાઇસે બેહતર નહીં કોઇ શય.

સફાઇસે તુમ હોગે હર દિલ અઝીઝ,
સફાઇસે આયેગી તુમકો તમીઝ.
સફાઇ રખેગી તુમ્હેં તન્દુરસ્ત,
રહોગે તુમ હર વક્ત ચાલાકો ચુસ્ત.
લિબાસો મકાં બિસ્તરો જિસ્મકો,
બોહત સાફ સુથરા હમેશા રખો.

૯ મ્હારા અનુયાયિઓ—તઆબેદારો—આજ્ઞાંકિતો—માંથી એ નથી [મને માનનારો] કે જે બીજાની સ્ત્રીને તેનાં પતિથી અવળે દોરે અથવા ગુલામને તેના શેઠ તરફથી ભંભેરી ભડકાવે અથવા લોંડી—ખરીદેલ દાસી—ને તેના માલિકથી ઉલટે માર્ગે ચલાવે.

૧૦ એ સત્ય માર્ગ ઉપર નથી, કે જે ઝૂલમ અને કનડગતમાં બીજાઓને પોતાની મદદે બોલાવે; વળી એ પણ અમારામાંથી નથી કે જે અન્યાય—બે ઇન્સાફમાં પોતાના ખાનદાન તરફથી લડાઇ કરતો રહે. અને વળી એ પણ અમને માનનારાઓમાં નથી કે જે જોરઝૂલ્મ માટે તૈયાર થયેલ કુટુંબની હિમાયત તર્ફદારી—પક્ષમાં મોતને શરણ થાય.

૧૧ એ અમારા માર્ગ ઉપર ચાલનાર નથી પણ અહંકારી અને વિફરેલ માથાનો ફાટેલ—બાગી—છે કે જે જ્યારે બોલે છે, ત્યારે અસત્ય આચરે છે, જ્યારે વચન આપે

છે, ત્યારે પોતે પાળતો નથી અને જ્યારે તેની પાસે અમાનત રાખવામાં આવે છે, ત્યારે તેમાં વિશ્વાસઘાત કરે છે.

૧૨ સત્યતા નેકીને માર્ગે દોરે છે અને નેકી જન્નતમાં લઇ જાય છે; જે સાચું બોલે છે અને સત્ય વદવાનો ઇરાદો રાખેછે, તે અલ્લાહ નઝદિક સિદ્દિક—ધર્મ સત્યવાદીમાં ગણાય છે; અને જુઠું બોલવું એ કુકર્મો તરફ પ્રસરી જાય છે એટલે ગુનાહો ઈન્સાનને દોઝખને સ્વાધિન કરેછે; જે અસત્યતાને ગૃહણ કરેછે અને જુઠું બોલવાને ચાહે છે, તે જગત નિયંતા સન્મુખ જુઠાઓની ગણત્રીમાં ગણાય છે.

૯. **શેખ સઆદી સાહબ** સત્ય વિષે કહે છે કે,—

બેહ અઝ રાસ્તી દર જહાં કાર નેસ્ત,
કે દર ગુલબને રાસ્તી ખાર નેસ્ત.
(બહેતર સચ સે જહાં મેં કામ નહીં,
કે સચ કે બાગ મેં કાંટા નહીં.)

૧૩ શ્રાપ ઉતરે અલ્લાહનો તેના ઉપર, કે જે પુરૂષ ઇરાદા પૂર્વક પરસ્ત્રી તરફ [કુ]દ્રષ્ટી કરે અને ફિટકાર હજો એ સ્ત્રી ઉપર, કે જે જાણી જોઇને અન્યને પોતા તરફ આકર્ષે. [ઝના વ્હાં ફના.]

૧૪ જે બે મુસલમાનમાં એક બીજા પ્રત્યે અદાવત શત્રુતા હોય છે, તે બેઉને સૃષ્ટી પાલનહાર ખુદા એમને એમ રહેવા દે છે, કે જ્યાંસુધી એ બેઉ એક બીજા જોડે સલાહ સંપ કરી ન લે.

૧૫ પાપોની ક્ષમા દર જુમેરાતે અને સોમવારે ખુદા તરફથી થાય છે, પરંતુ જેણે લેશ માત્ર શિર્ક કર્યું હોય, તેનાં ગુનાહ તો મઆફ નથી થતા.

૧૬ પોતાનાં બાલ બચ્ચાંઓનાં ભરણ પોષણ માટેનાં ખર્ચમાં એક દીર્હમ [આનો, પાઈ, પૈસો,] વાપરવામાં આવે એ એક દિનાર (રૂપીયો) થી વિશેષ છે, કે જે ધર્મની લડાઈમાં અથવા ગુલામને સ્વતંત્ર કરવામાં કિંવા ગરિબને દાન દેવામાં વાપરવામાં આવે.

૧૭ જે મઆફી આપે છે, જે ક્ષમાવૃત્તિ દાખવે છે, તેની મ્હોટાઇ અલ્લાહ વધારે છે. અને ખાસ અલ્લાહને પ્રસન્ન કરવા અને રાઝી રાખવા જે બીજાઓની નમનતા ગ્રહણ કરે છે, તેનો માન મરતબો પણ અલ્લાહ વધારે છે.

૧૮ જે બીજાઓ પાસેથી એવા નિમિત્તે માલ–પૈસોટકો–ઉધાર લે છે કે લીધેલ કર્ઝ હોઆમાં કરી જાય તો સર્વશક્તિમાન ખુદા, એ માલનોજ નાશ કરી દે છે!

અને દેણદારને દેણું સુપ્રત કરવાની તૌફિક પણ નથી દેતો.

૧૯ અલ્લાહ તમારી માલમીલ્કત અને રૂપરંગનો ખ્યાલ નથી કરતો પણ એ તો તમારા અંતરાત્મા અને સુકર્મોનું બારિક નિરિક્ષણ કરે છે (કરણી તેવી પાર ઉતરણી.)

મહાન કવિ અકબર કહે છે કે:

અગર આ'માલ અચ્છે હંય,
તો પાવોગે બડે દરજે;
સમઝ લો ઇમ્તેહાં ઇસ,
દારે ફાનીમેં તુમ્હારા હય.

વળી એક કવિ કહે છે કે;—

કરી કર્મ કુડાં પછી ક્ષેમ ઇચ્છે,
ખરૂં ખેદ કારૂં કહું એજ નિશ્ચે;
કરે આશ ગુલાબની થોર વાવી,
મળે ક્યાંથી તેને પછી વસ્તુ ભાવી

૨૦ મને માનનારા તમામ સુખ શાંતિ અને સુખાકારી ભોગવે છે, એઓનાં સિવાય કે જેઓ પોતાનાં અદ્રશ્ય કુકર્મો અને ખોડ ખાપણો–ખામિઓ–ત્રુટીઓ વગર લેવેદેવે નાહક બીજાઓ આગળ પ્રગટ કરે છે.

૨૧ નર્કમાં લઈ જનાર જીભ અને ગુપ્ત ઇંદ્રિય—શર્મગાહ (નો ગેરઉપયોગ) છે અને સ્વર્ગમાં લઇ જનાર તો જગતનિયંતાનો ભય અને સારો સ્વભાવ છે.

૨૨ જે અલ્લાહને માને છે અને કયામતના દિવસનો સ્વીકાર કરે છે, તેના માટે ઝૂરરનું છે કે (अ) તે પોતાના મ્હેમાનની ઇઝઝત કરે—ખાતિર તવાઝો કરે (ब) પાડોશીયો સાથે સદ્‌વર્તનથી ચાલે; (क) સારી વાત કરે અથવા તો ચૂપ રહે.

૨૩अ જે પોતાનાં પાડોશી જનોને હાનિ પહોંચાડે, તેને અલ્લાહ નુકશાન પહોંચાડે અને વળી તેને મુશ્કેલીમાં લાવી મુકે.

ब જે ખુદા યે પાક અને કયામત ઉપર ઇમાન રાખે છે, તેને જોઇએ કે પોતાના પાડોશીની ઇઝઝત કરે અને તેને દુઃખ પહોંચાડે નહિ.

क ખુદા સૌથી સારો એને ગણે છે કે જેને પાડોશીઓ સારો ગણે.

હલા યુશબઉલ મોમિનૂ દુના જારેહી—

નહીં હય શાયેબા[૧] તક ઉસ્મેં અય મુસ્લિમ તેરી ખુકા,[૨]
કે ખુદ તો પેટ ભર ખાયેં પે હમસાયા[૩] રહે ભુકા.

(વધુ માટે જુઓ ચાલુ નંબર ૧૭૩ ૧૭૪ ને ૧૭૫)

---

૧. મિલાવટ. ૨. આદતનો. ૩. પાડોશી.

૨૪ મૃત્યુ ઇશ્વરી કૃપા છે, પાપ મુસિબત છે, નિર્ધનતા રાહત છે, શ્રીમંતાઈ અઝાબ છે, બુદ્ધિ હિદાયત છે. અને અલ્લાહ પાકથી ગાફિલ બેધ્યાન રહેવું ગુમરાહી છે, નિર્દયતા નદામત–લજ્જા છે, અલ્લાહની બંદગી આંખની ઠંડક છે, ખુદાનાં ભયથી ભયભિત બનવું એ છેવટની આગથી મુક્ત થવું છે, હસવું એ શરીરનાં હલાકત છે અને પોતાનાં પ્રાપોનું પ્રાયશ્ચિત–તોબા કરવું એ કુકર્મોથી મુક્તિ મેળવવી છે.

૨૫ [૧] ધર્તીનું વરસાદથી [૨] અગ્નિનું બળતણથી [૩] સ્ત્રીનું પુરૂષથી [૪] સમુદ્રનું પાણીથી (૫) આલિમનું ઇલ્મથી–વિદ્વાનનું વિદ્યાથી (૬) આંખનું દ્રશ્ય–નઝરથી (૭) કાનનું શ્રવણથી અને (૮) દિલનું દુનિયાની લાલચથી **પેટ ભરાતું નથી.**

૨૬ એક ઇમાનદારને બીજા ઇમાનદાર ઉપર છ અધિકાર એ છે કે (૧) મંદવાડમાં માંદાની ખબર અંતર લે, [૨] મરણ બાદ જનાઝાનો સાથ દે, (૩) જમવાનાં આમંત્રણનો સ્વીકાર કરે, (૪) મુલાકાત થતાં મેળાપ ટાણે–સલામ અલયક કહે, (૫) છીંકમાં '**અલહમ્દો લિલ્લાહ**' કહે ત્યારે સાંભળનાર તેને '**યા રહેમક અલ્લાહ**' થી જવાબ દે અને (૬) રૂબરૂમાં તેમજ ગયેર હાજરીમાં તેનું ભલું ચાહે.

૨૭ સૌથી વધારે ખરાબ જમણવાર તો એ વિવાહના જમણને કહેવું જોઇએ કે જ્યાં શ્રીમંતોને તો આમંત્રણ આપવામા આવે અને નિરાધાર અને ગરિબોનું કોઈ ભાવે ન પૂછે.

૨૮ એક સુન્નત એ પણ છે કે મહેમાન જ્યારે વિદાય થાય, ત્યારે ઘરનાં બાહિરનાં દરવાજા સુધી તેને તેની મ્હોટાઈ અને માન ખાતર વળાવી આવે.

૨૯ મ્હેમાન માટે એ વાત લાયક નથી કે પોતે એટલી મુદ્દત [મિજબાનને ત્યાં] રહે કે એ કંટાળી જાય.

૩૦ ગુલામને એજ ખવરાવો કે જે તમે પોતે ખાઓ; તેને એજ પહેરાવો જે તમે પહેરો, વળી તેની ઉપર સખ્તી ન કરો, તેની સાથે નરમીથી વર્તો, જે કામ તેની શક્તિની બાહિર હોય તે પરાણે ન કરાવો; તાબાનાં માણસો સાથે પણ એજ વર્તન રાખો.

૩૧ વૃદ્ધ સ્ત્રી પુરૂષો તેમજ વડિલો અને મોટેરાઓની અદબ રાખો, તેમને માન આપો, એથી અલ્લાહ તમારી મ્હોટાઇ પણ વધારશે.

૩૨ જે બાળકો ઉપર પ્રેમ નથી રાખતો અને ઘરડાઓને માન નથી આપતો તે અમારામાંનો નથી.

૩૩ કંટાળેલાઓને હસાવી તેમનો કંટાળો દૂર કરવો, દુઃખીઓનાં દુઃખો હરવાં, વિધવાઓની સંભાળ રાખવી, આદિ લક્ષણો સજ્જનોનાં છે.

૩૪ જેમનાં અંતરમાં સત્યતા, પવિત્રતા અને દયાનો વાસ છે, તેઓ નક્કી જન્નતી છે.

૩૫ મનુષ્યને બીજાનાં પ્રાણ હરતાં તેમની માલ મીલકત પચાવી પાડતાં યા ઉડાવી જતાં અથવા તેમની આબરૂને હલકી કરતાં અટકાવનાર તો શિયળ, પ્રમાણીકતા, નમ્રતા, સભ્યતા, આદિ અમૂલ્ય ગુણોજ છે.

૩૬ મનુષ્ય બીજાઓનું ભલું કરવા પ્રેરાય અને એ પ્રેરણાની પ્રાપ્તી માટે ક્ષમા, ભલાઇ, સત્ય, ધૈર્ય અનુકંપા–હમદર્દી અને માયાળુપણું આદી ગુણો ખપનાં છેં,

૩૭ અલ્લાહની મખલુક સર્જનતા–જગતનો એક મહાન પરીવાર સમાન છે, માટે તમારા પ્રાણી બંધુઓને ચાહો અને તેમને રંજાડવાથી દૂર રહો.

૩૮ ગરિબો અને ઝૂરૂરત વાળાઓની આશિષ લેનારાઓ ખુદાની મહેરબાની બેશક મેળવી શકે છે.

૩૯ જે પોતાના ભાઇઓની તંગી–તકલીફ દૂર કરે છે, તેના ગુનાહો અલ્લાહ તઆલા મઆફ કરી દે છે. એ પુણ્યશાળી પગલાના પ્રતાપ પ્રત્યે દ્રષ્ટિ કરવા,

સાંભળો એક શાએર શું કહે છે;—

ભાઇ બ્હેનોંકા સદા ગમખા'ર હો,
 બેકસોં ઔર બેબસોંકા યાર હો:
દર્દ ઇન્સાં ગર નહીં ઇન્સાનમેં,
 ફર્ક ક્યા ઇન્સાન ઔર હયવાનમેં ? !
જબ તલક ઇન્સાનકા બસ, બસ ચલે,
 જાન કર અપને, પરાયે દુઃખ સહે;
દૂસરેકી ઝિન્દગી કો ઝિન્દગી,
 અપની આઇ જાને, આઈ ઔરકી;
કાંપ ઉટ્ઠે જબ કિસીકા દિલ દુખે,
 જલ બુઝે ધૂંવા કહાંસે જબ ઉટ્ઠે.

૪૦ જે પોતાના બંધુઓની ઝૂરૂરતના ટાણે મદદ કરે છે અને દબાયેલા અને ઝૂલ્મ સહન કરનારાઓને જે સહાય કરે છે, તેને તેની મુશ્કેલીના સમયે અલ્લાહ અવશ્ય સહાય થશે.

૪૧ અલ્લાહની મખલુક—સર્જનતાને જેનાથી વધારે લાભ પહોંચે છે તે સહુ કરતાં અલ્લાહને વહાલો લાગે છે.

૪૨ જે માણસોમાં સલાહસંપ કરાવે છે, તેનાં તમામ કાર્યો અલ્લાહ સુધારી દેછે, અને સંપ સાધવાને જે ભાષા એ બોલે છે તેના દરેક શબ્દના બદલામાં તેને એક ગુલામ સ્વતંત્ર કરવાનો સવાબ અલ્લાહ બક્ષે છે. અને

ઘર તરફ પાછાં વળતાં તેના તમામ ગુનાહોની ક્ષમા આપે છે.

સંપની સાંકળે જકડનારના રૂતબા માટે એક ઉર્દુ શાએર કહે છે કેઃ—

કરાદે દો ગિરોહમેં જો સુલહ,
કયા રૂતબા હય ઉનકા ? !
ખુદા રાઝી હો ઉસસે ઔર,
હો ખૂશ રસૂલ ઉનકા.

મરહબા એ સુભાગી મુસ્લિમને કે જે ખુદારસૂલની રઝામંદી તેમજ ખૂશનૂદી પ્રાપ્ત કરવાની સોનેરી—અનેરી તક ફકત બેના કુસંપ ઉપર કાતર મૂકવા સુમતિથી હાથ કરે છે. એ અમૂલ્ય અવસર ચૂકે—એ પરવાઇથી કે અહંકારથી—તેને માટે એ ઈશારોજ બસ કે વારા ફરતી વારો, પછી પસ્તાયે ન આરો.

... ...

બડા મઝા ઉસ મિલાપમેં હય,
જો સુલ્હ હો જાય જંગ હોકર.

... ...

૪૩ ઇન્સાનની દરેક વાત તેને નુકશાન પહોંચાડનારી છે નહીં કે નફો સિવાય એ વાતો કે સુકૃત્યો અને ભલાઈ માટે હુકમ કરવો, નાપસંદ અને દુષ્ટ વાતથી રોકવું અથવા અલ્લાહની યાદમાં વક્ત ગાળવો.

સુકૃત્યો અને ભલાઇ સિવાય જીભને છૂટી મૂકવાથી સરાસર નુકસાન સમાયેલું છે તો પછી રા. **નથન** સાહબ કહે છે તે સાંભળો.

સાચા તણો સંગી રહી, બદકાર્યોથી અળગો વસે,
ઇશને અચળ ઉરથી ભજી, પાખંડીઓ તે ભેદશે;
ખત્રી કથે સંસાર તરતાં, અન્યને પણ તારશે,
તેની સદાયે વિશ્વમાં, સર્વોપરી ગણના થશે.
(સાદિક)

૪૪ જગતજનોમાં સૌથી કનિષ્ઠ એ માણસ છે કે જે **અર્થ** વગરની અને નકામી તેમજ લેવા દેવા વગરની વાતોમાં પોતાનો વક્ત વિતાડે જાય છે.

આદમીકો બદઝબાની હય બુરી,
યે ઝબાં હય ગોસ્તકી ચલતી છુરી.
તેઝ ચાકૂ અપને મ્હોંમેં જો રખે,
પહલે વોહી ઝખ્મકી લઝઝત ચખે.
બદઝબાંકા પહલે ખુદ નુકસાન હય,
પર વો ઉસકે ભેદસે અન્જાન હય.
ગર બદન પર ઝખ્મ હો તલવારકા,
અચ્છા હો જાયે અગર કિજિયે દવા.
પર જો ઘાવ હો બુરી તકરીરકા,
વો નહીં ભરતા કિસી તદબીરસે.

જિસકે કબ્ઝેમેં નહીં ઉસકી ઝબાં,
ખન્જરે બેકબ્ઝા સમજહો ઉસકો હાં.

જિસકો અપની બાતસે લહના નહીં,
આદમી અયસેકો તુમ કહના નહીં.

હો જો શીરીં કૌલ વો ઈન્સાન હય.
વરન ફિર યે બોલતા હયવાન હય.

૪૫ ઝિક્રે-ઇલાહી-ખુદાનાં ચિંતન-સિવાય ઝાઝો વક્ત નકામો બકવાટ કરે તેનું દિલ સખ્ત-નિષ્ઠુર બની જાય છે. અને એથી એ ખુદાની નિકટમાંથી દૂર રહી જાય છે.

૪૬ જુઠું બોલવાથી નિર્વાહ ઘટે છે.

(કારણકે કુરઆને કરીમના કથનાનુસાર '**ખુદા એવાને હિદાયત-નેકસમજ નથી આપતો કે જે અસત્યવાદી અને વળી અનુપકારી હોય**')

ઝૂઠાની ફજેતી કરતાં એક ઉર્દુ શાએર કહે છે કેઃ—

ખુદા ઉસસે રાઝી નહોગા કભી, કે જીસકો હો આદત બુરી ઝૂઠકી;
કરે જો કોઇ ઝૂઠકો અખત્યાર, રહેગા ન ઉસકા ઝરા અએતબાર;
નહો ઉસકી ઈઝઝત, વ્હો હોગા હકીર, રહેં દૂર ઉસ્સે સગીરો કબીર;
જહાંમેં તો ઝૂઠા વ્હો કહેલાયગા, કયામતકો દોઝખમેં વ્હો જાયગા;
ન બોલો કભી ઝૂઠ હરગિઝ મિયાં, નહીં ઇસસે કુછ ફાયેદાહૈ ઝિયાં;

એક શાએર કહે છે કેઃ—

બાત જૈસી હુઈ વૈસી બોલ,
ઝૂટ પર કમ ઝિયાદા મ્હોં મતખોલ.
ઝૂટ કેહનેમેં કોઈ હો મશહૂર,
ઉસ્કી સચ બાતભી નહો મન્ઝૂર.

(તઆલીમનામા)

૪૭ જે કોઈ અન્યની વાત (વગર કારણે) કાન દઈને સાંભળે અને એ તેને ખરાબ જણાય તો તે સાંભળનારના કાનમાં ઓગાળેલું સીસું છેવટે રેડવામાં આવશે.

૪૮ માણસોની ભૂલો તો તેમની જીભના પ્રતાપે થયા કરે છે; જે પોતાની જીભને વશ રાખશે તેની અલ્લાહ શરમ ભરમ રાખશે; બોલે ત્યારે ભલાઈની વાત બોલે, ન બને તો ચૂપ રહે.

એક ઉર્દુ શાએર કહે છે કેઃ—

ઓર દાના ભી કરેં ઉસકો કુબૂલ,
હો ન બેહુદા ન દુશવારો કુઝૂલ.
કર ન બેહુદા ઝબાંસે તુ કલામ,
બદ કલામીસે તુ રખ નફરત મુદામ.
ઓર બક બક કર ન ખા સબકા દિમાગ,
ચૈસી બાતેં કર, રહેં સબ બાગ બાગ.

બાતકા જબ તુજ્હસે ઇસ્તેફસાર હો,
તબ જવાબે ખૂબકા ઇઝહાર હો.
કાન દો હંય એક હય તેરી ઝબાં,
સાફ યે રાઝ ઇસસે હોતા હય અયાં;
યા'ની દો બાતેં પડેં જબ તેરે કાન,
તબ હિલા ઇકિ બાર તુ અપની ઝબાં.
બાત જબ કંરીઓ સમજ કીજો મુદામ,
હો સુખુન તેરા મુફીદે ખાસો આમ;
યા હો ઉસસે ખાસ અપના ફાયેદા,
યા કે ખાસ હો સબ્હોંકા ફાયેદા

૪૯ સારી વાત કરવી ગનિમત છે, ત્યારે ખામોશ રહેવામાં સલામતી છે,

૫૦ લોકોની અદેખાઈ ન કરે, માબાપની નાફરમાની ન કરે, અને કોઇની નિંદા ન કરે તેને અલ્લાહ પોતાના અર્શ નિચે જગ્યાઓ આપશે.

૫૧અ એવી દુનિયા સારી કે જેના લીધે આખેરતની પ્રાપ્તિ પણ સાથે થઇ જાય

(સંસાર વહેવાર એવી રીતે ચલાવાય કે જેથી પોતાના પયદા કરનાર અને પાલનહાર પાક પરવરદિગારે બક્ષેલ અમૂલ્ય માનવદેહના તારણ અર્થે જગતનો ખાલિક જે એકજ અદ્વિતિય અને બે મિસાલ બલ્કે બેનમૂન છે તેની યાદી અને તેના ચિંત-

નથી નિશદિન અંતરાત્માની શુદ્ધિ અને પવિત્રતા હાસિલ થયા કરે અને આ નાશવંત ઝીંદગી દરમિયાન પ્રથમથીજ સમજી પોતાનું જીવતર લોક કલ્યાણ, સમાજ સેવા, પ્રભુ ભજન પરમાર્થ આદિ સ્તુત્ય કાર્યોમાં ગૂજારી જાણે એજ અહીં જીવ્યો પ્રમાણ અને એનાજ માટે આલોક તેના પરલોકના મોક્ષનું સબળ કારણ પછી બન્યા વગર કેમ રહે ?!)

વ અદદૂન્યા મલઉનતુન વ મલઉનુમ માહીફા ઈલ્લા ઝિકરૂલ્લાહે તઆલા

યેદૂન્યા ઓર જો કુછ ઇસમેં હય લઆનતકે કાબિલ હય;
મગર જિસકો ખુદા યાદ આયે વોહ રહમતકે કાબિલ હય.

એક કવિ કહે છે કે:—

ચુકે જે લક્ષ જીવનનું,
ગયો તે જીંદગી હારી;
જીવ્યો તે નાજીવ્યો જગમાં,
જીવનનો ભાર શા માટે ?
(સાદિક)

વળી નયન કહે છે કે:—

જો શ્રેષ્ટ માનવ દેહનો,
ઉદ્દેશ જન સમજે નહિ;
તો તે વૃથા અસ્તિત્વ છે,
ઇન્સાનિયત શા કામની ?
(મેમણ સુધારક)

૫૨ જે કોઈ એવો અમલ-મંત્ર-પઢે કે જેથી સ્ત્રી પુરૂષમાં વિયોગ પડે, તો તેમ કરનાર ઉપર આ લોક તેમજ પરલોક બન્નેમાં ફિટકારની વૃષ્ટી થાય છે, અને તેમની તરફ અલ્લાહ તઆલા કદિયે નઝર-કૃપાદષ્ટિયે નહીં કરે.

૫૩ જાદુ શીખવું એ ઉમ્મતના ઉલમાઓના સર્વાનુમતે હરામ છે.

૫૪ જે કોઇ સંકટમાં સપડાય અથવા મુસિબતમાં ઘેરાય તો તેણે તેમા ધૈર્ય ધરી સંતોષ કરવો વળી જે કાંઇ દેવામાં આવે તે ઉપર રાઝી રહેવું અને અહેસાન માનવો, વળી કોઇ ઝૂલ્મ કરે તો તેને ક્ષમા આપવી અથવા પોતે કોઈ બીજા ઉપર ઝૂલ્મ કરે તો ખુદાથી અને એ ઝૂલ્મ ખમનાર પાસેથી મઆફી માંગવી એમ કરનાર હંમેશ સુખશાંતિમાં રહી શકે એ નિર્વિવાદ છે.

૫૫ માણુસો પોતાની ઇચ્છાઓ પાર પાડવામાં અને તેમાં સફળ થવા માટે પોતાનાં ભેદોને ઉઘાડા ન પાડે, અને એ સફળતા માટે ખુદાની મદદ માંગે તો તેમાં તેઓ ઉચિત ફળિભૂત થશે.

૫૬ દિલને અદેખાઇથી, જીભને અસત્યથી, અને જે સ્ત્રીઓ સાથે લગ્ન ગાંઠથી જોડાવા ધાર્મીક મના છે, તેમને

જોવાથી પોતાની આંખને બચાવે અને એ ગુણો અંગીકાર કરી કોઇપણ મુસલમાનને હલકો ન સમજે અને એ પ્રમાણે વર્તે તે મારા બન્ને હાથની હથેલીઓ ઉપર બેસી સ્વર્ગમાં દાખિલ થશે.

૫૭ જે સ્ત્રી પોતાનાં પતિનાં વસ્ત્રો ધોઈ સ્વચ્છ કરે છે, તેનાં કર્મોનાં લીસ્ટમાં અલ્લાહ બે હજાર નેકીનો વધારો કરે છે, અને બે હજાર કુકર્મો ઘટાડે છે અને એ ધોયેલાં લુગડાં જેના ઉપર સૂર્યનાં ચકચકિત અને તેજસ્વી કિરણો પડે છે, તે સ્ત્રીના માટે ક્ષમાની યાચના કરે છે.–દુઆએ મગફેરત માંગે છે. વળી તે સ્ત્રીના માટે બે હજાર દરજ્જા બુલંદ કરવામાં આવે છે.

૫૮ જે કોઇ પોતાનાં બાલ બચ્ચાઓ માટે ખપ જોગી ચીજ વેચાતી લઇને પોતે ઉપાડી ઘેર લઈ આવે, તેનાં સિત્તેર વર્ષનાં ગુનાહો ધોવાઈ જાય છે.

(બાઝારમાંથી એ નબિયોના સરદાર પોતા માટે બાઝાર લઈ આવે તેનાં સાથે પોતે પોતાનાં પાડોશી જનોએ મંગાવેલ વસ્તુઓ પણ ખરીદી પોતાનાં ખભે, માથે અને હાથમાં ઉપાડી લઈ આવવામાં પોતે ઇન્સાનીયત અને મ્હોટાઇ સમજે, ત્યારે હાલ આપણામાંનાં ઘણાંએ તેમનાં નઆલેન–મુબારિકની ધૂળનાં લેખામાં નહીં તેવા બાઝારમાંથી એક પાશેર ભાર પણ હાથમાં ઝાલી ચાલવામાં હલકાઈ, હિણુપત અને પોઝીશનમાં ગાબડું

પડયું સમજનાર અક્કલનાં ઓથમીરોને એ કયાથી સમજાય કે એ સાદાઇમાં તાત્પર્ય અને રહસ્ય શું રહેલું છે? જાતે જઈ બાઝાર લાવવામાં 'એક પંથ ઓર દો કાજ' જેવી રમત છે, માલ જેવો જોઇએ તેવો મળે, બે–ચાર દુકાને ભાવતાલ કસી લેતાં ભાવમાં ફાયદો થાય, છેતરાઇ જવાનું તો નજ બને, ત્યારે વળી ખરીદેલ વસ્તુ સાથે લઇ આવતાં સુન્નતનો સવાબ મળે. અરે જે પોતાનાં ઘરની બાઝાર માટે બીજાઓનાં ઓશિયાળા હોય તેવાઓની પાડોશી જનો તો શી આશાજ રાખી શકે?! અહો ભાગ્ય અને ખુશ કિસ્મતી એ પ્રજાની કે જે હઝરત રહમતુલ લિલ આલમિન [સ. અ. વ. સ.] જેવા સાદાઈ, નરમાશ, આજેઝી તવાઝો, સેવાવૃત્તી જેવા અનેક અમુલ્ય ગુણોનાં અખૂટ ભંડારની પ્રાપ્તી કરવા ભાગ્યંત નીવડે છે કારણ કે આજ એ દૈવી ગુણો બે પૈસા ગાંઠે કરનારને ભાગ્યે કયાંથી આવે? સત્તાશાળી થનારને નસિબ કયાંથી થાય? ડીગ્રીઓ વાળાઓને મયસ્સર કયાંથી થાય? અને "હમચૂ મન દિગરે નેસ્ત" નાં ફાંકા ધારીઓને સ્વપ્ને પણ કયાંથી આવે?)

૫૯ સૌથી પહેલાં કયામતનાં ન્યાય તોળવાના દિવસે ત્રાજવામાં જે વસ્તુ કાર્યનો ન્યાય તોળવામાં આવશે, તે જે પોતાની સ્ત્રીનાં ભરણ પોષણ માટે ખર્ચ કર્યું હશે, તે ત્રાજવામાં મુકવામાં આવશે એથી નેકીનું ત્રાજવું નીચું નમી જશે.

(કારણ કે સંસાર એક સાગર છે, તેની મુસાફરી અનેક મુશ્કેલીઓથી ભરેલી હોય છે. જીવનની નૌકાનું સુકાન સદ્ગુણી સ્ત્રીના હાથમાં હોય તોજ નોકા ફતેહમંદીથી મુસાફરી કરી પોતાની મંઝિલે સહિસલામત પહોંચી શકે છે. સદ્ગુણી સ્ત્રી સંસારની માર્ગ દર્શીકા છે. સ્ત્રીજ માત્ર સંસારનો સાર છે, જીવનનો સાથી છે, જીવનભરની પ્રેમ સંગિની છે. સંસારમાં કુશળ અને કુનેહવાળી, સમજુ અને શાણી, વિચારશીળ અને બુદ્ધિવાળી, વિનયી અને વિવેકી સ્ત્રી મળવી એ મનુષ્યનું મોટામાં મોટું ભાગ્ય સમજવું. જેને સદ્ગુણી સ્ત્રી મળી તેનું જીવન સાર્થક થયું સમજવું. સુલક્ષણી નારને ફક્ત ઘરનીજ શોભા માનવી તે તેના માટે ઘણોજ સાંકડો અને અધુરો વિચાર બાંધવા સમાન છે તેતો સમસ્ત આલમની શોભા છે જે જગતની શોભા એજ માટે સ્ત્રીનાં લાલન પાલનની કદ્ર કયામતને દિવસે પણ પ્રથમ થશે.)

૬૦ જે કોઇ પોતાની પુત્રીને જોઈ રાજી થાય, તેણે જાણે ખુદાના ડરથી અશ્રુ વહાવ્યાં અને જે અલ્લાહનાં ડરથી રડે છે, તેનાં શરીરને માટે ખુદાવંદે કરીમ દોઝખની ભડભડતી અગ્નીજવાળાને હરામ કરી દે છે.

૬૧ જે ભાગ્યશાળી ઘરમાં દિકરીઓ વસે છે. તે ઘર ઉપર દરરોજ આસમાન ઉપરથી અલ્લાહ બાર કૃપા વૃષ્ટીઓ મોકલે છે અને પવિત્ર ફરિશ્તાઓ તેનાં ઘરને પોતાનાં

પુનિત પગલાથી પવિત્ર કરવાને કદિયે નથી છોડતા, વળી એ પુત્રીઓનાં માવતરો માટે પ્રત્યેક રાત અને દિવસ વર્ષની ઇબાદતનો સવાબ લખે છે.

(ધન્ય ઘડી ધન્ય ભાગ્ય એ અજ્ઞાન અને મૂર્ખ આરબ-વાસીઓનાં કે જેઓ પ્રથમ પુત્રી જન્મતાંજ ધૂળ ભેગી ધૂળ કરી દેતાં કિંવા દુધ પીતી કરી દેતાં અથવા બીજી રીતે યમ શરણ કરતાં વાર નહોતા લગાડતા, તેવા દિકરીઓના લોહીના તરસ્યા પતિત અરબ માતપીતાઓનાં, કારણ કે તેઓ દયાના ભંડાર અને કૃપાનાં સિંધુ હઝરત મોહમ્મદ મુસ્તુફા (સ.અ.વ.) જેવા મહાન પરોપકારી અને પરદુઃખ ભંજન નર શિરોમણી નબી મેળવવા ભાગ્યશાળી થયા હતા કે જેમની પરોપકાર વૃત્તિ અને ચાણકય મતિથી સેંકડો બલ્કે હજારો દુધ પીતી બાળા-ઓને તેમનાં બાળ મૃત્યુમાંથી તારી, ઉગારી બચાવી લઇ કે જ્યાં પુત્રીનું નામો નિશાન સરખુંયે અગાઉ રહેવા પામતું નહીં ત્યાં આજે અનેક પુત્રીઓ ઉછેરવા અને તેમનું લાલન પાલન સાથે ભરણ પોષણ કરવા એ નિષ્ઠુર માતાઓની મમતા અને વાત્સલ્ય પ્રેમ સતેજ થયાં અને એ પવિત્ર અને પૂણ્યશાળી હેતુ માટે કેવી ખૂશખબરી મેળવવા આરબો ભાગ્યશાળી થયા.)

૬૨ દરરોજ વહેલાં વહાણું વાતાં બે ફરિશ્તાઓ પોકારીને જગતને કહે છે કે એ પુરૂષો માટે હાય અફસોસ અને ખરાબી છે કે જેઓ સ્ત્રીઓનાં કારણે પાપમાં સંડો-

વાય છે અને વળી એ સ્ત્રીઓ માટે ખરાબી અને હલાકી છે કે જેઓ પુરૂષોનાં કારણે સંકટમાં સપડાય છે.

એક ઉર્દુ શાએર પ્રભાતનો પ્રભાવ વર્ણવતાં કહે છે કેઃ—

સુબ્હકા ઉઠના નિહાયત ખૂબ હય,
દેર તક સોના બ્હોત માયૂબ હંય,
રહમતે રબ સુબ્હ હોતી હય નસીબ,
તુમકો બતલાતા હું યે નુક્તા અજીબ;
હોતી હય ઇસસે તબિયત ભી બહાલ,
દૂર હો જાતે હંય સબ દિલકે મલાલ;
નૂર કે તડકે ઉઠ્ઠો જાને મન,
સુબ્હકા તુમ યાદ રખ્ખો યે સુખુન;
દિન ચઢે તક સોના કુછ અચ્છા નહીં,
ઇસકી આદત ડાલની ઉમદા નહીં;
ઇસ તરહસે લોગ હો જાતે હંય સુસ્ત,
હોતે હંય બિમાર જો હો તન્દુરૂસ્ત;

૬૩ બિમારની ખબર અંતર લેનાર, જનાઝાની સાથે જનાર, ખાસ ખુદા માટે કબ્ર ખોદનાર, કયામતને દિવસે નબિયોનાં સમુહમાં હશે અને ખુદા તઆલા તેમનાં પાપ પૂણ્યનો હિસાબ દિધા સિવાય જન્નત તેને નસિબ કરશે.

૬૪ જે કોઇ, કોઇ સ્ત્રીની સાથે તેની કીર્તિ અને નામનાની ખાતિર લગ્ન કરશે, તો ખુદા તેને દિનપર દિન બદ-

નામ અને બેઆબરૂ કરશે; જે કોઇ માલ મીલ્કતની આશાથી નિકાહ કરશે, તો ખુદા તેને વધારે કંગાળ અને મુફ્લેસ બનાવશે, અને જે કોઈ તેનાં ઉચ્ચકુળ અને ખાનદાનીને લીધે લગ્ન કરશે, તો તેની હલકાઇ અને હલાકી વધતી જશે, પણ જે કોઇ ધર્મની ખાતર લગ્ન સંબંધ બાંધે અને એ લગ્નનો હેતુ પોતાની આંખોને પરસ્ત્રીને જોવાથી બચાવવાનું અને પોતાની ગુપ્તેંદ્રીયને રક્ષિત રાખવાનો હોય અથવા નેકનિષ્ઠા અને ભલાઇનો હોય તો પુરૂષને સ્ત્રીમાં અને સ્ત્રીને પુરૂષમાં અલ્લાહ બરકત આપે છે.

૬૫ કોઇ સ્ત્રીને એ વાજબી નથી કે જે સ્ત્રી અલ્લાહ અને કયામત ઉપર શ્રદ્ધા રાખતી હોય—માનતી હોય, અને ત્રણ દીવસથી વધારે મુદ્દત સુધી કોઇપણ મરનાર પાછળ સોગ પાળવો, પણ પોતાનાં ધણી પાછળ તો ચાર મહીનાં અને દશ દિવસ સોગ રાખવાં.

૬૬ જે શખ્સ કોઈ સ્ત્રીને તેનાં પતિથી ભમાવે અથવા ગુલામ ને તેનાં ધણીથી ભરમાવે તો તેને અને અમારી સાથે કાંઇ લેવું દેવું નથી.

૬૭ દરેક પરણેલ સ્ત્રીને માટે એ બંધન કર્તા છે કે જ્યારે તેનો પતિ તેનાં તરફ જુએ, ત્યારે તેને ખૂશ કરે અને જ્યારે આજ્ઞા આપે ત્યારે તે આજ્ઞાનો વગર દિલે

અમલ કરે, પણ એ આજ્ઞા ધર્મનાં ફરમાનથી વિરૂદ્ધ ન હોય વળી સોંપેલ પોતાની કાયા પતિની ઇચ્છાએ, અને આપે પોતાનો માલ પોતાનાં ધણીને તેનાં અણીનાં પ્રસંગે.

૬૮ પતિને સઝાવાર છે કે શિક્ષા કરે પોતાની પત્નિને ચાર બાબતો માટે. તેમાંની (૧) તો એકે એ છોડી દે શણગાર સજવો જ્યારે ધણી કહે વસ્ત્રો અલંકાર પહેરવાનું, (૨) બીજી એ કે જ્યારે પતિ ઇરાદો કરે સ્ત્રી સંગનો અને એ આનાકાની કરે વગર ધાર્મિક અડચણે. અને (૩) એકે છોડીદે નમાજને વગર કારણે અને (૪) એકે નીકળે ઘર બહાર પતિની વગર આજ્ઞાએ.

૬૯ સુવાવડ દરમિયાન સુવાવડી સ્ત્રીને માટે ખજૂરથી કાંઇ પણ ચીજ ફાયદામંદ નથી જેમ માંદાને મધ જેવી અન્ય કાંઇ વસ્તુ લાભકારક નથી; સુવાવડી સ્ત્રીને ખજૂર ખવડાવવાથી એનું બાળક ગંભિર શરમાળ અને સહનશિલ થવાનું ને એજ કારણે હઝરત ઇસા (અ. સ.) નાં માતાજીને પણ ખુદાએ એજ ખોરાક આપવો પસંદ કર્યો હતો.

૭૦ જ્યારે વેચે, ખરિદ કરે કે ઉઘરાણી કરે, ત્યારે જે ભલાઇ અને નરમી કરે છે, તેનાં ઉપર અલ્લાહની રેહમત ઉતરે છે.

(લેવડ દેવડ, ધિરધાર, ખરીદ વકરો, વેપારમાં નાણું વસુલ કરતાં કે માલ વેચતાં વાતવાતમાં તપી ન જતાં, કે ગુસ્સો ન કરતાં, કે જીભને અપવિત્ર ન કરતાં ભલાઇ અને નરમાશથી કામ લે તેનો ધંધો અહીં નભે, વધે, અને ફળે એટલે કે જગતમાં ધન સાથે આબરૂ કમાય અને ત્યાં આખેરતમાં સુર્ખરૂની સાથે પૂણ્ય પ્રાપ્ત કરવા સમર્થ અને ભાગ્યશાળી નીવડે ત્યારે ઉઘરાંણીમાં સખ્તાઇ કરવાથી તો પ્રથમ નામની અને પછી કામની હાની થાય છે એટલે છેવટે અહીં તેમજ તહીં તે તોટામાંજ રહે છે. અરે! છેવટનો તોટો તો ભુંડોજ. (પછી હાથ ઘસે શું વળે.)

૭૧ જગત સર્જનહાર એમની તરફ કૃપાદ્રષ્ટી અને મહેરબાનીની નઝરથી નહીં નિહાળે અને નહીં કરે તેમનો છૂટકારો તેમનાં પાપોમાંથી પણ તેમનાં માટે તો શિક્ષાજ છે. એવા ત્રણ છે. ૧ એક તો એકે જે ઇજારનાં પાંયચા ઘુંટીથી નીચે બડાઇ ખાતર રાખે છે. ૨ એ છે કે જે દાનને અહેસાન જાહેર કરે છે. કે જેથી તેનો સવાબ માર્યો જાય છે. અને ૩ એકે જે મઝહબમાં નવો રિવાજ દાખલ કરે છે.

૭૨ અલ્લાહની નારાઝગી અને કોપને દુર કરવાનો ઇલાજ સખાવત છે વળી સખાવતથી આત્મભોગનો જુસ્સો કેળવાય છે.

ખરી સખાવત કયાં કરવી એ વિષે રા. 'નયન' કવિ કથે છે કેઃ—

શિષ્યોને સંપત્તની ખામિ, અન્ન વસ્ત્રની ખોટ,
ભૂખ ભોગવે, ભણે કેમતે, કરે સંકટે ચોટ,
બિચારા ઇલ્મ દાન ચાહનારા,
આપજો દ્રવ્ય તહીં જરદાર, ૧

લેશ ચાલતાં કંપે કાયા, ડોલે ગોથાં ખાય,
તોય યાચતાં પરની પાસે, આજ ઘણાં લજવાય.
ભૂખને દુઃખ ઘણાં સહેનાર,
આપજો જર ત્યાં જરદાર. ૨

રોગી સાચા, રંક આંધળા, રડે ઘણાં ચોધાર,
તેને પોષી આશિષ પામો, કરી ખરો ઉપકાર.
શર્મમાં સબડે નર ને નાર,
આપજો વિત્ત તહીં જરદાર. ૩

દ્રવ્ય સંતતી મોજ વિલાસો, સદા ન રહેશે આમ,
ધાક ધરો જગદિશતણી કંઈ કરો સદ સત્કામ.
યાચકો રડે ઘણાં બિમાર,
આપજો દામ તહીં જરદાર. ૪

સાચા રેંમી, પ્રેમી દાતા, રંક દાઝ ધરનાર,
તનથી મનથી ધનથી ખંતે, ખરી મદદ કરનાર.
રંકનાં સંતાપો હરનાર,
ગયા ક્યાં કોમ તણાં જરદાર. ૫

૭૩ જે કોઈ પરસ્ત્રીને યા સ્વતંત્ર દાસીને વ્યભિચારનાં કારણે પકડી ફકત વિશ્વપતિના ડરથી આબરૂ સહિત જવા દેશે, તેને સર્વશક્તિમાન અતિશય ગભરાટના દિવસે તેને નિડર અને બે ખોફ બનાવી દેશે.

૭૪ જે દારૂ પીયે અથવા વ્યભિચાર કરે, તેની પાસેથી તેના ઇમાનનું આભુષણ અલ્લાહ ઉતારી લે છે, જેવી રીતે માણસ પોતાના શરીર ઉપરથી વસ્ત્ર ઉતારી નાંખે છે. (જુઓ પ્રકરણ ૧ લું નાં. ૧૯ અ.)

(**પરસ્ત્રી માત સમાનના** સુત્રના) સ્વીકાર કરનાર: આ વિફરેલ અને વંઠેલ યુગમાં મળવા મુશ્કેલ દિસે તો ખરા, છતાંય આ હડહડતો કળિયુગ તેવા વિરલ વિરલાઓથી સાવ હજુ નિર્વંશ તો નથી જ ગયો, પણ હવે નિર્વંશ જશે એવા ચિન્હો તો સ્પસ્ટ દ્રષ્ટિગોચર થાય છે કારણ કે પાશ્ચાત્ય પ્રજાઓ કે જેમાં શિયળ તેમજ પતિવ્રતનું મૂલ્ય કશુંયે અંકાતુ નથી તેમની કેળવણી તેમનાં સંસ્કાર, તેમનો સહવાસ અને તેમની રિતભાત અહીં આટલે છેટે છેક હીંદમાં

પણ એવી ભયંકર અને ગઝબનાક અસર કરવા શકિતવાન નિવડતાં જાય છે કે તેનાં ભવિષ્યનાં પરિણામનાં ખ્યાલથી રોમાંચ ઉભા થઈ જાય છે. વળી એ સુત્રને તિલાંજલી આપનારને ધર્મ ધિક્કારે, દેશ ફિટકારે, કુટુંબ લા'નત વરસાવે, ત્યારે પણ ધર્મને ધતિંગ સમજનારા, દેશનાં દ્રોહી થનારા અને કુટુંબનાં અંગારીયાઓ તો નિશદિન અમરવેલની પેઠે સર્વત્ર વધેજ જાય છે. આ એજ સુચવે છે કે ખુદા ન ખ્વાસ્તા ધર્મનો સૂર્ય અસ્ત પામે, દેશોદ્ધાર અસ્તાચારમાં જઇ પડે અને પ્રજાઓ અંધકારનાં ઉંડા ગોત્રમાં જઇ ગબડી પડે. આ બધી ભયંકર હોનારતો અને દહેશતનાક અકસ્માતો તેમજ જવલેહ આપત્તીઓમાંથી મુકિત પ્રાપ્ત કરવાનાં સરળ અને સુગમ માર્ગ દર્શાવતાં ફખરે દો આલમ (સ. અ. વ.) વ્યભિચાર, પાપાચાર, કામવાસનાઓની લોલુપ્તામાંથી ઉગરવા માટે હાથમાં આવેલ પરસ્ત્રીને પણ ખુદાના ડરથી જવા દઇ સ્ત્રીના શિયળનું પાલન કરનારનો બોલબાલા છેક ખુદાનાં ન્યાયિ દરબારમાં થવાની ગવાહી અને ખાત્રી આપે છે, છતાંયે પૈસાની ધૂનમાં કે સત્તાનાં કેફમાં કે શારિરીક શકિતના મદમાં મસ્ત બની વ્યભિચાર કરનાર પશુ–ઈન્સાનની પાયમાલી અને અધોગતિ થાય તો તેમાં નવાઇજ શી ?!

જાનમાલ તેમજ ઇજ્જત આબરૂનું સત્યાનાશ કાઢનાર મદ્યપાન વિષે એક ઉર્દુ શાયર કહે છે કેઃ—

ઝવાલે અકલે બશર હય શરાબ ખાના ખરાબ,
કમાલ ફિતના વ શર હય શરાબ ખાના ખરાબ.
ખબાસતોંકા શહર હય શરાબ ખાના ખરાબ,
નજાસતોંકા સમર હય શરાબ ખાના ખરાબ.
જહાંમે ઇસસે બૂરી ચીજ કોઇ ઓર નહીં,
હર એક બૂરાઇકા ઘર હય,શરાબ ખાના ખરાબ.
હવાસો હોશ ઉડા દેતી હય, યેહ ઇન્સાં કે,
અદૂયે ઇલ્મો ખબર હય, શરાબ ખાના ખરાબ.
દીલો દીમાગકી દુશ્મન હય, ફેફડેકી અદુ.
ઝેમુફસીદાતે જીગર હય, શરાબ ખાના ખરાબ.
તમીઝ રહેતી નહીં નેકો બદકી, ઇન્સાંકો,
મુખલ્લે હિસ વ નઝર હય,શરાબ ખાના ખરાબ.
બહાદુરોંકો બના દેતી હય, યેહી બુઝ દિલ,
શિકશ્તે ફતહો ઝફર હય, શરાબ ખાના ખરાબ.
તબાહ કરતી હય ઇન્સાંકે, દિનો–દુનિયાકો,
જ્યાને દૌલતો ઝર હય, શરાબ ખાના ખરાબ.
ખરાબ હોતા હય ઇન્સાન, ઉસ્કે પીનેસે,
બડી હલાક અસર હય, શરાબ ખાના ખરાબ.
કરે નહીં કોઇ ઇસ્કી, ખરાબીયોંકા શુમાર,
તબાહીયોંકા નગર હય, શરાબ ખાના ખરાબ.[કાઝમી [

૭૫ અલ્લાહ પાકનાં સોગનકે તમો ફકીર— તદ્દન ગરીબ થઇ જાઓ તેની મને ચિંતા નથી; અલબત ચિંતા છે તે એ વાતની કે દુનિયા તમારા ઉપર વિશાળ બની જશે, જેમ તમારા પહેલા જગતજનો ઉપર એ વિશાળ થઈ, પછી તમે તેનાં ચાહક અને મોહક બની જશો, જેમ અગાઉનાં લોકો દુનિયાને ચાહનારા—માનનારા થયા; એ દુનિયા તમારો કચ્ચરઘાણ વાળી દેશે, જેમ આગલા લોકોને તેણે હલાક કરી દીધા.

(મોહ, માયા મત્સર અને લોભનો ત્યાગ કરવો એટલે દુનિયાની કારી દુનિયાવસી ઉપર નહીં ચાલે.)

૭૬ પાંચ વસ્તુઓને પાંચ વસ્તુઓ મળ્યાં પહેલાં ગનીમત સમજવી તે આ છે ૧ યુવાવસ્થાને વૃધ્ધાવસ્થા અગાઉ ઇશ્વરી કૃપા સમજવી (કારણ કે વૃધ્ધાવસ્થામાં શરીર સુખાકારી ગૂમ થવાની, શરીરનાં અવયવો કમજોર અને બળહિન થવાનાં, ઉમંગો અને ઉલ્લાસ ઘટી જવાના, સ્ફુરતી અને ચાલાકી અદ્રસ્ય થવાની, કાયા ભારરૂપ થવાની આદિ અનેક નિર્બળતાઓ અને અશક્તિઓનું જોર દિન પ્રતિદીન વધવાનું એતો દીવા જેવું ચોકખું છે તો પછી યુવાવસ્થા કે જેમાં ઝીંદગીનાં ઉમદા જવહેરો સમાયેલાં છે અને જે એક પછી એક ક્રમે જળહળી ઉઠે છે તેને કાયાનું કલ્યાણ સાધવા

યાને પરમાર્થી કાર્યો કરવા, જનસેવા બજાવવા, કોમને પડખે ઉભા રહેવા, દેશોદ્ધારમાં ભાગ લેવા, મઝહબને દિપાવવા, મઝહબી કાર્યો કરવામાં અને નિરાધારો તેમજ અશક્તોની વારે ધાવામાંજ નહીં પરંતુ ઘરમાં ખોટા અને ખરચાળ બલકે પાપી અને નિર્લજ રસ્મો રિવાજને જડમુળથી ઉખેડી ફેંકી દેવામાં, સમાજનાં સડાઓની ગંદકી નાકે ડુચા દઇ મોં ફેરવી કાયર બની બરદાશ કરવાને બદલે એ દુર્ગંધને જોશ અને ઉત્સાહ તેમજ મક્કમતા અને નિડરતાનાં ગાડે ગાડા ભરી એક ઠેકાણેથી તો શું પણ શહેર તમામ બલકે દેશ આખામાંથી ઘસડી લઇ જઇ દરિયામાં જળ-સમાધિ કરાવવામાં અને તેમ આચરણ આદર્યા પછી એ પવિત્ર આ દેશની સફળતા માટે પોતાનાં બીજા જુવાન વિરલ ભાઇયોમાં સંગઠન સ્થાપી એક દીલથી કાર્યની સિદ્ધિની પાછળ યાહોમ કરી મંડી જઇ અને અમુલ્ય ખજાનો હાથ ધરવા શકિતમાન અને બહેરા-વર બનાવવામાં, જુવાની ને વૃદ્ધાવસ્થા અગાઉ કામમાં લે એજ નરરત્ન અને એના માટે યુવાની વૃદ્ધાવસ્થા અગાઉ મહાલક્ષ્મી ગણાય, પણ કુતરા પેઠે પેટ ભરી અહીં તહીં રખડી કુટુંબને કે નાત જાતને કિંવા પ્રજાને અથવા ઇસ્લામી આલમને ભાર રૂપ

થઇ ઝીંદગી ગાળનારને માટે યુવાની એ એક ભયંકર શ્રાપ સમાન સમજવી.) ૨. શરીર સુખાકારી તંદુરસ્તીને બિમારી પહેલાં ગનિમત ગણવી, (કારણકે શરીર સુખાકારી સિવાય પરમાર્થીક, સંસારિક, ધાર્મીક નૈતીક કિંવા શારિરીક, કાર્યો મનમાનતાં થવાં દુર્લભ બલ્કે અશક્ય સર્વત્ર સિદ્ધ થાય છે, એમ અનુભવ સૌને બતાવે છે, તો પછી બિમારીમાં સપડાઇ પથારી વશ થઇ તકલીફ ભોગવી પિડા સહી પ્રત્યેક પ્રકારે પારકી સહાયતાની મોહતાજગી ભોગવી સુખી મટી દુ:ખી સ્વતંત્ર મટી પરતંત્ર થવાનાં નજદિકનાં ભાવિને ઉકેલ અગાઉથીજ કરી તંદુરસ્તી, જેનાં માટે કહેવાય છે કે **પહેલું સુખ તે જાતે નર્યા**, વળી બીજાઓ કહે છે કે:—**તંદુરસ્તી હજાર ન્યામત** અને ત્રીજાઓ કહે છે કે:—**કદ્રે આફિયત કસે દાનદ કે બમુસિબતી ગિરફતાર આયદ**—આરોગ્યની કિંમત એજ આંકી શકે છે જે માંદગિ ભોગવે. આમ જ્યારે સર્વત્ર તંદુરસ્તીના સુત્રને સર્વ પ્રજા ખુલ્લા દિલે સ્વીકાર કરી તેનાં સ્વાગત અને માવજત માટે માલ મિલકતને છુટા હાથે ભોગ આપવા તૈયાર અને તત્પર રહે છે વળી તંદુરસ્તીની ચાહનાં અને ઝુરૂરત બાળ, યુવાન, વૃદ્ધ, ગરિબ, તવંગર, સ્ત્રી, પુરૂષ પ્રત્યેકને

એક સરખી સર્વ સ્થીતિમાં સર્વકાળે અને વળી સર્વ ઠેકાણે છે ત્યારે પછી તંદુરસ્તીની સાચવણ પારકાનાં દુઃખી થવામાં અને માંદાઓની માવજત કરવામાં કામ લેનાર અને તેમ કરી પરમાર્થી તેમજ ધાર્મિક કાર્યોમા પરે વાય તેમજ નૈતિક અને શારિરીક કૃત્યોથી પબ્લીક સેવા બજાવવા ફળિભૂત થનાર માટે અભિનંદન પણ શરીરની લ્હેણા દેણીથી ફુલાઇ મદમસ્ત બની પોતાની માનવતાનો નાશ પોતાના હાથે કરવા શરીર જોમમાં અંધ બનિ પશુવૃતીની તૃપતિ માટે કમર કસનાર તંદુરસ્ત ઇન્સાન નહીં પણ ખરે-ખર હયવાન, અને તેવા **ઇન્સાન હેવાનને ફીટકાર** ધિક્કાર, અને લાંનત અને સાચું પૂછો તો એજ નર અધમ.)

૩ શ્રીમંતાઇ ને ગરીબાઇ અગાઉ મૂલ્યવાન ગણવી કારણ કે શ્રીમંતાઇ પાછળ ગરીબાઈ એવી છાનીમાની દોડતી આવી પહોંચે છે કે ગરિબાઇ શ્રીમંતાઇનું સ્થાન જોતજોતામાં પડાવી લઇ તેને હડધૂત કરી બાવડે ઝાલી કાઢી મૂકે છે કે ન પૂછો વાત. શ્રીમંતાઈના માલિકો જોત જોતામાં ફના ફાતિહા થઇ એક ખૂણે બે ખબર જઇ ભરાઇ બેસે છે કે તેઓ કયારે હતા ન હતા થઈ ગયા તેનો પત્તો પણ મળતો નથી. પછી એ શ્રીમંતો

બહાર નીકળે છે તો તેમના તરફ બેદરકારી સિવાય કોઇ ઉંચી નઝર કરીને જોતુંયે નથી તો પછી તેમનો ભાવ તો કયાંથીજ પૂછાય; છતાં શ્રીમન્તો પોતાની શ્રીમંતાઇમાં મુગ્ધ અને લુબ્ધ બની ગરીબો પ્રત્યે એવા તો બેદરકાર લાપરવા અને નિષ્ઠુર બની બેસે છે કે તેમનાં હૃદયો ધનનાં મોહનાં લીધે સાવ દયાહિન બની ગરિબોની હાય લેવી કે તેમને દાદ ન દેવી એ તો તેમને મન છોકરાઓની રમત થઇ પડે છે. પણ એ ગરીબોની હાયને માટે ખુદાઇ સહાય કેવી અલૌકીક અને ચમત્કારિક છે કે તે હાયની જ્વાળાથી શ્રીમંતાઇ બળી એક પળવારમાં ખાક થઇ જાય છે તેનું ભાન કે તેની શાન લેશ માત્ર શ્રીમંતાઈ ટાણે ચેતીજ નથી, પણ શ્રીમંતાઇ પોબાર ગણી ગયા પછી ગરિબાઇ માથે સ્વાર થઇ બેઠા પછી પશ્ચાતાપ અને હાય અફસોસ કરે કાંઇ ન વળે, કારણ કે એ તો **રાંડયા પછી ડહાપણ** ગણાય. માટે કડક બંગાલી બાણુ બનવા અગાઉ કે કડકા બાલુસ થઈ જવાં પહેલાં ખુદાવંદ કરીમે પોતાની કરિમી અને મહેરબાનીથી નવાઝેશ કરેલ શ્રીમંતાઇમાંથી સ્થળે સ્થળે ઇલ્મનાં ધામની સ્થાપના કરવી, હુન્નર ઉદ્યોગની શાળાઓ ચલાવવી, નિરાધારોની નિરાધાર અવસ્થાને સ્વાશ્રીય સ્થીતિમાં ફેરવવી, યતિમ

—અનાથોનાં ભરણ પોષણ કરી તેમનાં ભાવિ સુધારવાનાં ઉપાય યોજવા, રાંડી રાંડો અશક્ત અને લાચારોની દસ્તગીરી કરવી, સમાજ સુધારણા પાછળ મહેનત અને મશકતથી કામ કરવું, ગરિબાઇ ફીટાડવામાં અને કંગાલિયત વિદારવામાં, અને દેશને આબાદ અને સુખી કરવામાં વિગેરે અનેક કાર્યો કરવાં. જો શ્રીમંત ભૂલે તો પછી એનાં જેવો બીજો કમભાગ્ય અને બદનસિબ બીજે કયાં ગોતવા જવો ? આ ફર્ઝો ચૂકે તે શ્રીમંતને એવી શ્રીમંતાઇ આવકાર દાયક તો નજ લેખાય. બલ્કે પોતાની ભવિષ્યની પાયમાલી અને ખાના ખરાબીને નોતર નારીજ ગણાય, અલ્લાહ ધન દે તે અગાઉ દિલ [ઉદારતા] દે, કારણ કે **તવંગરી બ દીલ અસ્ત ન બમાલ.** માલ મળવા સાથે ઉદારતા ન આવે, તો પછી મખ્ખીચૂસ મારવાડી થયા વગર એ ધનિકનો આરો કેમ આવે ? એટલે ગરિબાઇ પહેલાં શ્રીમંતાઇનો સદઉપયોગ ન કરી જાણે યાને **સખીકી કમાઇમેં સબકા હિસ્સા,** ના સુત્રનો સ્વીકાર ન કરી બતાવે તેનાં જેવો અક્કલહિણુ અને લોભીદાસ બીજો કોણ હોઇ શકે.

૪ ફુરસદ (નીવૃત્તિ) ને કામકાજ (રોકાણ) પહેલાં મહાલક્ષ્મી ગણવી (કારણકે વ્યવસાયની

નિયમિતતાની જાળવણી બલકે ગુંથણી એવી ગુંથાવી જોઇએ કે નક્કી વ્યવસાયને આખુએ આટોપી લેવા છતાંયે નિવૃત્તિ તો એટલી બધી પ્રાપ્ત થતી રહે કે બીજી અનેક વૃત્તિઓનાં રોકાણ અને દબાણને ખુશીથી પહોંચી વળવાને અવકાશ તો સદાયે સામેને સામેજ આવી ઉભો રહે પણ કામ કાજમાં જેને નથી નિયમિતતા કે નથી આવડત કે નથી ચાલાકી કે નથી સ્ફુરતી તેને તો નિવૃત્તિનો અભાવ બલકે તોટો, અરે બલકે દુષ્કાળ પડે તો તેમાં પછી વાંક કોનો? ચાલુ વ્યવસાય દરમિયાન ફુરસદ મેળવી અનેક પ્રવૃતિઓને પહોંચવા સમર્થ થનારને પછી નિવૃત્તિ માટે રોદડાં રોવાનાં બાકી નજ હોય છતાંય ચાલુ ધાર્મીક કે સંસારિક ડયુટિ બજાવવામાંથી ફાજલ સમય ન બચે તેની ભિતિયે નવરાશના સમયને હાથ વગો કરી લઇ સુકૃત્યો કરવામાં, નેકી કમાવામાં, નેકનામી વહોરવામાં ભલાઇ કરવામાં, બલકે પ્રત્યેક પ્રકારે પ્રથમ અન્યને અને પછી પંડને નવરાશનો લાભ આપવાનો અનોખો અવસર ગુમાવી આયંદા ચિંતા અને પરિતાપ ન વહોરી લેવાં પડે તેની અગમચેતી અને દુરઅંદેશાથી વકતની પાબંદી સાથે નિત્ય કાર્ય કરે જવું એ સમજુને સમજાવવું ન પડે. અરે! દૈનિક કર્તવ્યમાંજ એવા રચ્યા પચ્યા ન થઇ જવું કે રોજીંદા ડયુટિ

ઉપરાંત પણ બીજા અનેક કાર્યો કુટુંબીજનોને લગતાં પાડોશીયોને મદદરૂપ થવા, નાત જાતને ઉપયોગી નિવડવા, કોમી ખિદમતને અને મઝહબ તેમજ દેશ સેવા બજાવવાનાં કામકાજોને સંભાળી, સાચવી લેવા શકિત સંપાદન કરવા લેશમાત્ર અવકાશજ બાકી ન રહે બલકે રહે તે પણ બેપરવાહી, પ્રમાદ, આળસાઇ, **વાતે વડા કરવામાં** વેડફી નાંખનારને છેવટે પસ્તાવું પડે એ તો સ્વભાવિક બલકે કુદરતી છે, માટે નિવૃત્તિને વ્યવસાય પહેલાં ગનિમત ગણવા સમર્થ નિવડવા સાથે વ્યવસાયમાંજ બરાબર નિયમિતતા જાળવી લેવી ઘટે કારણકે એ કુદરતી જોડકાંમાંથી એકાદ (વ્યવસાય કે નિવૃત્તિ) જે ગુમાવી બેસે તેને પરાણે બીજું અંગ ગુમાવેજ છુટકો. કર્તવ્ય બરાબર બાકાયદા ચલાવી શકાય તે માટે અવકાશની ખાસ જરૂર છે. તેમજ અવકાશનો સદઉપયોગ લેવાય તોજ કર્તવ્ય બરાબર બજાવી શકાય, એટલે કે એક બીજા સિવાય એક બીજાનું કાર્ય સરે તેમ નથી. ફુરસદને કામકાજ અગાઉ મહાલક્ષ્મી ગણાય તોજ વ્યવસાય નભે, દિપે, અને ફળે.)

૫ આયુષ્ય (ઝીંદગી) ને મોત (મૃત્યુ) અગાઉ સુભાગ્ય સમજવું.

(જીવ જવું છે ખાલી હાથ, અંતમાં પાપ પુણ્ય સંગાથ)

કારણકે મૃત્યુ તો સામે ડોકીયાં કરી ઉભુંજ છે, તે હમણાંજ આવી વળગશે અને મનનું ધાર્યું મનમાંજ રહી જશે એમ સાચી સમજી સાવધ બની અને સાવચેત થઈ ના પાયદાર ઝીંદગીનો ભરોસો કે વિશ્વાસ કર્યા સિવાય દિની તેમજ દુન્યવિ કાર્યો નિયમિત દરરોજ બરાબર કરે જાય અને કાલનાં ભરોસે કાલ ઉપર બાકી ન રાખે, કોઇનાં દિલને એ ન દુભાવે, ઝીંદગીનું સાર્થક અને કલ્યાણ કરવા પોતાની દોલત, વિદ્યા, શકતીને કામમાં લે અને તેમ કરવામાં જીવતે જીવ સમર્થ અને શક્તિવાન નિવડે તેને માટે તેની ઝીંદગી મોત પહેલાં ગનીમત ગણાય. પણ પરમાર્થ, પરોપકાર, પર-દુઃખભજનતાના કાર્યો હાથ ધરવા ભવિષ્યનાં ભરોસે પડયા રહી ઝીંદગી બસર કરનારને મૃત્યુ તાણે હાય અફસોસ ! કરવાથી શું વળે ! વળે એજ કે એ હાથ ઘસતો રહે અને યમરાજ (મલકલ મોત) આવી તેને ઘસડી કબ્રને હવાલે કરી દે અને ત્યાં પછી **મુનકીર અને નકીર** નાં પ્રશ્નોના ઉતરો આપવા અશકત નિવડે અને પછી પોતાનાં કર્યા ભોગવે એવા માટે તો ઝીંદગી વબાલ છે.)

૭૭ સદ્બોધ, ભલાઇ અને નીતિ એનું નામ તે ધર્મ.

નિતી કેરી શિખ દેતાં એક કવિ કથે છે કેઃ—

અરે ! આલમ તણા પંથી સદા સુકૃત્ય તું કરજે,
ધરીને શુદ્ધતા હૃદયે, નીતીને પંથ સંચરજે. ૧

દિસે આવેલ એ સડકે, કૃપા તરૂઓ પ્રભુજીનાં,
વળી સુકૃત્યો છોડો, પર, સુખોનાં પુષ્પ લટકતાં. ૨
અરે ! આલમ તણું સ્વપ્નું, ખરેખર છે ઘડી ભરનું,
ફરજ તારી અદા કરી લે, તું તારો પાઠ ભજવીને. ૩
ગરિબોને દિધો આશ્રય, કર્યું કંઇ દેશને કાજે,
ભલાઇ જે કરી ભવમાં, જવાનું એ લઇ ત્હારે. ૬
અરે ! માટે બધું છોડી, પ્રિતિ પરમાત્મથી જોડી,
અનિતી બંધનો તોડી, નિતીને પંથ સંચરજે. ૭
પિદર, માદર સ્વસા, પત્ની બિરાદર સહુ કહેવાનાં,
નથી એ કોઇ ત્હારાં ને, નથી તું એ કુંટુંબીનો. ૮
અચિંત્યું આવશે તેડું, ઉપડવાનું જહાંમાંથી,
રહે તૈયાર ચેતીને ફરજ તારી અદા કરીને. ૯ (મજેલ)

૭૮ અલ્લાહથી ડરો, પાંચ વકતની નમાઝો પઢો, રમઝાન માસનાં રોઝા રાખો, માલોની ઝકાત ખુશીથી આપો, હાકિમની ફરમાં બરદારી કરો એટલે પોતાનાં માલિકની જન્નતમાં દાખલ થશો.

૭૯ જે મુસલમાનોનાં માર્ગમાંથી કોઇ તકલીફની વસ્તુ (કાંટો કાચ, પત્થર વિગેરે) ને દુર કરી દેશે તેનાં માટે નેકી લખવામાં આવશે, જેની નેકી કબુલ થશે તે જન્નતમાં જશે.

૮૦ ન ચાલતાં રસ્તામાં બેસવું પડે તો રસ્તાનાં હક્ક બરાબર જાળવજો ત્યાં તમારી નજર નીચી રાખજો

કોઇને ઇજા ન પહોંચાડજો, ભલાઇ માટે હુકમ આપો, બુરાઇથી મના કરવી અને રસ્તો ભુલેલાઓને રસ્તો બતાવવો.

[મુસલમાન–સલાહ સંપનો પોષક–સલામતીનો ચાહક–શાન્તીનો સ્થાપક–સમાનતાનો ઉપાસક–ભ્રાતૃભાવનો પ્રચારક–સહનશિલતાનો વાહક–ઐકયતાનો પાલક–બુર્દબારીનો અલમ બરદાર–હમદર્દીનો સંચાલક તો હોય તેને ભાઇ ભાઇનો બહિષ્કાર કિંવા અસહકાર ભલા શોભેજ કયાંથી ?! તેણે તો જનાબ **શેખ અબદુલ હકીમ** સાહબના કથન અનુસાર અમલ કરી પોતાનું કુદરતી ઇસ્લામી ગૌરવ દીપાવવા વાણી અને વસ્તુ તથા જાન અને માલથી હર વકત કટિબદ્ધ થઇ આગળ આવવુંજ બાકી.]

ઝર્રે[1] હો તો જમ જાઓ કે સહરા[2] નઝર આઓ !
કતરે[3] હો તો મિલ જાઓ કે દરિયા નઝર આઓ !
બિખરે[4] હો તો સિમટ[5] જાઓ કે તમાશા[6] નઝર આયે !
યક જાઇએ અન્જુમકા[7] નઝારા[8] નઝર આએ !

* * *

જો નકશ[9] તુમ્હારા હો, વો જમતા નઝર આએ !
તનઝીમકી[10] ફિર શાન, દુબાલા નઝર આએ !

---

૧ રજકણો. ૨ રણ. ૩ બિન્દુઓ. ૪ વિખુટા, છિન્નભિન્ન ૫ ભેગા, જોડેલા. ૬ દ્રશ્ય. ૭ તારાઓ. ૮ દેખાવ. ૯ છાપ. ૧૦ સંગઠન.

જો હર્ફ[11] હો બિખરે, ઉન્હે તહરીર[12] બનાદો !
ટુટી હો જો કળિયાં, ઉન્હે ઝન્જીર[13] બનાદો !
તખરીબકે[14] આસારકો,[15] તઅમીર[16] બનાદો !
ઝુલ્મતકી[17] હરએક, મવજકો તનવીર[18] બનાદો !
ઝિલ્લતકો[19] બદલ દો, ઉસે તવકીર[20] બનાદો !
જો ધાત હો ખોટી, ઉસે અક્સીર બનાદો !

*   *   *

દિલસે સૂનો અહકામકો[21] કુરઆનકે ઉઠ્ઠો !
મિલ્લતકા[22] જો હય ફર્ઝ ઉસે પહચાનકે ઉઠ્ઠો !
અલ્લાહકા જો હક હય, ઉસે જાનકે ઉઠ્ઠો !
જો હુકમ પયમ્બર હય, ઉસે માનકે ઉઠ્ઠો !
"ફર દેંગે બહમ[23] જમ્અ, સબ અજઝાઓ[24] પરેશાં !"[25]
બસ યેહી ઇરાદા હય, ઇસે ઠાનકે ઉઠ્ઠો !

(નિદાએ મિલ્લત)

૮૧ જ્યારે તમો કોઇ બિમાર માણુસને જોવા જાવ, ત્યારે તેના આયુષ્યની વૃદ્ધિ માટે જરૂર દુઆ કરો કેમકે એથી બિમારનું દિલ ખુશ થાય છે.

---

૧૧ અક્ષર. ૧૨ લખાણુ. ૧૩ સાંકળ. ૧૪ વેરાન. પડેલો ભાગ. ૧૫ ચિન્હો. ૧૬ બાંધકામ. ૧૭ અંધેર, અંધકાર. ૧૮ જ્યોતી. ૧૯ નામોશી, હલકાઇ. ૨૦ નામના. કીર્તિ. ૨૧ આજ્ઞાઓ. ૨૨ પ્રજા. ૨૩ એકસાથી. ૨૪ અવયવો. ભાગ. ૨૫ આકુળ વ્યાકુળ, છિન્નભિન્ન, વેર વિગેર.

૮૨ જે લોકો મરી ચૂકયા છે તેમની નેકીઓ વર્ણવો, અને બુરાઇઓથી જીભને રોકો.

૮૩ મઝલુમ-પીડિતની બદ દુઆથી બચો, જો તે કાફિર પણ કેમ ન હોય.

મઝલુમનો નિસાસો કેવો ભયંકર છે તે માટે હ૦ સઆદી (રહે) 'કરીમા' માં કહે છે કે:-

સિતમકશ ગર આહે બર આરદ ઝે દિલ

(સિતમ રસીદા અગર એક આહ બર લાવે દિલસે)

ઝનદ સોઝે ઊ શોઅલા દર આબો ગિલ

(મારે સોઝિશ ઉસ્કી શોઅલા પાની ઔર મિટ્ટીમેં)

૮૪ મુસલમાન માટે યોગ્ય નથી કે તે બીજા મુસલમાનથી ત્રણ દિવસ કરતાં વધુ નારાજ રહે અને તેનો બહિષ્કાર કરે.

૮૫ જેણે પોતાના ભાઇની સાથે એક વર્ષ સુધી મળવું મુકી દીધું, તે એવો છે કે જાણે તેણે ભાઈનું ખૂન કીધું.

૮૬ જેમાં અમાનત નથી, તેનું ઇમાન નથી; અને જેમાં વાયદો પુરો કરવાનો ગુણ નથી તેનો કોઇ દીન નથી.

૮૭ अ હરામ વસ્તુઓથી દૂર રહો, તમો સૌ લોકો કરતાં મોટા **આબીદ** બની જશો, ब અલ્લાહ તરફથી જે કાંઇ મળે છે તેના ઉપર રાજી રહો. તમો બધા લોકો કરતાં મ્હોટા સંતોષી-**સાબિર** થઇ જશો, क પોતાના

પાડોશીઓ સાથે સુલૂક કરો; તમે મોમિન બની જશો, ૬ બીજા લોકો માટે પસંદ કરો જે પોતાને માટે પસંદ કરો છો, તમો મુસ્લિમ કહેવાશો ૬ વધુ હસ્યા ન કરો, વધારે હસવું દિલને દુર્બળ કરી દે છે.

૮૮ હું તે માણસને જન્નત અપાવવાની ઝામીનગીરી લઉં છું જે મને આ વાતની ઝામીનગીરી આપે કે તે લોકોની પાસે સવાલ કરશે નહિ.

૮૯ પોતાના હાથથી કમાયેલી રોઝી કરતાં કોઇ રોઝી સારી નથી. દાઉદ નબિ (અ. સ.) ખૂદ પોતાના હાથે પોતાની રોઝી કમાતા હતા.

૯૦ ત્રણ માણસો એક જગ્યાએ બેઠા હોય તો બે માણસોએ આપસમાં છાની છાની વાત ન કરવી જોઇએ કેમકે એનાથી ત્રીજા માણસનું મન દુભાશે.

૯૧ ઈમાનદાર—શ્રદ્ધાળુ—બન્દો પોતાના ગુન્હાને એવી રીતે જોય છે કે જાણે તે એક પહાડ નીચે છે, જે તેના ઉપર પડવાની અણી ઉપર છે. અને બદકાર—કુકર્મી પોતાના ગુનાહને એવી રીતે જાણે છે કે જાણે એક માખ તેના નાક ઉપર બેઠી છે કે જે હાથ હલાવતાં ઉડી જશે.

૯૨ કયામતમાં દરેક આંખો અશ્રુપાત કરશે, પરંતુ તે

આંખ્યો સિવાય કે જે નામહરમોને લગ્ન ગાંઠથી જોડાવા મના છે તેમને જોવાથી બચી રહી હોય અને તે આંખ કે જે અલ્લાહના માર્ગમાં જાગૃત રહી હોય.

૯૩ ખબરદાર થાઓ (કે) કોઈ શખ્સ કોઇ અવરત પાસે રાત્રી ગાળે નહિ જ્યાં સુધી કે તેણીનો મહરમ*ન હોય અથવા નીકાહ ન કરી લે.

૯૪ જાનદાર ચીજનો ફોટો લેવો હરામ છે. હકતઆલા કયામતના દિવસે ફોટો ખેંચનાર ને ફરમાવશે કે તું મારી બરોબરી કરવા માંગતો હતો. આ ફોટાઓમાં જાન નાખ માટે રૂહ રાખનાર વસ્તુઓનો ફોટો ન લે બેશક વગર જાનની ચીજોનો ફોટો લઇ શકે છે, અને એથી રોઝી કમાઇ શકે છે.

૯૫ જે માણસો ખાતા હોય તેઓને સલામ ન કરવી જોઇએ, અને કોઇ તેઓને સલામ કરશે તો ખાનારાઓ પર જવાબ દેવો જરૂર નથી.

૯૬ (૧) વિશ્વાસઘાતી પુરૂષ અને બેઈમાન સ્ત્રી ૨ વ્યભિ-

---

* મહરમ=માતા, બ્હેન, ભત્રીજી, ખાલા,-માશી, પુત્રી, સાસુ, દાયા,-દૂધ પીવડાનારી, નાની, ભાણેજ, બે બ્હેનો એક સ્થળે (નકાહમાં,) આંગળીઆત દિકરી, પૌત્રી, ફૂઈ દિકરીની દિકરી જેમની સાથે લગ્ન ગાંઠથી જોડાવા ધર્મ મના કરે છે.

ચારી પુરૂષ અને બદકાર સ્ત્રી ૩ શત્રુની પોતાના શતરૂ માટે ૪ ગામડીઆની શહેરી માટે શાક્ષી લેવી જાયેઝ નથી, (ગામડીઆ ધર્મ અને શાક્ષીનાં કાનુનોથી અજ્ઞાત અજાણ્યો હોય છે) એ વ્હારે વિશ્વાસ કે શાક્ષીને પાત્ર નથી.

૯૭ સંકટની બૂમ સાંભળી સંકટ નીવારવા નિમીતે ઘોડા ઉપર બેસી પોતાનાં મૃત્યુના ભયની પરવા કર્યા વગર સંકટમાં સપડાયેલાની તાત્કાલીક શોધખોળ કરી તેને ભયમાંથી મુકિત અપાવનારે જીંદગી ઉત્તમ રીતે જીવી જાણી.

૯૮ અલ્લાહ રસુલને માનનાર મુસ્લિમનું ખૂન કરવું ઇસ્લામમાં જાયેઝ નથી આ ત્રણ સિવાયઃ—(૧) સોંદર્યનાં કારણે વ્યભિચાર કરનારનો પત્થરોના પ્રહારથી પ્રાણ હરવો. [૨] બહારવટું ખેડનાર, બંડ જગાડનાર કિંવા ધાડ પાડનારને જાનથી ઠાર મારવો કિંવા ફાંસી દેવી અથવા જેલને હવાલે કરવો. ૩ ખૂન કરનાર ખૂનીનું ખૂન કરવું–ખૂનનો બદલો ખૂન.

૯૯ ખરાબ એ છે કે જે ભોજન વખતે બીજાને ભોજનમાં શરિક ન કરતાં એકલપેટી થઇ નિત્ય ખાય, ૨ ગુલામોને માર મારે ૩ બીજાનું ભલું ન કરે ૪ મનમાં કપટ રાખે ૫ ખરાબ સ્વભાવ હોય ૬ લોભીદાસ હોય

૭ જેની બૂરાઇથી લોકો ડરે અને ૮ જેની ભલાઇની લોકોને આશા ન હોય.

૧૦૦ ૧ બાપ દીકરામાં ૨ ભાઇ ભાઇમાં ૩ મા દીકરીમાં ૪ ભાઇ બ્હેનમાં ૫ સગાંસંબંધીઓમાં વીરોધ પડાવે કે ફાટફુટ નાખે કે વિક્ષેપ કરાવે એ નર અધમ-પશુ તુલ્ય છે.

(નિફાકની ભયંકરતાથી સવેળા ચેતી સાવધ થઇ ફાટફુટની કુટીલતાથી દૂર થઈ હઝરત **આઝાદ સાહબ** કશ્મીરી સાહબની નઝમ શ્રવણ કરી મુસલમાનોની કૌમી, ઇલ્મી, તેમજ દીનની છિન્ન ભિન્નતા અને વેર વિખેરને ફરીવાર વ્યવસ્થિત થઈ જવાના આમંત્રણને સહહૃદયે સ્વીકારો)

મુસલમાનો! નિફાકો[1] બુગ્ઝસે[2] બેઝાર હો જાઓ!
શરાબે 'ઇખ્વતુન'[3] કે જામસે[4] સરશાર[5] હો જાઓ!
મચાદો ગુલગુલા[6] હક્કા, સદાકતકા[7] ઝમાનેમેં,
રગે બાતિલકે[8] હકમેં, તેગ[9] જવહરદાર[10] હો જાઓ!
સબક ઇસારકા[11] લો, **કરબલા** કે જાં નિસારોંસે;[12]

૧ કુસંપ ૨ દ્વેષ ૩ ભ્રાતૃભાવ ૪ પ્યાલો ૫ ચકચૂર-મસ્ત ૬ શોર ૭ સચ્ચાઇ ૮ અસત્ય ૯ તલ્વાર ૧૦ પાણીદાર ૧૧ ભોગ, બલીદાન ૧૨ પ્રાણની આહુતી દેનારા

શુજાઅતમે[૧૩] મિસાલે, **ખાલીદ** જર્રાર[૧૪] હો જાઓ!
ન છોડો અપને હાથોંસે, કભી દામન શરીઅતકા,[૧૫]
ઉસુલે[૧૬] દીનકે તુમ દિલસે; પયરવકાર[૧૭] હો જાઓ!
અગર દુન્યામેં રહના હય તુમ્હેં બાઆબરૂ હોકર,
રિદાયે[૧૮] ખાબે[૧૯] ગફલત, ફેંક દો બેદાર હો જાઓ!
ઝમાના અબ નહીં બાકી, રહા બાતેં બનાનેકા;
મુસલમાનો અમલકે[૨૦] વાસ્તે તૈયાર હો જાઓ!
જબીનોંસે[૨૧] મિટા ડાલો, નશાને ઝિલ્લતો[૨૨] ખારી;[૨૩]
સઆદતમંદ[૨૪] બન જાઓ, નિકો[૨૫] કિરદાર[૨૬] હો જાઓ!
જો રાઝે[૨૭] 'લયસ લિલ ઇન્સાનિલ્લાહ મા સઆ'[૨૮] સમઝો!
મસાઇબકે[૨૯] સમન્દરસે, યકીનન પાર હો જાઓ!
મંય અયસી ઝિન્દગીકો, મવતસે બદતર સમજહતા હું,
મુસલમાં હોકે તુમ, મિન્નત[૩૦] કશે કુફ્ફાર હો જાઓ!
કરો ફિર યાદ વો ભૂલા હુવા દર્સે[૩૧] જહાંગીરી,

---

૧૩ શુરવીરતા ૧૪ લશ્કરને ધ્રુજાવનાર ૧૫ મજહબ ૧૬ મૂળ સિદ્ધાંતો ૧૭ વર્તનારાઓ,માનનારાઓ,ચાલનારાઓ ૧૮ ચાદર ૧૯ નિદ્રા, સ્વપ્નું ૨૦ કર્તવ્ય પરાયણતા ૨૧ કપાળ, લલાટ ૨૨ અંધેર ૨૩ હલકાઇ ૨૪ ભાગ્યશાળી ૨૫ શુભ, ભલાં ૨૬ કર્તવ્યશાળી ૨૭ ભેદ, રહસ્ય ૨૮ એ કુરઆનિક અધ્યાયનો અર્થ એ છે કે 'મનુષ્યોને તેનાં કર્મોનાં ફળ વિના અન્ય કશું મળતું નથી.' ૨૯ વિંટબણાઓ ૩૦ ઉપકૃત અહેસાનમંદ ૩૧ બોધ, શિખામણ

કે જિસકે દમસે કાબિઝ[૩૨] **ચીન** તા **તાતાર** હો જાઓ !
લડા દો હિફ્ઝે નામૂસે, મુહમ્મદકે લિયે જાં તક,
કટા કર અપના સર, ઇસ રાહમેં સરદાર હો જાઓ !
અગર મન્ઝૂર હય તુમ્કો ઇઆદા[૩૩] અહદે[૩૪] રફ્તા[૩૫] કા,
ઉઠો 'તન્ઝીમે[૩૬] મિલ્લત'[૩૭] કે લિયે તૈયાર હો જાઓ !
દિખાદો જવ્હરે મરદાનગી,[૩૮] 'આઝાદ' ! દુન્યાકો,
બુઝુર્ગોંને સલફ્કી[૩૯] તર્હ ફિર ઇક બાર હો જાઓ !

(નિદાએ મિલ્લત)

૧૦૧ કયામતના દીવસે ખુદાના અર્શ સિવાય બીજે કોઇ પણ ઠેકાણે છાંયો વિશ્રાંતિ નહીં મળે ત્યારે સાતજણ ખુદાના અર્શના છાંયા તળે વિશ્રાંતિ મેળવશે જેવા કે ૧ ન્યાયપસંદ સરદાર ૨ યુવાની દીવાનીનાં ટાણે જે જુવાન ખુદાની બંદગીમાં મશગુલ રહે તે ૩ જમાત સાથે નમાઝ માટે હરવખ્ત ઇંતેઝાર રહી જેનું દીલ મસ્જિદમાં લાગેલું રહે તે ૪ બે માણસો જે ખુદાને વાસ્તે આપસમાં પ્રેમ રાખે જુદાં પડે તો પણ એ પવિત્ર પ્રેમથી અને ભેગાં થાય ત્યારે પણ એ નીખા-

---

૩૨ કબ્જો કરનાર, ધણી ૩૩ પુનરાવર્તન ૩૪ કાળ, સમય ૩૫ ભૂત, ગયેલો ૩૬ સંગઠન ૩૭ પ્રજા ૩૮ બહાદુરી, શૌર્ય ૩૯ અગાઉના, થઈ ગયેલા, પ્રાચીન, પૂર્વજ.

લીસ પ્રેમથી, હરઘડી પવિત્ર પ્રેમમાં સાબિત રહે ભલે પછી વીખુટાં હોય કે એક સાથે ૫ કોઇ પૈસાપાત્ર આબરૂદાર સૌંદર્ય સંપન્ન સ્ત્રી પાપી વાંચ્છનાની તૃપ્તિ ખાતર કોઇ શખ્શને બોલાવે અને તે માણસ ખુદાના ખોફથી ડરી જઇ તેની કનિષ્ઠ માગણીને ઠોકરે મારે ૬ ખેરાત કરનાર એવી રીતે ખેરાત કરે કે જમણાં હાથથી શું અપાયું તેની ડાબા હાથને ખબર પણ ન પડે અને ૭ પોતાનાં ઘરની અંદર ખુદાની યાદ કરતાં જેની ચક્ષુઓમાંથી ખુદાના ખોફને લીધે આંસુ ટપકે તે.

૧૦૨ જે બીજા ઉપર મહેરબાની કરે છે તેના ઉપર અલ્લાહ પોતે મહેરબાન થાય છે. જે અન્યજનો ઉપર દયા ભાવ નથી રાખતો તેના તરફ અલ્લાહ પણ મહેરબાની નથી કરતો. [કરે તેવું પામે; વાવે તેવું લણે. ઇસ હાથસે દે; ઉસ હાથસે લે.]

૧૦૩ જે ક્રોધને વશ થાય છે તે છેક દોઝખના કાંઠે જઇ પહોંચે છે.

[ક્રોધને શરણ થનાર પોતાની બુદ્ધિ ગુમાવે છે, ભાન ખોઇ બેસે છે શુદ્ધિથી હાથ ધોઇ નાખે છે. એટલે ગાંડાનો ભાઇ ઘેલો બની ન બોલવાનું બોલે છે

બકવાટ કર્યે જાય છે અને હાથે કરી માથે આફત વ્હોરી લે છે. કોઇ કોઈ વાર ક્રોધાવેશમાં ન કરવાનું એવું કરી બેસે છે કે જેનો પસ્તાવો તેને જીન્દગી સુધી થયા કરે છે કે જેનો ઇલાજ તેના મનુષ્યાવતારમાં ફરી કદી પ્રાપ્ત થતો નથી. અને એટલા માટેજ ક્રોધને હરામ—નિષેધ ઠરાવેલ છે. અને એતો દેખીતું છે કે હરામને પડખે ચઢી હરામી થનારને દોજખને ભેટયા વગર તો તેનો આરો આવેજ કયાંથી? ક્રોધના ભૂતને માથા ઉપર સવાર કરી ભમનારા પણ ભૂતજ બને છે. અને એ ભૂતના પ્રતાપે પોતાની અર્ધાંગનાને પણ છુટા છેડા—તલાક દઇ દે છે. જીવથી પ્યારાં બચ્ચાંઓને યમ શરણુ પણ કરી બેસે છે. અથવા સંબંધ કે સગપણુને પણ ઉપાડી કળામાં ફેંકી આવે છે. આવાં આવાં રાક્ષસી કાર્યો કરનાર નર્કાગ્નિને ભેટ ન ચઢે તો પછી તેનું શું થાય?)

૧૮૪ અલ્લાહ ફરમાવે છે કે જ્યારે કોઇ મનુષ્ય તારા હુકમની આગળ શિષ નમાવે છે, ત્યારે હું પાદશાહોનાં દિલો નરમી, કૃપા, અને મહેરબાનીથી ભરી દઉં છું. અને જ્યારે મનુષ્યો નાફરમાની કરી આજ્ઞાનું ઉલંઘન કરે છે, ત્યારે હું તેમના રાજા-મહારાજાઓનાં દિલ ક્રોધ અને સખ્તાઇથી તેમનાં માટે બદલી દઉં છું.

રાજાઓ પોતાની પ્રજા ઉપર પ્રકાર પ્રકારની અસહ્ય વિટંબણુઓના ભાર નાખે છે. વળી તમે તમારા નફ્સને તમારા પાદશાહો માટે શ્રાપ કે બદ દુઆ દેવા તઇયાર ન રહો પણ તમારા નફ્સને મારી યાદીમાં નમ્રતાથી પરોવી રાખો. હું તમને તમારા ઉપરી અમદારો અને નૃપતિઓ માટે પૂર્ણ કરીશ.

૧૦૫ જે મુસલમાન બીજા મુસ્લિમ ભાઇઓ સાથે હળી મળી સંપીને રહે છે. અને તેમનાં તરફથી થતી કનડગત કે તકલીફ હસ્તે મુખે સહન કર્યે જાય છે તે મોમીન, જે લોકો સાથે હેત પ્રીત ન રાખે અને તેમનાં તરફની પીડા અને હેરાનગતી માટે સહન શક્તિ ન બતાવી શકે તે કરતાં 'અફઝલ' ચઢીઆતો છે.

૧૦૬ જે કોઇ મુસલમાનોની દિલસોઝીમાં ભાગ ન લે તે મુસલમાનોમાંથી નીકળી જાય છે. ગમગીનીમાં શાન્તવન ન દેનાર ઇસ્લામમાંથી વેગળો જઈ બેસે છે.

જેને બીજાઓ માટે કશીયે લાગણી નથી, હમદર્દી નથી, અનુકંપા નથી એવા ઘાતકી નરપશુ માટે એક કવિ કહે છે કે—

ખુદા રહમ કરતા નહીં ઉસ બશર પર,
નહો દર્દકી ચોટ જિસકે જિગર પર
કિસીકે ગર આફત ગુઝર જાયે, સર પર,
પડે ગમકા સાયા ન ઉસ બે અસર પર.

કરો મેહરબાની તુમ અહલે ઝમીં પર,
ખુદા મેહરબાં હોગા અર્શે બરીં પર. (મુ.હા)

અર્થાત—જેને દુઃખ કે દર્દ જોઇને જરાય લાગણી થતી નથી તેવા નરપશુ ઉપર ખુદા પણ મહેરબાન થતો નથી.

કોમ માટે દરેકને હમદર્દી હોવીજ જોઇએ, કોમનું ગૌરવ ને સ્વાભિમાન એક અજબ ચીજ છે. કોમ માટે મરી ફીટનારી વિરલ વિભુતિ માટે એક કવિતા રૂપે માત્ર એકજ કડી કથી છે તે દરેક જાતિ ગૌરવ ધરાવનાર વ્યક્તિને જીવનમાં અવશ્ય ઉતારવા સરખી છે, તે આ રહી.

મરતા હય વો જહાંમેં, જો અપને લિયે જીયે,
જિતા હય વો, જો મર ચુકા હય કોમકે લિએ.

અને કોમના માટે પોતાના પ્રાણોની આહુતિઓ હસતાં હસતાં આપનાર એવી વીર વિભુતિઓ માટે એવા ગાઝી મર્દો માટે એવા ધર્મવીર માટે એક ફારસી કવિ કહે છે કેઃ—

સર[૧] બિનેહ[૨] બર કફ[૩] બિયા[૪] અય ગાઝિયા[૫]
ખ્વાબ[૬] રા બુગઝારે[૭] ખુદ રા કુન[૮] રિહા[૯]

અર્થાત—ઓ ધર્મ વીર શિર હથેળી ઉપર રાખીને આવ નિંદ્રાનો ત્યાગ કર, અને પોતાને મુક્ત બનાવ. (ઇસ્માઇલી આફતાબ)

૧૦૭ ક, માબાપના રાઝીપામાં ખુદાની ખુશનૂદી સમાયેલી છે; માબાપની નારાઝીમાં ખુદાની નારાઝી છે—માબાપને ખૂશ કરી શકે તેનાથી ખુદા ખુદ ખુશ રહે છે.

ખ, મા બાપની પરવાનગી મેળવ્યા સિવાય પુત્રને ધર્મની લડાઇમાં સામેલ થવું એ યોગ્ય નથી; મા બાપની આજ્ઞાનું પાલન એ ફર્ઝે અએન—પ્રાથમીક કર્તવ્ય છે. અને જેહાદ માટે જવું એ ફર્ઝે કીફાયા છે. દાદા દાદીના હુકમ માનવા માટે ધર્મનું એજ ફરમાન છે.

ગ પોતાના કુકર્મોની તૌબા કબુલ થાય તેટલા માટે માતાના મરણ પછી ખાલા—માશી સાથે ભલાઇ કરતા રહેવી.

ઘ જેમનાં માતા પિતા મરણને શરણ થયાં હોય તે પોતાનાં માવતરો માટે હજ્જ કરે તો અલ્લાહ તઆલા તેમનો દોઝખથી છૂટકારો કરી દે છે.

ઙ **અલ જન્નતો તહતા અકદામિલ ઉમ્મહાતે.**

ઝમીં ફયલી હુઈ હય જિસ તરહ અફલાક કે નીચે
યુંહી જન્નત ભી હયે માંકે કદમ કી ખાક કે નીચે.

(મુ. મિ.)

(વધુ માટે જુઓ ચાલુ નં. ૧૮૫, ૧૮૬,ને૧૮૭)

ચ જેનાં માબાપ નારાઝ થઇ મરી ગયાં હોય, તે જો તેમના માટે—દુઆયે ખયર—ભલાઇની દુઆ માગે, તો અલ્લાહ તઆલા તેને પોતાનાં માબાપ સાથે ભલાઇ કરનારમાં લેખે છે.

છ જે કોઇ પોતાનાં માબાપ બેઉની અથવા બેમાંથી એકની કબ્રની ઝિયારત કરે, તો ખુદાયે કરીમ તેને—તેમને બખ્શી દે છે અને તેમનો દોઝખમાંથી છુટકારો કરી આપે છે.

જ જે કોઇ પોતાનાં માબાપ ખુદાની રેહમતે પહોંચ્યાં પછી તેમના બદલામાં હજ્જ કરી આવે, તો હક્ક તઆલા તે માબાપોને નર્કની આગમાંથી બચાવી લે છે.

ઝ. જેણે પોતાનાં માવતરોનું જીવતાં કહ્યું ન માન્યું, પરન્તુ તેમના ગુઝરી જવા પછી તેમનાં ઉપરનું કર્ઝ—દેણું ચુકવી દીધું, તેને પોતાના માબાપ સાથે ભલાઇ કરનારમાં ગણવામાં આવે છે; વળી માબાપની હયાતી દરમિયાન તો તેમની આજ્ઞાઓનું પાલન કર્યું ખરૂં, પણ તેમનાં મરણ બઆદ તેમનું બાકીનું કર્ઝ અદા ન કર્યું, તો તે માબાપોનો આજ્ઞાભંગ ગણાય છે.

ઝ. માબાપ સાથે ભલાઈ કરવી એ હઝાર વર્ષની ઈબાદતથી સરસ અલ્લાહ જલ્લશાન્હુ આગળ લેખાય છે.

*વધારે શ્રેયકર તો એજ છે કે માબાપની આજ્ઞા તેમની ઝિન્દગીમાં પાળવી અને તેમના પરલોક સિધાવ્યા પછી પણ ઉપર મુજબ તેમની સાથે ભલાઇ કરવી.

માબાપના રાઝીપામાં પાલનહાર પરવરદિગારની પ્રસન્નતાની પ્રાપ્તીનો અમૂલ્ય લાભ થાય છે, ત્યારે એ અમૂલ્ય બરકતની નવાઝિશ જે માવતરોના પ્રતાપે થાય છે, તેમના તરફ બાળકોએ કેમ વર્તવું જોઇએ, તે માટેની એક નઝમ જુઓ આ રહી:—

કહા માનના અપની માંકા ઝુરૂર,
ન કરના કભી બાપકા ભી કુસુર;

કોઇ ઉનકે રૂતબેમેં હમસર નહીં,
બુઝુર્ગ ઉનસે કોઇ ભી બડહ કર નહીં.

ન થી તુમમેં જબ અકલો તાકત ઝરા,
ઉન્હોંને તુમ્હેં પરવરિશ હૈ કિયા;

રહા કરતા ઉનકો યેહી હૈ ખયાલ,
સદા ખુશ હમારેં રહેં નવ નહાલ.

વો તકલીફ ખુદ તો ઉઠાતે રહે,
મગર તુમકો દુખસે બચાતે રહે.

---

* માબાપ સાથે ભલાઇ કરવી એ હઝાર વર્ષની ઇબાદતથી સરસ અલ્લાહ જલ્લશાનહુ આગળ લેખાય છે.

ગર્ઝ વો રહે તુમ પે હરદમ ફિદા,
હૈ મશહૂર માબાપકી મામતા.
હો તકલીફ તુમકો વો હોવેં મલૂલ,
ખૂશીસે તુમ્હારી ખુશી હો હુસૂલ.
મુહબ્બત હો ઇસ કદર તુમસે જિન્હેં,
હૈ વાજિબ કે તુમ ભી રખો ખુશ ઉન્હેં.
કહે તુમસે જો કુછ કરો તુમ વોહી,
ન નારાઝ ઉનકો કરો તુમ કભી.
ખુદાને યે ફરમાયા હૈ બારબાર,
ચલેં હુકમ પર ઉનકે સબ દીનદાર.

૧૦૮ જાનવરોને આપસમાં લડાવો નહિ.

૧૦૯ અ કદી પણ એવો વાયદો ન કરો, જે તમો પુરો કરી શકો નહિ.

બ અલવઅદતો દયનુન. કિસીસે વઅદા કરતે હો તો લાઝિમ હય વફા કરના કે યે એક ફર્ઝ હય ઓર ફર્ઝ હય ઇસકા અદા કરના. [મુ. મિ]

૧૧૦ અ જેની પાસે કંઇકિ છે. એવા માણસને સવાલ કરવો હલાલ નથી.

બ જે મજબૂત અને તન્દુરસ્ત હોય તેને પણ સવાલ કરવો હલાલ નથી.

क ખરેખર સવાલ કરવો તેને માટે જાઇઝ છે, કે જે એટલો બધો મોહતાજ થઈ ગયો હોય.

ख સવાલ કરવો તેને માટે જાઇઝ છે, કે જે ભુખનો માર્યો જમીનપર પડી ગયો હોય.

ग સવાલ કરવો તેને માટે જાઇઝ છે, કે જેની ઉપર કરઝનો એટલો બધો ભાર હોય, કે તેને લીધે તે જગતમાં એ આબરૂ થઈ ગયો હોય. (એ સિવાય) જે માણસ (એક ટેવ પ્રમાણે) માલ ભેગો કરવા માટે સવાલ કરે છે, તેનું મોં કયામતને દિવસે ખુરચાએલું હશે અને દોઝખની અગ્નિના ગરમા ગરમ પત્થર તે ખાતો હશે. બસ ત્યારપછી તે વધુ સવાલ કરે કે થોડા.

૧૧૧ એવા સવાલ કરવાથી લોક કંઈ ખાય, તેનાથી બહેતર એ રસ્તો છે કે તમે પોતાની એક દોરડી લઇને જંગલમાં જાઓ અને લાકડીઓનો એક ભારો પોતાની પીઠ પર ઉઠાવી લાવો ને પછી તેને વેચો એથી અલ્લાહ આબરૂ પણ કાયમ રાખશે.

૧૧૨ આ જે માણસ માલ ભેગો કરવા માટે લોકો પાસે માગતો ફરે છે તે જાણે આગની ચિણગારીઓ માગે છે. સામાન્ય રીતે એનાથી વધારે હોય કે ઓછો.

બ જે માણસ પાસે પોતાની ઝુરૂરત પુરતું કંઈ હોય અને છતાં પણ તે સવાલ કરે તો જાણે તે આગ જમા કરી રહ્યો છે.

૧૧૩ આ તન્દુરસ્ત અને મજબુત હોવા છતાં જો તમારે જોઇએજ છે તો હું આપીશ પણ આ ખેરાતમાં કોઇ શક્તિમાનનો અથવા કામ કરી શકે એવા તન્દુ-રસ્ત આદમીનો હિસ્સો નથી!

બ કોઇ ગનીને [બેપરવા, જેને જરૂરત ન હોય તેને] ખેરાત આપવી જાએઝ નથી અને તેવીજ રીતે કમાઈ ખાવાની શકિત ધરાવનારને પણ ખેરાત આપવી જાએઝ નથી.

[ફીડીઓ અને ઉધાઇઓ પેઠે માહે રમઝાનુલ મુબારિકમાં સર્વત્ર ઉભરાઇ ભીખના ધંધાને ધીકતો કળવકળે–યુક્તિ પ્રયુ-ક્તિથી કરી પારકા પૈસે તાગડધીન્ના કરનારાઓ ઝાતમહેનતથી આજીવીકા પ્રાપ્ત કરવા તૈયાર ન થતાં ઇસ્લામને બેકારીમાં ડુબાવી દેનારાઓ ઢોંગી ધુતારાઓ કેવા ચયનચાળા અને ચાલાકી દાખવી પૈસા પડાવે છે તે ખયર ખયેરાતના હક્કદાર છે કે નાહિ તે માટે રા. નયન કથે છે તે સાંભળો.

ભિક્ષા વૃત્તિ, આળસ અંગે, એદી થઇ ફરનાર,
વિનય બતાવે, તપે ક્રોધમાં, વિધ યુક્તિ રચનાર;

દીનની નિંદા ત્યમ કરનાર
લફીંગા નથી કશા હકદાર !— ૧

રંક ધનીની કદી ન હૈયે, લેશ ધરે દરકાર,
આવેલ શબ્દો ઉચરે ક્રોધ, દામ–સંગ્રહે પ્યાર;
અન્યને મૂર્ખ ગણી છળનાર,
લફીંગા નથી કશા હકદાર !— ૨

માળા કોટે, મ્હોટી પ્હેરે, લાંબા વસ્ત્રે વેષ,
બાહ્ય વેષમાં બાવા બનતા, માણે જગમાં ટેશ;
કોમનું શોણિત જે પીનાર,
લફીંગા નથી કશા હકદાર !— ૩

ક્રોધ કરે કૈં, શ્રાપ આપતા, જાપે "ઇશ"નું નામ,
ભાર રૂપ ભૂમિને દંભી, રોજી ખાય હરામ;
નિરોગી છંદ છેતરનાર,
લફીંગા નથી કશા હકદાર !— ૪

૧૧૪ આ એવી હલકાઇ અને બેઇઝઝતી પકડવી કમાઇખાવા શક્તિ છતાં ભીખ માગવી તે માણુસ માટે યોગ્ય અને જાઇઝ નથી, કે જે કાંઇ પણ કામ કરવાની શક્તિ ધરાવતો હોય.

આ જેની પાસે એક દિવસનો પણ ખોરાક હોય તો તેને માટે સવાલ કરવો હરામ છે.

૧૧૫ અ જો કોઇ માણસ પાસે એક દિવસનો પણ ખોરાક હાઝિર ન હોય, અને રાત્રે ઓઢવા (ડુંટીથી ઘુંટણ સુધીનો ગુપ્ત ભાગ) ઢાંકવાને વસ્ત્ર પણ ન હોય તો એવા માણસ માટે સવાલ કરવો જાએઝ છે.

બ ફકીર તો તે માણસ છે, કે જેનો કંઇ આધાર ન હોય; અને તે પોતાની મોહતાજી જાહેર કરતો ફરતો ન હોય, કે લોકો તેને કંઇ આપે અને તે લોકોના દરવાઝા પર માગતો ફરતો પણ ન હોય.

ક ફકીર તે છે, કે જેનો કંઇ આધાર ન હોય, અને જે માગવાથી શરમાતો હોય અને લોકોથી વળગી પડીને માગતો ન હોય.

ડ જે માણસ પાસે એક વખતનું ખાવાનું હોય અગર એ ન હોય તો જે માણસમાં એક વખત ખાવાનું પેદા કરવાની શક્તિ રહેલી હોય તો તેને સવાલ કરવો હરામ છે, અને એવાને આપવું પણ હરામ છે.

જુઓ, દાનના ખરા હક્કદાર આ રહ્યા:—

બેવા બાળો, વૃદ્ધ અપંગો, લુલા અન્ધ બિમાર,
રોગી રોતા, શિષ્યો કષ્ટે, ગુપ્ત રૂદન—પોકાર;
મુંઝાઇ સારે અશ્રુ—ધાર,
ખરા તે દાન તણા હકદાર!— ૧

પાત્ર ઓળખી દાન આપતાં, મ્હેર 'વિભુ' કરનાર,
"નયન" નિહાળી અવલોકે તો, સાનુકુળ કરનાર;
યતીમો શિષ્ય ઇલ્મ ભણનાર,
ખરા, તે દાન તણા હકદાર!— ૨

૧૧૬ અ તે માણુસ ફકીર નથી, કે જે એક સામાન્ય રીતે લોકોના ઘરોપર ચક્કર લગાવતો હોય અને જે એક બે કોળીયા કે એક બે ખજુર મળવાથી ત્યાંથી ખસી જાય.

બ એવો માણુસ કયામતમાં એવી સ્થિતિમાં આવશે, કે તેનું મોં ઝખ્મી યા ખુરચાએલું નોંચાએલું હશે.

ક એવો માણુસ તે એવી સુરતથી કયામતમાં આવશે, કે તેના ખરાબ કૃત્યોના ઢંઢેરા રૂપે થએલી સઝાથી તેના ચહેરા પર ગોસ્ત નહિ હોય. એ એટલા માટે હશે કે, એ નિશાનીથી લોકો તેને ઓળખી લે કે આ બેઇઝઝતી તેનું પરિણામ છે, કે જગતમાં પોતે પોતાની જાતને બેઇઝઝત બનાવી હતી.

૧૧૭ અ ઝકાત નહિ આપવાવાળાઓના વાંસાપર કયામતને દિવસે ડામ દેવામાં આવશે જે એવા તો સખત હશે, કે તેના જખમ પાંસળીઓની પાર થઇ જશે. અને નીચેના ભાગમાં પણ ડામ દેવામાં આવશે જે કપાળ પર ફુટી નીકળશે.

ब છાતી ઉપર ડામ દેવામાં આવશે તો વાંસામાં ફુટી નીકળશે.

क જેઓ માલની ઝકાત નથી દેતા તે લોકો બધાથી વધારે નુકશાનમાં છે. જેને ખુદા તઆલાએ માલ આપ્યો અને તેણે તેની ઝકાત ન આપી તો કયામતને દિવસે તેના માલને મોટો ઝેહરીલો સર્પ બનાવવામાં આવશે. અને તે ઝકાત ન દેનારાની ગરદનમાં વીંટળાઇ જશે–કરડશે–જડબાંઓને વીંખશે. અને કહેશે હું તારો માલ છું, હું તારો ખજાનો છું. જેની તેં ઝકાત ન દીધી. જે માલની ઝકાત ન આપવામાં આવે તે હંમેશાં જોખમમાં રહે છે અને નાગહાની બલાઓ તેને તાકતી હોય છે. એકને એક દિવસ આવી બલા આવે છે, અને તે બધા માલનો વિનાશ થઇ જાય છે.

ड જે નમાઝ પઢે છે પણ ઝકાત આપતો નથી તો તેની નમાઝ થતી નથી.

૧૧૮ માણુસોથી કંઈ માગો નહિ. કારણકે ખુદ અલ્લાહની દૌલત માગનારાઓની રાહ જુએ છે.

૧૧૯ अ વળગી વળગીને માગો નહિ, જે માણુસ આગ્રહથી સવાલ કરી મારી પાસેથી કાંઇ મેળવશે. ખુદાની કસમ કે તેમાં બરકત નહિ થાય.

ब એવા દીધેલામાં બરકત નહિ થાય. એને ખાવાથી કદિ પેટ નહિ ભરાય.

क ફરમાન છે કે, ખેરાતનો પૈસો, શીરનું દર્દ, ને પેટની જલન છે.

ख ખરેખર અલ્લાહ તઆલા તે સવાલ કરનારથી બેઝાર છે કે જે વળગી વળગીને સવાલ કરે છે.

૧૨૦ (આકાએ નામદાર હઝરત મહંમદ મુસ્તુફા (સ. અ. વ) ફરમાવે છે કે) સગાં વહાલાંને સદકો આપવાનો બમણો સવાબ છે. (અવ્વલ ખેશ, બઅદ દુર્વેશ)

૧૨૧ બે બાબતો એવી ખરાબ છે કે તેથી વધારે ખરાબ બીજી કોઈ બાબત નથી. (૧) ખુદાએ તઆલા સાથે શીર્ક કરવું. અને (૨) એકે મુસલમાન ભાઇઓને નુકશાન પહોંચાડવું.

૧૨૨ બે બાબતો એવી સારી છે જેથી વધારે સારી બીજી કોઈ નેકી નથી. (૧) એકે સરજનહાર ખુદા ઉપર ઇમાન લાવવું. અને (૨) ખુદાના બન્દાઓને ફાયદો પહોંચાડવો.

મુહતરિમા ઇકબાલ બેગમ સાહબા તવહીદના તાનમ તણાતાં કહે છે કેઃ—

ફિર સિનએ મુસ્લિમમેં વો નૂર ખુદાયા દે !
જો કુફ્રકી ઝુલ્મતસે ઇસ્લામકો ચમકા દે !

તવહીદકે નગ્મોંસે ફિર ગુંજે જહાં સારા,
તકબીરકે નઅરોંસે દુન્યાકો વો લર્ઝા દે !
ફિર નશ્શએ વેહદતમેં સબ ચૂર નઝર આએં;
ફિર બાદએ કવમીકે પયમાનોંકો છલકા દે !
વહદતકી ગવાહી દે ફિર કુફ્રકા હર ઝર્રા,
ફિર અખ્તરે ઇકબાલે ઇસ્લામકો ચમકા દે !

૧૨૩ સર્વ શક્તિમાન ખુદાએ લાયેઝાલને એ કામ ઘણુંજ વહાલું અને પસંદ છે; તે એકે अ ઇમાનદારનું દીલ ખુશ કરવું. ब તેની ચીંતાને દૂર કરવી, क તેનું દેણું ચુકવવું. ड અને અન્ન વસ્ત્રની હાજત પૂરી પાડવી.

૧૨૪ જે કોઈ ઈમાનદારને કોઈ મુનાફિકથી બચાવે કે જે તેને કનડતો હોય તો અલ્લાહ તઆલા કયામતને દિવસે તેની આગળ એક ફરિશ્તાને મોકલી તેના શરીરને દોઝખની આગથી બચાવશે.

૧૨૫ તમારામાંથી એક મુસ્લિમ ભાઇ બીજા ભાઇ માટે દર્પણ છે. માટે તેમાં કોઇ ખામી જુએ તો તેને દૂર કરે.—સુધારણા નિમિત્ત રૂબરૂમાં, નહિ કે અન્યો સન્મુખ, તેની હલકાઇ કરવા કુવિચારે તેની ગયર હાઝીરીમાં.

૧૨૬ જે કોઇ ઇમાનદારને રાહત પહોંચાડશે તેને જગત સરજનહાર કયામતને દિવસે રાહત—સુખશાંતિ આપશે.

૧૨૭ ઝુલ્મ કરનારને ઝુલ્મ કરવાથી અટકાયત કરવી, અને ઝુલ્મ સહન કરનારની વહારે ધાવું એ મુસ્લિમ બંધુનું કર્તવ્ય છે.

પીડિત જનોને પીડા કરનારની પીડામાંથી તેમજ દુ:ખી આત્માઓને તેમના દુ:ખોમાંથી મુક્તિનો સુબોધ આપતાં રા, નયન કથે છે કે:—

સોરઠી ગઝલ.

નિર્ખી પીડિત કંગાલને, નિજ આંખમાં અશ્રુ ભરે,
તનમન અને જરની મદદ, આપી સબળ કષ્ટો હરે.
દુ:ખીજનોનાં દુ:ખ હરી, તે બાદ પોતે જંપશે.
તેની સદાયે વિશ્વમાં, 'સર્વોપરિ' ગણના થશે.

(સાદિક)

૧૨૮ અ મુસલમાનોનાં ઘરોમાંથી એ ઘર સારૂં છે કે જે ઘરમાં યતિમ હોય અને તેની સાથે સારી વર્તણુંક રાખવામાં આવતી હોય. પણ મુસલમાનોનાં ઘરોમાંથી એ ઘર ખરાબ છે કે જ્યાં યતિમ—અનાથ—હોય અને તેની સાથે ભલાઈ કરવામાં ન આવતી હોય.

બ. જે કોઇ એવા યતિમને પોતાની પાસે રાખી તે ઉમર લાયક થાય ત્યાં સુધી તેનું ભરણ પોષણ

કરે, કે જે યતિમનાં મા અને બાપ મુસલમાન હતાં તો તેને જન્નતનો અધિકાર છેજ.

क જે કોઇ યતિમ ઉપર દયા લાવી તેના માથા ઉપર પ્રેમથી હાથ ફેરવશે, તેનો હાથ જેટલા વાળને અડશે તેટલા વાળ પ્રમાણે એકેક નેકી તેને મળશે.

આકા યે નામદાર (સલ.)ને યતીમીની પુરખસ તેમજ પુરદર્દ દિલની જલન હોય તેમાં તો નવાઇ શું ? કારણ કે **શફ્ક રિઝવી** યતીમોની એકસી તેમજ બેબસી માટે કહે છે કેઃ—

યતીમોંકી ન પૂછો, ઈદભી ઉનકો મુહર્રમ[1] હય,
પિદરકા[2] દાગ દિલ પર, માદરે[3] ગમખ્વારકા[4] ગમ હય;
મુરબ્બી, સરપરસ્ત ઉનકા, ન મૂનિસ[5] હય ન હમદમ[6] હય,
ફટે કપડેં હંય, મુંહ ઉતરા હુવા હય, ચશ્મ[7] પુરનમ[8] હય;
મુયસ્સર[9] હંય કહાં રૂમાલ અશ્કોંસે[10] ભિગોનેકો ?
કે દામન[11] તક નહીં મુંહ ઢાંક કર ગુર્બતમેં[12] રોનેકો.

---

૧ શોકના દિવસો [દિવાળીના બદલે હોળી] ૨ પિતા. ૩ માતા. ૪ અફસોસ કરનાર, દુઃખી થનાર, ૫ મિત્ર, ૬ સાથી, ૭ આંખ, ૮ અશ્રુભરેલી, ૯ પ્રાપ્ત, ૧૦ અશ્રુઓ, ૧૧ ચાળ, ૧૨ ગરીબાઈ એકસી.

૧૨૯ ખરાબ એછે જે એકલો ખાય અને પોતાના ગુલામોને ફટકા મારે. અને બક્ષિશ, અને મહેરબાની તેમના ઉપર ન કરે; એથી વધારે કનિષ્ટ એ છે કે જે માણસોથી કપટ રાખે અને તેથી માણસો તેનાથી દગો રમે, અને એથીએ વધારે દુષ્ટ એકે જેનાથી ભલાઈની આશા ન હોય અને તેની લુચ્ચાઇથી સહિસલામત ન રહી શકે, અને છેવટે એથીયે પાજી એ કે જે બીજાઓનાં વાંક—ગુન્હાઓ ઉપર આંખ વીંચામણાં ન કરે, અને વળી તેમની માફી પણ કબુલ ન રાખે.

૧૩૦ ત્રણની નમાઝનો સ્વિકાર થતો નથી. તે આછેઃ—(૧) પોતાના શેઠ પાસેથી જે ગુલામ ભાગનાશ કરે તે શેઠ પાસે પાછો ફરે ત્યાં સુધી, (૨) જે સ્ત્રી પોતાના ધણીને નારાજ રાખે. રાત પસાર કરે તે અને (૩) એ લોકો જે પોતાના પેશ ઇમામની ઇમામત અથવા જે લોકો પોતાના પેશ્વાથી સૂગ કરે તે.

૧૩૧ જન સમાજ સાથે પ્રસન્નતા અને નમ્રતા અંગિકાર કરવી. [એ મુસ્લિમની શોભા]

૧૩૨ આ જે કોઈ દિવસે કે રાતે એક ઘડી પણ પોતાનાં મુસ્લિમ બંધુનાં કામ માટે પસાર કરે, પછી ભલે તેનું કામ પૂર્ણ થાય કે અપૂર્ણ રહે તોપણ તે

કાર્ય તેના માટે બે મહીના સુધી અચેતકાફ કરવાથી એ વધારે સારૂં ગણાશે.—(સંસાર વ્યવહાર તજી પ્રભુ-ચિંતવન માટે મસ્જિદમાં સાધુ જીવન ગાળવું.)

ખયરૂન નાસે અનફ્અોહુમ લિન નાસે.

ব કોઇ ઈન્સાન ઉસ ઇન્સાં કે દરજે કો નહિ પહોંચા,
કે ઉસકી જાતસેં લોગોંકો નફ્એ બેહતરીં પ્હોંચા.
[મુ. મિ.]

૧૩૩ અ જિહાદ—ધર્મ માટેની લડાઇ વખતે એક દિવસ અને એક રાત રણક્ષેત્રની ચોકી એ એક મહીનાના ઉપવાસ—રોઝા, અને રાતોના ઉજાગરા શબબેદારી કરતાં વધારે સારી.

ব વળી એવી નિગેહબાનીમાં મરણને શરણ થનારને કબ્રના અઝાબનો નથી રહેતો ડર કે નથી રહેતી શદ્દાદ કે શયતાનના ફરેબની બીક, પણ એતો સ્વર્ગમાં ઉચ્ચ સ્થાનનો અધિકારી બને છે.

ધર્મ યુદ્ધનો એવા મહિમા વર્ણવતા રા'નથન કથે છે કેઃ—

સોરઠી ગઝલ

નિષ્કપટથી વર્તન કરે, સમરાંગણે શૂરો વળી
જય મેળવે રણ જંગમાં, શત્રુ પ્રતિ સ્નેહે લડી:

નીજ ધર્મ રક્ષણ કાજજે, રણધીર મસ્તક અર્પશે,
તેની સદાએ વિશ્વમાં, 'સર્વોપરી' ગણના થશે,

[સાદિક]

મુહતરિમા ઇકબાલ બેગમ સાહબા જિહાદની તરગીબ દેતાં કહે છે કે:—

વો જાનેં[1] અઝીઝ[2] અપની, કુર્બાને[3] વતન[4] કર દે.
દિલમેં યિહી હસરત[5] હૈ, સરમેં યિહી સવદા[6] દે.

૧૩૪ એક ઇમાનદાર બીજા ઇમાનદાર માટે એવો છે, જેવો કે એક ઇમારતનો ભાગ બીજા ભાગ માટે—ટેકારૂપ.

૧૩૫ અ મુસ્લિમ એ છે કે જેના હાથ અને જીભથી મુસલમાન બચતા રહે.

ઘ અલ મુસ્લેમો મન સલમલ મુસ્લિમુના મિન લિસાનેહી વ યાદેહી.

તેરા કૌલ[1] ઔર ફેઅલ[2] ઇઝા ન દેતા હો જો મુસ્લિમકો,
તો અય મુસ્લિમ ! પહોંચ જાતા હય તુ ઇસ્લામકી લીમકો[3]

૧૩૬ મોમિન એકે જેનાથી ઇમાનવાળાઓ પોતાના જાનમાલ માટે નિડર અને સહિસલામત રહે.

---

૧ પ્રાણ, જીવો. ૨ પ્યારી. ૩ આહુતિ, બલીદાન. ૪ જન્મભૂમી. ૫ ઉમંગ, ૭ અરમાન ૬ ઘેલછા, દિવાનગી ધૂન.

૧ વાત, વચન, વાણી. ૨ કર્તવ્ય, કામ. ૩ ઉદ્દેશ, હેતુ.

૧૩૭ મોહાજીર એકે જે બુરાઇનો ત્યાગ કરે, અને ભુંડાઇથી, બચતો રહે.

૧૩૮ કોઈ કોઇ સદકો ઝબાનના સદકાથી ચઢી જાય તેમ નથી; એટલે કે કોઇની ભલાઇ માટે ભલામણ કરવી એ એક ઉત્તમ સદકો છે. કારણ કે એથી ભલામણ કરનારને લાભ થાય છે, અને તેના ઉપરની આફત ટળી જાય છે.

૧૩૯ ઘરમાં પ્રવેશ કરતાં ઘરવાળાઓને પ્રથમ સલામ કરો, કારણકે સલામ કરવાથી તે ઘરમાં શયતાન રહી શકતો નથી.

૧૪૦ ઘેર મુલાકાતે જતાં અંદર દાખિલ થવાની પરવાનગી લેવાની ઉમદા રીત એ છે કે ધીમેથી ઘરના દ્વારની સાંકળ ખખડાવવી, અંદરથી પૂછે કે કોણ ? ત્યારે એમ ન કહેવું કે 'એતો હું' પણ '**અલહમ્દો લિલ્લાહ**' '**સુબ્હાનલ્લાહ**' કહેવું.

૧૪૧ યુવાવસ્થામાં કરેલી ખુદાની બંદગીનું શ્રેષ્ટ ફળ એ છે કે, જે કોઇ શરીર સુખાકારી દરમિયાન સદાચાર કરે, પણ બિમારીની હાલતમાં ન કરી શકે તેમજ ઘેર રહેવાથી નેકી કરે પણ મુસાફરીનાં કારણે ન કરી શકે તો તેના માટે ફિરિશ્તાઓને ઇશ્વરી આજ્ઞા હોય

છે કે તેવા પ્રસંગોએ પણ તેના માટે સુકર્મોના બદ-
લાની નોંધ તેઓ લે.

૧૪૨ મરનારાંઓ પાછળ ત્રણ વસ્તુઓ જાય છે, તેમાંની બે પાછી વળે છે અને એક તેને છેવટ સુધી સાથ દે છે; એટલે કે કુટુંબી જનો, તેના માલ અને તેનાં કામ મૈયત સાથે ચાલે છે, તેમાંથી તેનાં કુટુંબ્બીજનો અને માલ તો પાછો આવે છે પણ તેનાં કામ તેનો છેવટ સુધી સથવારો પુરે છે.

૧૪૩ તાઊન–પ્લેગમાં સપડાઈ મરનારાઓ, [૨] પેટની બિમારી–ઝાડા ઉલટી વગેરેમાં મરનારા (૩) પાણીમાં ડુબી જઇ મૃત્યુ પામનારાઓ (૪) અગ્નિમા બળી જઇ નાશ થનારાઓ (૫) મકાન નીચે દબાઇ મોતને ભેટ-નારાઓ (૬) બાળક પ્રસવ–વખતે મરનારી સ્ત્રીઓ, એ તમામની શહિદોની ગણત્રીમાં (ખુદાએ શફીયુલ મુજનબીનની શફાઅતને પ્રતાપે) કહેલ છે.

૧૪૪ મારી ઉમ્મતનાં ગુનેહગાર લોકો પોતાના ગુનાહો સાથે લઇને કબ્રમાં તો જશે પણ કબરોમાંથી ઉઠતી વખતે તેમના ગુનાહો મટી ગયા હશે. કારણ કે મારી ઉમ્મ-તના મુસલમાનો એક બીજાઓ માટે માફી માગે છે. તેમની 'માફીના' લીધે ગુનેહગાર લોકોને મરવા પછી

કબ્રોમાં જવા પછી માફી મળી જાય છે. જે લોકો તૌબા કર્યા વગર મરી ગયા હોય છે તેઓ બીજા મુસલમાન ભાઇઓના 'ઇસ્તગફાર' કરવાને કારણે તેમનો છુટકારો થઇ જાય છે.

૧૪૫ મસ્જીદની અંદર હસવું એ કબ્રમાં અંધારૂં કરવા માટે છે.

૧૪૬ મસ્જીદોની અંદર રોશની કરવી એ કબ્રોની અંદર રોશની કરવા સમાન છે.

૧૪૭ મસ્જીદોમાં અગરબત્તી ખૂશબો માટે સળગાવવી એ જન્નતની ખૂશબુથી કબરને ખૂશબુદાર બનાવે છે.

૧૪૮ મસ્જીદમાં આવનારે પોતાનાં મોજાં કે જોડાની ગંદકી જોઇ લેવી.

૧૪૯ દાખિલ થતાં મસ્જિદમાં જમણો પગ મૂકવો.

૧૫૦ મસ્જિદની અંદર જતાં આ દુઆ પડવી:—'**બિસ્મીલ્લાહે વ સલામુન અલા રસુલિલ્લાહે વ અલા મલાએક તિલ્લાહે અલ્લાહ હુમ્મફ તહલના અલવાબા રહમતેકા ઈન્નકા અનતલ વહહાબ**' યઆને હું અલ્લાહ તઆલાના નામથી શરૂ કરૂંછું; અલ્લાહ મીયાંના રસુલ [સલ૦] ઉપર તેમજ ફિરિસ્તાઓ ઉપર સલામ પહોંચે. અરે! અલ્લાહ ! અમારા માટે દયાના દરવાઝા ઉઘાડી આપ ખરેખર તુંજ બક્ષિશ કરનાર છે.

૧૫૧ મસ્જિદમાં હાઝિર હોય તેમને '**અસ્સલામો અલયકુમ**' કહે અને કદાચ મસ્જિદમાં કોઇ મોજુદ ન હોય, તો પછી '**અસ્સલામો અલયના વ અલાઇબા દિલ્લા હીસ સલેહીન**'—યઆને અમારા ઉપર તેમજ અલ્લાહપાકના નેક પુરૂષો ઉપર સલામ પહોંચે.

૧૫૨ '**અશહદો અલ લા એલાહા ઇલલ્લાહો વ અશહદો અન્ના મોહમ્મદુર રસુલુલ્લાહ**' કહે યઆને હું શાક્ષિ ખાત્રી આપું છું કે—અલ્લાહ મીયાંના સીવાય કોઇ બીજો ઇબાદત પૂજા કરવાને લાયક છેજ નહિ. અને હઝરત મોહમ્મદ સલ. અલ્લાહ તઆલાના હુકમો પહોંચાડનાર રસૂલ છે.

૧૫૩ કોઇપણ નમાઝીની આગળ થઇને ચાલવું નહિ.

૧૫૪ દુનીયાનું કામકાજ કે દુનીયાની વાતો કરવી નહિ.

૧૫૫ મસ્જિદમાંથી જોકે નમાઝનો વખ્ત ન હોય તો પણ નફલ બે રકઆત પહડયા વગર પાછા ન ફરવું.

૧૫૬ વઝૂ કર્યા સિવાય મસ્જિદમાં પેસવું નહિ.

૧૫૭ જ્યારે મસ્જિદમાંથી બહાર નીકળે, ત્યારે આ બોલે. '**સુબ્હાનકલ્લા હુમ્મા વ બેહમદેકા અશહદો અલ લા એલાહા ઇલ્લા અન્તા અસત ગફ્-**

શેકા વ અતુએ એલયકા હે ' એટલે હે! અલ્લાહ તું પવિત્ર છે અને હું ત્હારીજ તઆરીફ-સ્તુતિનું વર્ણન કરૂંછું; હું ગવાહી આપું છું કે તારા સિવાય કોઇ ઇબાદતને લાયક છે નહિ. હું ત્હારા કનેથી મ્હારાં ગુનાહો-કૂકર્મોની મઆફી માગુંછું. અને ત્હારી સમક્ષ તોબાની યાચના કરૂંછું.

૧૫૮ જે માણસ ઇસ્લામમાં વયોવૃદ્ધ થાય છે તેના માટે ખુદા ફરમાવે છે કે એ મારા બંદા માટે ખુશી અને મુબારકી નસિબ થાય.

૧૫૯ જે માણસનો એક પણ વાળ ઉંમરે પહોંચતા ધોળો થઇ ગયો હોય તેનાં માટે અલ્લાહ ફરમાવે છે કે, હે! મારા બંદા! તારા કર્મોનાં લીસ્ટ ઉપરની કાળાશ તારા ઘડપણના ધોળા વાળને કારણે ધોઇ નાંખ.

૧૬૦ એનાં માટે ખુશ થવા જેવું છે કે જેના ઉંમર લાંબી અને કૃત્યો સારા છે.

૧૬૧ તમારામાંથી સારા મનુષ્યો એ છે કે જેનું આયુષ્ય મોટું અને કામ સારાં.

૧૬૨ બાકીના એ ઉમર અમુલ્ય છે કે જેની કીંમતજ ન થઇ શકે તે એકે જુવાનીમાં પોતાની ઝીંદગી બગાડી બેઠો હોય અને ખરાબ કરી ચુકયો હોય તે પાછળ તેની સુધારણા કરી શકે.

૧૬૩ પુરેપુરી સઆદત—સુખ શાંતિ તો ખુદાની બંદગીમાં લાંબી ચોડી ઉંમરે પહોંચવામાં સમાયેલી છે.

૧૬૪ મારી ઉમ્મતમાંથી જે શખ્સ ૮૦ એંસી વરસની ઉમ્મરે પહોંચશે તેનાથી નતો તેનાં કર્મોની પુછગાછ થશે કે નતો તેનો જવાબ દેવા તેને ખુદા સન્મુખ ઉભા રહેવું પડશે. પણ વગર હિસાબે તેને જન્નતનો અધિકાર આપવામાં આવશે.

૧૬૫ ઇમાનદારની ઉમર ૪૦ ચાલીસ વર્ષની થાય છે ત્યારે અલ્લાહ તેનાં ઉપરથી અલગ કરી દે છે, જેવી કે (૧) જુનું—ગાંડપણ—ક્રોધ (૨) જુઝામ—કોઢ—લોહીનાં બગાડવાથી થતી એક બીમારી જેમાં હાથપગની આંગળીઓ વગેરે ખરી પડે છે, અને (૩) બર્સ સફેદ કોડ, અને જ્યારે એ ૫૦ વરસનો થાય છે ત્યારે તેના ગુનાહોનો ભાર તેનાં ઉપરથી હલકો કરી નાંખે છે. જ્યારે ૬૦ સાઠ વરસનો થાય છે ત્યારે ખુદા તેને ફઝીલતની દોલત નસિબ કરે છે. જ્યારે ૭૦ સીત્તેર વર્ષનો થાય છે ત્યારે હકક તઆલા તેમજ આસમાન વાસિઓ તમામનો તે માનિતો અને લાડકવાયો બનાવવામાં આવે છે. જ્યારે ૮૦ એંસી વર્ષનો થાય છે ત્યારે અલ્લાહ તેની તમામ નેકીઓનો સત્કાર કરે છે અને તમામ બુરાઇયો માફ કરી દે છે. જ્યારે ૯૦ નેવુ વર્ષનો થાય છે ત્યારે અલ્લાહ તઆલા તેનાં આગળ પાછળના તમામ કુકર્મોની બક્ષીસ કરી દે છે.

અને એવો માણસ ધરતી ઉપર અલ્લાહનો એવો બંદીવાન છે જેની હિફાઝત અલ્લાહ પોતે કરે છે અને વળી [૨] તેની અસર તો અહીં સુધી થાય છે કે કયામતનાં ભયંકર દિવસે તે પોતાના કુટુંબીજનોની ભલામણ કરી શકશે. અને ત્યારે તેની ભલામણનો અલ્લાહને ત્યાં સ્વીકાર થયા વગર નહીં રહે અને જ્યારે એ પુરા ૧૦૦ સો વરસની ઉંમરે પહોંચે ત્યારે દુનિયામાં તેને અલ્લાહનાં દોસ્તનો ઇલ્કાબ મળે છે, અને એ તો દેખીતું છે કે અલ્લાહ પોતાનાં દોસ્તને શિક્ષાનાં સકંજામાં કદીયે નહી સપડાવે.

૧૬૬ કોઇ પ્રજા ઉપર ખુદા ભલાઇ કરવા માંગે છે ત્યારે તેમના ઉપર વરસાદની વૃષ્ટી રાતના વખત દરમિયાન કરે છે.

૧૬૭ મોમિન— ઇમાનદાર મુસલમાનને અલ્લાહ દુનિયા (ફંદા) થી એવી રીતે બચાવી લે છે, જેવી રીતે કુશળ વૈદ્યરાજ બિમારને બિમારીને વધારનાર નુકસાનકારક ખોરાકથી બચાવે છે.

૧૬૮ આદમીને એની સાથે ઉઠાડવામાં આવશે જેનાં સાથે તેની દુનિયામાં મહોબ્બત હશે.

કાળીઆ પાસે ધોળીઓ બાંધે,
વાન ન આવે સાન તો આવે
સોહબતે સાલેહ તુરા સાલેહ કુનદ,
સોહબતે તાલેઅ તુરા તાલેઅ કુનદ,
(જેનો જેવો સંગ રંગ બહુ તેવો પેસે,)

મુમિનનો સહવાસ ઇમાનમાં બરકત આપે ત્યારે કાફિર-
ની મુહબ્બત ઇમાનમાં ઉણપ આણે.

બયઠ અચ્છોં પાસ તુ શામો સહર,
તા હો તુજહમેં અચ્છી સોહબતકા અસર.

સોહબતે બદસે ભાગ તુ,
વરના બન જાયેગા કાલા નાગ તુ
સર તેરા પત્થરસે કુચલા જાયેગા,
બદલા અપનેહી કિયેગા પાયા.
(કોલસાનો પાસ કાળાશજ આણે,
ભૂંડો ભૂંડાની તરફ તાણે.
ગુલાબમાંથી સુવાસ પ્રસરે,
પલીતીમાંથી દુર્ગંધજ છૂટે.

મુશ્ક જેમાં રહે, તેને પણ સુગંધી બનાવે, ખાલી દાબડો
મૂશ્કની સુગંધ કયાંથી આણે? ઇમાનદાર ઈમાનદાર
બનાવે, બેઇમાન બેઇમાન બનાવે.

૧૬૯ ખુદા રસુલની મહોબ્બત રાખનારાઓએ આ ત્રણ વાતો
હંમેશ યાદ રાખવી (૧) સાચું બોલવું, [૨] પુંજી
પાછી સોંપવી,— વિશ્વાસઘાત ન કરવો, (૩) પાડો-
શીનાં હક પુરા કરવા.

૧૭૦ પોતાનાં નિરાધાર અને ગરિબ કુટુંબીજનોને મૂકીને બીજાને આપે તેનો (ખુદાનાં સોગન) સદકો કબુલ થતો નથી. વળી તેમના તરફ અલ્લાહ કયામતને દિવસે કૃપાદૃષ્ટિ નહીં કરે!

'અવ્વલ ખેશ, બઆદ દર્વેશ.'

(ઘરનાં છોકરાં ઘંટી ચાટે, ઉપાધ્યાને આટો ભાવે.)

આ સૂત્ર સામે આંખ આડા કાન કરનારની ગતી સાંભળો અને વિચારો કે મુસ્લીમોની અધોગતી પાયમાલીનું કારણ પણ આ એક છે કે નહી?!

અમારા હાલ આ બુરા, અમારી ભૂલના ભોગે,
ફસાયાં સંકટે દ્વેષે, દરિદ્રી કલેશના રોગે,
કરોડો કષ્ટ આવે છે, અમારા કૃત્યના યોગે,
બચાવે કયાં મળે બારી, અમોને આજ કો' ભોગે,
પ્રતિષ્ઠા સમ્પતિ વિદ્યા, કળા કારીગરી ખામી,
રહી છે નામની આજે, અમારામાં મુસલમાની.

(નયન)

૧૭૧ પોતાના કાકાનાં પુત્રની માંગણીનો અસ્વિકાર કરનાર કયામતને દિવસે ખુદાનાં ફઝલથી વંચિત—મહેરૂમ રહેશે.

૧૭૨ છાનામાના કોઈ ન જાણે તેમ સદકો કરવો એ અફ્‌ઝલ શ્રેષ્ઠ છે. કારણકે એમ કરવાથી ખુદાનો ગઝબ—

કોપ ઠંડો થઇ જાય છે. વળી છાનામાનાં સદકો દેનાર કયામતને દિવસે ખુદાનાં અર્શ સિવાય બીજે 'કશે છાંયો નહિ' હોય ત્યારે જે સાતજણાં ખુદાનાં અર્શનાં છાંયા તળે હશે તેમની સાથે તે રહી શકશે.

૧૭૩ હાજતમંદ પાડોશીની હાજત પૂરી કરવી (૨) ગરીબ પાડોશીને સહાય કરવી (૩) મુફલિસ પાડોશીને ઉછીતું આપવું (૪) બિચારા પાડોશી ઉપર દયા કરવી, (૫) બિમાર પાડોશીની ખબર અંતર પૂછવી, (૬) મરનાર પાડોશીનાં જનાઝા સાથે જવું (૭) માંગળીક પ્રસંગે અભિનંદન આપવું, (૮) અશુભ ટાણે—ગમીનાં દિવસોમાં દિલાસો દેવો અને ખરખરો કરવો. (૯) પોતાનાં મકાનની ભીંત એટલી ઉંચી ન કરવી કે પાડોશીને હવા અજવાળાનો અટકાવ થઇ જાય, (૧૦) નિરાધાર પાડોશીને ઘેર બોલાવીને પણ તેને જમાડી તેનું દિલ રાઝી કરવું, (૧૧) ગરીબ પાડોશીનાં બાળકોનાં મન કચવાય એવી રીતે દેખતાં પોતાનાં બચ્ચાંઓને કાંઇ ન આપવું, (૧૨) પોતાની શક્તિ નહોય તો ઘરનાં ભોજનનો વઘાર પણ પાડોશીનાં ઘર સુધી ન જાય તેની સાવચેતી રાખવી (૧૩) પાડોશીનાં જાનવરને એ પીડા નદેવી એ પણ પાડોસી પોતાને ઇજા દેવા બરાબર સમજવી (૧૪) પાડોશીનાં હક્ક એજ પરિપૂર્ણ

કરી શકે કે જેના ઉપર અલ્લાહ ખુદ મહેરબાન હોય.

૧૭૪ પાડોશીની ખાતિર બરદાસ સેવાચાકરી કરવી ન ભૂલવી બલકે તેમની સાથે સદ્દવર્તન રાખવું જેથી કરીને પાડોશીને પજવનાર જન્નતથી નાઉમ્મિદ રહેશે તે એ બક્ષિસથી પછી નિરાશ નહીં થાય,

૧૭૫ પાડોશીઓને ઇજા ન દેવી એ કાંઇ ખાસ વખાણવા જેવો ગુણ નથી. પણ પાડોસી તરફની કનડગત રંજાડને સહન કરવી એજ ઉત્તમ ગુણ છે.

૧૭૬ ઝૂલ્મી ત્રણ જાતનાં છે જેવાં કે—(૧) એક તો ઝૂલ્મ એ છે કે જે કદિયે માફ નહિં થાય, (૨) એકે જેનો બદલો લીધા સિવાય ઝાલિમનો છૂટકારો નહીં થાય અને (૩) એકે જેની આશા રખાય છે કે ખુદા પોતાની રહેમિયતથી માફ કરી દેશે. જે જૂલ્મ કદીયે માફ નથા થનાર તે તો શિર્ક છે, જે ઝૂલ્મનો બદલો લીધા સિવાય આરો નહીં આવે તે ગુલામો ઉપરનો ઝૂલ્મ છે, અને જે ઝૂલ્મની માફિની આશા રખાય છે તે શહેવત-કામવાંચ્છનાં છે પછી આ ત્રણ ખરાબ ગુણોથી ત્રણ ભૂંડા પરિણામ આવે છે જેવાંકે—(૧) શહેવતનું પરિણામ કંજુસાઇ અને લાલચ છે, [૨] ગઝબનું પરિણામ અહંકાર અને તોછડાઇ છે (૩) હવાએ નફ્સાની—પશુવૃત્તિ—કામાત્માનું પરિણામ કુફ્ર અને

બિદઅત છે. વળી એ ૬૭ એ કનિષ્ટ પરિણામો ભેગાં થતાં એમાં એક સાતમી ખરાબ કુટેવ આવી મળે છે અને તે હસદ અદેખાઈ છે, એટલે ખરાબમાં ખરાબ ગુણ ઇર્ષા ગણાય છે. ઇર્ષાખોર—અદેખાં કરતાં મનુષ્ય માત્રમાં સર્વથી પાજી અને પાખંડી અન્ય કોઈ નથી અને તમામ કનિષ્ટ ગુણો અને રદ્દી સિફતોથી ચઢી જાય એવા ગુણ ઇર્ષા છે એટલે કે અદેખો શયતાનથી યે વધારે ખરાબ છે એ સાતે કુટેવોમાંથી છૂટકારો મેળવવા માટે સૂરએ—ફાતેહાનું રટણ બસ છે.

૧૭૭ જેણે ત્રણ જુમઆ વગર કારણે ઉપરા ઉપર—ઉત્તરોત્તર જાણી જોઇને જુમ્આની નમાઝ વગર જવા દીધા તેણે ઇસ્લામને પોતાની પાછળ ફેંકી દીધો—ઇસ્લામને છોડી દીધો.

૧૭૮ જેને આંખની બિમારીની ફરિયાદ હોય; [૨] નિર્ધનતા અને કંગાલિયતથી પોતાનો બચાવ કરવો હોય અને [૩] જુનુ—ગાંડપણ અને કોઢથી નિડર રહેવું હોય તેણે જુમેરાતનાં દિવસે અસર પછી પોતાનાં નખ ઉતરાવવા.

૧૭૯ **તલબુલ ઈલ્મો મિનલ મહેદ એલલ લહદ.—** ઘોડીઆથી—બાળવયથી—લઇ— કબરસુધી— મરતા દમ સુધી —જ્ઞાન પ્રાપ્ત કરો.

ગફલત તજી દે અંગથી, જાગૃત થા તૈયાર,
કેળવણી નિજ કોમમાં, જલદી કર પ્રસાર.

૧૮૦ જગત જનોની વાતોમાંથી અલ્લાહને વધારે વહાલી આ ચાર છે. જેવી કેઃ—[૧] **સુબ્હાન અલ્લાહ** (૨) **અલ્હમ્દો લિલ્લાહ** (૩) **લાઈલાહા ઈલલ્લાહ** (૪) **અલ્લાહો અકબર.**

૧૮૧ ઇમાનદાર પુરૂષ અને સ્ત્રી ઉપર તેમનાં જાન માલ અને ઓલાદ ઉપર હંમેશ બલાઓ અને આફતો આવ્યા કરે છે, તે એટલા માટે કે જ્યારે તેઓ ખુદાએ તાઆલાની મુલાકાત કરે છે—મોતને ભેટે છે ત્યારે તેમના માથે પછી કોઈ ગુનોહ કે વાંક બાકી રહેતો નથી.

૧૮૨ પ્રતિજ્ઞા પૂર્વક કરેલ પ્રતિજ્ઞાનો ભંગ કરનાર —વચન આપી વચન નહી પાળનાર, [૨] સ્વતંત્ર માણુસનો વેપાર કરી ઉપજેલાં નાણાં વાવરનાર અને (૩) મઝદૂરને મઝદૂરી કરાવી તેની મઝદૂરી નહીં આપનાર એ ત્રણેનો હું કયામતનાં દિવસે દુશ્મન થઇશ.

૧૮૩ સ્વચ્છ, ધોળા કપડાં અંગે ધારણ કરવાં. એ બીજા બધા રંગીન વસ્ત્રો કરતાં વધારે ફાયદાકારક છે. વળી સફેદ લુગડાઓમાં મરનારાઓને કફન આપો કારણ કે એ વધારે સાફ તેમજ પવિત્ર છે.

૧૮૪ જે કોઇ શનિવારનાં દિવસે સવારમાં પોતાની આ જીવિકાની—રોઝીની શોધમાં નીકળશે, તેની તે ઇચ્છા પુર્ણ કરવા મારે શિરે જવાબદારી છે.

૧૮૫ માબાપ સાથે ભલાઇથી વર્તવું એ નમાઝ, રોઝા, હજ ઉમરા, જેહાદ—ખુદાનાં માર્ગમાં ધર્મ માટેની લડાઇ નફ્લી નમાઝો એ તમામથી શ્રેષ્ઠ અને અફ્ઝલ છે.

૧૮૬ જે પોતાની મહેરબાન મા અને લાલનપાલન કરનાર બાપ સાથે સરસ વર્તનથી અને ભલાઇથી ચાલે છે તેની વચ્ચે અને નબીઓ વચ્ચે જગતમાં ફકત એકજ દરજ્જાનો ફર્ક રહી જશે.

૧૮૭ જેણે પોતાનાં માબાપને સંતાપ આપ્યો અને તેમનાં કહેવા પ્રમાણે અમલ ન કર્યો તેની અને શયતાનની વચ્ચે દોજખમાં ફકત એક દરજ્જાનો ફર્ક રહી જશે.

૧૮૮ બચ્ચાઓના વહાલની ખુશબુ જન્નતની ખુશબુમાંથી એક છે.

૧૮૯ સ્ત્રીની ફીકર રાખવી એ દોઝખની ભડભડતી અગ્નિ-માંથી બચાવ અને આડ છે.

૧૯૦ ખાલિક—સર્જનહારની બંદગી આગળ શિશ ઝુકાવવું એ અઝાબથી બચવાનું સાધન છે.

૧૯૧ ખુદાની ફરમાં બરદારી માટે નફસને લાચાર બનાવવું એ સાઠ વર્ષની ઇબાદતથી સરસ છે.

૧૯૨ મોતથી ડરતા રહેવું એ ગુનાહોનો કફ્ફારો છે.

૧૯૩ જગતનાં સર્જનહાર પરવરદિગારે ત્રણ બાબતોને ત્રણ બાબતોમાં અદ્રશ્ય–છાની રાખેલ છે. [૧] પોતાની રજામંદીને પોતાની બંદગીની અંદર માટે પ્રત્યેક બંદગીમાંથી કોઈને પણ હલકી કે તૂચ્છ ન સમજવી (૨) પોતાનાં ગઝબ ક્રોધને દુષકૃત્યોની અંદર ગુપ્ત રાખેલ છે તેથી કુકર્મોમાંથી કોઇ પણ કુકર્મને નાનું સુનું અને નજીવું ન ગણવું. (૩) પોતાનાં—વલી નાયબ પ્રતિનીધીને પોતાની મખલુક–સર્જનતામાં ગુપ્ત રાખેલ છે માટે અલ્લાહની મખલુકમાંથી કોઇને પણ હલકી નઝરે ન જોવી.

૧૯૪ જગતનો પાલનહાર ખુદા પ્રત્યેક વર્ષે ચાર રાતોની અંદર જગતમાં ભલાઈનો ફેલાવો કરે છે, અને જગતજનોની ભલાઇનું ક્ષેત્ર વિશાળ બનાવે છે. (૧) માહે શાબાનની ૧૫ મી રાત (૨) ઈદુલ ફીત્રની રાત (૩) ઇદુદ્દોહા—બકરાઇદની રાત, (૪) અર્ફાની રાત.

૧૯૫ એ અમારા માર્ગમાં–ઇસ્લામમાં નથી કે જે મુસીબતને ટાણે મોઢા ઉપર મારે, કપડા ફાડે, (હાય હાય હવે મારૂં શું થશે મારા તો હાથ ભાંગ્યા! હું તો રઝળી પડયો! મારા તો ભુંડા હાલ થયા! હાય! હવે

હું ક્યાં જાઉં! હાય, હવે હું શું કરૂં?) નાસ્તીકતાનાં શબ્દો બોલે,

૧૯૬ જે સ્ત્રી મરણ સમયે રાડો પાડીને વિલાપ કરે, છાતીઆ લે, વસ્ત્રો ફાડે, પછાડો ખાય, માથાના વાળ તોડે અથવા માથું મુંડાવે એ કુફ્ર છે, તેવાથી હું બેજાર છું.

૧૯૭ પોતાની હાજતની માંગણી માટે (૧) કુરાને કરીમની તિલાવત કરનારાઓ, (૨) ઉલ્મા—આલિમો અને (૩) જેઓના ચહેરા ઉપર ખૂશનુદી ટપકતી હોય તેવાઓ પાસે જવું.

૧૯૮ જેને ખુદાએ સારો સ્વભાવ, સારૂં નામ અને હસ્તો ચહેરો અર્પણ કર્યો છે તે જગતજનોમાંના ચૂંટી કાઢેલા જનો માંહેનો છે.

૧૯૯ પોતાના નાના બચ્ચાઓના ગાલ ઉપર વહાલ લાવી ચુંબન કરવું એ અલ્લાહને બહુ ગમે છે.

૨૦૦ સફરેથી પાછા આવનારને ભેટવું એ સુન્નત છે.

૨૦૧ જે એક પુત્રીનો પિતા હોય તે રંજ સહન કરનાર છે. (૨) જેને ત્યાં બે દીકરીઓ હોય તે પોતાના માથા ઉપર ઘણો ભારે ભાર ઉપાડનારો છે. અને (૩) જેને ત્યાં ત્રણ છોડીઓ હોય તેને મદદ કરવી એ પ્રત્યેકનો ધર્મ છે. અને એવો માણસ ક્યામતને દિવસે જન્નતમાં મારી હારોહાર હશે.

૨૦૨ બાળક જન્મતાં તેના જમણા કાનમાં બાંગ અને ડાબા કાનમાં અકામત કહેવી કે જેથી તે બાળક શયતાનના સ્પર્શથી બચી જાય છે.

૨૦૩ બાળકનું નામ સાતમે દિવસે પાડવું.

૨૦૪ પાછળના ઝમાનામાં સૌથી ખરાબ મિલ્કત ગુલામ અને લોંડી થઇ પડશે.

૨૦૫ ખિઝાબ એ એક શોભા છે, ખિઝાબ લગાડવાથી પોતાનાં શત્રુઓ ઉપરનો રૂઆબ અને ડર જતો ન રહે, સ્ત્રીઓનાં મનપસંદની એ એક વાત છે, ખિઝાબ મ્હેંદીનું પસંદ કરવું, કાળો ખિઝાબ લગાડવાથી દૂર રહેવું.

૨૦૬ કુદરતે બક્ષેલ કુવ્વત ઉપર જે સબ્રે જમીલ ધારણ કરશે તેને ખુદાએ તઆલા જન્નતે ફિરદોસમાં જગ્યા દેશે જ્યાં તે રહેવા માંગે છે.

૨૦૭ આવનાર મુસલમાન ભાઇનો સત્કાર કરી તેને બેસવા આસન આપવું એ ખુદાની રેહમત વહોરવા સમાન છે.

૨૦૮ ખુદા આ ત્રણે ઉપર મહેરબાન થઇ છેવટ તેમને જન્નત નસિબ કરે છે. [૧] પરોણાની પરોણાગત કરનાર—મહેમાનની મહેમાનદારી કરનાર (૨) માબાપની આજ્ઞાઓનું પાલન કરનાર અને (૩) લોંડી ગુલામ સાથે ભલાઇથી વર્તનાર.

૨૦૯ કોઇ મુસલમાન ગુલામને ગુલામીમાંથી જતો કરવો એ જન્નતનો પરવાનો મેળવી લેવા સમાન છે.

૨૧૦ વધારે શ્રેયકર એ છે કે કબ્રમાં તેમજ મસ્જીદમાં સફેદ પોશાક પહેરીને જવું, કારણ કે ધોળા વસ્ત્રો અંગએ ધારણ કરવાથી ખુદા પ્રસન્ન થાય છે.

૨૧૧ જે કોઇ મેજલૂમ—પિડિતને ફરિયાદની દાદ દે —તેની વહારે ધાય તેને અલ્લાહ તઆલા કયામતનાં દિવસે દોઝખથી મુક્ત કરે.

૨૧૨ કબ્રમાં શાંતિ અને કયામતમાં છાયો ગોતનારે સદકો આપવો.

૨૧૩ સદકાનાં દેનારને ૭ ફાયદા થાય છે, તેમાંથી ત્રણ આ જગતમા અને ત્રણ આખેરતમાં. દુનિયામાં ત્રણ ફાયદા તો એ છે, (૧) રોઝી, નિર્વાહ: (૨) માલ મિલ્કત અને (૩) આયુષ્યમાં વધારો થાય છે અને આ ખેરાતમાં થતા ત્રણ લાભ એ છે કે સદકો (૧) ગુનાહોનું ઢાંકણુ (૨) માથા ઉપર તાપથી બચવાનું કયામતને દિવસે છત્ર અને [૩] દોઝખ માટે ઢાલ બને છે.

૨૧૪ સદકો દેવાથી બલાઓ દૂર થાય છે અને આશાઓ પુર્ણ થાય છે.

૨૧૫ મુસલમાને પોતાના મુસલમાન ભાઇને પ્રફુલ્લ વદને બોલાવવો અને તેની સાથે હસ્તા ચેહેરે મળવું એ પણ મુસલમાન માટે એક સદકો છે.

૨૧૬ છેવટ એક ખજુરની પેશીનો સદકો કરીને ઇમાનદારે પોતાને દોઝખથી બચાવવો.

૨૧૭ મુનાફિક એ કે જે (૧) વાત વાતમાં જુઠું બોલે,(૨) વચન ભંગ થાય અને (૩) વિશ્વાસઘાત કરે; એ ત્રણ-માંથી એક ટેવ જેમાં દેખાય તેમાં નિફાકનો ત્રીજો ભાગ મોજુદ હોવો જોઇએ.

૨૧૮ મનુષ્યનાં એ ચારે શત્રુ છે. (૧) પાપાત્મા (૨) શયતાન (૩) જગતની જંજાળ અને (૪) મોહ માયા.

૨૧૯ કરમ—ઉદારતા એકે માણુસ પોતાના માલથી બીજાઓને ફાયદો પહોંચાડે, પોતે બીજાનાં માલની આશા ન રાખે.

૨૨૦ એ પણ બલા છે (૧) માલની મોહીની (૨) એક કર-તાં વધારે સ્ત્રીઓનો ઘરવાસ (૩) કનડગત કરનાર પાડોશી [૪] ઢીલા પગલે જનાર બેપિયો (૫) વઢકણી વહુ (૬) લીલું બળતણ (૭) ટમટમ બળતો દીવો (૮) ચુવાકવાળાં ઘર (૯) તંગજોડા (૧૦) જમવા વખતે કોઈની વાટ (૧૧) પજવનાર બીલાડી વિગેરે વિગેરે.

૨૨૧ અંદર ગયા પહેલાં બાહિર નીકળવાનો માર્ગ પ્રથમ જોઇ લેવો.

૨૨૨ સમય એ શકિત છે, એ શકિતની ઉપાસના કરવી ઘટે—વેળા એ વસુ—સમયનો સુવ્યય કરવો જોઇએ.

૨૨૩ અલ્લાહ તઆલા જલ્લશાન્હુ નઝદીક સર્વથી ઉત્તમ તે શખ્સ છે, કે જે સલામ કરવામાં પહેલ કરે.

૨૨૪ જે શખ્સ કર્ઝ (કરજ), ગર્વ, અપ્રમાણિકપણાથી દૂર રહી મરણને શરણ થાય તેના માટે જન્નત નિર્માણ છે. કર્ઝ, દેણું, દેવાદારી, કેવી બલા છે, કેવી આફત છે, કેવી વિમાસણ છે, કેવી ભયંકરતા છે, કેવી ખાના ખરાબી છે, કેવી જીવ લેણ બિમારી છે, તેની ઝાંખી થવા માટે એક ઉર્દુ શાએરના બોલ સાંભળો.

બરબાદીયે[1] તઆલિયો[2] ઇફ્લાસ[3] આજ હેં,
ઇસકા સબબ ખરાબીયે રસ્મો[4] રિવાજ હેં
હાલાત[5] ઇનકિલાબે[6] ઝમાના ન પુછીયે,
કેહરે[7] ખુદા બિરાદરીકી[8] આજ લાજ હે.
અફસોસ હે મરઝકો[9] સમજતે નહીં મરઝ,
ઇસકા ઇલાજ કુચ્છભી નહી લાઇલાજ[10] હય

---

૧ ખરાબી, કચ્ચડઘાણ. ૨ સત્યાનાશ, પાયમાલી. ૩ કંગાલિયત, ગરીબાઈ. ૪ [જડ ઘાલી બેઠલો] રિત-રિવાજ. ૫ સ્થિતિ, પરિસ્થિતિ. ૬ ફેરફાર ક્રાંતિ. ૭ પ્રકોપ. ૮ ભાઇચારો, બંધુતા. ૯ રોગ ૧૦ નિરૂપાય

લેં કર્ઝ ભી મગર હય ઝુરૂરી અદાયે[11] રસ્મ,
ખાનેકો આહ ઘરમેં ન દાના ન [12] નાજ હય
મોહ[13]તાજ દાને દાનેકો હય મુલ્ક આજકાલ
સારી બુરાઇયોંકા સબબ એહ[14] તિયાજ હય.
આસાનિયાં નિકાહમેં કયસી, કહાં કી શર[15]રએ
તોક[16]અબ ગલેકા સિલ્સિલયે[17]અઝદવાજ[18]હય
યૂરપકે લોગ કેહ ચૂકે ફેશનકો ખયરબાદ[19],
હિંદોસ્તામેં[20] રસ્મકો અબતક રિવાજ[21] હય
નાહક શિકાર સૂદ[22] કે હોતે હયં બદનસીબ[23]
દિન રાત સાહુકારકા દુનિયામેં રાજ હય.
ફાકા[24]કશી બજા[25] હય બુઝુર્ગીકી[26]હય રવીશ[27]

મર જાવ પર ન કર્ઝ લો ગર તુમકો લાજ હય.

કર્ઝ અદયનો શયનુદ્દીને,

આ ન ડાલો અય મુસલમાનો! ગલેમેં કર્ઝકા ફંદા,
મહાજનકી કરે કયું બંદગી અલ્લાહકા બંદા.

---

૧૧ પૂર્ણતા, બજાવણી. ૧૨ અનાજ ૧૩ પરાધિન, ઓશિયાળા. ૧૪ માગણી, લાલચ. ૧૫ ધર્મ (સિદ્ધાંત) ૧૬ પટો, સાંકળ ૧૭ પ્રથા. ૧૮ સ્ત્રીઓ, પત્નિઓ ૧૯ છેલ્લી સલામ. ૨૦ રીત, બંધારણ. ૨૧ બંધારણ ૨૨ વ્યાજ. ૨૩ હીણભાગી, ૨૪ ભૂખમરો. ૨૫ યોગ્ય, ઘટતી. ૨૬ બાપદાદા, મ્હોટાઈ. ૨૭ ચાલ.

ૐ (ગર્વ) ખુદનુમાઇ—હુંપદના અંજામ હંમેશ બુરાજ આવ્યા છે: તેમાં કોઈ ફાવ્યુંજ નથી ને ફાવવાનું પણ નથી; બુરાનો અંજામ પણ બુરોજ તે વિષે એક શાએર કહે છે કે:—

આરસી દેખ કર નહો મગરૂર ખુદનુમાઇ ન કર ખુદાસે ડર.
(કપટજાળ અને મોહમાયામાં ફસેલા તથા હુંપદ અને ગર્વમાં છકેલા મલીન માનવીઓને ઇબરતનો ફટકો લગાવતાં) એક ડાહ્યો અને તત્વજ્ઞાની શાએર કહે છે કે:—

ન મારા આપકો જો, ખાક હો અકસીર બન જાતા,
અગર પારેકો અયે અકસીર, ગર મારા તો કયા મારા ?

(પારાને તો સહુ કોઇ મારી શકે-ખાક બનાવી શકે છે; પારાની ખાક તો તેં બનાવી ખરી, તેને માર્યો તેમાં તે શું નવાઈ કરી ? પારાની ખાક બનાવવાથી તારામાં તેની કાંઇ પણ અસર થવાની નથી, પણ ખરૂં તો ત્યારેજ કહેવાત કે તેં તારી પાંચે ઇંદ્રિયોને મારીને મલીન વાસનાઓ ઉપર વિજય મેળવીને તને પોતાને જ તેં માર્યો હોત અને એમ જો થયું હોત તોજ તું ખરેખરો પૂજ્ય લેખાત—એક સંત પુરૂષ જેવો ગણાત) વળી અહંકારમાં અંધ બનેલાનો અંધાપો દૂર કરવા

કાજે પોતાની અસલી ગતને યાદ દેવરાવતાં એક ઉર્દુ કવિએ કહ્યું છે કેઃ—

આજેઝી[1] કર, યેહી હય જવહરે[2] પાક,[3]
કયસે એતરાયા,[4] કયું અકડતા[5] હય ?
અસ્લકો[6] અપની દેખ અય નાદાન ![7]
ગંદે[8] પાનીકા એક કતરા[9] હય.

ઇસ્લામની અમૃતવાણી.

મુસ્લિમોના દીનો ઇમાનના માલિક હઝરત રસૂલે ખુદા (સલ્.) પોતાના પ્યારા ઉમ્મતી, જે કર્ઝની બલામાંથી બચી જાય, તેમને જન્નત મળવાની ખૂશખબરી એનાયત કરે છે, છતાંયે મુસ્લિમો ફુઝુલ ખર્ચી ઉડાઉપણું અને ખોટા તેમજ પાપી રીતરિવાજોમાં અંધ બની પોતાની હસ્તી કેવી દયાજનક અને પાછળનાઓની ઝિન્દગી કેવી કફોડી બનાવે છે તેનો ભયંકર ચિતાર રજુ કરતાં નવ્વાબ સાહબ સદ્રની નઝમ સાંભળો અને શરાબી જેવી મુસલમાનોને બરબાદ અને તારાજ કરનાર કર્ઝની બીજી બલાને સાષ્ટાંગ દંડવત કરી તેનાથી પોતાનો પીછો છોડાવો)

---

૧ નમૃતા ૨ રત્ન મર્દાઈ ૩ પવિત્ર–મૂલ્યવાન ૪ ક્રોધે ભરાય ૫ મગરૂર બને ૬ મૂળ, અસ્લની સ્થિતિ ૭ મૂર્ખ, બેસમજ ૮ મેલું, નાપાક ૯ છાંટો (૮, ૯=ધાતુ)

૨૨૫ તમારા માલની ઝકાત આપી તમારા માલને મઝબૂત કિલ્લાઓમાં [બંદ] કરી લ્યો; (માલની ઝકાત માલને પ્રત્યેક પ્રકારની નુકસાનીમાંથી બચાવી તેને સહીસલામત રાખવા સમર્થ છે.) બિમારીઓની દવા સદકાથી કરો (રોગોનું નિવારણ ગરીબ ગુર્બાઓને સદકા આપવાથી પ્રાપ્ત થાય છે.) અને મુસીબતો વિટંબણાઓના વકત ખુદાની બારગાહમાં દુઆ કરો. (સંકટોની સપડામણમાં પરવરદિગારની પ્રાર્થના સહાયતા કરે છે,)

૨૨૬ જે મુસલમાન બીજા મુસલમાન ભાઇની એવી જગ્યાએ મદદ કરે, કે જ્યાં તેની આબરૂ જવાનો સંભવ હોય, તો અલ્લાહ તઆલા એ મદદ કરનારને એવી જગ્યાએ પોતે સહાયતા આપશે, કે જ્યાં તેને પોતાને સહાય-મદદની ખાસ ઝુરૂરત હશે. જે મુસલમાન બીજા મુસલ-માન ભાઇની એવે ઠેકાણે તર્ફદારી નહીં કરે, કે જ્યાં તેની ઇઝઝત જતી હોય તો સર્વ શકિતમાન અલ્લાહ તેને એવી જગાએ મદદગાર અને સહાયક વગર છોડી દેશે, કે જ્યાં તેને મદદની સખ્ત ઝુરૂરત હશે. (એવો કોણ હોય કે જેને પોતાના પાલનહાર પરવર-દીગારની મદદ અને સહાયતાની ખપ ન હોય ? કોઇજ ન હોય, તો તે મેળવવા જે પછાત કે સુસ્ત રહે તેનાં તો પછી કમભાગ્ય નહિ તો બીજું શું ? ખુદા બચાવે મુસલમાનને આવી બદ નસીબી થી ! !)

દુશ્મનકો ભી ખુદા ન કરે મુબતલાએ[1] કર્ઝ
હોતી વબાલે[2] જાન હય બેશક બલાએ કર્ઝ.
મનઝૂર ઉજાળના[3] હો જિસે અપના ખાનદાં,
વો બદનસીબ[4] બનિયેસે લા કરકે ખાયે કર્ઝ.

જો માલો મિલ્ક[5] અપને મહાજનકો દે ચુકે,
અબ હાથ મલકે[6] કરતે હંય વો હાય! હાય કર્ઝ!
ખુશનુદ[7] કર્ઝ લેનેસે હોતે હંય બેવકુફ,
ફચલાતે હાથ ફિરતે હય હરદમ[8] બરાયે[9] કર્ઝ.

હોતી નહીં હય ઇતની ખૂશામદ ગુલામસે,
જિતનીકે હમસે ઇજઝો[10] ખુશામદ કરાએ કર્ઝ,
મુહતાજ કોળી[11] કોળીકો ફિરતે હંય અબ વુહી
જિન અહમકોંને[12] સંયકડો લાખો ઉઠાએ કર્ઝ
લાખોંકે મુલ્ક આનમેં[13] બરબાદ હોગએ,
દો દીનકી ઇદ કરકે જો તો દે લગાએ કર્ઝ.
પઢતે નથે નમાઝે જનાઝા રસૂલે પાક,
કમબખ્ત જો કોઇ કે મરા મુબતલાએ કર્ઝ.

---

૧ ફસેલા, સપડાએલ. ૨ વિંટબણા. ૩ ઉજડ કરવું. ૪ હતભાગી, દુરભાગી. ૫ મિલ્કત, પૂંજી. ૬ ઘસીને. ૭ ખૂશ, મગન. ૮ ચારે ઘડીએ. ૯ માટે. ૧૦ નમનતા (અને) ભાઈ-બાપા. ૧૧ કોડી, દોકડો, પાઈ. ૧૨ મુર્ખાઓ ૧૩ જોતજોતામાં

વારિદ[૧૪] હય યે હદીસ શહીદોંકી શાનમેં.
બખ્શે ગએ ગુનાહ થે જિતને સિવાયે કર્ઝ.
રસ્મોંકા[૧૫] બંદ હોના બહુત કામ આયગા,
હમકો તો સૂઝતી હય યિહી એક દવાએ કર્ઝ.
અય સદ કર્ઝદારકી[૧૬] ઇઝ્ઝત નહીં કહીં,
સબ આબરૂકો ખાકમેં અપની મિલાએ કર્ઝ.

(નિદાએ મિલ્લત.)

૨૨૭ જે પોતાની પત્નિને પોતાની માતા કરતાં ચઢિયાતી રાખે, તેનાં ઉપર જગતનિયંતા તેમજ તેનાં ફિરિશ્તાઓ ફિટકાર વરસાવે છે—તેને શ્રાપ આપે છે; વળી તેવા [પત્નિવશ ગુલામ] ની ફર્ઝ કે નફીલ નમાઝો કશુંય ખુદાના દરબારમાં કબૂલ થતું નથી. (સ્ત્રીવશ થઇ માતાને તુચ્છકારી કાઢનારનાં સુકર્મો એળે ન જાય તો બીજું થાય શું ? હાથનાં કર્યાં હૈયે વાગેજ.)

(રસામૃતના પીરસનાર મહાશય રસજ્ઞ કહે છે કે દુનિયામાં એવા દાખલાઓ આજકાલ ઘણે ઠેકાણે બને છે કે નવ વધુના મોહમાં ફસાઈ ગયેલા અનુભવ વિનાનો અને અબુધ જવાન માબાપને કોઇ ગણતરીમાંય ગણતો નથી, તેવા માટે) એક હિંદી કવિ કહે છે કેઃ—

---

૧૪ ઉતરેલી વર્ણવેલી. ૧૫ રીતરિવાજ.
૧૬ દેણદાર.

બેટા બિગરે બાપસે, કરી તિયનકો નેહ;
લટાપટી હોને લગી, મોહી જુદા કરી દેહ.
મોહી જુદા કરી દેહ, ધરી મા માયા મેરી;
લેહોં ઘર અરૂ બાર, કરૂ મેં ફજિહત તેરી.
કહે **ગિરધર** કવિરાય, સુનો ગધ્ધા કે લેટા,
સમય પર્યો હય, આય બાપસે ઝગરતે બેટા.

(ઇ. એ.)

૨૨૮ દરેક મનુષ્યને એ ચાર બાબતનો જવાબ દીધા વગર તેનો છુટકો નથી થવાનો—(૧) પોત પોતાની ઝિન્દગી કેવા કામોમા પુર્ણ કરી ? (૨) પોતાના શરીર (નીશકિત) ને શા કામમાં લીધું ? (૩) ઇલ્મવિદ્યા સંપાદન કરી કયો અમલ હાથ ધર્યો ? —કયું કર્તવ્ય બજાવ્યું ? અને (૪) માલ કેવી રીતે મેળવ્યો અને તે કેવી રીતે ખર્ચ્યો ? (એ પ્રશ્નોના ઉત્તરો આપવાની શકિતની પ્રાપ્તી અર્થે) મહાશય **નયન** કવિ સાદિકમાં કહે છે કેઃ—

ગઝલ.

જેના જીગરમાં ધૈર્યતા, સચ્ચાઇને નીતિ દયા,
સત્કર્મના સ્નેહી સદા, નિર્ધન પ્રતિ અંતર મયા;
વિવેક વાની મુખ કથી, સુવાસ જગ પ્રસરાવશે,
તેની સદાયે વિશ્વમાં, સર્વોપરી ગણના થશે. ૧

દાનેશ્વરી ધર્મ અચળ, ને એક વચને ચાહના;
સત્યોપદેશક સર્વદા, દાંભિક તણી દરકાર ના,
પણ સંપનો ચાહક રહીને, ઐક્ય-દુર્ગો બાંધશે,
તેની સદાયે વિશ્વમાં, સર્વોપરી ગણના થશે. ૨

સાચા તણો સંગી રહી, બદ કાર્યથી અળગો વસે,
ઈશને અચળ ઉરથી, ભજી પાંખડીઓને ભેદશે;
ખત્રી કથે સંસાર, તરતાં અન્યને પણ તારશે,
તેની સદાયે વિશ્વવમાં, સર્વોપરી ગણના થશે. ૩

નિખીં પીડીત કંગાલને, નિજ આંખમાં અશ્રુ ભરે,
તન મન અને જરની, મદદ આપી સબળ કષ્ટો હરે;
દુઃખી જનોનાં દુઃખ હરી, તે બાદ પોતે જંપશે,
તેની સદાયે વિશ્વમાં, સર્વોપરી ગણના થશે. ૪

નિષ્કપટથી વર્તન કરે, સમરાંગણે શુરો વળી,
જય મેળવે રણ જંગમાં શત્રુ પ્રતિ સ્નેહે લડી;
નિજ ધર્મ રક્ષણ કાજ જે, રણધીર મસ્તક અર્પશે,
તેની સદાએ વિશ્વમાં, સર્વોપરી ગણના થશે. ૫

૨૨૯ કોઇપણ મુસ્લિમ બંધુને એ શોભે નહિ કે તે પોતાના જાતિબંધુને ડરાવે, ધમકાવે. (વગર પ્રયોજને-વગર નિમિતે)

૨૩૦ દોઝખ એના માટે હરામ છે કે જે નર્મ, સભ્ય મિલ-
નસાર અને સારા સ્વભાવનો હોય.

૨૩૧ अ જ્યારે બે મુસલમાનભાઇઓ ભેગા મળે અને એક
બીજાને સલામ કરે, અને જવાબ દે, ત્યારે ફિરશ્તાઓ
એમના ઉપર સિત્તેર વક્ત રહમતની વૃષ્ટિ કરે છે.
(સલામ–સલામતીની સફળતામાં કૃપા વૃષ્ટિ મેળવો)

ब બે મુસલમાન ભાઇ જ્યારે એક બીજાને મળે અને
હાથ મેળવે, ત્યારે તે બેઉનાં ગુનાહો ધોવાઇ જાય છે.
(પ્રેમ મિલનનો પ્રતાપ) તો જુઓ !

क ઝુર ગિબ્બન તઝદદ હુબ્બન.

મુલાકાતોં મેં લુત્ફ આતા હય, કુછ મુદ્દતકી દુરીસે,
ઘટાતે કયું હો ઉસ્કો રાત ઓર દીનકી હુઝૂરીસે. મુ. મિ.

૨૩૨ જેની પાસે કોઈ મુસલમાનભાઈની વાત નીકળે અને
તે તેને ટેકો આપે યાને તેની મદદ કરે (કરાવે) તો
અલ્લાહ તઆલા આલોક તેમજ પરલોક બેઉમાં તેની
દસ્તગીરી–સહાય કરશે.

૨૩૩ જે મુસલમાન પોતાના મુસલમાન ભાઇની જતી આ-
બરૂ બચાવવાના [પવિત્ર નિમિતે] તેનો પક્ષ કરશે,
તેનો પક્ષ દોઝખની સામે આડ બની તેનો આગથી
બચાવ કરશે.

૩૩૪ જેનાથી ગરીબ ગુર્બાઓ રાઝી રહે છે, તેનાં ઉપર પાલનહાર પરવર દિગાર પ્રસન્ન થાય છે, તુષ્ટમાન થાય છે, એ એક ગરીબો પ્રત્યે અલ્લાહની ખુશનૂદીનો, (સનજડ) પુરાવો છે.

૨૩૫ ગુનાહોની મુઆફી આપ્યા કરો, સત્કાર્યો કર્યા કરો અને અજ્ઞાનોથી દૂર રહ્યા કરો.

(તમારા હૃદયમાંથી મલીન વાંચ્છનાઓ કાઢી નાખો, હુંપદ , વિકાર વગેરેને હૃદયમાં સ્થાન ન આપો, કોઇ તમને ભૂંડી શિખામણ આપે. તો તે ઉપર ધ્યાન ન આપો, જે તમને ખરાબ કહે, તેના ઉપર કિનાખોરી કે વેરવૃતિ ન રાખતાં ઉદારતા દાખવો અને જો કોઈ ઉલટે રસ્તે દોરવાઇ જતું હોય, તો તેને તેમ કરતાં અટકાવો, તમારા વાંકમાં આવેલી વ્યકિતને મુઆફી–ક્ષમા બક્ષો, એજ તમારી મ્હોટાઇ છે, એ વિષે મહાન કવિ **ગાલિબે** કહ્યું છે કે—

ન સૂનો ગર[1] બુરા કહે કોઇ,
ન કહો ગર બુરા કહે કોઇ;
રોકલો ગર ગલત[2] ચલે કોઇ,
બખ્શ દો ગર ખતા[3] કરે કોઈ

વળી સુકર્મોનાં ફળ વિષે મહાન ઉર્દુ કવિ **અકબરે** કહ્યું છે કેઃ—

૧ જો ૨ ખોટું, ઉલટું. ૩ વાંક, ભુલ.

અગર અઅમાલ[4] અચ્છે હૈં,
તો પાવોગે બડે દર્જે,
સમઝ લો ઈમ્તેહાં[5] હૈ યહ,
દારે[6] ફાનીમેં[7] તુમ્હારા હૈ.

૨૩૬ જે ગુલામ (પોતાની ગુલામીમાં પણ) ખુદાની બંદગી તેમજ ફરમાં બરદારી કરે અને તે સાથે સાથે પોતાના આકા શેઠના હુકમોનું પાલન કરે, તે પોતાના માલિક કરતાં સિત્તેર વર્ષ પહેલાં બેહિસ્તમાં દાખિલ થઇ જશે. (એ ગુલામનાં કર્તવ્યનું ઉમદા ફળ.)

૨૩૭ વયોવૃદ્ધ મુસલમાનને માન આપવું અને તેની ઈઝઝત કરવી એ એક અલ્લાહની બુઝુર્ગી છે.

એક ઉર્દુ કવિ અદબની મ્હોટાઈ વર્ણવતાં કહે છેઃ—

અદબ[8] હય તાજ[9] લુત્ફે[10] રબકા અય યાર ?
ઉસે સિર પર રખ્ખે સો હોવે સરદાર.

૨૩૮ ક્ષમાની યાચના કરનારને ક્ષમાની બક્ષિશ નહિ કરનારને જે નિરાધારોનાં હકકોનું રક્ષણ નહિ કરતાં તેમને દબાવી જે અધિકારી કર અને ખંડણી વસુલ કરે છે, તે સત્તાધારી જેવી શિક્ષાને પાત્ર ઠરશે.

---

૪ કરણી (સુકૃત્યો) ૫ કસોટી, પરીક્ષા. ૬ ઘર. સંસાર. ૭ નાશવંત. ૮ સભ્યતા. ૯ મુગટ ૧૦ મહેરબાની કૃપા.

૨૩૯ અંધ પુરૂષ (કિંવા સ્ત્રી) ને જે કોઇ ૪૦ કદમ દોરી લઇ જશે, તેના આગળ તેમજ પાછળનાં ગુનાહો અલ્લાહ મુઆફ કરી દેશે.

ખુદાનાં (મુબારિક અને પવિત્ર મુખનાં દર્શન કરવા જે ભાગ્યશાળી થશે, તે દુનિયા માંહેતો અંધજ હશે.

૨૪૦ જે કોઇ સવારે ઉઠતાં વારજ નિર્વાહની તંગીની ફરિયાદ કરે છે, તે પોતાના પાલનહારની નિંદા કરે છે; જે કોઈ પ્રભાતે ઉઠતાંજ દુનિયાદારીમાં લપટાઈ જાય છે, તે તેના પયદા કરનાર ઉપર ક્રોધે ભરાય છે અને જે કોઇ પૈસાદારની ખુશામદ કરે છે તે પોતાનુ ક્રુ ઇમાન ગુમાવે છે.

(પ્રાતઃકાળના રમણિય સમયે ઉઠતાંજ નિર્વાહની તંગીની ફરિયાદ કરનાર પોતાના પાલનહારની નિંદા કરે છે કારણ કે સુરતનિવાસી ઉર્દુ શાએર જનાબ કમર સાહેબ કહે છે તેતો ઝરા સાંભળો)

અતા રિઝક હોતા હય ઈસ વકત સબકો,
કરો શુક્ર નિઅમા ! ઉઠો જાગો ! જાગો !

(વળી પ્રભાતે ઉઠી તુર્તજ દુન્યાદારીમાં પડે છે, તે પોતાના પરવર દિગારને વ્યવસાયની બિસમિલ્લાહમાં જ ગોથું ખાય છે કારણ કે એ સમય માટે) જનાબ કમર સાહબ કહે છે કેઃ—

કરો યાદે મવલાસે દિલ અપના રવશન,
બહુસ્ને અકીદત ઉઠો, જાગો ! જાગો !
ગવહરે મકસુદસે ભર જાયે દામા ને કમર,
તેરી રહમત કા, ઇનાયતકા, અતાકા, વકત હય.

૨૪૧ જ્યારે ખુદા પાસે યાચના કરો, ત્યારે એ યાચનામાં એમ ન કહો કે હે અલ્લાહ ! ત્હારી ઇચ્છા હોય, તો તું મ્હારી યાચના પૂર્ણ કર, પરન્તુ માગો ત્યારે સંપૂર્ણ વિશ્વાસ ધરાવીનેજ માગણી કરો. (તવક્કુલ ફળશે ઈ. અ.)

૨૪૨ સૂતી વકતે દરેકે એમ કહેવું કે હે જગદિશ ! મેં મ્હારી ઝાતને ત્હને સોંપી, મ્હોઢું ત્હારા તરફ કર્યું. ત્હારા તરફ વળ્યો સર્વ કારોબાર ત્હારે ચરણે ધર્યો, ત્હારા શૌકમાં-ઇશ્કમાં કમ્મર કસી-પીઠ મઝબૂત કરી; ત્હારા ભયથી ભયભીત બન્યો; ત્હારા આશરા સિવાય અન્ય મ્હારો આશ્રય નથી, ત્હારા આકાશી પુસ્તકો ઉપર મ્હારૂં ઇમાન છે. તે સર્વ મ્હારે માન્ય છે, ત્હારા નબીઓને પણ હું સાચા- બરહક ગણું છું; એમ કહેનાર-માનનાર જો એ રાતે મરણને શરણ થાય, તો (તેના અહોભાગ્ય કે) તેણે ઇસ્લામ (રૂપી અમૂલ્ય ગવહર) હાથ કર્યું અને જીવતો રહે; તો તેને સ્વાબની પ્રાપ્તી થાય.

૨૪૩ મલલમ યશકુરીનનાસ! લમ યશકોરીલ્લાહ.

વો ઇન્સાં જો નહીં મિન્નત[1] પઝીર[2] ઇન્સાં કે એહસાંકા,[3]
અદા હક ઉસસે નહીં હો સકતા હય શુક્રે[4] યઝદાંકા.[5]

વાણીથી કે વસુથી, જાનથી કે માલથી, ફયઝ કે ફાયેદો પહોંચાડનાર બંધુનો એ અહેસાન ઝાહેર કરવાની જેમાં નબળાઈ હોય કે ઉણપ હોય, યાની ન સમજ હોય, કે ન આવડત હોય, તેવા અહેસાન ફરામોશીનું નૈતિક પાપ વહોરનારમાં પોતાના પાલનહાર પરવરદિગારને બે શુમાર અમૂલ્ય નેઅમતોનો શુક્રિયા—આભાર માનવાનું ભાન કે શાન કયાંથી હોય ? અને એ ભાન કે શાનની જેમાં ખામી હોય તે હૈયાફુટાની જાણમાં કયાંથી આવે કે પોતાના પયદા કરનારની અગણિત બક્ષિશો અને મહેરબાનીઓમાં શુક્ર અદા કરવાથી બરકત અને વૃદ્ધિ થાય અને પાલનહાર પ્રસન્ન અને તુષ્યમાન થાય ? એ બરકતી આદત ગ્રહણ કરવા સાંભળો:—

જો એહસાં કરે ઉસકા ગુન માનના,
સદા અપને મોહસિનકો પેહચાનના.

૨૪૪ ચાર જણ માટે જન્નત અતિ આતુરતાથી (સ્વાગત માંટે) વાટ જુએ છે.

(૧) ભૂખ્યાને પ્રેમપૂર્વક જમાડનાર-પ્રેમપૂર્વક અન્નદાન દેનાર, (૨) નગ્ન શરીરને વસ્ત્રથી ખુદાના ડરથી ઢાંકનાર-

૧ ઉપકાર. ૨ માનનાર. ૩ આભાર. ૪ પાડ. ૫ ખુદા.

અલ્લાહના ભયથી વસ્ત્રદાન દેનાર; (૩) માહે રમઝાનુલ મુબારિકના રોઝાઓ નેકનિષ્ટા અને પવિત્રતાથી રાખનાર, અને (૪) કુર-આને કરીમની તિલાવત શોકથી કરનાર.

દેખ હૈ ઇસ તરહ ફરમા દિયા,
હઝરતે ખયરૂલ[1] બશરને બરમલા;[2]
સબ મુસલમાનોંકે દિલમેં યે હી હૈ,
હમકો જન્નત અબ કિસી ઢબસે મિલે.

ઔર જન્નત ચાર શખ્સોં કે લિયે,
દિલસે અપને રાતદિન મુશ્તાક[3] હૈ.
પહલે વો હૈ જિસને ખાના દે દિયા,
પેટકે ભૂકે કો અઝ બહરે[4] ખુદા.

દુસરા કપડા પેહનાયા શૌકસે,
જિસને નંગેકો ખુદાકે ખૌફસે;
તિસરે જિસ શખ્સને રોઝા રખા,
માહે રમઝાંકા બસદ સિદકો[5] સફા.

ઔર ચોથે જો પડહે કુરઆન કો.
સિદ્દક દિલસે અય મુહિબ્બાને[6] નેકો.[7]

---

૧ જગતના કલ્યાણકારી. ૨ જગઝાહિર, શ્રોતાઓની સન્મુખ. ૩ આતુર, ૪ લિલ્લાહ ખુદા વાસ્તે. ૫ સચ્ચાઇ અને પવિત્રતા. ૬ પ્રેમી, પ્રેમાળ મિત્રો. ૭ ભલા-પવિત્ર.

૨૪૫ अ હાથ કમાઇ અને પ્રમાણિક વ્યાપાર એથી સરસ ધંધો બીજો નથી.

ब પ્રમાણિકપણે આજીવિકા મેળવનારને અલ્લાહ ચાહે છે.

क દસ્તકારી-હાથ કમાઇ એ ખુદા તરફની એક ભેટ છે.

(મનુષ્યમાં સૌથી શ્રેષ્ઠ હાથ કમાઇથી નિર્વાહ કરનાર છે. હ. ઇસા. અ, સ.)

૨૪૬ अ એના ઉપર ખુદાઈ પ્રકોપની જ્વાળા ભભૂકી ઉઠે છે કે જે પોતાની સ્ત્રીનો અંગસંગ-હમબિસ્તરી-શ્રાવ-અટકાવ વખતે કરે છે;

ब વળી એ શયતાની-પાજી ઉપર પણ અલ્લાહનો કોપ ફાટી નીકળે છે કે જે સૃષ્ટિ વિરૂદ્ધ કાર્ય કરે છે, અને વળી તેના ઉપર પણ ખુદાનો સખ્ત ગઝબ આવી પડે છે કે જે જનાવરો સાથે કુકર્મ કરે છે.

(એ ત્રણે લઆનતી આદતથી દરેક કલેમાગોને અલ્લાહ મહફુઝ રાખે)

૨૪૭ अ ભૂખ અને તરસથી નફ્સને પરાજીત કરો-વાંચ્છના-ઓને મરણને શરણ કરો, કારણ કે કામ વાંચ્છનાઓ સાથે લડવું એ તો ધર્મના શત્રુઓ સાથે જંગ મચાવવાનું પૂણ્ય ધરાવે છે-જિહાદનો સવાબ પ્રાપ્ત થાય છે.

હઝરત શયખ સઆદી (રહ) કહે છે કેઃ—

મકુન નફસે અમ્મારહરા પયરવી,
કે નાગે ગિરફતારે દોઝખ શવી.
(ન કર નફસ અદકી પયરવી),
(ઇસ્વાસ્તે કે યકાયક ગિરફતાર દોઝખકા હોવે તુ)
અગર દૂર બાશી ઝે ફિસ્કો ફુજુર,
ન બાશી ઝે ગુલઝારે ફિરદૌસે દૂર
(અગર દૂર રહે તુ બદકારી ઔર ગુનાહસે)
(ન હોવે તુ ગુલઝારે બેહિશ્તસે દૂર)

અ (હઝરત ઇબ્ને મઆઝ રાઝી રદી. કહે છે કે વાંચ્છનાઓ શયતાનનાં મૂળ છે અને એ મૂળને ઉંડા ઉતરવા દેવા માટે તેને જે ઝમીન અને પાણી આપશે, તેના અંતર આત્માને તોડી ફોડી ત્યાં તે પોતાનો પડાવ નાખશે, પરન્તુ તેને ઝમીન અને પાણી પુરાં નહિ પાડે, ત્યાં તેનાં મૂળ સુકાઇ જતાં તેની શરારત અને લુચ્ચાઇના ડાળી પાંદડાં ખરી પડશે એટલે

બ વગર કહે ઇન્સાનના દિલમાંથી મુકામ ઉપાડવો જ પડશે શયતાનનાં મૂળને પાણીનું સિંચન તો કુંભકર્ણ જેવી અઘોર ઉંઘ અને ઝમીન તો ખૂબ આહાર રાખવો છે.)

૨૪૮ જે કોઇ સર્વથી સમર્થ થવા માગે, તેને કહી દો કે તવક્કલ ધારણ કરે—ખુદા ઉપર જ પ્રત્યેક પ્રકારે ભરૂસો રાખે.

(તકદીરે ઈલાહી—લલાટે લખેલ ઉપરજ વિશ્વાસ રાખવો, એનું નામ જ તવક્કુલ (હ. હસન બસરી, રહ)

૨૪૯ સાથે મળીને જમવા બેસવું અને જમવા માંડયા અગાઉ બિસ્મિલ્લાહ કહેવું; વળી ખાવા બેઠા અગાઉ અને ભોજન કરી લીધા પછી હાથ ધોવા, એ પોતાની રોઝી રિઝકમાં બરકત મેળવવાનાં સાધન છે.

(ખુદાને સૌથી વધારે એ વાત ગમે છે કે મુસલમાન પોતાની અર્ધાંગના—સ્ત્રી તેમજ બાલબચ્ચાં બધાં મળી એક દસ્તરખ્વાન ઉપર સાથે જમવા બેસે, ત્યારે ખુદાયે કરીમ તેમના ઉપર કૃપાદ્રષ્ટિ કરે છે અને વળી તેઓ જમીને ઉઠે, તે અગાઉ તો સર્વ શક્તિમાન ખુદા તેમનાં ગુનાહોની ક્ષમાની બક્ષિશ કરી દે છે. (હ. અનસ. રદી) જેણે દુનિયામાં પોતાના ઉદરને ભૂખની મઝા ચખાડી હશે, એજ કયામતના દિવસે ખાધેલ પીધેલ—સર્વ પ્રકારે સંતુષ્ટ—થઈ ઉઠશે.

ક જેણે ઝિન્દગીમાં ખૂબ પેટ ભરીને ખાધું હશે, તે આખેરતમાં લાંબા કાળ સુધી ભૂખની વેદના ભોગવશે.

ક ઈન્સાનના શરીરમાં જે લોહી ફરે છે; ત્યારે શયતાન પણ એ લોહી ભ્રમણમાં સાથ દે છે—મનુષ્યને બેહકાવે છે, માટે ભૂખ્યા રહી લોહીના હરવા ફરવાની ગતિને ઠંડી પાડો, એટલે શયતાન આપો આપ ઠંડો પડી જશે, તેના હાથ હેઠા પડશે.

૬ (ભવિષ્ય ભાખતાં એક વાર ફરમાવ્યું કે) મને માન-નારાઓમાં મારી ઉમ્મતમાંથી ઘણાયે એવા મારા અનુયાયીઓ નઝદીકના ભવિષ્યમાં થવાના છે કે જેઓ ભાત ભાતના ભોજનો જમશે, તરેહ તરેહનાં પીણાંઓ શરબત પીશે, વિધ વિધ વસ્ત્રો પરિધાન કરશે; વાકય ચાતુરીમાં પ્રવિણ બનશે—જીભ ચલાવવામા શૂરા પૂરા બનશે, એજ લોકો મારી .આખી ઉમ્મતમાંથી વધારે ખરાબ અને વિશેષ પાજી નીવડશે.

(ખાનપાનની ખરાબી અત્યારે એ પવિત્ર બશારતને સોયે સો ટકા ખાત્રી નથી આપતી ? હવે એ દોજહાંના સરદાર સલ. ની પોતાની હાલત સાંભળો.)

(હઝરત અબૂ હોરેરા રદી. કહે છે કે હું એક વાર જગતના તારક અને મહાન સુધારક નબી સાહબની ખિદમતે બાબરકાતમાં હાઝિર થયો; જોઉં છું તો આકાયે નામદાર બેસીને નમાઝ અદા કરી રહ્યા છે. નમાઝ પુર્ણ થઇ જતાં મેં અર્ઝ કરી પૂછ્યું કે આજે એ શું કહેવાય કે આપ સાહબ હંમેશની આદતથી ઉલટા, એટલે (ઉભા રહેતાં પગ સૂઝી જાય તેની પણ દરકાર કે ખેવના કર્યા વગર) ઉભા રહી અલ્લાહની બંદગી કરવાને બદલે બેસીને અલ્લાહનું ધ્યાન ધરી રહ્યા છો—નમાઝ

પડી રહ્યા છો ? આપે ફરમાવ્યું, 'આજે ભૂખને મારે ઉભા રહેવાનું નથી.' એ સાંભળી મારી આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેવા મંડયો, ત્યારે આપે ગળગળા થઈ ફરમાવ્યું, અબુ હોરેરા ! રડશો નહિ—દુઃખી થશો મા, કારણ કે ભૂખ વેઠનાર ભૂખની વિટંબણા ઉપર પૂણ્ય નિમિત્તે સવાબની આશાએ ધૈર્ય ધરશે, તેને અલ્લાહ પ્રલયકાળની સખ્તી તેમજ દુઃખ નહિ પહોંચાડે.)

(ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય એ ઉમ્મતના કે જેના માલિકે જગતની ઝિન્દગીના દારોમદારના સુખ સાધનોને પણ તુચ્છકારી મૌલાની મરઝી મેળવી ઉમ્મતનું સાર્થક સાધી કલ્યાણ કરવા ઝરાયે કચાશ ન મેલી હોય ! !)

૨૫૦ (વારંવાર જગતનિયંતા આગળ આજેઝી સાથે યાચના કર્યા કરતા કે) 'હે, જગદિશ ! તું મને એ સ્થિતિમાં આ નાશવંત જગતમાંથી અદ્રશ્ય કરજે કે જ્યારે હું નિર્ધનતાની હાલતમાં હોઉં, પણ શ્રીમંતાઇની સ્થિતિમાં મને મૃત્યુનો ભેટો નજ કરાવજે; અને મારો હશ્ર નિરાધાર અને ગરીબોની સાથે કરજે, પરન્તુ મને શ્રીમંતોના ટોળામાં શામિલ કરીશ મા.'

(આ છે માગણી અને વર્તણુંક જગતના તારક અને ઉદ્ધારકની ! ! આજકાલના રાહબરો, અકાબરો પીરો, બાપુઓ

પોતાનો શાહી ઠાઠ માણનારાઓ પારકા પૈસે પરમાનંદ કરનારાઓ ઝરા ઇબરત લેશે ? ?)

હ૦ મસીહ અલ૦ કહે છે કે;—

(નિર્ધનતા અને કંગાલિયત આ લોકમાં જો કે વિટંબણાઓમાં નાખે છે, છતાં તે પરલોકમાં તો સુખશાન્તી અર્પે છે, ત્યારે શ્રીમંતાઇ તેમજ માલદારી આ જગતમાં સુખસંપત્તિ પયદા કરે છે ખરી, કિન્તુ આખેરતમાં તો પરિતાપ અને વિપત્તિનું કારણ બને છે.)

૨૫૨ અલ્લાહ તઆલાની આજ્ઞાઓનું પાલન કરવું અને મુસલમાનને હાથ અને જીભથી કોઇ પણ પ્રકારનું નુકસાન ન પહોંચાડવું એનું નામ ઇસ્લામ.

મોંઘેરા ઇસ્લામનાં ઉદ્દેશ વિષે રા. 'નયન' કહે છે કેઃ—

ઇસ્લામ છું, ઉત્કર્ષ છું, વળી અખીલ જગનો ધર્મ છું,
જનહિત રૂપે અણમુલ ખરો, સત્કર્મનો ગુઢ મર્મ છું !
સમદર્શનો શૃંગાર છું, નિતિ દયા મુજ રગ રગે,
હું ચૌદ સદીઓથી ખરો ઉપદેશ ઉચરૂં છું જગે !—૧

સમ ભાવના ને ઐકયતા, બંધુત્વની શિક્ષા દઉં,
"ઇશ એક" પાળક વિશ્વનો, સન્દેશ શુભ જગને કહું !
સદ્‌ગુણ તણો સંગી સદા, તિક્ષણ પ્રભા મ્હારી જગે,
હું ચૌદ સદીઓથી ખરો, ઉપદેશ ઉચરૂં છું જગે !—૨

પ્રાચીન મુસ્લિમ હિંદનાં, સંપૂર્ણ મુજને ચાહતા,
મુજ હક્કપર અચલિત રહી, નિર્મળ દિલે સત્કારતા!
જેના તને, કરતું વહન નિત સત્યનું શોણિત રગે,
હું ચૌદ સદીઓથી ખરો, ઉપદેશ ઉચરૂં છું જગે!—૩

પણ આજ મુજ અનુયાયિઓ, મુજ પ્રીતને વિસરી ગયા,
મુજને તજી, તંદ્રા મહીં, શયતાનના શિષ્યો થયા!
પરિપૂર્ણ મુજ કબજા હશે, નવ લેશ તે અંતર ડગે,
હું ચૌદ સદીઓથી ખરે, ઉપદેશ ઉચરૂં છું જગે!—૪

ઉદ્ધારનું ઉદ્યાન છું, અનુપમ ખુબી મુજમાં ભરી,
સંકેતથી ઉચરૂં સદા, ઝટ લો! વિમલ અંતર કરી!
અવિનાશ કેરો "દીન" છું, પરિચિત છે સઘળા જગે,
હું ચૌદ સદીઓથી ખરો, ઉપદેશ ઉચરૂં છું જગે!—૫

સૃષ્ટી વિશે, વિજ વેગથી, સર્વત્ર મ્હારો વાસ છે,
વિશ્વેશ પ્રત્યે પ્રેરવા, ઉદ્દેશ મહારો ખાસ છે!
પાશ્ચાત્ય પૂર્વ ઉત્તરે, દક્ષિણ દિસે ઝળકું જગે,
હું ચૌદ સદીઓથી ખરો, ઉપદેશ ઉચરૂં છું જગે!—૬

નવ ભેદ છે, પણ મુજ મહીં, સમભાવની દૃષ્ટિ સદા,
ઉત્સુક બને સંતુષ્ટ ત્યાં, નવ હામ જન હારે કદા!
સચ્ચાઈથી નિતિ વડે, ઇશ હુકમથી ચળકું જગે,
હું ચૌદ સદીઓથી ખરો, ઉપદેશ ઉચરૂં છું જગે—૭

દિનદિન પ્રબળ બનતો વધું, અનુયાયીમાં વૃદ્ધી થતી,
સુધરેલ જગનાં લોકની નિત્યે અભિવૃદ્ધી થતી;
ભૂતે હતો, છું હાલ પણ, જગ-અંત તક ઝળકીશ જગે,
હું ચૌદ સદીઓથી ખરો, ઉપદેશ ઉચરૂં છું જગે!—૮

મુજ સંગથી, મુજ સ્પર્શથી જે જન ખરા પંથે રહે,
દરકાર નવ તેને કશી, પરલોકમાં રજભર રહે;
ઉર **નયન** જ્ઞાને વિકસતા, ઇશને સ્તવે ખંતે જપે,
હું ચૌદ સદીઓથી ખરો ઉપદેશ ઉચરૂં છું જગે!—૯

પ્રતિમા થકી પ્રતિકુળ છું, ને ખાસ છું ખંડક ખરો,
પણ સત્ય ઉપદેશે કથું, "ઇશ એક છે તેને સ્મરો;"
સદ્વર્તને તરશો નકી, સૃષ્ટિ રૂપી સિન્ધુ જગે,
હું ચૌદ સદીઓથી ખરો, ઉપદેશ ઉચરૂં છું જગે!—૧૦

સ્થાપક, સુશિક્ષક, વિશ્વ પ્રેરક, "ઇશ" નો આશક થયો,
તે પાક નરની મદદથી, મુજ ઉદય છે જગમાં થયો;
"ઇશ" નામ સહ, પ્યારૂં "મોહમદ" નામ છે મ્હારી રગે,
હું ચૌદ સદીઓથી ખરો, ઉપદેશ ઉચરૂં છું જગે!—૧૧

જગતમાંની અશાન્તીને સદાને માટે ઉખેડી કાયમ શાન્તી સ્થાપી સંસારમાંથી અંધેર દુર કરી સૃષ્ટિને રોશન અને મુનવ્વર કરી, દુનિયા ભર માંહેથી ઉંચ નીચના ભેદભાવને જડમૂળથી ઉખેડી તમામ બ્રહ્માંડમાં સમાનતા અને બંધુતાના મીઠાં અને શ્રેયકર

ફળોના અમૃત વૃક્ષોનું બીજારોપણ કરી, અવનિમાંથી જડવાદને નિસ્તો નાબુદ કરી તેના બદલે એકેશ્વરવાદની માંગલીક અને પૂણ્યશાળી સ્થાપના કરી એટલુંજ નહિ પરન્તુ સ્ત્રીઓને પુરૂષોની સમાન પંક્તિએ અને સમાન હક્કો ભોગવવાની પાયરીએ લાવી સકળ સંસારનો બેડો પાર કરનાર જગતના મહાન સુધારક નબીયે અકરમ (સલ્લ.) નાં આ બેનમૂન ગવહરો અન્ય સુધારકોની તઆરીફે કાબિલ જનસુધારણાને પણ કિંમત અને કદ્રમાંયે ટક્કર મારે તેવી બીજી મનનીય હદીસોમાં પાર વગરનાં સનંદી અને મોઅતબર અરબી ફારસી તેમજ ઉર્દુમાં મ્હોટાં દળદાર ગ્રંથો મોજુદ અને હયાત છે જેમાંથી આ તો માત્ર વાનગી રૂપે વાચકગણ આગળ ધરૂં છું, જો એ વાંચી વિચારી અમલમાં ઉતારી ચાલે તે ભલે પછી કોઇપણ જ્ઞાતીનો હોય કે કોઇપણ દરજાનો હોય તેની ઝિન્દગીની કળા વગર ભેદભાવે સોળેસોળ આની ખિલવા તેને સમર્થ અને શક્તિમાન બનાવ્યા વગર રહે તેમાં જરાયે જેને સંદેહ હોય તેણે આ હદીસોનું પાલન કરવા ચેલેન્જ આપીએ છીએ. લેખક.

પ્રકરણ ૩ જું.

ઇસ્લામના ધર્મધુરંધરોના વિચારરત્નો

પ્રકરણ ૩ જું.

ઈસ્લામના *ધર્મધુરંધરોનાં વિચારરત્નો.

૧ હઝરત શકીક બલખી (રહ.) નું ફરમાન છે કે 'અમે પાંચ વસ્તુઓની શોધ કરી તો તે અમને પાંચ વસ્તુઓ અંદર મળી આવી, જેવી કે (૧) અમે કબ્ર માટે રઓશની-પ્રકાશની તલાસ કરી, તો તે તહજ્જુદની નમાઝ દરમિયાન મળી આવી; (૨) મુનકીર અને નકીરના ઉત્તરોની ગોત કરી, તો તે અમને કુરઆને કરીમની તિલાવતમાં મળી આવ્યા; (૩) પૂલસિરાત ઉપરથી પસાર થવાની યુક્તિ શોધી, તો તે સદકામાં જડી

* સંત સમાગમને સંત સેવા જીવનને આધ્યાત્મીક-રૂહાની-ઓપ વડે ઉજાળે છે. સંત પુરૂષો પ્રજાનાં ધાર્મિક તત્વને પ્રભુમયમાં પૂર્ણ-ખૂદાઇ બુઝુર્ગીવાળા-પ્રવચનાદિ-વાએઝ નસીહત વગેરે-વડે પોષ્યા કરે છે. પ્રજામાં નૈતિક પ્રાણ પૂર્યા કરે છે, સમાજ જીવનને સાંસ્કારિક અને સંસ્કૃત કરવા સારૂં ખુબ મથે છે, માનવ જીવનની સાર્થક સાધક દિશા દોરી આપે છે. શાંતિનું સામ્રાજ્ય સ્થાપે છે.

આવી; (૪) કયામતના દિવસે પાણીથી તૃષા છીપાવવાનું સાધન ગોત્યું, તો દિવસના ઉપવાસો—રોઝા—માં મળી આવ્યું; અને (૫) આજીવીકા—રોઝીનો વધારો ગોત્યો, તો તે અમને **ચાશ્તની** નમાઝ વાટે મળી આવ્યો.'

૨ હઝરત **ઈસા** (અ. સ.) ફરમાવે છે કે 'મ્હારો ખોરાક ભૂખ છે, મ્હારા શરીરનું ઢાંકણ—લિબાસ—ખુદાનો ડર છે, શિયાળાની શરદીમાં મ્હારૂં ઓઢવું—રક્ષણ—સૂર્યનાં કિરણો છે, મ્હારા માટે બત્તી—ઉન્નત ચંદ્રમા છે, મ્હારી સવારી મ્હારા બેઉ પગ છે, મ્હારૂં ભોજન ઝમીન ઉપરની લીલોતરી છે, સારાંશ કે રાત્રે જ્યારે નિદ્રાને સ્વાધીન થાઉં છું, ત્યારે મ્હારી સ્વાધીનતામાં—કબજામાં કશું હોતું નથી અને જ્યારે પ્રભાતે ઉઠું છું, ત્યારે પણ મ્હારી પાસે કશુંય નથી હોતું, છતાંયે સકળ સંસારમાં મ્હારા જેવો ધનાઢ્ય—દોલતમંદ બીજો કોઈ નથી.'

૩ ધરતી ઉપર ચાલનારાઓને **ધરતી** હંમેશ સાત વાર પડકારે છે કે 'હે, આદમના પુત્ર! તું મ્હારા ઉપર હરે ફરે છે, દોડે છે, કૂદે છે, ત્યારે એ નઝદીક છે કે તને મ્હારી અંદર કયદ કરવામાં આવે; (૨) હે, આદ-

મની અવલાદ! તું માણસોના ટોળા સાથે મ્હારા ઉપર ચાલે છે, ત્યારે એ હવે કાંઇ છેટું નથી કે તારે એકલાને મારી અંદર એકલું રહેવું પડશે; (૩) હે આદમના વંશ! તું મ્હારા ઉપર રહી હસે છે, ત્યારે એ નઝદીક છે કે તું મ્હારી અંદર આવી રડશે; (૪) હે, આદમના વારિસ! તું મ્હારા ઉપર વસી ભાત ભાતના ભોજનોનો સ્વાદ લે છે, ત્યારે એમાં નવાઇ નથી કે તારા માઉંસને મ્હારી અંદર જીવડાઓ ફોલી ખાય છે: (૫) હે, આદમના પુત્ર! તું મ્હારી પીઠ ઉપર અજવાળામાં હરે ફરે છે, ત્યારે એ નિર્વિવાદ છે કે તું મ્હારી અંદર અંધારામાં આવી પડીશ: (૬) હે, આદમના પુત્ર! તું મ્હારા ઉપર વસી કુકૃત્યો—પાપો કરે છે, ત્યારે એ સત્ય છે કે તને મ્હારી અંદર શિક્ષા કરવામાં આવશે; અને (૭) હે, આદમના વંશ! મ્હારા ઉપર રહી હરામની મત્તા ભેગી કરે છે, ત્યારે એ નક્કી છે કે તું મ્હારી અંદર આવી ધુળ ભેગો ધુળ થઇ જશે.'

૪ હઝરત **ઈબ્ને સીરીન** (રહ)નું કથન છે કે 'એક બાજુએ સ્વર્ગ અને તેની સામે બીજી બાજુએ બે રકઆત નમાઝ મ્હારી આગળ પસંદગી માટે લાવવામાં આવે, તો સ્વર્ગની માગણીનો ઇન્કાર કરી બે રકઆત નમાઝને પસંદ કરૂં, કારણ કે જન્નતમાં નફસની મુહબ્બત

અને રઝામંદીની પ્રાપ્તી થાય છે, ત્યારે બે રકઆત નમાઝમાં તો ખુદા પાકની મુહબ્બત પ્રેમ અને રઝામંદી હાસીલ થાય છે.

હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કે:—

૫ દુન્યાનો માલ આરામથી ઝીંદગી ગૂજારવા માટે છે, પણ માલ એકઠો કરવા માટે ઝીંદગી નથી, જે માણસ કમાય અને આખેરત માટે ચાવી જાય તેજ નસિબદાર છે, અને જે એકઠું કરી કરીને મરી જાય તે બેનસીબ અભાગ્યો છે.

મહોબ્બત જીસ્ને દોલતસે બઢાઇ,
ન હરગિજ ઉસ્ને રાહે રાસ્ત પાઇ
કરે તુમ પર ખુદા ગર મહેરબાની,
કરો મખલુકસે તુમભી ભલાઇ

૬ **ફુક્હે ઇસ્લામ ઉલમાયે કિરામ** જણાવે છે કે મુસલમાનોના ગુનાહ મઆફ થવાનાં દશ કારણ છે; (૧) તવબા—કુકર્મોનો છેવટનો પશ્ચાત્તાપ કરે, તો તવબાનો સ્વીકાર થાય છે; (૨) ક્ષમા યાચે તો તેને ક્ષમા કરવામાં આવે; (૩) સુકર્મો કરે તો એ સત્કર્મોથી પાપો ધોવાઇ જાય, (૪) જગતમાં તકલીફમાં સપડાય,

તો એ આપત્તિઓ તેના પાપીકર્મોનો કફ્ફારો બદલો થઇ શકે; (૫) કબ્રનો અઝાબ ભોગવે, તો એ અઝાબ તેના ગુનાહોનો કફ્ફારો થઈ જાય; (૬) તેના માટે તેનો મુમિન-ઇમાનદાર-ભાઈ દુઆ માગે યા તેની મગફેરત ચાહે, તો તેના ગુનાહોની મઆફી મળી જાય; (૭) પોતાના સુકર્મોના પૂણ્યથી તેને સવાબ બક્ષે, તો તેના પાપોની બક્ષિસ થઇ જાય; (૮) કયામતના દિવસે દહેશત અને ભયંકરતામાં સપડાય, તો તેના લીધે તેનાં કુકર્મોથી તેને નજાત-મુક્તિ મળે; (૯) કોઇ પોતાના નબીયે કરીમ (સલ.) ની શફાઅત મેળવવા ભાગ્યશાળી બને; (૧૦) અલ્લાહ પોતાની રહેમતથી બક્ષી દે, તો તેના ગુનાહો મટે.

૭ **કેટલાક ઉલ્માઓ**-ધર્મના વિદ્વાનો અંતકાળે અસહ્ય વિપત્તિ થવાનાં ચ્હાર કારણો દર્શાવે છે જેવાં કે (૧) નમાઝને તુચ્છ ગણવી (૨) દારૂ-શરાબ પીવો (૩) મા બાપોની આજ્ઞાઓને ઠોકરે મારવી અને (૪) મુસલમાનને રંજાડવું.

૮ **હઝરત મવલાના શયખ અબ્દુલહક્ક મોહદ્દિસ દેહલ્વી** (રહ) નું કહેવું છે કે મૌત વકતે ચ્હાર કારણે સર ઇમાન ખેંચાઇ જાય છે જેમકે (૧) ઇસ્લા-

મથી પાવન થવાનો શુક્ર—આભાર ન માનવો; (૨) ઇસ્લામથી વિમુખ—મુરતદ—બેઈમાન થવાનો અફસોસ ન કરવો: (૩) ઇસ્લામીઓ ઉપર ઝુલ્મ કરવો, અને (૪) મા બાપના હુકમોનું પાલન ન કરવું.

૯ **હઝરત ઈસા** [અ. સ.] નું પ્રવચન છે કે 'હું મરેલાઓને સજીવન કરવાથી એવો નથી હારી ગયો, જેવો કે મૂર્ખાઓની સુધારણાથી કંટાળી ગયો છું.'

૧૦ હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કે:—

બક્ષિસ કરી તેનું અહેસાન ન બતાવો કારણ કે એનો નફો તમારે ખાતે અનામત તરીકે સલામત રહેશે.

શુક્ર કર તૌફિક નેકીકી અગર બક્ષે ખુદા
જીસને બેકારીમેં તુઝકો નોકરી કર દી અતા
લાખ તેરે જયસે ખ્વાહાં નોકરીકે થે મગર,
ઉસ્ને અપની મહેરસે તુજકોહી નોકર રખ લીયા.

૧૧ હઝરત **નૂહ** (અ. સ.) ને **હઝરત જિબ્રાઈલ** (અ. સ.) તરફથી એક વાર પૂછવામાં આવ્યું કે 'દુનિયામાં આવ્યા તમને ઘણો સમય થઇ ગયો, હવે કહો જોઇએ કે દુનિયા તમને કેવી જણાઇ ?' જવાબમાં હઝરત **નૂહ** પયગમ્બર સાહેબે કહ્યું, 'એક ઘરના બે બારણા સમાન, કે એક બારણેથી અંદર પ્રવેશ કરૂં અને બીજેથી બાહેર નીકળી જવું.'

૧૨ હઝરત અબુદર્દા (અ. સ.) ને એક દિવસે કોઇએ રંજાડયા, ત્યારે પોતે તેના માટે દુઆ માગી કે 'હે અલ્લાહ તેને હંમેશ સાજો તાજો રાખજે, તેની ઉમર વધારજે, તેને ઘણી દોલત દેજે.' આ દુઆ દુનિયાદારની નઝરે તો ઘણીજ સારી અને લાભદાયક છે, પણ તે ખુદાના લાલ કને તો ઘણીજ કનિષ્ટ—ખરાબ હતી. ખરાબ એટલા માટે કે જેને એ બધી વસ્તુઓની પ્રાપ્તી થાય, તે નક્કી ગફલતમાં પડી પયદા કરનાર પરવરદિગારની આજ્ઞાઓનું ઉલંઘન કરશે અને છેવટે એનેજ લીધે તે બરબાદ—હલાક થઇ જશે.

૧૩ હઝરત યહયા (અ. સ.) નું કહેવું છે કે "દિરમ અને દિનાર—પૈસોટકો—ધનદોલત—વીંછી છે, તેમને હાથ ન લગાડવો. જો તેના ઝહેરના ઉતારનો મંત્ર આવડતો હોય, તો તેને અડકવામાં વાંધો નથી.' ત્યારે લોકોએ તેમને પૂછ્યું, "તેના ઉતારનો મંત્ર કયો ?" તેમણે જવાબ દીધો, "હલાલ આમદની અને ખપજોગ ઉપયોગ."

૧૪ કેટલાક સંત પુરૂષોનું કહેવું છે કે 'દુનિયા તો મોજીલાઓના બાપ દાદાની જાગીર છે, જુદાઓનું નિવાસસ્થાન છે, વિલાસ પ્રેમીઓની વિલાસભૂમી છે,

ઈમાનદાર-(સત્યના ચાહકે) નું કચદખાનું છે. સાધુ સંતોની ધર્મશાળા છે; હા, એવી દુનિયા કે જેથી ધર્મ સચવાય, એ બેશક આખેરત-પરલોકની ખેડ છે.

૧૫ **હઝરત ઈસા** (અ. સ.) નું કહેવું છે કે 'સંસારને તમારો પૂજનિય-મઆબૂદ-ઈબાદતનો ધણી ન બનાવી બેસતા; વળી એવું ન થાય કે દુનિયા તમને પોતાનો ગુલામ બનાવી લે; માલમત્તા એટલીજ ભેગી કરો કે જે ફના થઇ જવાનો ડર ન હોય; અનામત-મૂડી-પુંજી એવા પાસે જમા રાખો કે હોયાં કરી ન જાય; દુનિયાનો ખઝાનો કાંઈ સંકટોથી ખાલી તો નથી હોતો; જે મૂડી-સુકર્મોની પુંજી-નેકીનું ધન-અલ્લાહને ત્યાં જમા રહે છે, તે તમામ બરબાદીઓથી ઘણુંજ દૂર હોય છે. ત્યાર બાદ પોતાના અનુયાયીઓને કહ્યું, "મેં તમારી જીંદગીમાં દુનિયાને તુચ્છકારી કાઢી છે, તમે પણ એ દુનિયા (ઠગારી) ને મેળવવા મથશો નહિ, કારણ કે દુનિયાની ખરાબીઓમાંથી એક ખરાબી એ પણ છે કે અલ્લાહ તઆલાના હુકમો ન માનવાનું કારણ પણ દુનિયાની મોહની છે. વળી જ્યાં સુધી દુનિયાનો ત્યાગ ન કરવામાં આવે, ત્યાં સુધી આખેરતનું સાર્થક નથી થઇ શકતું, માટે દુનિયાની મોહજાળમાંથી બાહેર નીકળી આવો અને આખેરતની આબાદી તરફ કામે

લાગી જાઓ. ખચ્ચીત માનજો કે તમામ ગુનાહોનું મૂળ તો દુનિયાની લગની છે અને તેનું પરિણામ અફસોસ સિવાય બીજું કાંઇ નથી હોતું. સાંભળો, અગ્નિ અને પાણી બેઉ એકી સાથે ભેગાં નથી રહી શકતાં, તેમજ આલોક તેમજ પરલોક બેઉની મુહબ્બતનું સ્થાન એક દિલની અંદર નથી થઇ શકતું. જુઓ, ધર્મની રક્ષા-દીનની સલામતી સાથે થોડી-જરૂર પડતી–દુનિયા મેળવી તેટલાથી સંતોષ માનો, જેમકે બીજાઓએ દુનિયાની સલામતી સાથે થોડીક ધર્મપ્રામીથી સંતોષ માન્યો. ધ્યાન દયો, દુનિયાને દુશ્મન ગણો, તો અલ્લાહ તમને દોસ્ત બનાવે."

૧૬ **હઝરત અલી** (ક. વ.) પાસે એક માણસે આવી પોતે ખરીદેલ મકાનનો લેખ તૈયાર કરી આપવા વિનંતી કરી. ત્યારે તેમણે જવાબ દીધો કે ભાઈ પ્રથમ લેખનો મુસદ્દો સાંભળી લ્યો, પછી લેખ લખાવી લેજો. "સાંભળો એક બે ખબર માણસે બીજા બે ખબર માણસને ઘર વેચાતું આપ્યું પણ ન તો એ ઘર બાકી રહેશે કે ન તો એ ઘરનો ધણી, વળી એ ઘર ગફલતમાં પડેલા જનોના પાડોશમાં આવેલું છે. એ ઘરની ચ્હારે સીમા આ પ્રમાણે છે, એક બાજુએ મૃત્યુ, બીજી દિશાએ કબ્ર, ત્રીજી તરફ મયદાને હસ્ર

—પ્રલયકાળનું સ્થળ, અને ચોથી સીમાએ સ્વર્ગ કે નર્ક —જન્નત કે દોઝખ" ત્યારે નાશવંતા જગતની વાત સાંભળી ઘર ખરીદ કરવા માગનાર ત્યાંથી ઘર વેચાતું લેવાનો વિચાર માંડી વાળી રોતો રોતો પાછો ચાલ્યો ગયો.

૧૭ બે માણસો ફોકટની ફિકર રાખે છે અને બે ફાયદા દોડધામ કરે છે, એક તો જેણે એકઠું કર્યું અને ખાધું નહીં, અને બીજો એકે ભણ્યો ગણ્યો પણ તે ઉપર અમલ ન કર્યો;

મસનવીઃ—

ઇલ્મ અગરચે બ્હોત કોઇ પઢલે,
હય-વોહ બેસુદ ગર અમલ ન કરે.
બે અમલ હય લિખ્ખા પઢા બરબાદ,
જ્યસે દફતર દીયા ગધ્ધેપે લાદ,
નહી નાદાન ગધ્ધેકો કોઇ ખબર,
ઇસ્પે ઇંધન લદાહે યા દફતર.

૧૮ **હઝરત સૈયદના અબ્દુલકાદિર જિલાની** (ર. અ.) કહે છે કે "કેટલાયે જગત જનોનાં કફન તૈયાર થઇને આવી ગયાં છે, છતાં એ કફન અંગીકાર કરનારાઓ તો હજુ બાઝારોમાં લેણદેણ કરી રહ્યા છે,

અને મોતથી બિલકુલ અંજાણુ છે. વળી કેટલાકની તો કબ્ર ખોદાઇને તૈયાર થઇ ગઇ છે, છતાંયે તેમાં જઈ વસનારાઓ તો હજુ ગફલતમાં પડી મોજ માણી રહ્યા છે અને ઘણાયે તો હજુ ઠઠ્ઠા મશ્કરી અને હાસ્ય વિનોદમાં પડી આનંદ માને છે અને તેમની સ્થિતિ તો એવી છે કે અલ્પ સમયમાંજ તે હતા ન હતા થઇ જવાના છે.' ઘણાંયે મહેલો અને હવેલીઓ હજુ બનીને નવાંજ તૈયાર થયાં હતાં કે એકાએક એ મહેલોના માલિકો અને હવેલિઓના ધણીઓના મરણનો સમય નિકટ આવી ગયો. કેટલાક સારા સારા સમાચાર અને ખુશ ખબર સાંભળવાને આતુર અને ઇન્તેઝાર રહ્યા કરે છે કે અચાનક તેમને દુઃખ અને દિલગીરીનાં માઠા સમાચાર આવીને મળે છે. વળી કેટલાક કુકૃત્યો કરી સવાબની આશામાં ગોથા ખાતાં હોય છે ત્યાં તો અઝાબ–શિક્ષા સામે આવી ડોકયું કરે છે."

૧૯ **હઝરત અબુબક્ર સીદ્દિક** (રદી.) પોતાનાં આત્માને વધારે વાર્તાચીતોથી અટકાવવાની ખાતર મોઢામાં કાંકરીઓ ભરી રાખતા, અને અવાર નવાર જીભ તરફ આંગળી ચીંધીને કહેતા, કે એણેજ મને નાશનાં પ્રસંગોમાં નાખ્યો છે.

૨૦ **હઝરત ઈમામ ગીઝાલી** (રદી.) ખાવાનું નુકસાન અને ખરાબી જે પેટમાં થાય છે, તેનાથી વધારે ખરાબી અને ગેરલાભ તો વાતથી કાનમાં થાય છે, કારણકે ખાવું તો આદમીનાં પેટમાં ગયા બાદ થોડીવારે તેમાંથી નકામો બહાર કચરો તરતજ નીકળી પડે છે, પણ કાનમાં પડેલી વાત તો આખી ઝીંદગી સુધી કાયમ રહે છે. સાંભળનારો કહેનારનો ભાગીદાર બને છે.

૨૧ હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કેઃ—

ઇલ્મનો હેતુ નિતી શીખવાનો છે, માત્ર રૂપિયા કમાવવા એવો હેતુ ઇલ્મ શીખડાવતો નથી.

ઈલ્મ જીસ્ને પઢા કમાનેકો, ખો દિયા ઈલ્મકે ખઝાનેકો.

૨૨ **હઝરત ઈમામ હુસેન** (રદી.) પોતાના નાના જાનથી રિવાયત કરે છે કે, બધા માણસોમાં સૌથી વધારે કનિષ્ઠ અને હલકો એ છે કે જે અહીં તહીંની વાતો કર્યા કરે છે.

૨૩ **હઝરત ઈસા** (અ. સ.) નું કહેવું છે કે જે કોઇ અવાર નવાર જુઠું બોલે જાય છે. તેના ચહેરા ઉપરથીજ રોનક ઉડી જાય છે જેના ચહેરા ઉપરથી તેજ ઉડી જાય તેમાં ચીડીયાંપણું અને તોછડાઈ

આવતી જાય છે; જેમાં આ બે કુટેવો આવે તે દુઃખીના દાળીયા થાય છે.

૨૪ હઝરત અલી (ક. વ.) કહે છે કે ખુદા પાસે સૌથી મોટી અને વધારે ખતા—તકસીર તો જુઠી જીભ—અસત્ય વાત છે.

૨૫ હઝરત ઈમામ શાફેઈ (રદી.) કહે છે કે જેને એ વાતની દરકાર હોય તેનું દિલ પ્રકાશીત અને તેજસ્વી થઇ જાય તો તેના માટે ઝુરૂરી છે કે તેણે અર્થ વગર ને વગર કારણે બોલવાનું છોડી દેવું.

૨૬ હઝરત મઆરૂફ કરખી (રહ.) કહે છે કે નકામી અને ખોટી વાતો કર્યા કરવી એ ખુદા તરફથી ઝિલ્લત અને નામોશી પ્રાપ્ત કરવાનું સાધન છે.

૨૭ હઝરત માલીક બિન દિનાર (રહ.) કહે છે, "હે શખ્સ જ્યારે તું તારા દીલમાં સખ્તી અને રીઝકમાં નિરાશા અને બેનસીબી જુએ ત્યારે તારે માની લેવું કે તું અકસર નકામી અને નિર્લજ વાતોમાં સપડાયો છે."

૨૮ હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કેઃ—
બે અમલ આલિમ આંધળા મશાલચી જેવો છે, કારણ

કે તે બીજાને રસ્તો દેખાડે છે પણ પોતે રસ્તો ઓળખતો નથી.

જેબમેં દામ હો ઔર ફિરબી નલે ઉન્સે કામ
એસા બદબખ્ત કહીં પા નહીં સકતા આરામ.

૨૯ **હઝરત ઈસા** (અ. સ.) કહે છે કે ઇબાદતના [પૂણ્યના] દસ ભાગ (સવાબના) કરીએ તો ૯ નવ ભાગ તો ફક્ત ચૂપ અને શાંત રહેવામાં અને બાકીનો એક લોકોથી અલગ રહેવામાં છે.

૩૦ **હઝરત અબુ હોરૈરા** [રદી.] નું કહેવું છે કે, વ્યભિચારીને ૬ છ પ્રકારની શિક્ષાઓ મળવાની; ૩ ત્રણ આ સંસારમાં, તેમાંની એક, એ કે તેનું આયુષ્ય ટુંકું થઇ જશે, બીજી એ કે કંગાલીયત અને ગરીબાઇ વધતી જશે, અને ત્રીજી એ કે તેનાં ચહેરા ઉપરથી તેજ ઉડી જશે ત્યારે બીજી ત્રણ બીજી દુનિયામાં મળવાની. એક;—ખુદાનો કોપવાળો ગુસ્સો, બીજી;—હિસાબની સખ્તી અને કઠણાઇ, અને ત્રીજી;—દોઝખનાં અસહ્ય અઝાબમાં સદાને માટે સપડાશે.

૩૧ **હઝરત ઇબ્ને અબ્બાસ** કહે છે કે, ખુદાથી ડરવું એટલે કે હમેશાં બંદગી કરવી, કદિયે તેની ના ફરમાની ન કરવી, હરઘડી તેને યાદ કરવો, કદિયે દિલથી તેને

ન ભૂલવો, આપેલી બક્ષિસોનો આભાર માનવો કદીયે અસંતોષી ન થવું.

૩૨ **હઝરત વહાબ** કહે છે કે ઈમાન એક નગ્ન વસ્તુ છે જેનો પહેરવેશ પરહેઝગારી છે, જેનો શણગાર હયા [શર્મ] જેની અસલ પુંજી શિયળ અને પાક દામની છે.

૩૩ **હઝરત ઈમામ હમીરી** (રહ.) કહે છે કે, જે આદમી હરામની પયદાશનો હોય છે, તેને સિંહ ફાડી ખાય છે.

૩૪ **હઝરત લુકમાન** (અ. સ.) ફરમાવે છે કે, પોતાની ઔલાદને શિક્ષા કરવી એ ખેતીને માટે વરસાદની ગરજ સારે છે.

૩૫ હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કેઃ—

અક્કલવાનોને લીધે દેશની શોભા છે, અને નિતી તથા માણસાઈની કીંમત અક્કલવાનો વડેજ થાય છે, વધે છે, અક્કલવાનો બાદશાહનાં માલનાં જેટલા મોહતાજ છે તેથી યે વધુ અક્કલવાનોની શીખામણોનો બાદશાહ મોહતાજ છે.

બાત હયે નુકતેકી યેહ હુકમરાન,
એહલકારી કે હયે શાયાં કારવાન,

કામ હરગિઝ દો ન દાના કે સિવા,
સમઝે વો દાતા ઉસે બારે ગીરાં.

૩૬ હઝરત અલી (ક. વ.) રિવાયત કરે છે, કે જે ખુદાનાં કોપથી ડર્યો અને પરહેઝગારીને પોતાનું શરિરનું ઢાંકણુ બનાવ્યું તે ઝીંદગી ઉપર મજબુત રહી શકવાનો અને ખુદાનાં મુલ્કોની અંદર પણ નિડર થઈ ફરવાનો.

૩૭ હઝરત લુકમાન (અ. સ.) કહે છે કે સૌથી સરસ એક વસ્તુ દીન, સૌથી સરસ બે ચીઝ દીન અને દોલત, સૌથી સારી ત્રણ વસ્તુઓ ધર્મ, ધનદોલત અને શર્મ, સૌથી સારી ચાર વસ્તુઓ; ધર્મ, માલ મિલ્કત ઈમાનદારી અને સારો સ્વભાવ અને સૌથી સારી પાંચ વસ્તુઓ ધર્મ, માલમિલ્કત, પ્રમાણિકતા, સારો સ્વભાવ અને સખાવત, જેમાં આ પાંચે વસ્તુઓનું મિશ્રણ હોય, તે ખરેખર પરહેજગાર અને પૂણ્યશાળી ગણાય.

૩૮ હઝરત અબુ અય્યુબ અનંસારીથી રિવાયત છે કે, જે કોઇ સ્ત્રી પુરૂષમાં જુદાઈ અને ફાટફુટ કરાવશે તેને કયામતનાં ભયાનક દિવસે ખુદા તઆલા જન્નત અને તેની વચ્ચે છેટું પાડી દેશે.

૩૯ હઝરત અલી (ક. વ.) નું કહેવું છે કે તારી છૂપી વાત એ તારો કેદી છે. પણ જ્યારે તેં એને ઉઘાડી

પાડી દીધી ત્યારે તું પોતે તેનો કેદી બની ગયો.

૪૦ **હઝરત અલી** (ક. વ.) કહે છે કે, તમે સ્ત્રીઓની કોઇપણ વાત ન માનો, અને તેમની યુક્તિ પ્રયુક્તિઓમાં તેમને છોડી ન દયો, કારણ કે જો તેમને તેમની તદબીર પ્રમાણે ચાલવા દેવામાં આવે, અને તેમાં તેઓ વિજયી થાય તો દેશમાં એક ફિત્નો પેદા કરશે, અને પાદશાહનાં હુકમનું ઉલંઘન કરશે; અમે તો તેમની ખાનગી હાલતોમાં ધર્મનું નામે નથી સાંભળ્યું. *

---

* અને તેમની ઇચ્છાઓમાં પરહેઝગારી અને દીનદારી નથી જોઇ, તેમાં મઝા અને મિઠાશ ઘણીએ થોડી, ત્યારે પરેશાની અને નવાઇનો પાર નહીં; એઓમાં જે મોટી ભાગ્યશાળી અને શિયળવંતી છે, એ તો કુકર્મી છે, અને તેમાંની કમનસીબ વ્યભિચારી સ્ત્રીઓ યહુદની કુટેવોને માન આપે છે. જેવી કેઃ—

૧ પોતે ખુદ ઝુલ્મ કરે અને પછી ઝુલ્મની ફરીયાદ કરે છે,

૨ પોતે જુઠું બોલનારી હોય છે, અને સોગન ઉપર સોગન ખાધા કરે છે,

૩ પોતે પોતાને અલગ બીન સલગ રાખીને પોતાને બચાવે છે, અને પુરૂષોની ઇચ્છાઓ રાખતી જાય છે, માટે તેઓમાંની ખરાબથી પનાહ માંગો અને ભલીઓ તરફથી બચતા રહો.

૪૧ હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કે—

ત્રણ વસ્તુનું ત્રણ વસ્તુ સિવાય નભવું મુશ્કેલ છે, એક તો બીન મુડીનો વેપાર, બીજું બીન નસીબ અને સંવાદ વગરનો ઇલ્મ અને ત્રીજું દબદબા વગરની હકુમત આ ત્રણ વિના આ ત્રણનું નભવું મુશ્કેલ છે.

મહેનતસે કભી હોતા હે દિલરામ,
સિયાસતસે કભી નીકલતા હયે કામ.
ન દેવેંગે શરબતે અંગુર ઉસ્કો,
જીસે કવીનાઇનસે હોતા હો આરામ.

૪૨ હઝરત ઉમર (ર. અ.) કહે છે કે સ્ત્રીઓનો વિરોધ કરો, કારણ કે તેમનાં કહેવાથી વિરૂદ્ધ વર્તવામાં બરકત —લાભ સમાયેલો છે.

૪૩ હઝરત હસન (રદી.) કહે છે જે કોઇ પોતાની સ્ત્રીના કહેવા પ્રમાણે તેનાં પ્યારની ખાતર અને કામ વાંચ્છનાની ખાતર ચાલશે, તો અલ્લાહ તેને દોઝખમાં ઉંધે માથે લટકાવશે.

૪૪ હઝરત અતાદા (રદી.) કહે છે કે લોકો ત્રણ પ્રકારના હોય છે ૧ એક એકે જેમાં પુરેપુરી માનવતા—ઇન્સાનિયત હોય, તે ચતુર અને બુદ્ધિશાળીના સમુહ; ર બીજો પ્રકાર એ છે કે જેમાં અડધી આદમીયત હોય,

તે જેને પોતાની તો અક્કલ નથી હોતી, પણ બીજા બુદ્ધિશાળી પુરૂષોની સલાહ પ્રમાણે વર્તે છે, અને ૩ ત્રીજો પ્રકાર એકે જેમાં લેષ માત્ર ઇન્સાનિયત નથી હોતી, તે એકે જેને પોતાનીએ અક્કલ હુશિયારી હોતી નથી અને બીજા ડાહ્યા પુરૂષોની સલાહ પણ નથી લેતા.

૪૫ **હઝરત ઈમામ નૂદી** (રદી.) બુસ્તાનુલ આરેફીનમાં લખે છે કે અલ્લાહ તઆલાની તમામ બક્ષિસોમાં સૌથી સરસમાં સરસ બક્ષિસ તો અકકલ-બુદ્ધિ ચાતુર્ય છે અને સૌથી ખરાબમાં ખરાબ બક્ષિસ અજ્ઞાનતા અને મુર્ખાઇ છે.

૪૬ **હઝરત અબ્દુલ કાદિર જીલાની** (રહ.) કહે છે કે, જે કોઇ મુસલમાન ઘરડા બુઢ્ઢાની ઇઝઝત કરશે, અને નાનાઓ ઉપર પ્રેમ રાખશે તે જન્નતમાં મારી પાછળ પાછળ આવશે.

૪૭ **હઝરત માલીક બીન દિનાર** (રદી.) કહે છે કે તોરેતમાં લખ્યું છે, જેનું મન દિરહમ અને દિનાર— પૈસા ટકાથી પ્યાર અને પ્રેમ સાંધે છે, તેની જીભેથી સત્ય વાત બહાર આવવી બંધ થઈ જાય છે.

૪૮ **હઝરત હસન બસરી** (રહ.) કહે છે કે, ૧ દિલથી શરમાવવું અને અફસોસ કરવો, ૨ જીભથી અસ્તગફાર

કરવું, ૩ શરિરનાં અવ્યવોથી અઘટિત અને પાપી કાર્યો ન કરવાં અને ૪ ફરિથી એ નજ કરવાં એવો પાક્કો નિશ્ચય કરવો એનું નામ તૌબએનસૂહ–ખરેખરો સત્ય પશ્ચાતાપ.

૪૯ હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કેઃ—
લુચ્ચા માણસો પ્રત્યે દયાભાવ રાખવો એ નેક માણસો ઉપર ઝુલ્મ કરવા સમાન છે અને ઝાલિમો પ્રત્યે દરગુઝર કરવી એ ગરીબો ઉપર ઝુલ્મ કરવા સમાન છે.

શરીરોંકો હોગે અગર માલો દૌલત,
બઢેગી ઉન્હે જુર્મ કરનેકી જુરઅત.

૫૦ [સાતસો માઇલનો પ્રવાસ વિકટ અરણ્યો અને ભયંકર જંગલોમાંથી ૬ છ ગંભીર પ્રશ્નોના ઉત્તરો માટે એક મહાન વિદ્વાન અને અતિ વિખ્યાત આલિમ પાસે જઈ પહોંચનાર] એક **વિદ્યા વિલાસી** કહે છેઃ—
૧ સાતે આસમાન અને સાતે ઝમીનથી વધારે ભારે શું? જવાબ—એકે પવિત્ર અને ચારિત્રવાન પુરૂષ ઉપર આળ ચઢાવવી. ૨ ઝમીનથી પહોળું અને વિશાળ શું? જવાબ સત્યતા–સચ્ચાઈ, ૩ સમુદ્રથી વધારે માલદાર અને બે પરવાહ કોણ? જવાબ–દિલ, જે સંતોષની બરકતથી માલામાલ અને બે પરવાહ થયું હોય તે;

૪ બરફથીએ ઠંડુ શું ? જવાબ-મિત્ર પાસે માંગણી કરવી, જ્યારે તેનો અસ્વીકાર થાય. ૫ પત્થરથી એ વધારે કઠણ શું ? જવાબ-કાફિરનું દિલ-નાસ્તિકનું મન, ૬ યતિમ-અનાથથી વધારે ઝલીલ-હલકું કોણ ? જવાબ ચાડીયો, જ્યારે બંનેની રૂબરૂમાં તેનો મેળાપ થાય.

૫૧ હઝરત ઈમામ શાફઈ [રહ.] કહે છે કે ત્રણ કામ કરવાથી અક્કલમાં વધારો થાય છે, (૧) ઉલ્માઓ-ધાર્મિક પંડીતોના સંગ કરવાથી, (૨) સંત પુરૂષોનાં સહવાસમાં રહેવાથી, (૩) નકામી વાતોનો ત્યાગ કરવાથી.

૫૨ હઝરત દાઉદ [અ. સ.] એ અલ્લાહને પુછ્યું "એ ભાગ્યશાળી પુરૂષો કોણ છે ? કે જે તારા અર્શની આસપાસ રહેવા શક્તિવાન નીવડે છે" જવાબમાં:- દિવ્યવાણી થઈ કે. "જેમની આંખો બંધ [પરસ્ત્રીઓ પ્રત્યે કુદ્રષ્ટી કરવાથી] [૨] જેનું દિલ પાક, [પાપી વિચારોનાં સેવનથી] (૩) જેમના હાથ સાજા [અન્યોને ઇજા કરવાથી] એ ત્રણે સમુદાય મારા અર્શની આજુબાજુ રહેનારા છે"

૫૩ હઝરત ઉમર [રદી.] કહે છે કે ચાર બાબતો એવી છે, જે પાછી હસ્તગત થતી નથી, જેવી કે, [૧]

બોલેલા બોલ, (૨) ફેંકેલ તીર, (૩) ગયો વખત, (૪) ગુમાવેલી તક.

૫૪ **હઝરત અનસ** (રદી.) થી રિવાયત છે કે, જે કોઇ આંધળાને તેની લાકડી પકડી–હાથ ઝાલી ચાલીસ પગલાં સુધી દોરી લઈ જાય તેના માટે જન્નત વાજીબ કરે છે.

૫૫ હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કે;—

બાદશાહોની દોસ્તી અને નાના બાળકોની મીઠી મીઠી વાતો ઉપર ભરોંસો ન રાખવો જોઇએ. કારણ કે એક તો ખ્યાલ થતામાં જોતજોતામાં પલટાઈ જાય છે અને બીજું તો ઉંઘનો સપાટો આવતાં પલટાઇ જાય છે. એટલે કે વાતવાતમાં બાદશાહનાં વિચાર બદલાય છે. જીસ્કી બાતોંપે એતેબાર ન હો, તુમભી ઉસ્કે કભી ન યાર બનો.

૫૬ **હઝરત ઈમામ ગઝાલી** (રહ.) કહે છે કે જે કોઇ સવારની નમાઝની સુન્નત પઢતી વખતે પહેલી રકઆતમાં સુરએ–ફાતેહા અને અલમ નશરહ અને પછી બીજી રકઆતમાં સુરએ ફાતેહા સાથે અલમ તરા કએફ પઢે તેને માટે ઝાલીમ અને દુશ્મનના હાથ ટુંકા પડશે– ઝાલીમ અને દુશ્મન તેનો વાંકો વાળ કરી શકશે નહી

વળી પહેલી રકઆતમાં અલ્હમ્દો અને તેની સાથે કુલ યાઅય્યો હલ કાફેરૂન, અને બીજી રકઆતમાં અલ્હમ્દ સાથે કુલહો વલ્લાહો અહદ પઢનાર માટે પણ મોટો ફાયદો છે.

૫૭ **હઝરત ઈબ્ને અબ્બાસ** (રદી.) કહે છે કે જેમાં આ ત્રણ ગુણ હશે તે અલ્લાહની વિલાયત માટે હકદાર છે. જેવાં કે એક તો હીલ્મ–નર્મદિલી–સહિષ્ણુતા કે જેનાં લીધે મુર્ખની મુર્ખાઇ અથવા બેવકુફની બેવકુફીથી આંખ આડા કાન કરે. (૨) પરહેઝગારી જેને લીધે કુકર્મોથી પોતાનો બચાવ કરે, (૩) સારો સ્વભાવ કે જે વડે જગત જનોનાં દિલો જીતે.

૫૮ **તમામ બ્રહ્માંડોનો સર્જનહાર** પાક પરવરદિગર હઝરત ઉમર અલ ફારૂક (રદી.)નાં સ્વપ્નામાં આવી કહે છે કે જેણે બુરાઇ કરનાર સાથે ભલાઇ કરી તેણે મારો ખરેખર સાચો અહેસાન માન્યો પણ જેણે ભલાઇ કરનાર સાથે બુરાઇ કરી તેણે તો મારી મહેરબાનીઓની અવગણના કરી.

૫૯ **હક્ક સુબ્હાનહુ** પોતાનાં મહેબુબ હઝરત રસુલે ખુદા (સ. અ. વ. સ.) ને કહે છે કે પોતાના પ્રાણથી પણ પ્યારી આંખો જેની હું લઈ લઉં છું, તેને તેના

બદલામાં જન્નત આપ્યા સિવાય હું સંતુષ્ટ થતો નથી: જેની એક આંખ પણ જતી રહે છે તેનો બદલો પણ એને માટે જન્નત છે.

૬૦ **હઝરત મુસા (અ. સ.)** એ ખુદાને પૂછ્યું હું તને ક્યાં શોધું ?" જવાબ આવ્યો, "ભગ્ન હૃદયવાળાઓ અને તૂટેલા દિલ વાળાઓ પાસે."

૬૧ **હઝરત શેખ સાદી (ર. અ.)** કહે છે કે:—
પોતાની દરેક કમઝોરી પોતાના ખાસ મિત્રને પણ જણાવવી નહીં, કારણ કે વખતે એ મિત્રજ દુશ્મન બની જાય તેવીજ રીતે દુશ્મનને કદી બેહદ દુ:ખ ન આપો કારણ કે કદાચ તે દુશ્મનજ મિત્ર બની જાય.

૬૨ **હઝરત અબુ ઉસ્માન મખરેબી (રે.)** કહે છે "બુઝુર્ગો–માનનીય પુરૂષો અને ખુદાનાં અવલિયાઓ સાથે સભ્યતાથી વર્તવાથી માણસની ઉન્નતિ થાયછે."

૬૩ **હઝરત ઇબ્ને અબ્બાસ (રદી.)** કહે છે કે, અલ્લાહનું ફરમાન છે કે, નેક માણસ બદકાર માટે દુઆ માંગે, અને પાપી પુરૂષ પવિત્ર પુરૂષ માટે દુઆ માંગે, એટલે કે જ્યારે કોઇ કુકર્મી ઉમ્મતે–મોહમ્મદીયામાંથી કોઇને પવિત્ર અને પુણ્યશાળી જુએ તો તે એમ દુઆ માંગે કે, "હે અલ્લાહ તેં જે ભલાઈ–પૂણ્ય તેને

અર્પણ કર્યું છે તેમાં તું બરકત દે, અને તેને તેમાં સાબિત-દૃઢ- મક્કમ રાખ, અને અમને તેનાથી ફાયદો પહોંચાડ," અને જ્યારે કોઈ ભલો માણસ ભુંડાને જુએ ત્યારે તે એમ દો'આ માંગે કે "ઇલાહી તું તેને હિદાયત-સાચી સમજ આપ, અને તૌબા-પશ્ચાતાપ કરવાની સદ્બુદ્ધિ તેને સુઝાડ, અને તેની ખતા માફ કર."

૬૪ **હઝરત અનસ** (રદી.) કહે છે "મેં બન્ને જહાનના સરદાર પાસેથી સાંભળ્યું છે, કે મુસલમાનોનાં હક્કોમાંથી ૪ હક તો બજાવ્યા વગર છૂટકો નથી. (૧) નેકી કરનારની મદદ કરો. (૨) કુકર્મો માટે માફીની યાચના કર. (૩) કમનસિબ મુસલમાન માટે દુઆ માંગ. (૪) મુસલમાનોમાંથી પશ્ચાતાપ કરી શુદ્ધ થનારાઓ સાથે મોહબ્બત રાખ."

૬૫ **હઝરત અબુ હોરૈરા** [રદી.] થી રીવાયત છે કે જે કોઈ મુસલમાનોનાં માર્ગમાંથી એવી ચીજો કે જે તેને ઈજા દેતી હોય તેને દૂર કરે, તો અલ્લાહ તઆલા તેના બદલામાં તેને માટે ૧ નેકીની ગણત્રી કરે છે. અને અલ્લાહ જેની ૧ એક નેકીની ગણત્રી કરે તેની એ નેકીને બદલે અલ્લાહ તેને જન્નત અવશ્ય દેશે.

૬૬ હઝરત મજારિદ (ર.) કહે છે " કે નર્કવાસીઓને એવી ઝોરદાર ખસ નીકળી પડશે કે જેને ખંજવાળતાં ખંજવાળતાં કોઈનું હાડકું ચામડીમાંથી બહાર નીકળી આવશે, અને ચામડી અને માંસ ચટ થઇ જશે. ત્યારે કોઈ તેવાને સંબોધીને કહેશે કે તને એની પીડા થાય છે કે નહી? ત્યારે એ કહેશે, કે હા; તેની અતિશય વેદના થાય છે. પ્રતી ઉત્તર એ મળશે, એની શિક્ષાનું કારણ ઈમાનવાળા લોકોની સતામણી છે."

૬૭ હઝરત શેખ સઆદી (ર. હ.) કહે છે કે.
છુપાવવા જેવો ભેદ દોસ્તને પણ ન કહો કારણ કે એ દોસ્તના પણ કોઈ દોસ્ત હશે, વળી તે દોસ્તના કોઇ બીજા દોસ્ત હશે, એટલે કે વધતાં વધતાં તમારો ભેદ ખુલ્લો થઇ જશે.

ખાસ ભેદોંકા કર બયાન ન આમ,
તા ન બિગડે બને બનાયે કામ.
દુસરોંકો બતાકે યેહ કેહના,
ન બતાના કિસીકો ચુપ રહેના.
બહેતર ઈસસેકે ખુદ છુપાવો તુમ,
બાત પોશિદા કયું બતાવો તુમ.

અયસી કરના કભી ન નાદાની,
કે ઉઠાની પડે પશેમાની
દુસરા કયું ભલા છુપાવેગા,
કયું ન ઔરોંકો વો બતાવેગા.
હય ઇસી તરહ સુતકા પાની,
કે ન રોકો તો લાયે તુગયાની
રેહકે જારી વો લાયેગા તૂફાન,
બંદ કરના ન હોગા ફિર આસાન.

૬૮ **હઝરત ઇબ્ને અબ્બાસ** (રદી.) કહે છે કે, જ્યારે કોઈ પોતાની ફરિયાદની માફી આપે ત્યારે અલ્લાહ તઆલા તેની મોટાઈમાં વધારો કરે છે.

૬૯ **હઝરત જાબિર** (રદી.) રીવાયત કરે છે કે, હઝરત રસુલે ખુદા (સ. અ. વ. સ.) નું ફરમાન છે કે, એ હમારામાંથી નથી કે જે અમારા વડવાઓની ઇઝઝત ન કરે-તેમને માન ન આપે, અને અમારા નાનાઓ ઉપર કૃપા ન દાખવે.

૭૦ **હઝરત મઆઝ બિન જબલ** (રદી.) કહે છે કે, મને હઝરત રસુલે ખુદા (સ. અ. વ. સ.) એ વસીયત કરી છે કે, ખુદાનો ડર રાખ, સાચી વાત કહે-વચન પાળ, અમાનત-પુંજી-થાપણની સંભાળ

રાખ, વિશ્વાસઘાતથી દૂર રહે, પાડોશીઓને ફાયદો પહોંચાડ, યતિમ ઉપર દયાભાવ રાખ, બોલવામાં નમનતાઈ રાખ, સલામ કર, અને નરમાશથી વર્ત.

૭૧ **હઝરત અબુ બક્ર સિદ્દિક** (રદી.) કહે છે કે, જો કોઇ દારૂડીયો મારા હાથમાં સપડાય તો મને તો એ સારૂં લાગે છે કે, ખુદાએ તઆલા તેનો એ'બ છાનો રાખે, અને કોઇ ચોરને પકડું ત્યારે પણ મને એ સારૂં લાગે છે કે, અલ્લાહ તઆલા તેનો વાંક ઉઘાડો ન પાડે, આથી સિદ્ધ થાય છે કે, કોઇનાં એબને ગુપ્ત રાખવો, પણ તેને ઉઘાડો પાડવા પાછળ ન પડવું એ મુસલમાન માટે વાજિબ છે.

૭૨ **હઝરત ઉમર** (રદી.) કહે છે કે, જે પોતાનાં બાલબચ્ચાંઓ ઉપર રહમ અને મહેરબાની નથી બતાવી શકતા તે પ્રજા જનો ઉપર નરમી કે મહેરબાની કદીયે કરી શકવાનાં નથી; એટલા માટે અમલદારીને માટે નાલાયક તેવાને ગણી અમલદાર બનાવવો ન ઘટે.

૭૩ **હઝરત શેખ સઆદી** (ર. અ.) કહે છે કે;— કમજોર દુશ્મન જો મિત્રતા બતાવે તથા તાબેદારી કરે તો સમજી લેવું કે લાગ આવતાં ઘા કરવા ચાહે છે. અક્કલવાળા કહી ગયા છે કે:—

દોસ્તોંકી દોસ્તી પર તો એતેબાર નહીં,
દુશ્મનોંકી ચાપલુસી પર કોન ભરોસા કરે.

જે માણુસ કમજોર દુશ્મનને કશા લેખામાં ગણતો નથી તે પેલા નાદાન માણુસ જેવું કરે છે કે જે નાની સરખી ચિણગારી નુકશાન પહોંચાડી શકે નહી તેવું સમજી વગર બુઝાવે જવા દે છે, અને ધીમે ધીમે સળગતાં સળગતાં આખા ઘરને ભસ્મિભૂત કરી મુકે છે.

હયે મુનાસિબ કામ લેકર આગદો જલ્દી બુઝા,
ગર ભડક ઉડી તો સારે ઘરકો વો દેગી જલા.
છેદ દો દુશ્મનકા સીનાં તીર હોં ગર હાથમેં,
તાક કર મારેગા વર્ના વો નિશાના બે ખતા.

૭૪ **હઝરત અવેષ કરની** (ર. અ.) એ હઝરત હરમ બિન હબ્બાન (ર. અ.) ને સંબોધી હઝરત મોહંમદ મુસ્તુફા (સ. અ. વ. સ.) ઉપર દરૂદ પઢી અને ધીમે ધીમે દુઆ માંગ્યા પછી કહ્યું કે, છેવટની મારી તમને વસિયત છે કે, તમે મોતને હંમેશા યાદ કરતા રહેજો; જ્યારે તમારા માલિક જનો પાસે પહોંચો ત્યારે તેમને અલ્લાહનાં ખોફથી ડરતા રહેવાની હીદાયત કરજો; તમામ ઉમ્મતની ભલાઇને નજરની સામે રાખજો; સમાજથી અલગ થશો નહીં. નહીંતર દીનથી જુદા

પછી દોઝખમાં જઇ પડશો; હવે તમે મારા માટે તેમજ તમારા પોતા માટે દુઆ કરજો. એટલું બોલી પોતે હઝરત **હરમ** માટે ઘણો વખત સુધી દુઆ માંગી અને કહ્યું કે આજ પછી તમે મને નહીં જુઓ. કારણ કે મને એકાંતવાસ પસંદ છે, માટે હવેથી મારા માટે ન કોઇને પૂછજો ન તમે પોતે મારી તલાશ કરજો; મને યાદ રાખજો અને દુઆથી સંભારતા રહેજો. હું પણ તમને દુઆથી યાદ કરતો રહીશ, હવે હું તમને અલ્લાહને સોંપું છું. હે હરમ બિન હય્યાન (ર. અ.) જુઓ તમે આ માર્ગથી જાઓ અને હું પેલા રસ્તેથી જાઉં છું. 'અસ્સલામો અલયકૂમ વ રહ-મતુલ્લાહ વ બરકાતહુ'

૭૫ **હઝરત લુકમાન** પોતાનાં પુત્રને કહે છે કે હે બેટા! કે દુનિયા તો એક અગાધ સમૂદ્ર સમાન છે જેમાં અસંખ્ય જગતજનો ડુબી ગયાં છે માટે હે પુત્ર! પરહેઝગારીને તું તારૂં વહાણુ બનાવ અને અલ્લાહ તઆલા ઉપર ઇમાન લાવવું એ વાતને સમુદ્રની ભરતી સમજ અને તવક્કુલને સઢ માન જો તું તેમ કરીશ તોજ તને નજાત મળશે, નહિંતર મુક્તિની આશા દૂર્લભ છે.

૭૬ હઝરત સાબિત બિન કયસ બિન સમાસ (ર. અ.) જ્યારે એ આયત ઉતરી કે હે ઇમાન-વાળાઓ! હઝરત રસુલે ખુદા (સ. અ. વ. સ.) નાં સાદ કરતાં તમારો સાદ ઉંચો ન કરો, અને આપની સાથે વાત કરતી વખતે મોટેથી ન બોલો, જેવી રીતે તમે પરસ્પર વાતચિત કરો છો. જો, જો, એથી તમારા કૃત્યો નકામા જાય, અને તમે એ જાણો પણ નહીં; ત્યારે કહ્યું કે, મારોજ સાદ હઝરતનાં સાદથી ઉંચો નીકળતો હતો, હવે મારા કૃત્યો નકામા થઇ એળે ગયા અને હું દોઝખી થઇ ગયો. આ વાતની જ્યારે પયગમ્બરે ખુદા (સ. અ. વ. સ.) ને જાણ થઇ ત્યારે આપે હઝરત સાબિતને બોલાવી કહ્યું કે તમે દોઝખી નથી તમો જન્નતી છો. એ ભવિષ્યવાણી અલ્લાહે હઝરત—સાબિતને યમાણાની લડાઇમાં શહીદનો મરતબો આપી ખરી પાડી.

૭૭ હઝરત અબૂ ઉબેદા કાસીમ બિન સાલિમ (ર. અ.) કહે છે કે જ્યારથી મેં જાણ્યું કે બુઝૂર્ગો અને ખુદાનાં અવલીયાઓ સાથે સભ્યતાથી વર્તવાથી માણસની ઉન્નતિ થાય છે ત્યારથી મેં કોઈ વિદ્વાનનું બારણું ખખડાવ્યું નથી—બારણાં આગળ ઉભા રહી સાંકળ ખખડાવી કોઇ આલિમને બોલાવેલ નથી બલ્કે

જ્યારે તેમની પાસે જતો ત્યારે બેસી રહેતો જ્યાં સુધી તે પોતે બહાર નિકળે નહીં.

૭૮ **હઝરત અમિરૂલ મો'મેનિન જનાબ અલી ઈબ્ને અબિ તાલીબ** (ર. અ.) કહે છે, જગતના તારક નબિયે કરીમ (સ. અ. વ. સ.) નું ફરમાન છે જે કોઇ સો વખત 'લાઈલાહા ઇલલ્લાહુલ મલિકુલ હકકુલ મુબિન 'નું રટણ કરે તે કંગાલિયત અને નિરાધાર સ્થિતિથી બચી જશે; કબ્રની ભયંકરતા અદશ્ય થઇ જશે, અને જન્નતનાં દ્વારો તેને માટે ખુલ્લા રહેશે.

૭૯ એવા મિત્રો કે જેઓ એક બીજાનાં દુશ્મનો હોય છે તેમની સાથે અલગ અલગ એવી રીતે મળો કે કદાચ તેઓ એક થઇ જાય તો તમારે શરમાવું ન પડે.

દો લડાઇઓંને હે લગાઇ આગ, ગા ન ભડકા કે તૂ ફિતૂરકા રાગ. સુલ્હ ઉન્મેં હુઈ તો ફિર દોનોં, તુજસે રખ્ખેંગેં દુસ્મનીકી લાગ અકલો દાનિશકે હયે ખિલાફ યેહ કામ, આપ જલના લગાકે ઉન્મેં આગ.

૮૦ **હઝરત ઈબ્ને અબ્બાસથી** રિવાયત છે, કે જે કોઈ તબારકલ્લઝી બેયદહિલ મૂલ્કે પઢે, અને એ મુબારક સુરત–અધ્યાય પોતાનાં ઘરવાળાઓને, પોતાનાં બાળબચ્ચાંઓને અને પાડોશીઓને શીખવે તો તે

અઘ્યાય તેમનો છૂટકારો કરાવશે, અને ખુદા સાથે લઢીને એનાં પઢનારને દોઝખના અઝાબથી મૂક્તિ અપાવશે; નક્કી માનવું કે એ સુરત પઢનારને કબરના અઝાબથી બચાવી લેશે. હઝરત રસૂલે ખુદા (સ. અ. વ.) ની એ ઇચ્છા છે કે, ઉમ્મતમાંથી દરેકે દરેક એને શીખે અને તેને યાદ રાખે.

૮૧ **હઝરત અનસ** (ર. અ.) કહે છે કે હઝરત હબિબે ખુદા (સ. અ. વ.) નું ફરમાન છે કે જે કોઇ 'સૂરે તબારક' પઢે તેને એ સુરત અલ્લાહ પાસે જઇને પણ એ પઢનારની શિફાઅત કરીને તેને કબરનાં અઝાબથી મુક્ત કરાવ્યા વગર રહેશે નહીં.

૮૨ **હઝરત મજાહિદ** (ર. અ.) કહે છે કે કબ્રવાસીઓ સાથે કબ્ર પ્રથમથીજ ચેતવણી આપે છે કે, હું તો કીડાઓનું રહેઠાણ છું, એકાંતનું સ્થળ છું, નિરાધારનું મકાનછું, ઝુલ્મનું ઠેકાણું છું. ત્યારે હે આદમનાં પુત્ર ! આ સામગ્રીઓ મેં તારા માટે પહેલાંથીજ સંઘરી રાખી છે તો તેમાંથી બચવાના સાધનો તેં સાથે શું શું લીધા છે ?

૮૩ **હઝરત અબુદ દાઇ** કહે છે કે હું કબ્ર પાસે ઘણી વાર એટલા માટે બેસી રહું છું કે તેનાથી મને આખે-

રતની યાદિ આવે છે અને વળી એ કબ્રવાસીઓ એવા છે કે, જ્યારે હું તેમની પાસેથી ચાલ્યો જાઉં છું, ત્યારે તેઓ જીવતાથી પેઠે મારી પીઠ પાછળ મારી નિંદા કરતા નથી.

૮૪ **હઝરત હાતિમ અસનિ** સૂચવે છે કે જે કબ્રસ્તાનમાં જાય અને પોતાના માટે નતો ફિક્ર કરે, નતો કબ્રવાસીઓ માટે દુઆ કરે તો તેવો માણુસ પોતાને અંધારામાં રાખે છે, અને કબ્રવાળાઓ સાથે ઠગબાજી કરે છે.

૮૫ **હઝરત સુફિયાન** કહે છે જે કબ્રને વધારે વાર યાદ કર્યાં કરશે તે પોતાની કબ્રને જન્નતના બગીચાઓ માંહેલો એક બગીચો તેને જણાશે અને જે કબ્રની યાદથી ગાફિલ રહેશે તે પોતાની કબ્રને દોઝખના ખાડાઓ માંહેનો એક ખાડો તેને મા'લુમ પઢશે,

૮૬ **હઝરત ઈબ્રાહીમ ઝય્યાન** જણાવે કે મેં એ એક વાર લોકોને એક મય્યત માટે દોઆએ ખયર માંગતા જોયા, ત્યારે મેં તેમને કહ્યું કે તમે પણ અમારા પોતા, માટે પણ રહેમતની દોઆ માંગતા જાઓ. માણુસોને મારા બોલવાથી નવાઈ લાગી અને મને તેનું કારણુ પૂછવા લાગ્યા. ત્યારે મેં કહ્યું એ મરનાર તો ત્રણે

દહેશતોને નઝરે જોઇ ચૂકયો એટલે કે, (૧) મલકલ મઓતને જોઇ શકયો. (૨) મઓતની તલખી પણ ચાખી લીધી. (૩) અને અંતનાં ભયથી પણ વાકિફ થઇ ગયો પણ તમારા માટે તો એ બધી દહેશતો હજુ બાકી છે.

૮૭ હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કે;—
જે માણસો દુશ્મનો પ્રત્યે પ્રેમ દાખવે તે દોસ્તોને દુખ દે છે.

દોસ્તીસે ઉસકી તૂ બેઝાર હો,
જો કે તેરે દુશ્મનો કા યાર હો.

૮૮ **હઝરત જાબિર** (ર. અ.) રિવાયત કરે છે કે, પોતાની સ્ત્રીનો સંગ–વાંચ્છનાની તૃપ્તી ખાતર ન કરતાં અથવા મોજ મારવા ખાતર નહીં કરતાં ફક્ત ખાસ બચ્ચાઓની ઉત્પત્તિ નિમિત્તે કરવી ઘટે, કારણ કે એ સંગનું ફળ જે ઓલાદ છે એ દિલની રાહત અને આંખોની ઠંડક છે. વાંઝણી સ્ત્રીથી બચતા રહેવું એ ઝરૂરી છે.

૮૯ **હઝરત ઇબ્ને અબ્બાસ** (ર.) થી રિવાયત છે કે (૧) પ્રભાતના પહોરમાં બાઝારમાં જવું (૨) ફજરની નમાઝ પછી તુર્તાતુરત મસ્જીદમાંથી બાહિર નિકળી આવવું (૩) ફકીરોએ માંગી આણેલી રોટલીઓ વેચાતી

લેવી (૪) ફુંક મારીને દીવો હોલવવો (૫) લોટને ગુંદીને ખમીર ન કરવો (૬) બકરાં અને ગાડરનાં ટોળાંઓની વચ્ચે થઇને નીકળવું એ તમામ તંગદસ્તી ગરિબાઇ લાવવાનાં કારણો છે. કદાચ આવા પ્રસંગો ઉપસ્થીત થાય તો તેમ કરનારે પ્રથમ 'લેઈલાફે કુરેશીન' નો અધ્યાય પઢી પછી આગળ વધવું.

૯૦ **હઝરત ઇમામ અહમદ બિન હમ્બલ** (ર.)નું કહેવું છે કે, અવાર નવાર હું એ દુઆ માંગ્યા કરતો કે ઇલાહી જેવી રીતે તેં મારા મસ્તકને તારા સિવાય બીજા આગળ નમાવતાં–સિજદો કરતાં મને બચાવ્યો છે તેવીજ રીતે મારા હાથને બીજાઓની આગળ લંબાવતાં તું રોકી લેજે.

૯૧ હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કે;—
જ્યારે કોઇ કામમાં વાંધો લાગતો હોય તો એવો રસ્તો પકડો કે જ્યાં તકલિફ્નો અંદેશો થોડો હોય.
અપને હાથોંસે ન સખ્તીમેં પડો,
કામ નીકલે સુલ્હસે તો ક્યું લડો.

૯૨ **હઝરત અલી** (ક. વ.) કહે છે કે, એકવાર હું અલ્લાહ પાસે દુઆ એમ માંગતો હતો કે ઇલાહી મને તારી મખલુક–જગત જનોમાંથી કોઇનો પણ મુહતાજ

—ઓશિયાળો કરીશમો, ત્યારે બન્ને જગતનાં સરદાર હઝરત પયગમ્બરે ખુદા (સ. અ. વ.) એ સાંભળી મને ફરમાવ્યું કે હે! અલી (ક. વ.) આમ દુઆ માંગ્યા કરો કે, સૌથી ખરાબ મખલુકનો ઓશિયાળો ન કરતો. ત્યારે મેં સરવરે દોઆલમ (સ. અ. વ.) ને પૂછ્યું કે જગત જનોમાં સૌથી ખરાબ કોણ છે? આપે ફરમાવ્યું કે એ લોકો એ છે કે જે આપે તેનો ઉપકાર દર્શાવ્યો અને ન આપે તો કહે કે એતો માંગણ છે.

૯૩ **હઝરત ઇબ્ને માજા** (ર.) કહે છે કે હઝરત તાજદારે મદિના (સ. અ. વ.)નું ફરમાન છે કે અનાજને વધારે સંઘરી નહીં રાખે તેનાં રિઝકમાં બરકત થશે, અને આગળ ઉપર વધારે કીંમતે વેચવાની આશાએ અનાજ ભરી રાખનાર મલઊન—કનિષ્ટ પાપી છે.

૯૪ **હઝરત ઇમામ ગિઝાલી** (ર.) કહે છે કે અનાજ ભેગું કરી રાખવાનાં ત્રણ દરજ્જા છે. (૧) રાત દિવસનો ખોરાક સંઘરવો એ સિદ્દિકોનો મરતબો છે, (૨) ચાલિસ દિવસનો ખોરાક ભેગો કરી રાખવો એ પરહેઝગારોનો દરજ્જો છે અને (૩) એક વર્ષ સુધીની ખાધા ખોરાકી જાળવી રાખવી એ સાલ્હેયનનો મરતબો છે.

૯૫ હઝરત નજમુદ્દિન નસ્ફી (ર.) કહે છે કે દુનિયાની ઝીંદગીમાં પ્રથમના ૧૦ દસ વર્ષો રમ્મત ગમ્મત માટે, બીજા ૧૦ દસ વર્ષો લઘવીયાત—નકામી અને બે ફાયદા બાબતો માટે, ત્રીજા ૧૦ દસ વર્ષ ઠાઠ માઠ અને મોજ શોખનાં માટે અને ચોથા ૧૦ દસ વર્ષ બડાઇ અને ફખર કરવામાં વીતી જાય છે, આમ જોત જોતામાં ૪૦ વર્ષ વિત્યા કેડે જો અલ્લાહ મહેરબાન થઇ તેને તૌફિક આપે તો તે ખુદા તરફ પોતાનું વલણ ફેરવી લે, નહિંતર મનુષ્યને બંને જગતમાં ટોટો ભોગવવોજ રહયો.

૯૬ હઝરત ખયરૂલ મવાનીસ્સનાં કર્તા પોતાની કીતાબમાં એક ઠેકાણે જણાવે છે કે દસ દિરહમથી ઓછાનો માલીક મિસ્કીન અને ત્રણ દિરહમથી ઓછાનો ધણી ફકીર ગણાય, ભલે પછી તેની પાસે રહેવાને પોતાનું બાપિકું મકાન હોય અને પહેરવાના સારા મઝાનાં વસ્ત્રો હોય.

૯૭ હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કઃ—

જ્યાંસુધી માલથી કામ નીકળતું હોય ત્યાંસુધી જીવ જોખમમાં ન નાખો, કારણ કે અક્કલવાળાઓ તલ્વારને છેવટેજ કામમાં લેતા હતા.

ઝરસે પાયે ન કામ ગર અંજામ, દેગી તલ્વારફી વહાં ફીર કામ.

કમઝોર દુશ્મનને લાચાર ન ધારવો જ્યારે તેઓ ફાવશે ત્યારે તમને નુકશાન કરશે.

૯૮ **એક વિચારવંત મહાપુરૂષનું** પ્રવચન છે કે જેણે ઉચ્ચતા પ્રાપ્ત કરવી હોય, તેણે વિનયી બનવું; જેણે પુરૂષાર્થ પ્રાપ્ત કરવો હોય, તેણે સાચા થવું; જેણે ગૌરવ પ્રાપ્ત કરવું હોય, તેણે ખુદાથી બ્હીતા રહેવું; અને જેને મહત્વ પ્રાપ્ત કરવું હોય, તેણે ધૈર્યવાન બનવું.

૯૯ **એક મહા બુદ્ધિશાળી પુરૂષની** શીખ છે કે તેને અને દોઝખને એક બીજાથી વધારે છેટું નથી કે જે સારા સારા ભોજન આરોગે; સારાં સારાં વસ્ત્રો અંગે ધારણ કરે અને જે શ્રીમંતોનો સહવાસ સેવે.

૧૦૦ **હઝરત અબુ હોરૈરા** (રદી,) રિવાયત કરે છે કે ત્રણ જણ એવા છે કે જેમની પ્રત્યે ખુદા કયામતનાં દિવસે [રહમની] ન નઝર કરશે કે નતો તેનાં કુકર્મોથી તેનો છુટકારો કરશે બલકે તેમના માટે તો દર્દનાક અઝાબ થશે તેઓ છે; (૧) એક તો એ માણસ કે જેની પાસે માર્ગ–સફરમાં ખપથી વધારે પાણી હોય, અને તે (પાણીની તૃષાવાળા) મુસાફિરોને ન આપે, (૨) બીજો એ કે જેણે એક ઇમામ–ધર્મનાં પેશ્વાની

સાથે બયઅત–[ધર્મ કરાર] કરી અને તેણે એ ધર્મ કરાર દુનિયાના વાસ્તે ન કર્યો તો જો એ બયઅત લેનાર ઈમામે તેને દુનિયામાંથી કાંઈ ફયઝ–લાભ પહોં-ચાડયો તો તેણે પોતાનો વાયદો પૂર્ણ કર્યો પણ જો તેને દુનિયામાંથી કાંઈ ન દીધું–દુનિયામાંથી મુક્તિ મેળવવાનું શિક્ષણ ન દીધું તો તેણે એ વાયદો–બય-અત ધર્મકરાર પૂર્ણ ન કર્યો અને (૩) એકે જેણે અસર પછી પોતાનાં સરસામાનને બજારમાં લાવી ખુલ્લો મૂકયો અને પછી તેનાં સોગન ખાધા કે જેના સિવાય બીજો કોઈ ઈબાદતને–લાયક નથી કે મેં આ માલ આટલાનો લીધો છે, અથવા મને એનું આટલું ઉપજે છે તો પણ મેં એ નથી વેચ્યો તો તેવાને કોઇયે સાચો જાણ્યો.

૧૦૨ **હઝરત અનસ** [રદી.] થી એક રિવાયત છે કે, હઝરત રસૂલે ખુદા [સ. અ. વ. સ.] ફરમાવે છે કે કોઇ મોતની ઇચ્છા પ્રગટ ન કર્યા કરે–મોત ન માગ્યા કરે, કોઇ વિપત્તિ કે વિટંબણાના કારણે, જે તેને આ જગતમાં પહોંચે પણ ખરેખર મૃત્યુની માંગણી કરનાર હોય તેણે એવું યાચવું ઘટે કે અલ્લાહ, મને જીવતો રાખ, જ્યાં સુધી ઝીંદગી મારા માટે બહેતર હોય, અને મને મરણને શરણ કર, જ્યારે મરવું મારા માટે બહેતર હોય.

૧૦૨ **હઝરત ઈમામ ગઝાલી** (ર. અ.) કહે છે કે, જે કોઇ ખેડુત "ઈન્ના અન ઝલનાહો ફિ લય લતૂલ કદ્ર"ની સૂરત લખી પાણીથી ધોઈ તે ધોએલું પાણી પોતાનાં ખેતરમાં છાંટે તો તેના મોલમાં ઉંદર રંજાડ નહીં કરે–તીડ વગેરે નહીં આવે, અને કોઇ હોનારત અકસ્માત પણ નહીં નડે. (ર) જે કોઇ એ સુરતને લખીને તાવ વાળાને પીવડાવે તો અલ્લાહ તેને તે બિમારીમાંથી સાજો કરી દે છે. (૩) જે કોઈ એને પઢીને પોતાની સ્ત્રી કે બાલબચ્ચાંઓના માથા ઉપર તેનો દમ કરશે તો અલ્લાહ તેમને ઘણીજ બેહબુદી–ભલાઈ અને બહેતરીએ પહોંચાડશે.

૧૦૩ હઝરત શેખ સઆદી [ર. અ.] કહે છે કેઃ—
જો હાકીમ કોઇ બુરા માણસને સજા કરે તો તેણે બે કામ કીધા, એક તો બુરાની બુરાઇથી લોકો બચી જાય અને બીજું તે બુરાની આખરેતના અઝાબમાં કમી થાય.

ગરચે અહેસાન હયે બહોત અચ્છા,
ઝખ્મેં ઝાલીમ પે કયું રખ્ખો ફાહા.
પાલતા હયે જો સાંપ યાદ રખ્ખે,
કે વ્હે દુશ્મન હયે નસ્લે ઇન્સાંકા.

૧૦૪ હઝરત સિદ્દિકે અકબર (રદી. અ.) કહે છે કે, જે કોઈ હઝરતે પયગમ્બરે ખુદા (સ. અ. વ. સ.) ઉપર દુરૂદે શરિફ પઢે તેનાં ગુનાહોનાં ભેહંગા ડાઘાઓને તે એવી રીતે સાફ કરી નાબુદ કરી દે છે, જેવી રીતે ટાઢું પાણી દેવતા ઉપર નાખવાથી આગ હોલવાઇ અગ્નીનું નામો નિશાન રહેવા દેતું નથી.

૧૦૫ હઝરત અનસ (રદી,) કહે છે કે હઝરત રસૂલે ખુદા (સ. અ. વ. સ.) નું ફરમાન છે કે તમારે તમારા બાળકોને તેમનાં રડવાથી એક વર્ષ સુધી મારવા નહીં કારણ કે પહેલાં ચાર મહીના સુધી તો તેમનું રડવું " લાઇલાહા ઈલિલ્લાહ "ની ગરજ સારે છે; બીજા ચાર મહીનામાં બાળકોનું રડવું પયગમ્બરે ખુદા (સ. અ. વ.) ઉપર દુરૂદ શરીફ પઢવાની ગરજ સારે છે, અને છેલ્લા ચાર મહીનાં તેમનું રડવું તેમના માવતરોનાં હકમાં મગફેરતની દુઆ ની યાચના કરવાની ગરજ સારે છે.

૧૦૬ હઝરત ઇબ્ને અબ્બાસ (રદી.) કહે છે કે નિકટનાં સંબંધી મુસલમાન પાડોશીઓનાં ત્રણ હક્ક છે. (૧) પાડોશનો હક્ક, (૨) સગા સંબંધીનો હક્ક, અને (૩) ઇસ્લામનો હક્ક. પણ પાડોશનાં અન્ય મુસ્લિમ

પડોશીઓનાં બે હક છે; (૧) પાડોશનો હક્ક, અને (૨) ઇસ્લામે અર્પણ કરેલો હક્ક.

૧૦૭ હઝરત નુરી (અ. સ.) રિવાયત કરે છે કે આ આઠેને પોતાનો અધિકાર છે; (૧) સ્ત્રીનું ભરણ પોષણ કરવું-તેમજ નાના મોહતાજ બાલબચ્ચાઓનું લાલન પાલન કરવું એ ઘરનાં ધણીનો અધિકાર છે, (૨) સ્ત્રીને તેમજ બચ્ચાઓને ખપજોગું દેવું એ પતિ ઉપર ફરજિયાત છે. (૩) ફતવો દેતાં અને હુકમ સંભળાવતાં અજાણી સ્ત્રીની વાત સાંભળવી એ મુફિતને અધિકાર છે, (૪) ફતવો માંગતી વખતે સામા માણસને ખોટું લાગે તેવી વાત પણ તેની સાંભળવી એ પણ ફતવા દેનારને અધિકાર છે. (૫) માંગનારો દેનારાનાં-દેણદારનાં માલમાંથી પોતાનાં માગણાં જેટલું તેની પરવાનગી સિવાય જ્યારે દેણદાર દેણું આપવા ના પાડે ત્યારે લઇ લેવાનો અધિકાર ધરાવે છે. (૬) સ્ત્રીને પોતાનાં બાળકોની માવજત કરવા અને તેમજ બાપનાં માલમાંથી તેમના માટે ખર્ચ કરવાને અધિકાર છે, (૭) સ્ત્રીને પતિની પરવાનગીથી ઘર બહાર કામ પ્રસંગે નિકળવાને અને પોતાની કુદરતી હાજત દફા-દૂર કરવા-પેશાબ પાયખાને જવાનો અધિકાર છે, અને

(૮) ન્યાયાધિશની વાદી પ્રતિવાદીનાં કેસ ઉપરથી પોતાની સમજ મુજબ નિર્ણય કરવા અધિકાર છે.

૧૦૮ **એક મહા બુદ્ધિશાળી પુરૂષ** 'અહયા ઉલઉલુમ' માં લખે છે કે જે શખ્સને ૪ ચાર બાબતો સંપાદન થઇ જાય તે ચાર બાબતોથી કદિયે નિરાશ અને બેખબર નથી થતો. (૧) જેને તૌબાહની તૌફીક–પશ્ચાતાપનું જ્ઞાન દેવામાં આવે છે, તે પોતાનાં તૌબાહનાં સ્વીકારથી કદિયે નિરાશ નથી થતો. [૨] જેને ઇસ્તેખારાની તૌફીક–અદૃશ્ય પદાર્થની શોધનું જ્ઞાન દેવામાં આવે છે, તે ભલાઇ અને કલ્યાણથી બેનસીબ નથી રહેતો. (૩) જેણે યોગ્ય સ્થળેથી સલાહ–મશ્વેરા–બીજા લાયક નરની સલાહ [મત] લેવાની બુદ્ધિ સાંપડે છે તે સારી સલાહ મેળવવાથી કદીયે આશાભંગ થતો નથી. (૪) જે દુઆ–યાચના ખુદા પાસે કરે છે, તેની ઇચ્છા–મન વાંચ્છિતફળ પરિપૂર્ણ થવાથી કદિયે નિરાશ થતો નથી.

૧૦૯ હઝરત શેખ સઆદી [ર. અ.] કહે છે કે;—
દુશ્મનની સલાહ સાંભળવી ઠીક છે પણ તે માનવી એ ભયંકર ભૂલ છે.

અગર દુશ્મનકે કેહને પર ચલોગે,
તો હાથ અફસોસસે અપને મલોગે,

કહે દુશ્મન અગર દાયેં કો જાવ,
કદમ બાયેં તરફ અપના બઢાવ.

૧૧૦ **હઝરત કતાદા** (રદી. અ.) કહે છે કે મોટામાં મોટી મુશીબત તો દીન-ધર્મની આજ્ઞા પાલન છે. બીજા નંબરે મૃત્યુનો ભેટો છે; બાપનું મરણ પુત્રની કમર તોડી નાંખે છે; બાળકનું મરવું દિલમાં દર્દ પેદા કરે છે; ભાઈનું ગૂજરી જવું હાથ હેઠા પાડે છે; અને સ્ત્રીનું મરણ તો ફક્ત ટુંક મુદતની દિલગીરી છે.

૧૧૧ **કેટલાક ધર્મ પ્રવિણ વિદ્વાનોનું** કહેવું છે કે જ્યારે હઝરત આદમ (અ. સ.) ઝમીન ઉપર આવી રહ્યા ત્યારે હઝરત જીબ્રઇલ (અ. સ.) એકવાર તેમની પાસે આવ્યા અને બોલ્યા કે ખુદાએ-તઆલાએ તમારી પાસે મઝહબ-મુરવ્વત-સદ્‌ગુણ અને અક્કલ મોકલેલ છે તેમાંથી આપને ગમે એ એક ચીઝ આપ પસંદ કરી લ્યો. ત્યારે હઝરત આદમ [અ. સ.]એ અક્કલને પસંદ કરી એટલે હઝરત જીબ્રઇલ (અ. સ.) એ બાકીની બે ભેટ દીન અને મુરવ્વતને કહ્યું કે હવે તમે આસમાન ઉપર પાછાં ચઢી જાઓ ત્યારે એ બંનેએ કહ્યું કે અમને ખુદાયે તઆલાનો હુકમ છે કે જ્યાં અક્કલ વસે ત્યાં અમે બન્ને તેની સાથે રહીએ.

૧૧૨ **એક ધર્મવેત્તાનું** કહેવું છે કે [૧] અક્કલ એક પાણીદાર મૂલ્યવાન મોતી છે જેને ગઝબનો પત્થર કટકે કટકા કરી નાંખે છે. એટલે કે ક્રોધ બુદ્ધિનો વિનાશ કરી દે છે. તેમજ (૨) ધર્મ પણ એક ભારે મૂલ્યવાન જવાહિર છે કે જેને અદેખાઇની અગ્નિ બાળી ભષ્મ કરી નાંખે છે. (૩) હયા-લજ્જા એક દિવ્ય ઝવેરાત છે કે જેને લાલચ અને આકાંક્ષા ગૂમાવી દે છે; [૪] શાઇસ્તા અમલ-કર્તવ્ય પરાયણતા એક અમુલ્ય જવાહિર છે, કે જેનું નિંદા સત્યાનાશ કાઢી નાંખે છે.

૧૧૩ **હઝરત અબ્દુલકાદિર જીલાની** (ર. અ.) નું ફરમાન છે કે અક્કલ તો ન્યાય અને પ્રમાણિકતાનું ત્રાજવું; મહોટાઇ અને ફઝિલત-મહાત્માની બક્ષિસોનો ધોરી માર્ગ, સામાન્ય ચાલાકીઓનો ખજાનો, ચિંતાઓનો સ્થંભ, ફિક્રની ચાવી; રહસ્યનો ઉકેલ, અને સમજશક્તિનો પુરાવો.

૧૧૪ **હઝરત નસફી** (રદી. અ.) કહે છે કે હઝરત નબીયે કરીમ (સ. અ. વ.) ખુદાનાં આલીશાન દરબારમાં અર્ઝ કરી કે, હે અલ્લાહ! જે કોઇ મુસાફરીએથી પાછો વળે છે તેને આલીશાન કચેરીઓ તરફથી કાંઇને કાંઇ ભેટ સોગાત અવશ્ય મળે

છે. તો જ્યારે મને માનનારાઓ આપનાં દરબારમાં ઉપસ્થાત–હાઝિર થશે ત્યારે તેમને આપ શું ભેટ એનાયત કરશો ? જવાબ–એ આપ્યો કે જ્યાં સુધી તેઓ જીવતા રહેશે ત્યાં સુધી તેમનાં માટે મારી ભેટ કરામત–બક્ષિસ છે, અને જ્યારે મૃત્યુ પામશે તેમનાં માટે મારી ભેટ રહેમત–દયા કૃપા અને જ્યારે ફરીને સજીવન કરી કબ્રોમાંથી ઉઠાડવામાં આવશે ત્યારે તેમના માટે મારી ભેટ મહેરબાની અને કૃપાની મળશે.

૧૧૫ હઝરત શેખ સઆદી]ર. અ.] કહે છે કે:—
હદથી વધુ ગુસ્સો ગાંડપણ પેદા કરે છે અને અયોગ્ય મહેરબાની રૂઆબ ઉડાવી દે છે એટલી સખ્તી ન કરોકે લોક કંટાળી જાય અને એટલી નરમી ન કરો કે તમને કંટાળો થાય. દાકતરને નથી દેખતા કે જ્યાં મુડદાલ ભાગ જણાય ત્યાંજ નશતર મારે છે અને જ્યારે ગંદકી નીકળી ઝખમ સાફ થાય ત્યારે ઝટ મલમ લગાવે છે.

લગા એક બાપસે કેહને યેહ ફરજંદ,
બુઝૂર્ગોના મુઝે દિજીયે કોઈ પંદ.
કહા નેકી કરો લેકીન ન ઉતની,
કે દુશ્મન તુમપે હો જાયે ઝફર મંદ.

૧૧૬ **હઝરત અલી** (ક. વ.) હક તઆલાએ અક્કલને ગુમનુર–અદ્રશ્ય તેજમાંથી ઉત્પન્ન કરી અને જ્યારે તેને ઉત્પત્તિનો શણગાર પહેરાવવામાં આવ્યો ત્યારે ઇલ્મને તેનો નફ્સ, સમજને તેની રૂહ, ભક્તિભાવને તેનું મસ્તક–માથું, લજ્જાને તેની ચક્ષુ, હિકમત–ચાતૂર્યને તેની જીભ, ભલાઇને તેના કાન, નમ્રતા અને કૃપાને તેનું અંતર, રહમત અને મહેરબાનીને તેની છાતી, સહનશીલતાને તેનું પેટ–ઉદર, બનાવી પછી પૂછ્યું કે, હે અક્કલ! હવે તું વાત કર, ત્યારે તેણે જવાબ દીધો કે ખુદાનો આભાર કે જેણે પ્રત્યેક પદાર્થને તેની ઇઝઝત–નામવરીનાં કારણે ઝલિલ–તુચ્છ કરી. આકાશવાણી થઇ કે, મેં કોઇ એવી વસ્તુને પયદા નથી કરી કે જે તારાથી મારી નઝરમા વધારે પ્રિય હોય અને મેં તારૂં સ્થાન એવા જગત જનોમાં કાયમ કર્યું છે કે, જેઓ મને બધા કરતાં વધારે વહાલા છે.

૧૧૭ **હઝરત અલી** (ક. વ.) કહે છે કે અકિકની વીંટી બનાવી જમણી આંગળીમાં પહેરવાથી પહેરનારને જ્યાં સુધી અકીકની વીંટી આંગળીમાં રહે ત્યાં સુધી તેને કોઇ પરેશાની અને મુશીબત સહન કરવી નહીં પડે.

૧૧૮ એક રિવાયતમાં આવ્યું છે કે, હઝરત રસૂલે ખુદા (સ. અ. વ સ.) હઝરત અલી (ક. વ.) ને

સંબોધીને કહ્યું કે તમે મુસલમાનોનાં આગેવાન, પરહેજગારોમાં પેશ્વા અને મારા ઉમ્મતિઓ—અનુયાયીઓને તેમનાં કુકર્મોની શિફાઅત કરી દોઝખમાંથી મુક્તિ આપનાર છો.

૧૧૯ હઝરત અલી (ક. વ.) નો બોધ છે કે [૧] જેની વાતમાં નરમાશ હોય તેનાં અંતરમાં અંકુર અવશ્ય ફુટયા હોય (૨) જેણે પોતાના નફસનું મૂલ્ય આંકયું, તે કદિયે વિનાશના પંથે નહીં ચઢે; [૩] જેની પાસે કંઇ માગવાનું મન થાય તેની પાસેથી તે ભલે જે માંગવું હોય તે માંગે પણ ખચ્ચિત તેને માની લેવું કે, ત્યાર પછી એ દેનારનો પોતે દબાયેલો થઇ રહેવાનો [૪] ખુશી પડે તેને આપે તો તે દેનાર લેનારનો સરદાર અને અમીર થશે. (૫) જેની સાથે ઇચ્છે તેની સાથે બેપરવા થઈ વર્તે, પણ છેવટ એ પણ તેનાં જેવોજ થઇ જવાનો—એક બિજાનો સંબંધ નહીં જળવાશે. (૬) જ્યારે કોઇ એવા પુરૂષને જુએ કે, તે પોતાની કુદરતી ટેવ અનુસાર ધર્મ પંડિતોથી લાપરવા અને બેદરકાર થઇ રહે છે તેણે નક્કી માની લેવું કે શયતાને અદ્રશ્ય રીતે પોતાનો શિકાર બનાવી રાખ્યો છે. (૭) જે વગર વિચારે અને વગર સમજે ફતવા—ધર્મ ફરમાનના ખુલાસા આપે

જાય તેનાં ઉપર આસ્માન અને ધરતી બેઉ ફિટકારની વૃષ્ટી કરે છે [૮] જે કોઈ હકની કમાઈ કરી-ઇમાનદારીથી મહેનત કરી પોતાનું ગુજરાન મેળવતાં થાકી લોથ પોથ થઇ રાત્રે નિંદ્રાને સ્વાધીન થાય તેનાં ઉપર જગત નિયંતા ખુદા બહુ પ્રસન્ન થાય છે.

૧૨૦ **હઝરત જાબીર બિન અબ્દુલ્લાહ** (રદી.) એક રિવાયતનું વર્ણન કરતાં કહે છે, ભલાઇ એવા લોકો પાસેથી માંગવી કે જેમના ચહેરાજ માગનારાઓની માંગણીઓ સ્વીકાર કરવાને પ્રકાશિત હોય.

૧૨૧ હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કે:—
બે માણુસો દુન્યા અને દીનનાં દુશ્મનો છે, એક તો મિલનસારી વગરનો હાકીમ અને બીજો ઇલ્મ વગરનો આબીદ.

ખિદમતે ખલ્ક વો કરેગા કયા,
જીસ્ને ખાલિકકો દિયા હો ભુલા.

૧૨૨ **હઝરત ઇબ્ને અબ્બાસ**—(રદી.) કહે છે કે હઝરત અલી (ક. વ.) ની સાથેની મહોબ્બત ગુનાહોનો એવી રીતે નાબુદ કરી દે છે જેવી રીતે અગ્નિ બળતણને.

૧૨૩ **હઝરત અબૂ સઈદ** (રદી.) પાક દામન-શિયળ સંપન્ન પરણેલ સ્ત્રી સાથે વ્યભિચાર કરવો એ ખુદાની

નઝદિક સિત્તેર કબીરા ગુનાહો—અક્ષમ્ય કુકર્મોથી યે ભારે છે, વળી જે પુરૂષ શિયળવંતી પરણેલ સ્ત્રી સાથે પાપાચાર કરે તેના ઉપર કયામત સુધી ખુદાનો ફિટકાર અને તમામ ફિરેશ્તાઓની લઆનત—શ્રાપ ઉતરે છે.

૧૨૪ હઝરત અબુ હોરૈરા (રદી.) થી રિવાયત છે કે, મારા પ્રાણપ્રિય મિત્રે મને ત્રણ કાર્યો કરવાની વસીયત કરી છે, કે જેનો હું કદિયે ત્યાગ નહીં કરૂં જ્યાંસુધી હું મરણને શરણ થઇશ—તે આ છે (૧) દરેક મહીનામાં ત્રણ દિવસ રોઝા રાખવા (૨) ચાસ્તની નમાઝ પડવી અને (૩) સુઇ ગયા અગાઉ (જે પાછલી રાતે તહજ્જુદ ન પઢવા ઉઠનો હોય) તેણે વિતર પઢી લેવી.

૧૨૫ હઝરત કઆબ અહબાર (રદી.) નું પ્રવચન છે કે જે શખ્સ મૃત્યુને બરાબર ઓળખી લઇ તેનાથી ચેતી ચાલે છે તેના ઉપર જગતની સર્વ—વિટંબણાઓ અને વેદનાઓ સહન કરવી એ તેના મનમાં એક રમત છે.

૧૨૬ હઝરત કર્તબી (રદી.) કહે છે કે કેટલાક સંત પુરૂષોનું કહેવું છે કે જે કોઇ મૌતને અવાર નવાર યાદ કર્યા કરે છે, તેનાં ઉપર ત્રણ ચીજોની નવાઝિશ થાય છે, (૧) તેને તવબા નસિબ થાય છે (૨) તેનાં નફસને

સંતોષ પ્રાપ્ત થાય છે. અને (૩) ઇબાદતમાં તેને આનંદ અને મઝા આવે છે, પણ જે મૃત્યુને વિસારી દે છે તેને ત્રણ પ્રકારની કનડગત સહન કરવી પડે છે, (૧) તૌબા કરવામાં વિલંબ નડે છે; (૨) ખપ જોગ ખર્ચ મળવા છતાં તેને અસંતોષ થાય છે; (૩) બંદગીમાં તેને આળસ અને બેપરવાહી થાય છે.

૧૨૭ હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કે:—
દુશ્મનો ઉપર એટલી સખ્તી ન કરો કે દોસ્તના દિલ ઉપર તમારો એતબાર જતો રહે, એટલું સારી રીતે યાદ રાખજો કે ગુસ્સાની આગ પ્રથમ તમારા દિલ અને દિમાગને ગરમ કરે છે પછી તમારા શરીરને બાળે છે પછી તેની ચિણગારીઓ દુશ્મનને બાળે છે. માટે બીજાને બાળવા ખાતર પોતે શામાટે બળી મરવું.

એક રોઝ મૈંને પીરે તરીકતસે યું કહા,
ફરમાયા બુદઁબાર બનો ખાકકી તરહ.
મગરૂર નફસકી તો બતાવો કોઇ દવા,
જો કુછ ગુરૂરે ઇલ્મ હયે વો ખાકમેં મિલા.

૧૨૮ **હઝરત અલી** (ક. વ.) કહે છે જ્યારે કોઈ સખ્શ પોતાની હાજતની શોધમાં નીકળે ત્યારે તે જુમેરાતના દિવસે સવારમાં વહેલો નિકળે અને પોતાના ઘરમાંથી રવાના

થતી વખતે 'આયતુલ કુરસી' 'આલે ઇમરાન' ની છેલ્લી આયતો, 'ઇન્ના અન્ઝલનાહો ફી લય લતીલકદ્ર' અને 'સૂરયે ફાતેહા' પઢે, કારણ કે તેમાં દુનિયાની તેમજ આખેરતની હાજતો–આકાંક્ષાઓ મોજુદ છે.

૧૨૯ **હઝરત ફાતિમા** (રદી.) કહે છે કે મારા અબ્બાજાનનું–મારા પિતાશ્રીનું ફરમાન છે કે, જે કોઇ સ્ત્રી કે પુરૂષ વિતર પછી બે સિજદા કરી દરેક સિજદામાં 'સુબ્બુહુન, કુદ્દુસુન, રબ્બુલ મલાયે કતઈ વરૂહ' પાંચ પાંચ વાર કહે તો સિજદામાંથી પોતાનું માથું ઉપાડે તે પહેલાંજ ખુદા તેના તમામ ગુનાહો બક્ષિ દેશે અને જો તે રાત્રે મરણ પામે તો તેની ગણત્રી શહિદોમાં થશે.

૧૩૦ **હઝરત અનસ** (રદી.) કહે છે કે જે કોઇ મસ્જીદમાં એક બત્તી પ્રગટાવશે, તે જ્યાંસુધી બળતી રહેશે ત્યાંસુધી અર્શના ઉપાડનારા ફિરિશ્તાઓ તેના માટે દોઆ માંગ્યા કરશે.

૧૩૧ **હઝરત ઈમામ અહમદ** (રદી.) કહે છે કે જે બાપ પોતાના ફરઝંદના અકીકા કરશે નહીં તેની શફાઅત કયામતને દિવસે કરવામાં નહીં આવે.

૧૩૨ **હઝરત મજાહિદ** (અ. સ.) કહે છે જ્યારે સંસારમાં સેવકોનો વધારો થઈ જશે ત્યારે શયતાનો પણ વધી પડશે.

૧૩૩ **હઝરત અનસ** (રદી,) કહે છે કે, જે કોઇ શા'બાનનો એક પણ રોઝો રાખે તેને અલ્લાહ દોઝખની આગની આંચ લાગવા દેશે નહીં, વળી તે જન્નતમા હઝરત યુસુફ (અ. સ.)ની સંગાથે રહેશે અને હઝરત ઐયુબ તેમજ હઝરત દાઉદ (અ. સ.) જેવો તેને સવાબ મળશે.

૧૩૪ **હ. અબૂ હોરૈરા** (રદી.) રિવાયત કરે છે કે હઝરત ફખ્રે આલમ (સ. અ. વ. સ.) ફરમાવે છે કે, હું ત્રણ જણનો મુદ્દઇ—શત્રુ કયામતને દિવસે થઇશ. તે ત્રણમાં એકતો એ કે જેણે મને વચ્ચે રાખ્યો અને પછી દગો કર્યો એટલે કે વાયદાનો ભંગ કર્યો અને બીજો એ કે જેણે આઝાદ—સ્વતંત્ર માણસને વેચી નાખી તેની કીંમત પોતે વાપરી ખાધી અને ત્રીજો એ કે જેણે કોઇને કામે રાખ્યો. અને પછી તેનાથી પોતાનું કામ પુરૂં કરાવી લીધું અને તેની મઝદુરી તેણે તેને ન ચુકવી.

૧૩૫ **હ. અલી** (ક. વ.) કહે છે કે હન્નાન તો એને કહે છે કે જે પોતે મોઢું ફેરવી—ચઢાવી ચાલે તેને પોતે ખુદ બોલાવે અને મન્નાન તો એ કહેવાય કે જે માગ્યા પહેલાં પોતાની મહેરબાની દર્શાવવા પોતે આગળ આવે.

૧૩૬ હઝરત **શેખ સઆદી** (ર. અ.) કહે છે કે:—
જો દુશ્મનની ફોજમાં ફાટફુટ પડે તો શાંતિથી બેસી

રહો અને જો તેઓમાં સંપ હોય તો તમારી સલામતી માટે ફિકર કરો.

દિલી આરામસે યારોંમે બેઠો,
લડાઇ દુશ્મનોમેં જબ ઠની હો;
મગર જબ દુશ્મનોમેં મેલ દેખો,
તો ઝટ તલવારસે સુથરાવ કર દો.

૧૩૭ **હઝરત ઇબ્ને અબ્બાસ** (રદી.) કહે છે કે હઝરત રસુલે ખુદા (સ. અ. વ.)નું ફરમાન છે કે મક્કા મોઅઝઝમા તો શ્રેષ્ટતા અને મ્હોટાઇનો નમુનો છે, મદિના તૈયબા ધર્મની ખાણ, કુફા ઇસ્લામની તડાફડીનું ઠેકાણું, બસરા મહા ભાગ્યશાળી સંતોનાં ગર્વનું સ્થળ, સિરિયા સદાચારી અને પરોપકારી પુરૂષોનો ભંડાર, સિંધ શયતાનને ચક્કરમાં આવવાનું ઠેકાણું, ત્યારે ઇજીપ્ત—મીસર શયતાનને રહેવાનું ઝુંપડું અને સંતાઇ રહેવાની ગુફા.

૧૩૮ **હ. અલી.** (ક. વ.) રિવાયત કરે છે કે હઝરત આકાએ નામદાર (સ. અ. વ.) પોતા વિશે ફરમાવે છે કે મારી મુડી અને અસલ પુંજી તો મા'રેફત—ખુદાઇ જ્ઞાન, મારો દીન અકલ, મારી જડ મુહબ્બત, મારી સ્વારી શોક, મારો ભેરૂ અલ્લાહનો ઝિક્ર, મારો ખઝાનો તવક્કલ, મારો રફિક ચિંતા, મારો હથિયાર

ઇલ્મ, મારૂં ઓઢવું અને પાથરવું ધૈર્ય, મારા માટે લુટની મત્તા રઝા—ખુદાની રઝામંદી, મારો ગર્વ ગરીબાઇ, મારૂં કર્તવ્ય ઝહોદ—ખુદાની લૌ, મારી શક્તિ યકિન—ઇમાન, મારો બંધુ—સત્યતા અને સચ્ચાઈ, મ્હારી ધાર્મિક ફર્ઝ ખુદાની બંદગી, મારા સદ્‌ગુણ ધાર્મીક લડાઇ, મ્હારી આંખોની ઠંડક નમાઝ, મ્હારા દિલનું ફળ મ્હારા પાલનહારની પ્રેમ લગ્ની અને મ્હારી ગુનેહગાર ઉમ્મત માટે મારી અફસોસ.

૧૩૯ હઝરત અબ્દુલ્લા બિન અમરૂ (રદી.) હઝરત રસુલે ખુદા (સ. અ. વ. સ.) થી રિવાયત કરે છે કે, વિશ્વધર્મના સ્થાપક પયગમ્બરે ખુદા (સ. અ. વ.) એકવાર એક એવા માણુસના જનાઝાની નમાઝ પોતે પઢી કે જેનું મોત પોતાની જન્મ ભૂમિમાંજ થયું હતું, નમાઝ બાદ આપે ફરમાવ્યું કે કેવું સારૂં થાત કે જો એ માણુસ સફરમાં—પ્રવાસમાં મરણને શરણ થાત કેમકે મુસાફરીમાં મૃત્યુ પામનારની પોતાના નિવાસસ્થાનથી છેક સફરનાં સ્થળ સુધી કબ્ર વિશાળ બની જાય છે અને તેટલીજ વિશાળ જગ્યા તેને જન્નતમાં બક્ષિસ થાય છે.

૧૪૦ હ. ઈબ્ને અબ્બાસ (રદી.) કહે છે કે જાહેર રસ્તા ઉપર પરબ બાંધનારને સવાબ ઘણો મોટો મળે

છે. અને વળી જગત નિયંતા, એ સબિલ બાંધનાર તરફ એક દિવસમાં બેવાર રહેમભરી નઝર કરે છે.

૧૪૧ હઝરત **શેખ સઆદી** (ર. અ.) કહે છે કેઃ—
સાપનું માથું દુશ્મન પાસે છુંદાવો કારણ કે એમાં બે ખુબીઓ છે એક તો સાપ મરે તો સારૂં અગર તો દુશ્મન પડે તો સારૂ.

૧૪૨ **ઈમામ જાફર સાદિક** (રદી.) કહે છે કે 'સુરયે ફાતિહા' ચાલિસવાર પઢી પાણી ઉપર દમ કરી માંદાને પીવડાવવાથી અલ્લાહ તેને બિમારીમાંથી મુક્ત કરે છે.

૧૪૩ હ. રસુલે ખુદા (સ. અ વ.) નું ફરમાન છે કે મુસલમાનનું પીધેલું પાણી પીવામાં ઉત્તમોત્તમ તવાઝો-નમનતાઇ છે. પીનારના કર્તવ્યના ફાળામાં સીત્તેર હઝાર સુકર્મનો વધારો કરવામાં આવે છે, સિત્તેર હઝાર બુરાઇઓ કાઢી નાખવામાં આવે છે અને વળી સિત્તેર હઝાર દરજ્જા તેને જન્નતમાં વધારે મળે છે. *

---

* હ. રસુલે ખુદા (સ. અ. વ.) નું ફરમાન છે કે જ્યાં પીવાને થોડું પાણી મળતું હોય તેવા ઠેકાણે પરબ બાંધનારાને ગુલામને છોડી મુકવાનું પુણ્ય થાય છે. અને જ્યાં પીવાને પાણી મળતું ન હોય ત્યાં સબિલ બાંધનારને તરસ્યાઓના તરસથી જતા જીવો બચાવવાનું મ્હોટું પુણ્ય પ્રાપ્ત થાય છે.

૧૪૪ હ. આયશા સિદ્દિકા [રદી.] એ એકવાર હ. રસુલે ખુદા (સ. અ. વ.)ને પુછ્યું કે માગનારને કઇ કઇ વસ્તુઓ વહાલી ગણી તેને ન આપવી, આપે ફરમાવ્યું કે મીઠું, પાણી અને દેવતા એ ત્રણેની તો ના નજ પાડવી. ત્યારે હ. આયશા. સીદ્દિકા [રદી.] એ ફરી પુછ્યું કે પાણીની ના કહેવી એતો સમજી શકાય તેમ છે પણ મીઠું અને દેવતાની ના કેમ ન પાડવી એ સમજાવશો ? આપે જણાવ્યું કે મીઠું અને આગ દેનારાઓને એટલું પુણ્ય પ્રાપ્ત થાય છે કે જાણે તેણે પોતાને ત્યાંનું તૈયાર તમામ ભોજન ગરિબોને ખવડાવી દીધું.

૧૪૫ હ. અબુ મુસા (રદી.) કહે છે કે મેં એકવાર હઝરત રસુલે ખુદા (સ. અ. વ. સ.) ને પૂછ્યું કે બિરાદરી—ભાઇચારો બતાવા જંગે નિકળે, પોતાનું શુરાતન બતાવવા રણે ચઢે છે, લોકોને દેખાડવા યુધ્ધે જાય તે ત્રણમાંથી ખુદાનાં માર્ગમાં જિહાદ કરનાર ગાઝી કોણ કહેવાય? આપે ફરમાવ્યું કે ખુદાનો બોલ બાલા કરવાને જે ધર્મયુદ્ધ આદરે તે ગાઝી.

૧૪૬ હ. કતાબાન (રદી.) થી રિવાયત છે કે હ. રસુલે ખુદા (સ. અ. વ. સ.) નું ફરમાન છે કે સ્વપ્નું જો સારૂં આવે તો તે જગત સર્જનહાર તરફથી

સમજવું અને સ્વપ્નું ખરાબ આવે તો શયતાન તરફથી ગણવું; ચિંતાજનક સ્વપ્નું આવતાં તેની ચિંતાથી બચવા માટે અલ્લાહ તઆલાથી પનાહ માંગે તો શયતાનનું કશુંય વળે નહીં.

૧૪૭ હ. અબ્દુલ્લાહ બિન અમર (રદી.) રિવાયત કરે છે કે હઝરત રસુલે ખુદા (સ. અ. વ.) ને એકવાર એક ગામડીયાએ પુછયું કે કબિરો ગુન્હો—મહાન અપરાધ— અક્ષમ્ય પાપ કયું? આપે ફરમાવ્યું ખુદાનો બીજો ભાગિદાર ગણવો, વળી તેણે પુછયું કે એથી ઉતરતો મહાન અપરાધ કયો? આપે ઉત્તર પાઠવ્યો કે માંબાપને તરછોડી કાઢવા. પછી? આપે જવાબ દીધો કે ખોટા સમ ખાવા. પછી? આપે જણાવ્યું મુસલમાનનો માલ જુઠા સોગન ખાઇ પચાવી જવો.

૧૪૮ હ. અલી (ક. વ.) થી રિવાયત છે કે હઝરત રસુલે ખુદા [સ. અ. વ.] નું ફરમાન છે કે, અધિકારીની આજ્ઞા પાપિ—કનિષ્ઠ કર્મોમાં બજાવવી યોગ્ય નથી. પણ ઉપરીના હુકમનું પાલન ફક્ત ભલાઇનાં કાર્યોમાં કરવું વાજબી છે.

૧૪૯ હઝરત શેખ સઆદી (ર. અ.) કહે છે કેઃ—
જે બુરી ખબરો સાંભળવાથી લોકોના દિલ દુખાય

તેવી ખબરો તમો લોકોને ન સંભળાવો પણ બીજાને
તે કહેવા દો.

બુલ્બુલોંકી તરફ લે આવ બહારોંકી ખબર
વો નહો તો કોન લાયે ગુલ ઉઝારોંકી ખબર.
ઉલ્લુઓંસે હાલ પુછો દશ્તે વહેશત નાકકા,
માહીયાને બહરસે લો જોશે બારાંકી ખબર.

૧૫૦ હ. અબૂ હોરૈરા [રદી.] થી રિવાયત છે કે હ. રસુલે ખુદા (સ. અ. વ.) નું ફરમાન છે કે, જે કોઇ સ્ત્રી વ્યભિચાર કરે અને તે સિદ્ધ થાય તો તે વ્યભિચારી સ્ત્રીને પત્થરનો માર મારવો અને વ્યભિચારી પુરૂષને સો ફટકા મારી એક વર્ષ માટે દેશવટો દેવો.

૧૫૧ હ. અબૂ હોરૈરા (રદી.) કહે છે કે, હ. રસુલે ખુદા (સ. અ. વ. સ.) ફરમાવે છે કે, જ્યારે જગત નિયંતાએ સૃષ્ટીની રચના કરી ત્યારે પોતાના અર્શ ઉપર પોતાની પાસે પોતે લખી વાળ્યું કે મારી કૃપા મારા કોંપ કરતાં વિશેષ છે.

૧૫૨ હ. અબૂ હોરૈરા [રદી.] કહે છે કે હઝરત રસુલે ખુદા [સ. અ. વ. સ.] ફરમાવે છે કે જે કોઇ જેહાદની નેક નિષ્ઠાથી અને ખુદાઇ આજ્ઞાને સત્ય માની અને હદિસ મુજબની સાચી માન્યતાથી જેહાદ માટે

પોતાની જન્મભૂમિ તર્ક કરી નિકળે તેને ખુદા સ્વર્ગમાં દાખિલ કરવાને બંધાય છે, જો તે ધર્મ લડાઈમાંથી જીત મેળવી જન્મભૂમિ તરફ લુંટનો માલ અને જેહાદનો સવાબ લઇ પાછો વળે છે.

૧૫૩ એક ધર્મવિત્તાનું વચન છે કે તમે તમારી પોતાની દુનિયાઈ ઇચ્છાઓની તઆબેદારી રૂપી જેલમાં પુરાયેલા છો, તેમાંથી છૂટીને જો સદ ભાવથી—નેક નિયાથી પોતાની ઝાતને ખુદા (ના ફરમાનો) ની સામે ઝુકાવી દેશો, તોજ તમે સર્વ પ્રકારે ઉત્તમતા અને સાચું સુખ તેમજ રક્ષણ મેળવી શકશો.

૧૫૪ હ. મુગૈરા (રદી.) કહે છે કે હઝરત રસુલે ખુદા (સ. અ. વ.) નું ફરમાન છે કે જે કોઈ બેજીવ વાળી સ્ત્રીને માર મારે અને તેથી તેનો ગર્ભ ખરી પડે તો તે ગુલામ કે લોંડીને સ્વતંત્ર ન કરે ત્યાં સુધી તેનો છુટકો થવાનો નથી.

૧૫૫ હ. સહલ બિન સઅદ (રદી.) રિવાયત કરે છે કે હઝરત રસુલે ખુદા (સ. અ. વ.) નું ફરમાન છે. કે પારકા ઘરમાં નઝર કરવી એ સખ્ત હરામ છે.

૧૫૬ હ. અનસ [રદી.] થી રિવાયત છે કે હઝરત રસુલે ખુદા (સ. અ. વ.) નું ફરમાન છે કે જે કોઇનું ખૂન

કરવામાં આવે તેના વારસદારો ગમે તો તેના ખૂનનું મૂલ્ય લે કાંતો ખૂનના બદલે ખૂનથી બદલો વાળે.

૧૫૭ હ. રસુલે ખુદા (સ. અ. વ.) ફરમાવે છે કે ખુદાની આજ્ઞા છે કે જે કોઈ ઇમાનદારને વગર કારણે મારી નાખે તેનો દોઝખ સિવાય છૂટકારો નથી.

૧૫૮ હ. અબૂ હોરૈરા (રદી.) થી રિવાયત છે કે હઝરત રસુલે ખુદા [સ. અ. વ.) નું ફરમાન છે કે સાત મહાન ગુનાહો એવા છે કે જે ઇમાનદારનું સત્યાનાશવાળી નાખે છે તેથી દરેકે બચી ચાલવું જોઇએ. (૧) ખુદા સાથે શિર્ક કરવો--ખુદા જેવો બીજો મા'બુદ–ઉપાસ્ય માનવો, (૨) જાદુ કરવું, (૩) જેને મારી નાખવા ખુદાએ હરામ ઠરાવ્યા તેને હલાલ સમજી મારવા, (૪) વ્યાજ લેવું–દેવું, (૫) અનાથની માલ મિલ્કત પચાવી પાડવી, (૬) ધર્મ સંકટ વખતે નાસ્તિકોથી ડરી પલાયન થઇ જવું, [૭] ધણિયાતી ઇમાનદાર સ્ત્રીઓ ઉપર વગર પુરાવે વ્યભિચારનું આળ ચઢાવવું. એ સિવાય બીજી હદિસોમાં બીજા મહા અપરાધનું વર્ણન પણ છે.

૧૫૯ દુનિયાને ગફલત સ્થળ સિદ્ધ કરતાં સૈયિદના હઝરત અબ્દુલ કાદિર જીલાની [કદ] પોતાના એક પત્રમાં

લખે છે કે—" આ નાસ્તિક સંસારની નયરંગીઓ કંઇ એવી દષ્ટિને આકર્ષનારી છે કે ભોળો મનુષ્ય એનાં ચિત્તાકર્ષક દશ્યોને જોઇ, પોતાના અસલ કેન્દ્રસ્થાનને ભૂલી જાય છે અને આખિરતની નિયામતોને ગણકારતો નથી. સમજદાર માણસની આ ફર્ઝ છે કે તે એની ચિત્તાકર્ષકતાઓને નાસ્તિક સમજે અને અસાર સંસારના કારણે પરલોકના કાયમી સુખોને ભૂલી ન જાય. હું તે પાક ખુદાના કસમ ખાઇને કહું છું કે આ દુનિયાની કોઈ ખુશી અને કોઇ સુખ ભરોસાને પાત્ર નથી. માટે હે ખુદાના પ્રેમી ! દામન તર મકુન હોસ્યાર બાશ."

નોંટ:—

ઇસ્લામી મહાસંતોના અનેક વિચારરત્નો બીજે પ્રસંગે વાંચક આગળ ભેટ ધરવા પ્રેરાશે તે પહેલાં એટલું કહી દેવાની ફર્ઝ સમજુ છું કે આ પ્રકરણના હેડીંગની ફુટનોટ ઉપર પુખ્ત મનન કરી કર્તવ્ય પરાયણ થવા તૈયાર અને તત્પર રહેવું.

પ્રકરણ ૪ થું.

બુદ્ધિવર્ધક આઠ પ્રવચન!

પ્રકરણ ૪ થું.

બુદ્ધિવર્ધક આઠ પ્રવચન!

હ. ઈમામ ગઝાલી (રહ.) ના આઠ બુદ્ધિવર્ધક પ્રવચન,

ન કરવાનાં ચ્હાર કામ.

૧ જ્યાં સુધી બને, ત્યાં સુધી કોઈની સાથે વાદવિવાદ અને ધર્મવાદ કરવો નહિ. ગમે તે માણુસ ગમે તેવી સ્થિતિમાં હોય, તેને કાંઇ કહેવું નહી, કારણ કે તેમ કરવામાં આપત્તીઓ વધારે છે, અને લાભ ઓછો છે, કેમકે બધી ખોટી બાબતો તેથી ઉત્પન્ન થાય છે, જેમકે ખોટો આડંબર, દ્વેષ, ગર્વ, શત્રુતા, ડંફાસ, વગેરે.

જો કોઇ ધાર્મિક સુત્રનો ઉકેલ કરવો હોય, અને તમારૂ અંતર ઈચ્છે છે કે સત્યતા પ્રકાશમાં આવે, તો તેવા પવિત્ર નિમિત્તે વાદવિવાદ કરવો ઉચ્ચિત છે. આ પવિત્ર નિમિત્તનાં બે ચિન્હો છે; પથમ એકે સચ્ચાઇ તમારી તરફેણમાં સિદ્ધ થયેલ હોય, કિંવા પ્રશ્ન પૂછનારનું પૂછવું સત્ય હોય. બીજું એ કે વાદવિવાદ કરવાને એકાંતને પસંદ કરો, જન સમુદાયને એ માટે ઠીક ન લેખો. પરન્તુ ધાર્મિક વાદવિવાદ વેળા તમે પોતે સત્ય ઉપર હો અને સામાવાળો હઠીલો બની તમને ન માને

તે પણ તમારે તો હઠ કરવી નહિ કે તકરાર વ્હોરવી નહિ, પણ બોલતા બંધ થઇ જવું, નહિંતર કઠોર શબ્દ પ્રહાર સિવાય અન્ય કશું ફળ નહિ નીકળે.

લાભ: પ્રશ્ન પૂછવો એ પોતાના રોગને વૈદ્ય સમક્ષ ખુલ્લો કરવા સમાન છે, અને ઉત્તર આપવો એ વૈદ્યરાજ તરફથી રોગીના રોગનું નિદાન બરાબર છે, કારણ કે અજ્ઞાન લોકો માંદા (સમાન) છે, અને વિદ્વાનો વૈદ્યની ગરજ સારે છે, ઉંટવૈદ્ય દવાદારૂ માટે લાયક નથી અને પોતાના ધંધામાં પ્રવિણ વૈદ્ય તો એવા બિમારની દવા કરે છે કે જેના સારા થવાની તેને આશા–ખાત્રી–હોય છે, અને જે રોગમાં તેને લાગે છે કે રોગીનું બચવું મુશ્કેલ છે એટલે દવા ફાયદો નહિ દે, તેવા કેસને હાથ ધરવો એ પ્રવિણ વૈદ્ય કદિ પસંદ ન કરે, અને તેનો ઇલાજ ન કરે.

અજ્ઞાનતાના રોગના ચાર પ્રકાર. ફક્ત એકનો ઇલાજ બાકી બધા લાઇલાજ–નિરૂપાય.

અજ્ઞાનતારૂપી બિમારી ચાર જાતની થાય છે, ત્રણ જાતની બિમારીનો તો કશો ઇલાજજ નથી, ફક્ત એકજનો ઇલાજ સંભવિત છે.

ત્રણ પ્રકારની અજ્ઞાનતા જેનો ઇલાજ થવો અસંભવિત છે તે પૈકી એક તો એ છે કે જેને પ્રશ્ન પૂછવો અને ફાચર મારવી માત્ર અદેખાઇ અને દ્વેષ બુદ્ધિનુંજ કારણ હોય છે. દ્વેષ

બુદ્ધિનો ઇલ્લાજ તો અશકય છે, કારણ કે ગમે તેવા બુદ્ધિબળ અને પ્રમાણિકતાથી ચોકખો અને ચટ ઉત્તર આપશો, તો પણ તેનો ક્રોધ વધતોજ જશે અને તમારી તરફ શત્રુવટ વધતીજ જશે, આવા માણસ સાથે વાદવિવાદમાં ઉતરવાનું પસંદ ન કરવું ઘટે. એક કવિએ શું મઝાનું કહ્યું છે કે "પ્રત્યેક પ્રકારની શત્રુવટને દૂર કરી શકાય છે, પણ દ્વેષથી ઉત્પન્ન થતી શત્રુવટ તો પાછી હઠી નથી શકતી" લાભકારક તો એ છે કે **"મ્હોઢું ફેરવી લ્યો, હે! મોહમ્મદ [સલ.] એવા માણસથી કે પીઠ બતાવે છે અમારી યાદીથી અને ફકત સંસારિક જીવન જીવવા ચાહે છે."** અદેખો જે કાંઇ કરે છે અને જે કાંઇ કહે છે એ તો જાણે પોતાના (કર્મો) નાં વાવેતરોને આગ લગાડે છે. આં હઝરત (સલ.) ફરમાવે છે કે **અદેખાનાં સુકર્મોને અદેખાઈ એવી રીતે ખાઈ જાય છે, જેવી રીતે અગ્નિ લાકડાને."**

૨ એ અજાણતા—નાદાની—જે મૂર્ખાઇના પ્રતાપે (આવી) હોય, તે પણ ઇલ્લાજ કરવાથી નથી ટળતી; જેવું કે હઝરત ઇસા (અ. સ.) ફરમાવે છે કે **"હું મરેલાઓને જીવતા કરવાને એવો લાચાર નથી કે જેવો હું મુર્ખાઓની સુધારણાથી કંટાળ્યો છું."** અને અજ્ઞાન અને મુર્ખ એ છે કે જે અલ્પ સમય—થોડા દિવસો—વિદ્યા સંપાદન કરવામાં વીતાડતો

રહ્યો અને હજુ-છેવટે બુદ્ધિવર્ધક વિદ્યાઓથી વિમુખ રહ્યો. પોતાની અજ્ઞાનતા તેમજ અજાણતા હોવા છતાં વિદ્વાનો અને પંડિતો સાથે વિદ્યાની છેડછાડ કરતો રહે કે જેમણે પોતાની આખી જીંદગી શ્રેષ્ઠ વિદ્યા વિલાસમાંજ પસાર કરી છે, અને એ મુર્ખ એટલુંયે જ્ઞાન નથી ધરાવતો કે જે ટીકા તે મહાન વિદ્વાન ઉપર કરી રહ્યો છે, તે બાબતજ એ મુર્ખની મુર્ખાઇ અને અજ્ઞાનતા પુરવાર કરવાને બસ છે.

૩ એ એવો માણસ છે કે જે વિદ્વાનો અને સંતપુરૂષોના મહત્વને નથી ઓળખી શકતો અને પોતાની એ બેસમજને પોતાની અક્કલની ખામી માને છે, અને જે કાંઈ પુછે તે લાભ ખાતર દરિયાફત કરે છે, પણ તે પોતે અક્કલનો ઓથમીર અને ડહાપણનો દુશ્મન છે કારણ કે તેની અક્કલ સત્યતા પારખી સ્વીકારી લેવાને પુરતી નથી, તો એવાને જવાબ દેવાથી બચો. આં હઝરત (સલ.) ફરમાવે છે કે **“અને નબીઓનું મંડળ એટલા માટે નિર્માણ થયું છે કે અમે માણસોની અક્કલ, હોશિયારી અને સમજ શકિતના પ્રમાણમાં તેમની સાથે વાર્તાલાપ કરીએ; જે વાત તેમના બુદ્ધિ ચાતુર્યમાં સમાઈ શકિત ન હોય, તે તેમને અમે નથી કહેતા.”**

૪ જેની દવા અને ઈલાજ થઈ શકે તે એક પ્રશ્ન કરનાર બુદ્ધિમાન અને સમજદાર હોય, એટલે કે ક્રોધી નહોય, મિથ્યાભિમાનથી વેગળો હોય, ઈર્ષાથી દૂર હોય અને જેને દુન્યાની લગ્ની લાગી નહોય, તે જો સત્યશોધવા ઇચ્છા રાખતો હોય અને પુછેલ પ્રશ્ન પણ મેણું મારવા કિંવા સામે ઉતારી પાડવા નિમિત્તે ન થતો હોય, તો તેના પ્રશ્નનો ઉત્તર આપવો ઘટે.

બીજું ન કરવા જોગ એ છે કે પ્રવચન અને બોધ કરવાથી અલગ રહેવું, પણ બરાબર જાણી લો કે જે તમે કહો છો તે તમે પણ પોતે તે મુજબ વર્તો છો કે નહિ. હઝરત ઈસા (અ. સ.) નું બોધ વચન યાદ કરો કે અલ્લાહ પાકે તેમને જણાવ્યું કે **"હે, મરીયમના પુત્ર! પ્રથમ તો પોતાના આત્મા—નફ્સને શિખામણ આપો; જ્યારે એ નફ્સ તમારી શિખામણ માન્ય કરી લે, ત્યારે બીજાઓને શિખામણ આપો; નહિંતર મારાથી લજાઓ."**

અરે પુત્ર! જો ધર્મવ્યાખ્યાન આપવાનો પ્રસંગ ઉપસ્થીત થાય અને સદ્દબોધ પાઠવવાનો સંજોગ સાંપડે, તો બે બાબતોથી બચતા રહેવું. પ્રથમ તો એ કે આડંબરભરી વાતોના વિવેચનને સ્થાન ન આપવું અને બીજું એ કે દંભ અને ડોળવાળા કવિતાના છંદોની રાગ રાગણી એક તરફ મૂકી દેવી, કારણ કે જગત નિયંતા ખુદા તકલ્લુફ—અયોગ્ય આડંબર—

કરનારાને શત્રુની ગણતરીમાં લેખે છે. અને જ્યારે એ તકલ્લુફ હદ ઓળંગી જાય, ત્યારે આંતરીક ખરાબી–આત્માની બુરાઇ અને દિલની નિર્જીવતાની દલીલ,–પુરાવો થઇ જાય છે. માટે પરલોક–આખેરતનું વર્ણન કરવું, ઈબાદતમાં થયેલી કસુરોની યાદ આપવી, ગફલતમાં ગાળેલી ઝિન્દગી અને હવે પછીની આખેરત માટેની મુસાફરી માટેની તૈયારીઓનું સુચન કરવું, તે એવી રીતે ધર્મ બોધથી અંતકાળ સમયે ઈમાનની અમૂલ્ય પૂંજી–દૌલત હાથ ધરવા શક્તિ આવે અને મૃત્યુદેવ–મલકલ મૌત–હઝરત ઇઝરાઈલની સખ્તીની બરદાસ્ત કરવાનું સામર્થ્ય મળે અને છેવટે મુનકિર તેમજ નકીર કબ્રમાં સવાલ કરનારા બે ફિરિશતાઓના પ્રશ્નોના ઉત્તરો આપવાની આવડત આવે; કયામત–પ્રલયકાળની ભયંકરતાનું ભાન આવે; મનુષ્ય માત્રને પયદા કરનાર પરવરદિગારની સન્મુખ ઉભા રહેવાનું નસીબ થાય; કરેલ પાપપૂણ્ય–સુકર્મો અને કુકર્મો–નેકી બદીના હિસાબમાંથી મુક્તિની પ્રાપ્તી મળે; સવાબ અને ગુનાહોના હિસાબ ટાંણે સવાબનું વજન વધારવા માટેની લાયકાત હાસિલ કરે; પૂલસિરાત,–(પૂલ–જેની ધાર–માર્ગ–તલવારની ધારથી તેજ અને પહોળાઇ વાળથી પણ બારીક–ટુંકી–તેવા પૂલ) ઉપરથી પસાર થઇ શકવાનું સામર્થ્ય મળે; નર્કાગ્ની–દોઝખની આગમાંથી પોતાનો બચાવ કરવો, એટલે આવા ગુણો શ્રોતાજનોમાં ધર્મ બોધથી પયદા કરવા. આનેજ ધર્મ આખ્યાન કહી

શકાય, જરૂરનું એ છે કે જગતજનોને આલોકની માયાથી પરલોકની પ્રીતિ તરફ; પાપી કાર્યોની કુતિલાથી પુણ્યોના પ્રતાપ તરફ; ગફલતની ગાફિલ નિંદથી જાગૃતાવસ્થાના ભાન તરફ; ગર્વના ઘમંડથી નમનતાની નરમાશ તરફ દોરી લઈ આવવો. વળી જે આશાઓના અગાધ સમુદ્રમાં નિમજ્જન હોય, તેને હયાતીના દમના ભરૂસાની લેશ માત્ર ખબર નથી એવી તારક સુચનાથી તત્કાળ તેને સામે પાર લગાવો. વ્યાખ્યાનના શ્રવણથી તેમના પાપી વિચારો પલટો ખાઈ પવિત્ર ખ્યાલોને સ્થાન આપવા તત્પર બને અને જે પ્રભુ ધ્યાનમાં સુસ્ત અને બેદરકાર હોય, તેને અલ્લાહની બંદગીના મધુર રસનું પાન કરાવો, જે પાપી કૃત્યોમાં પકડાઇ પડી રખડી પડયા હોય, તેને ધર્મના મર્મથી પાવન કરી સત્ય માર્ગે દોરવી તેમનું પાપી જીવતર સુધારો આનું નામજ ધર્મ છે!

હે પુત્ર! જે ધર્મ વિવેચન એવું ન હોય, તે એક છેડાથી બીજા છેડા સુધી આફતોનો ફટકો છે, પરંતુ એવો ધર્મબોધ આપનાર અન્ય કોઇ નહિ પણ શયતાનનો ભાઇ છે, જે જન સમુહને અવળે દોરી લઇ જાય છે, એવાથી તો સેંકડો કોસ દૂર રહેવું ઘટે, કારણ કે જગત જનોમાં એવી ખરાબી કરવાની શક્તિ તો શયતાનને પણ નથી.

હે પુત્ર! કોઈપણ અમીર તેમજ પાદશાહને નમવું નહિ.

તેમના સાથે હળવા મળવાનું વધારવું નહિ, પણ પોતે તેમની કને ન જવું, કારણ કે અમીર ઉમરાવો અને રાજા મહારાજાઓની સંગત અને તેમનો સાથ અસંખ્ય આફતો અને વિંટબણાઓ લાવનાર છે. તારીપાસે કોઈ શ્રીમંત યા જાગીરદાર કિંવા રાજા મુલાકાતે આવે, ત્યારે તેમના વખાણ કે પ્રશંસા તારે કદિયે ન કરવાં, કારણ કે જગતનો સર્જનહાર...ઝાલિમ—જુલ્મ કરનાર તેમજ બદકાર—પાપી અને જૂઠું બોલનારની પ્રસંસા કરનારા ઉપર ગુસ્સે થાય છે, કારણ કે નિર્દય—ઝાલિમની ઝિંદગીની વૃદ્ધિ માટે જે દોઆ કરે છે, તેને બેશક ગમે છે કે ઝુલ્મ કરનાર પાપાત્મા ખુદાવંદે કરીમની સર ઝમીન ઉપર રહીને જગત નિયંતાના હુકમોને ઠોકરે ઉડાડે. હે! પુત્ર? અમીરો તેમજ પાદશાહો પાસેથી કશુંયે ન લ્યો, જો કે તમને ખાત્રી હોય કે જે તેઓ આપે છે, તે હલાલ છે. એટલા માટે ન લ્યો કે લોભ—લાલચ કરવાથી ધર્મમાં ખરાબી ઉત્પન્ન થાય છે એટલુંજ નહિ, પરન્તુ શર્મા શર્મી, પક્ષાપક્ષી, હામાંહા, તેમની નિર્દયતા, બદકારી, અને કુટેવોમાં કરે છુટકો થતો નથી, આટલું તો ભૂલવું ન જોઇએ. આ તમામ બાબતો ધર્મનું નિકંદન કાઢનાર સાબીત થઇ છે, અને નજીવું નુકશાન તો એ છે કે જેની પાસેથી કાંઇ લેશો તેના માટે અંતરમાં પ્રેમ અવશ્ય સ્થાન કરશે અને એ તો કુદરતી છે કે જે બીજાની સાથે પ્રેમ બાંધે છે, તેની આયુષ્યની વૃદ્ધિની ઇચ્છા ઝરૂર તેને થયા કરે છે. જ્યારે એણે એ ઝૂલ્મ-

ગારની ઉમ્મરનો વધારો માગ્યો, ત્યારે એ માગનાર પણ એના ઝુલ્મ, નિર્દયતાનો ભાગીદાર પણ બન્યો. જુઓ ખબરદાર! શયતાનના ફરેબથી બચતા રહેજો; શયતાનો શીખવે છે કે ઝાલીમો પાસેથી નાણાં લ્યો અને એ લઈ ખુદાના માર્ગે કંગાલોને વ્હેંચી આપો અને ગરીબોને રાહત આપો. આવી બાબતોથી શયતાને પોતાની પાપી ચાલાકીથી ઘણા મનુષ્યોને ઠાર કર્યા છે.

કરવા જોગ ચ્હાર કામ.

હે! પુત્ર! આ બોધ વચનોને કામમાં લેવા અને સમજીને વિચારીને કામ કરવું. ૧ જે કાર્ય ખુદાએ પાકના માટે કરો, તે એવું કરો કે જો તમારો ગુલામ તમારી સાથે એજ કામ કરે, કે જે તમોને પસંદ પડે, પણ તમે નારાઝ ન થઇ જાઓ અને જે પોતાના ગુલામનું કર્તવ્ય તમારા પોતા માટે તમને ન ગમે, તો પાક પરવર દિગારની સેવામાં પણ પોતા તરફથી તેને કદીયે પસંદ ન કરો. વળી તેમ છતાં તમે પોતે ખરૂં જોતાં તો તેના બંધુ સેવક છો અને તેના પયદા કરેલ મનુષ્ય છો અને એ પોતે તો તમારો પાલનહાર તેમજ સર્જન હાર છે. બરાબર સમજી લ્યો કે તમારો ગુલામ કાંઇ તમારો પયદા કરેલ ઇનસાન નથી પરંતુ ફકત તમે તેને વેચાતોજ લીધો છે. ૨ બીજું એ કે જે બાબત જગતના સર્જનહાર સાથે કરો તે એવી હોવી જોઇએ કે જો તેજ બાબત-વ્યવહાર

તમારા સાથે ચલાવવમાં આવે તો તમે પોતે તેને ખરાબ–નુક-સાન કર્તા ન ગણો પણ ઉલટું તમે તેને વધાવી લ્યો.

એક હદિસ શરિફનો ખુલાસો એ છે કે, " **બંદા (સેવ-ક)નું ઈમાન સંપુર્ણ અને કામિલ નથી થતું કે જ્યાં સુધી એ મનથી બીજા બધા માણસોને માટે એજ વાત પસંદ ન કરે, કે જે પોતે ખુદના માટે તે (દિલથી) ચાહે.** "

૩ ત્રીજું એ કે પુસ્તકનો પરિચય–ગ્રંથોનો સમાગમ કરો તો એમાંથી એ વિદ્યા–જ્ઞાન ગ્રહણ કરો કે જે તમારી મુક્તિ માટે તમને કામ આવે; દ્રષ્ટાંત તરીકે તમને ખબર પડી ગઈ કે હવે તમે ફક્ત એક અઠવાડીયું જીવવાના છો, ત્યારે તમે વ્યાકરણ, વૈદક, ખગોળ તત્વજ્ઞાન આદિ વિદ્યાઓ સંપાદન કરવા તૈયાર તો નહિ થાઓ. એટલા માટેજ તમે એ હાસિલ નહિ કરવા માગો કે તમારી ફરિયાદ, એકલી, નિરાધાર અવસ્થા એ વિદ્યાઓ તમને લાભ દાયક નહિ નિવડે (પણ દુનિયાની મોહ માયા ઓછી કરવા તમે સમર્થ નિવડી ચૂકયા હશો,) તો અંતર ધ્યાનમાં રચ્યા પચ્યા રહી પોતાના ગુણોની સુધારણા કરી પોતાનું સાર્થક સાધવા તૈયાર અને તત્પર થઇ જશો અને પ્રભુ

પ્રેમના પ્રકાશને તમારા આત્મ મંદિરમાં પ્રગટાવશો અને પ્રભુ ધ્યાન ધરવામાંજ તમે રાત દહાડો મશગુલ રહેશો.

૪ હે પુત્ર ! એક વાત બીજી સાંભળી લ્યો અને તેના ઉપર ખુબ વિચાર કરી જુઓ અને પછી તે મુજબ વર્તશો તો બેશક તમે મુક્તિ મેળવી શકશો. એ વાત એ છે કે કોઈ આવીને તમને ખબર આપે કે આવતા અઠવાડિયા સુધીમાં પાદશાહ સલામત તમારા દર્શને આવશે, તો મને લાગે છે કે તમે એ અઠવાડિયામાં એનો બંદોબસ્ત બરાબર કરી રાખશો કે જ્યાં પાદશાહ સલામતની નજર પડે, ત્યાંની સુવ્યવસ્થા જોતાંજ તેમની આંખ ઠરે અને તેમનું મન પ્રસન્ન થાય. હવે જરા વિચાર તો કરો કે બુદ્ધિશાળીને તો ફકત એક ઈશારો બસ છે. સકળ સૃષ્ટિમાં શાન્તિ સ્થાપનાર હઝરત રસુલે ખુદા (સલ૦) નું ફરમાન છે, કે **" ખચ્ચિત તમારાં કૃત્યો અને તમારા રંગ રૂપને જગ નિયંતા ધ્યાનમાં નથી લેતો-દરકાર નથી કરતો, પરંતુ તમારા અંતરો-દિલો અને તમારી નિયતોને એ નિહાળે છે-ગણના કરે છે. "**

હે પુત્ર! તમારી દરખાસ્ત-માગણી-કહેવા પ્રમાણે

તમામ ખપજોગી વાતો લખી આપી છે. હે! પુત્ર! એ તમામ ઉપર અમલ કરજો અને અમને દુઆએ ખૈરથી સંભારજો. તમામ તઆરીફ-પ્રશંસા તો અલ્લાહે પાકનેજ છાજે છે, કે જે તમામ બ્રહ્માંડોનો પાલનહાર છે અને અસંખ્ય દુરૂદ શરિફ અને અગણીત સલામને લાયક તો ખુદાના પ્યારા મહેબુબ (સલ.) છે, કે જે તમામ બ્રહ્માંડો માટે દયાનો દરિયો (કૃપાસિંધુ) છે. હે! પુત્ર! જગત તમામને અજ્ઞાનતાના અંધકારમાંથી સત્યતાના પ્રકાશના પંથે લઇ આવનાર હઝરત રસુલે ખુદા (સલ૦) ના ઘણાએ અમૃત વચનો પૈકી એક એ પણ છે કે, "અલ્લાહ પાક જે બંદાથી નાખુશ હોય છે, તેની ઓલખ એ છે કે તે બેહુદા-નિર્લજ-નમાલા કાર્યોમાં તેમજ રમ્મત ગમ્મતમાં અને સહેલ સપાટા તેમજ મોજશોખમાંજ પડયો રહે છે. જો આખી ઝિંદગીની એક સાઅત-ઘડી પણ નિર્લજ અને અયોગ્ય કૃત્યોમાં પસાર થાય, તો તેના માટે હાય અફસોસ! અને પશેમાની અને પરેશાની પારાવાર રહે અને એજ એને માટે બરાબર સઝાવાર છે અને જે ચાલીસ વર્ષ ઉપર જઈ પહોંચે, તેના સુકૃત્યો કુકર્મો કરતાં ચઢી-વધી ન જાય, તો તેણે તો નર્કને ભેટવા માટે તૈયાર રહેવું ઘટે." જગતજનો માટે એ બોધ બેશક પુરતો છે,

હે! પુત્ર! શિખામણ દેવી તે સહેલ છે, પણ તેનો સ્વિકાર કરવો અને તે મુજબ ચાલવું એ તો અતિ વિકટ-મુશકેલ છે, કારણ કે નસિહતનો કડવો ઝહેર જેવો ઘુંટડો જગત વિલાસી જનો અને દુનિયાની લક્ષ્મીના પુજારીઓના ગળે ઉતરવો અશકય છે, કેમકે કુકર્મો તરફ તમામનાં મન બહુ લોભાય છે. ખાસ કરીને કે જે તાલિબે ઇલ્મ–વિદ્યાર્થી રશ્મી વિદ્યા અને દુનિયાના હુન્નરોનું જ્ઞાન મેળવવામાં મશગુલ હોય તે પોતે સમજી–માની લે છે કે એ ઇલ્મ મુક્તિનો માર્ગ છે અને ઇલ્મ પ્રમાણે અમલ કરવાની કશી આવશ્યકતા નથી. તોબા, એ માન્યતા ઘણીજ ખરાબમાં ખરાબ છે. એટલું તો સમજો કે જ્યારે વિદ્યાની પ્રાપ્તિ થઇ અને તેનો ઉપયોગ ન કર્યો, ત્યારે અલ્લાહ પાકની પકડ અને દલિલ તેના ઉપર મજબુત થઈ ગઇ અને કોઇ બહાનું ગોતી કાઢવાનો અવસરજ તેના માટે બાકી ન રહ્યો. દયાના દાતા હબિબે ખુદા (સલ.) નું ફરમાન છે કે "**કયામતને દિવસે–પ્રલયકાળે અતિશય સખત શિક્ષા–અઝાબ એ આલિમ–વિદ્વાન ઉપર થશે કે જેને ઇલ્મથી લાભ ન મળ્યો.**" હે! પુત્ર! દિલના ખઝાનાને સુકૃત્યોની મુડી અને સદ્‌ગુણોની દોલતથી ખાલી ન રાખતા અને ખચ્ચિત માની લ્યો કે ફક્ત [અમલ વગરનો] ઇલ્મ કોઇની પણ દસ્તગીરી–મદદ નથી કરતો; જેમકે લાખો મસાઇલ તમને આવડતા હશે પણ તેને કામમાં લેતા નહીં હશો, તો પછી એવા જ્ઞાનભંડારથી તમને શો લાભ થવાનો? હે! પુત્ર! જ્યાં સુધી તમે પોતે પોતાને સારા આચરણોથી અલ્લાહ પાકની કૃપાને પાત્ર નહીં બનાવો, ત્યાં સુધી

કદિયે તમારા ઉપર કૃપા દ્રષ્ટિ કરવામાં આવશે નહીં. સર્વ શકિતમાન ખુદા કુરઆને કરિમમાં જણાવે છે કે "**જે કોઈ પોતાના માલિકની મુલાકાતની અભિલાષા ધરાવે, તેને સઝાવાર છે કે સુકૃત્યો કરે, જેઓ ઈમાન લઈ આવે અને સારા કામો પણ કરે, તેના માટે જન્નતનો બગીચો મવજુદ છે, કે જેમાં તેઓ અમન ચમનથી સદાયે રહેશે.**" વળી બીજી જગ્યાએ આકાશ, પાતાળ અને મૃત્યુ લોકનો સર્જનહાર અલ્લાહ એજ આકાશી પુસ્તકમાં ફરમાવે છે કે "**ખચ્ચિત અલ્લાહ પાકની કૃપા નિતી-વાન મનુષ્યની નિકટમાંજ રહે છે.**" માટે બરાબર સમજી લ્યો કે જ્યારે ઝમીનો ઝમાનના પયદા કરનાર ખુદાએ પાકની રહમત મનુષ્ય ઉપર ન ઉતરી, ત્યારે સ્વર્ગ-બેહિશ્તની પ્રાપ્તી કરવી દુર્લભ રહી. કદાચ કોઇ એમ કહે કે ફકત ઇમાન હાસિલ કરવાથીજ જન્નત તો મળી જાય છે, તો હું પણ એમજ કહું છું કે ખચ્ચિત એ જન્નતનો અધિકારી તો થશે ખરો, પરંતુ એ અધિકાર તેને ભલા કયારે સોંપવામાં આવશે? ઘણીએ મુશ્કેલીઓનો મુકાબલો તેને પ્રથમ કરવો પડશે અને પછી કુકર્મોના પ્રમાણમાં તેને શિક્ષા થઇ ચુકશે ત્યાર પછીજ તેને સ્વર્ગનાં દર્શન થશે અને ત્યારે પણ એ કંગાળ જન્નતી ગણાશે.

(ફિરદૌસે ફાતિમા) (ઉર્દુ ઉપરથી)

પ્રકરણ ૫ મું.

વિવિધ જ્ઞાનભંડાર.

પ્રકરણ ૫ મું.

વિવિધ જ્ઞાનભંડાર.

જન્નતના હક્કદાર.

જગત નિયંતા પોતાના પ્યારા હબીબને કહે છે કે નાદાનની નાદાનીથી નહીં કંટાળતાં ધિરજ ધરનાર; બળજોરી કરનારની બળજોરી મુંગે મોંઢે સહન કરનાર; ભુંડું કરનારને ભુંડાઇથી બદલો ન આપતાં તેના ઉપર ભલાઇ કરનારાઓ—અલ્લા ફઝલ, પોતાના કર્મોના હીસાબની પુછગાછ વગર, વગર રોકે ટોકે જન્નતના હકદાર છે.

લાઇલાહા ઇલ્લલ્લાહના રટણનો અમુલ્ય લાભ.

અલ્લાહ જલ્લશાનહુ પોતાના પ્યારા રસુલ [સ. અ. વ. સ.] ને મએરાજ શરીફના માંગલિક પ્રસંગે કહે છે કે તમારી ઉમ્મતમાંથી જે કોઇ લાઇલાહા ઇલ્લલ્લાહ સાતવાર કહેશે તેને સકળ સંસારથી વીસ ગણો વધારે ભાગ જન્નતમાં મળશે.

" જેની પાસે જે હોય તે તેજ તેને ખર્ચે છે. "

હઝરત ઇસા [અ. સ.] ને એક દિવસે એક યહુદીએ માર્ગમાં છડે ચોક ન છાજે તેવા દુષ્ટ શબ્દોનો પ્રહાર તેમના ઉપર કર્યા ત્યારે આપે ગુસ્સે ન થતાં ધણીજ શાન્તી અને

ધીરજથી તે અસહ્ય શબ્દ સહન કરી તેને શીષ્ટાચાર ભર્યો ઉત્તર આપ્યો. ત્યારે લોકોએ તેમને તેમ કરવાનું કારણ પૂછ્યું આપે જવાબ આપ્યો "જેની પાસે જે હોય તે, તેજ તેને ખરચે છે."

હઝરત મુસા (અ. સ.) કલીમુલ્લાહ શા માટે કહેવાણા ?

કર્તબી (રદી.) પોતાની તફસીરમાં લખે છે કે હક તઆલાએ હઝરત મુસા (અ. સ.) ઉપર એકવાર 'વહી' મોકલી કે તમને ખબર છે ? કે મેં તમને કલીમ–ખુદા સાથે રૂબર વાત કરનાર કેમ બનાવ્યા ? અને એ માનવંતા અને પ્રભાવશાળી ઇલ્કાબનો મુગટ તમારા શિર ઉપર મેં કેમ ધર્યો. જવાબમાં હઝરત મુસા (અ. સ.)એ અર્ઝ કરી કે અલ્લાહ મને તો તેની કશીયે ખબર નથી. ત્યારે એક આકાશવાણી થઇ કે હે મુસા (અ. સ.) તમને એ દિવસ યાદ નથી આવતો ? કે તમે બકરીઓ ચારતા હતા, તે બકરીઓના ટોળામાંથી એક બકરી વિખુટી પડી દૂર નિકળી ગઈ, જેની શોધમાં તમે એક નાળેથી બીજે નાળે અને એક વગડેથી બીજે વગડે. દોડાદોડ કરી રહ્યા હતા. જ્યારે તે બકરીનો પત્તો તમને હાથ લાગ્યો ત્યારે તેના ઉપર તમે કોઈ પણ રીતે ક્રોધ ન કર્યો. ત્યારે હઝરત મુસા (અ. સ.)એ વિનંતીથી

જવાબ દીધો કે એ બનાવ મને બરાબર યાદ છે, ત્યારે ખુદાએ જણાવ્યું કે, એજ કારણે મેં તમને એ ઇઝઝત બક્ષી અને તમને કલીમનો ઇલ્કાબ આપ્યો.

લાલ ગુલાબનું ફુલ.

હઝરત રસૂલે ખુદા (સ. અ. વ.)નું ફરમાન છે જે કોઇ લાલ ગુલાબનું ફુલ સુંઘે અને મારા ઉપર દુરૂદ ન પઢે તો તેણે જાણે મારા ઉપર સખ્ત ઝૂલ્મ કર્યો.

સબ્રના દરજ્જા.

(સહનશિલતાના અધિકાર)

કેટલાક આરિફો—ખુદાને ખરા સ્વરૂપમાં ઓળખનારાઓનું કહેવું છે કે સબ્રના ત્રણ અધિકાર છે, (૧) શિકાયત—બૂમ અને હોયવોયનો ત્યાગ કરવો એ સબ્રે જમિલ; એ દરજ્જો તોબાહ કરનારાઓ માટે છે. (૨) તકદિરે ઇલાહી—લલાટે લખાયેલા લેખ ઉપર સંતોષ માની મગ્ન રહેવું એ અધિકાર ઝાહિદ—સંત પુરૂષનો છે, (૩) ખુદાએ નિર્માણ કરેલ કાર્ય સાથે પ્રેમ રાખવો, ભલે પછી તે કાર્ય પોતાની મરજી મુજબ હોય કે પોતાની ઇચ્છાથી વિરૂદ્ધ હોય, આ અધિકાર સિદ્દીક—સત્યપ્રિય જનનો છે.

સકળ સંસારમાંથી ફકત ૩ ત્રણ વસ્તુઓની પસંદગી.

હઝરત રસૂલે ખુદા (સ. અ. વ. સ.)કહે છે કે, જગત-

માંથી મને ત્રણ વસ્તુઓ પ્રિય છે; (૧) ખુશબુ–સુગંધી પદાર્થો. (૨) સ્ત્રીઓ–પુરૂષોનું અંગ ઢાંકણ; (૩) મારી આંખોની ઠંડક નમાઝ.

હઝરત અબુ બક્ર સિદ્દિક (રદી.) કહે છે કે દુનિયામાંથી મને આ ત્રણ ચીજો પસંદ છે, (૧) જનાબ આકાએ નામદાર (સ. અ. વ.)નો સહવાસ; (૨) નબિયે કરીમ [સ. અ. વ.] ની સહાયતામાં ધન દોલત દેવી; (૩) પયગમ્બરે ખુદા (સ. અ. વ.) ઉપર દુરૂદે શરિફની ભેટ મોકલવી.

હઝરત ફારૂકે આ'ઝમ [રદી.] કહે છે કે સંસારમાંથી મને આ ત્રણ વસ્તુઓ સારી લાગે છે. (૧) સુકૃત્ય–નેકી કરવા માટે આજ્ઞા કરવી; [૨] દુષ્કર્મોનો અટકાવ થવા માટે ફરમાન કરવું; [૩] ખુદાની હદ કાયમ કરવી–કુફ્ર અને શિર્કમાંથી જનસમાજને બચાવવો.

હઝરત ઉસ્માન (રદી.) કહે છે કે દુનિયામાંથી મને આ ત્રણ વસ્તુઓ ગમે છે [૧] ભૂખ્યાઓને અન્નદાન દેવું, (૨) સલામ વધારે કરવી; (૩) રાત્રે લોકો નિંદ્રામાં સપડાય ત્યારે મોડી રાત્રે ઉઠી તહજ્જુદની નમાઝ પડવી.

હઝરત અલી [ક. વ.] કહે છે કે દુનિયામાંથી હું એ ત્રણ વસ્તુઓને પસંદ કરૂં છું. [૧] દીનના દુશ્મનો ઉપર તલવાર ચલાવવી; [૨] પરોણાઓની પરોણાગત–મહેમાનોની મહેમાનદારી કરવી; (૩) સખત ઉનાળાના દિવસોમાં ઉપવાસ–રોઝા રાખવા.

આ ચાલુ સંવાદમાં હઝરત જીબ્રઇલ (અ. સ.) આવી મળ્યા અને બોલ્યા કે મને પણ દુનિયાની ત્રણ બાબતો પસંદ છે; (૧) નબિઓ પાસે આવવું; (૨) ખુદાના રસુલોનું ધર્મ પ્રચાર કરવાનું કાર્ય; (૩) 'અલ્હમ્દો લિલ્લાહ રબ્બીલ આ-લમીન 'નું રટણ.

ત્યાર પછી હઝરત જીબ્રઇલ (અ. સ.)એ કહ્યું કે જગત નિયંતા જગતમાંની એ ત્રણ વસ્તુઓને પ્રિય ગણે છે. (૧) અલ્લાહનું સ્મરણ કરનાર જીભ; (૨) શુક્ર—સંતોષ સાથે ધૈર્ય ધરનાર દિલ; (૩) શારિરીક કષ્ટો સહન કરનાર શરીર.

જ્યારે આ સંભાષણની હઝરત ઇમામ અબુ હનિફા (રદી.) ને જાણ થઈ ત્યારે તેમણે કહ્યું કે દુનિયામાંથી મને એ ત્રણ બાબતો સાથે વહાલ છે. (૧) મોટી અને લાંબી રાતોમાં વિદ્યાનું સંશોધન કરવું અને ઈલ્મની પ્રાપ્તી માટે મહેનત આદરવી; (૨) અયોગ્ય આડંબર અહંકાર અને ખોટી બડાઇનો ત્યાગ કરવો. (૩) દુનિયાની મોહમાયાને અંતરમાંથી પદભ્રષ્ટ કરવી.

ત્યારે હજરત ઇમામ માલીક [રદી.]એ કહ્યું કે દુનિયામાંથી મને પણ ત્રણ ચીઝો વહાલી છે. (૧) નબિયે કરીમ [સ. અ. વ.] ના મઝાર શરીફનો પુજારી બનું (૨) પયગમ્બરે ખુદા [સ.-અ. વ.] ની પવિત્ર કબ્રની સેવા, (૩) અને અહલે બયઅતનો માન મરતબો જાળવવો.

હઝરત ઇમામ શાફઇ (રદી.) કહે છે કે જગતમાંથી મને પણ ત્રણ વાતો પસંદ છે. (૧) જગતજનો સાથે નર્માશ અને મહેરબાનીથી ચાલવું; (૨) એ વસ્તુઓનો ત્યાગ કરવો જે ગ્રહણ કરવાથી તકલીફ પહોંચે, (૩) સુફી લોકોના સંપ્રદાય પ્રમાણે ચાલવું.

હઝરત ઇમામ અહમદ [રદી.] કહે છે કે મને પણ દુનિયામાંથી ત્રણ વાતો પસંદ છે. (૧) પયગમ્બરે ખુદાની હદીસો—રહેણી—કહેણી અને કરણીનાં કથન અનુસાર ચાલવું અને તેમની આજ્ઞાઓ ઉપર મસ્તક નમાવવું. (૨) તેમના પ્રભાવ—દિવ્ય પ્રકાશથી માલામાલ થવું. (૩) તેમના વંદનિય તરીકા ઉપર ચાલવું.

આમીન ! નું રહસ્ય.

હઝરત શઆલબી (રદી.)એ પોતાની તફસીરના પુસ્તકમાં વર્ણન કર્યું છે કે હઝરત વહબ બિન મબના (રદી.) નું કહેવું છે કે 'આમીન' શબ્દ ચાર અક્ષરનો બનેલો છે, તેમાંના દરેક અક્ષરથી ખુદાતઆલા એક ફિરિસ્તાને ઉત્પન્ન કરે છે, કે જે અલ્લાહની દરગાહમાં અતિશય આજેઝી સાથે યાચના કરે છે, કે ઇલાહી 'આમીન' કહેનારની તું બક્ષીસ કરી દે.

વળી રવઝીના પુસ્તકમાં કહેવામાં આવ્યું છે, કે જો માત્ર

'આમીન' ના બદલે 'આમીન રબ્બુલ આલમીન' કહે તો વધારે લાભદાયક છે.

બયહકીમાં એક રિવાયત છે કે જ્યારે જનાબ રસૂલે ખુદા (સ. અ. વ.) નમાઝમાં 'સૂરએ ફાતેહા' નો અધ્યાય પઢતા અને 'ગયરિલ મધદુબે અલયહીમ વલદ દોઆલ્લીન' પછી રહેતા ત્યારે 'રબ્બે અગફેરલી આમીન' નો પોકાર કરતા.

'આમીન' ના ભાવાર્થમાં ઘણાએ ધર્મ પંડીતો અમુક અંશે સંમત નથી, કેટલાક 'આમીન' નો અર્થ એ કરે છે કે ઇલાહી અમારી દોઆનો સ્વીકાર કર; કેટલાક એમ કરે છે કે ખુદા વાસ્તે અમારી આશાઓને નિરાશામાં ફેરવીશ નહીં; કેટલાક કહે છે કે, 'આમીન' જન્નતના ખઝાનાઓ-માંથી એક અતિ મૂલ્યવાન અને ભારી ખજાનો છે કે જેની સાથે ખુદાની રહેમતની વૃષ્ટી થાય છે; કેટલાક કહે છે કે, 'આમીન'નો પુરેપુરો ભાવાર્થ તો અલ્લાહ સિવાય અન્યના જ્ઞાનથી બાહિર છે, અને કેટલાક કહે છે કે 'આમીન' જન્નતમાં એક ઉચ્ચ સ્થાન છે જે 'આમીન' કહેનારને સોંપવામાં આવે છે.

હઝરત ઇબ્ને મલ્કને ઇશારાતની કિતાબમાં 'આમીન' ના ખુલાસામાં જણાવ્યું છે કે, કેટલાક મહાસંત પુરૂષોના કહેવા

પ્રમાણે 'આમીન' આફતોના વિનાશનું એક જોરાવર સાધન છે.

હઝરત ઇબ્ને હજરે શરેઅ-બૂખારીમાં વર્ણન કર્યું છે કે 'આમીન' તો ખુદાના નામોમાંથી એક નામ છે.

હઝરત હાકિમ રિવાયત કરે છે કે જે સ્થળે માણસો ભેગા મળે અને સભા ભરાય ત્યાં તેમાંથી કેટલાક 'આમીન' કહે છે ત્યારે ખુદાએ તઆલા 'આમીન' ના પ્રતાપે તેમની દોઆ' કબુલ કરે છે.

હઝરત નજમુદ્દીન નસફી કહે છે કે 'આમીન' મુસલમાનો ઉપર ખુદાની મહેર ? છે.

હઝરત મજાહિદ કહે છે કે 'આમીન' સૂરએ ફાતેહાની એક આયત-વાકય છે, કારણ કે હઝરત જીબ્રઇલે (અ. સ.) હઝરત રસુલે ખુદા (સ. અ. વ.) તેની આજ્ઞા આપી છે.

ખરો સંત કોણ ?

જેનું નિર્વાહનું સાધન ઓછું, વસ્ત્રો અંગ ધારણ જેટલાંજ, નિવાસસ્થાન માટે ફકત એક ખુણો, વાર્તાલાપ કુરાને કરીમની તિલાવત, પ્રાણપ્રિય મિત્ર અલ્લાહની યાદિ, શુભેચ્છક બંધુ, પરહેઝગારી, નિત્યની બેઠક ઉઠક એકાંતવાસ, ખાનપાન ભુખ અને તરસ, પ્રવચન સંપુર્ણ હિકમત, માથાનું છત્ર તકવા,-પરહેજગારી, માયા મુડી ચુપકીદી-શાંતિ, ઉચ્ચ અધિકાર તવક્કુલ, મનને મોહ પમાડનાર પ્રવૃત્તિ ઇબાદત, ચાલાક માર્ગ-

દર્શક અક્કલ જેલખાનું સંકડામણ જગત અને કબ્ર જેનું વિશ્રાંતિ ભૂવન હોય એજ ખરેખરો ઝાહિદ.

નિદ્રામાંથી જગાડવો કોને?

જે કોઈ મસ્જીદમાં, મસ્જીદની મહેરાબમાં, પહેલી સફ્‌-હારમાં ઈશાની નમાઝ અગાઉ, સુર્યોદય પછી, અસર ટાણે એકલા ઘરમા, ઉંધો, અડધો તડકામાં ને અડધો છાંયામાં સુતેલો, મંડેર સિવાયનાં છાપરા ઉપર અથવા માહે રમઝાનમાં સહેરીના વખતે સુઇ રહ્યો હોય તેને જગાડવો મુસ્તહબ છે.

જે કોઇ નમાઝના તંગ વખતે અથવા ગુસ્લની હાલતમાં મસ્જીદમાં સુઇ ગયો હોય તેને જગાડવો વાજિબ છે.

(છેવટ ઉંઘના લીધે જેની નમાઝ જાય તેણે એકદમ પહેલી નમાજ પઢી લેવી.)

અલ્લાહસે ડર.

જિસ બાતકો મુફીદ[1] સમજતે હો ખુદ કરો,
અવરોં[2] પે ઉસકા બાર[3] ન ઇસરાર[4] સે ધરો.
કાફી[5] હય બસ યેહ વઅઝ[6] કે ગયરત[7] ઝુરૂર હય,
તકવા[8] બહોત ઝરૂર હય અલ્લાહસે ડરો.
હાલાત મુખતલીફ[9] હંય ઝરા સોચલો યેહ બાત,

---

૧ લાભદાયી, ફાયદા કારક ૨ બીજાઓ ૩ ભાર, બોજ ૪ દબાણ, ૫ પુરતુ, ૬ ધર્મબોધ; શિખ. ૭ શર્મ, લજ્જા. ૮ પરહેઝગારી. ૯ ભીન્ન ભીન્ન, ઉલટી સુલટી.

દુશ્મન તો ચાહતે હંય કે આપસમેં લડ મરો (અકબર)

[શત્રુઓની જાળમાં નાદાની કે ભોળપણ કે લાભ સમજી ફસાઈ પછી અંદર પડયા પડયા પંડનું તમામ ઝેર અજમાવી નિર્બળ અને લાચાર થવાના બદલે તો મહાન કવિ અકબર સાહબના કથનાનુસાર અલ્લાહનો જ ડર રાખી લાભદાયક કાર્ય પોતે જ ઉપાડી ઝિન્દગી બસર કરવામાંજ શાણપણ અને કુશળતા સમાયેલી દેખાશે.)

વિદ્યા પ્રાપ્તિનું ફળ.

હઝરત ઇબ્ને અબ્બાસ (રદી.) કહે છે કે હઝરત રસૂલે ખુદા (સ. અ. વ) ફરમાવે છે, કે હે અલ્લાહ વિદ્યાનું દાન કરનારા શિક્ષકોની તું બક્ષીસ કર; તેમના શરીરમાં શક્તિ અને બરકત દે. તેમનું આયુષ્ય વધાર.

હઝરત અબુ ઇમામા (રદી.) કહે છે, હ૦ રસૂલે ખુદા (સ.લ. અ.વ.) ફરમાવે છે કે જગત નિયંતા તેમજ તમામ ફરિશ્તાઓ, સાતે આસમાનના રહેનારાઓ, પૃથ્વીપર વસનારાઓ અને સમુદ્રનાં પ્રાણીઓ સીખે એ લોકો ઉપર રહેમત મોકલે છે અને ઇસ્તગફાર પઢે છે કે જેઓ ભલાઈ અને બહેતરીનું શિક્ષણ આપે છે.

તિરમીઝીએ પણ ઉપર મુજબ રિવાયત કરી વધારામાં એટલું કહ્યું છે કે કીડીઓ સીખે શિક્ષકોની બક્ષિસ ચાહે છે.

હઝરત રસુલે ખુદા (સ. અ. વ.) ફરમાવે છે કે હઝરત

જીબ્રઇલ (અ. સ.) મે મને એક વાર ખબર આપી કે વિદ્યાર્થીઓ તમામ લોકો ઉપર એવી શ્રેષ્ઠતા ભોગવે છે, જેવી હઝરત સિદ્દિકે અકબર (રદી.) મારી તમામ ઉમ્મત ઉપર સરસાઇ ભોગવે છે. અને જેવી હઝરત જીબ્રઇલ (અ. સ.) તમામ ફરિસ્તાઓ ઉપર ફઝીલત ધરાવે છે.

હઝરત અનસ (રદી.) કહે છે કે, હ૦ રસુલે ખુદા [સ. અ. વ.] ફરમાવે છે કે જેઓ એવા લોકોને જોવા માંગે કે જેમને અલ્લાહ પોતાના દોસ્ત રાખે છે, અને જેમને દોઝખમાંથી મુક્તી આપી દીધી છે તો તેઓ વિદ્યાર્થીઓને જુએ.

હઝરત રસુલે ખુદા (સ. અ. વ.) ફરમાવે છે કે, તાલિબે ઇલ્મ–વિદ્યાર્થી ધર્મ પંડિતોના બારણા સુધી જતાં આવતાં ખુદા તેને ડગલે અને પગલે તેના માટે જન્નતમાં એક આલિશાન શહેરની સ્થાપના કરે છે; જમીન ઉપર ચાલનારાઓ તેમજ ધરતી પોતે તાલિબે–ઇલ્મ માટે બક્ષિસની તલબગાર બને છે.

હજરત રસુલે ખુદા (સ. અ. વ.) ફરમાવે છે કે જુમ્આના દિવસે હદીસોનું સંશોધન કરે, અથવા ધર્મ સંબંધી વાદવિવાદ કરે તેણે જાણે સિત્તેર હજાર ગુલામોને સ્વતંત્રતા બક્ષિ વળી જાણે એક હઝાર દિનાર ધર્મદાનમાં દીધા. તેમજ ચાલીસ હજ્જ કર્યા જેટલું પુણ્ય પ્રાપ્ત કર્યું. વળી તેમ કરનાર ખુદાની રઝામંદી, મગફેરત અને માફીનો હકદાર ઠરે છે.

હઝરત રસૂલે ખુદા (સ. અ. વ. સ.) ફરમાવે છે કે, વિદ્યા સંપાદન કરવા માટે જનાર તાલિબે-ઇલ્મના પગને ધુળ અડે, તેના શરિરને નર્કાગ્ની કશું કરી શકવાની નથી, વળી જે એ ફરિશ્તા તેની નિગેહબાનીમાં નિર્માણ હોય છે તે એઉ તેના માટે બક્ષિસ માગ્યા કરે છે, અને જો એ વિદ્યાદાન, લેતાં લેતાં મૃત્યુનો તેને ભેટો થઇ જાય તો તેને શહિદની પદ્દી મળે છે. વળી તેની કબ્ર જન્નતના પ્રફુલ્લીત બગીચાઓ-માંથી એક ઉમદા બગીચો બની જાય છે. અને તેની કબ્રની સંકડાશ મટી અતિશય વિશાળ બની જાય છે, તેમજ તેની કબ્રની જમણી અને ડાબી ગમ તેમજ ઉત્તરાદિ તેમજ દક્ષ-ણાદિ બાજુની ચાલીસ ચાલીસ કબ્રો તેના નૂરથી પ્રકાશિત કરવામાં આવે છે.

હઝરત તિબરાની (રદી.) કહે છે કે, હઝરત રસુલે ખુદા (સ. અ. વ.) નું ફરમાન છે કે જે તાલિબે ઇલ્મ એવી સ્થીતિમાં મરણને શરણ થાય કે જ્યારે પોતે વિદ્યાની શોધમાં લાગેલો હોય, તો તે તાલિબે-ઇલ્મ અને ખુદાના મઆસુમ-નિર્દોશ નબિયો વચ્ચે ફકત નબૂવ્વતના દરજ્જાનો ફર્ક બાકી રહી જાય છે.

હઝરત રસુલે ખુદા (સ. અ. વ.) ફરમાવે છે કે, મેં આલિમના મરતબા વિશે હઝરત જીબ્રઇલ (અ. સ.)ને પૂછ્યું

ત્યારે તેમણે જણાવ્યું કે:—આલિમ આ લોક તેમજ પરલોક એઉમાં આપની ઉમ્મતને પ્રકાશિત કરનારો પ્રકાશ છે; વળી એ લોકોને ખૂશ થવાનું છે કે જેઓ આલિમોની ઇઝઝત કરી તેમનું માન જાળવે છે, અને તેમની પ્રતિષ્ઠા સંભાળે છે. અને અન્ય સર્વથી તેમને વધારે ચાહે છે. પણ એ લોકો માટે ખરાબી અને દુર્ભાગ્ય છે કે જેઓ આલિમોના માન મોભાનો અસ્વીકાર કરે છે અને તેમની સાથે શત્રુતા દાખવે છે.

હઝરત રસૂલે ખુદા (સ. અ. વ.) ફરમાવે છે કે જે કોઇ ઇલ્મ હાંસિલ કરે અને પોતાના ઇલ્મ ઉપર મગરૂર ન બને કે બડાઇ ન કરે પણ નરમાશ અને આજેઝી ધારણ કરે, અને ખુદાના બંદાઓને તાલિમ દે, તે પણ ફકત ખુદાની રઝામંદીની ખાતિર, નહિં કે બીજી કોઈ નિષ્ઠાથી. અથવા સવાબ અને પૂણ્ય હાંસિલ કરવા નિમિત્તે કે જેનો બદલો ખુદા ખુદ આપવાનો છે, તો તેના જેવો બીજો કોઇ જન્નતમાં ગોત્યો જડશે નહિ. કે જે તેનાથી સવાબમાં અને બદલામાં અધિક શ્રેષ્ઠ હોય કે જે તેનાથી ત્યાં અધિકાર અને કદ્રમાં ચઢિયાતો હોય અથવા જન્નતમાં તેના જેવું નિવાસસ્થાન અથવા તેના જેવો દરજ્જો બીજાને પ્રાપ્ત થયો હોય.

હવે સ્ત્રી કેળવણી વિષેના મુસ્લિમ અભાવ, આભડછેટ, તિરસ્કાર, અને બેપરવાઈના ભયંકર પરિણામોનું દિગ્ દર્શન કરાવતાં **જનાબ ફાતિમા બેગમ સાહિબા** ‘ દીન ’માં કહે છે કે—

રહેતી જો ફિક્ર હમકો તાઅલીમે દુખ્તરોંકી;
હોતી કુચ્છ ઓરહી ફીર તોકીર ખાનદાંકી.

હમ એહલે ફઝલ હોતે એહલે કમાલહોતે;
કયોં જીબ્હાસાઈ કરતે ગૈરોંકે આસ્તાંકી

જો કોમ કર રહી હે, તોકીર સન્ફે નાઝુક;
હાસિલ હેં કુછ ઉસીકો ખુશ બખ્તિયાંજહાંકી,

પઝમુર્દા શાખે ગુલહે ગોયા વો ગુલસિતાંકી.
બર્કે ગઝબ હે વલ્લાહ, બેઇલ્મ હે જો બીબી;

અલ્લાહ બચાયે ઝદસે ઇસ તીરે બેકમાંકી
હે બદ નસિબ બચ્ચા ગર માંહે ઉસકી જાહિલ;

હે સાંપકા નશેમન ગોદ ઉસકો અપની માંકી.
વીરાન હે વોહ ખાના જીસકે મકીંહોં જાહિલ;

હે ઇલ્મકી તજલ્લીસે મંઝિલત જહાંમેં.
હે તલ્બે ઇલ્મ લાઝિમ, મુસ્લિમ પે મુસ્લિમાપર

હુક્મે નબીકો ભૂલે ઝિલ્લત મિલી જહાંમેં
ઇલ્મો હુનરકી દોલત બેહનો હે એસી દોલત;

રેહઝન કા ડર ન જીસકો હાજત હે પાસબાંકી
મરદોંસે કયા કરેં હમ ઉમીદ દસ્તગીરી;

ઇન તીરોંસે હેં પેદા અબ લગ્ઝિશેં કમાંકી.

ઈઝહારે મુદ્દઆકો મુંહમેં ઝબાન તો હે;
બતલાઓ કયા ઝુરૂરત ફિર તુમકો તરજુમાંકી.

ગુલદસ્તે ઇલ્મકે ખુદ તુમ બઝમ મેં સજાઓ;
વલ્લાહ તુમ આપ ઝીનતહો અપને બોસ્તાંકી.

(બાળાઓને અજ્ઞાન, અભણ અને જાહિલ રાખી ભવિષ્યની ઉછરતી પ્રજાને જ્યારે એ મૂઢ અને મૂર્ખ બાળાઓ માતા થતાં તેમને હવાલે કરવામાં આવે તો એ પ્રજા ઉન્નતી કે ચઢતી કે આબાદી કે સંસ્કારીતાના પંથે સંચરે એવો શયખ ચલીનો વિચાર તો હવામાં કિલ્લાઓ બાંધવા સમાન કે રેતીમાંથી તેલ ઉત્પન્ન કરવા સમાન છે. જેઓ નથી ધારતા કે નથી માનતા તેમને માટે બેગમ સાહિબાની ચટકી પુરતી નથી ? ! કે '**બર્કે ગઝબ હય વલ્લાહ બેઈલ્મ હે જો બીવી**'—અલ્લાહના સોગન અજ્ઞાન પત્નિ તો ગઝબની વિજળી (ની ગરજ સારે છે) વળી '**હે સાપકા નશેમન ગોદ ઉસ્કો અપની માંકી**'—અજ્ઞાન માતાની ગોદ-મૂર્ખ માતાના હાથ નીચેની બાળ ઉછેર-તો સર્પના દર સમાન છે અને સ્ત્રીકેળવણીના અભાવ અને ખામીના એવા ભયંકર ગઝબનાક પરિણામો ન આવે તો બીજું થાય શું ? કારણ કે મુસ્લિમો જેની ઉમ્મત હોવાનો દઆવો કરે છે તે સરવરે કાએનાતનું ફરમાન તો '**હે તલએ ઈલ્મ લાઝિમ**

મુસ્લિમપે મુસ્લિમાપર—મુસલમાન પુરૂષ તેમજ મુસલમાન સ્ત્રી બેઉ ઉપર વિદ્યાજ્ઞાન મેળવવાનું લાઝિમ કરાવે છે.! હાય, અફસોસ, બેસમજ અને અક્કલના અધુરા મુસલમાન ભાઇઓ, અરે ઇસ્લામના દુશ્મનો ક્યારે પોતાની બાળાઓને વિદ્યાદાન દઇ ઇસ્લામની ખાનાખરાબી થતી અટકાવી ખાના આબાદી કરવા તઇયાર તેમજ તત્પર થશે!! ડીગ્રીઓ કે ઝભ્ભાઓ માટે ભલે કદાચ તેઓ આડે આવે પણ એટલી કેળવણી તો બાળાઓને અવસ્ય આપે કે તેથી તેઓ ખાનાદારી, તિમારદારી, બાળક ઉછેરે અને વહેવાર કુશળતામાં પ્રવિણ અને ચાલાક બને એટલુંજ નહિ, પણ કુટુંબ પોષક થાય, સ્વસ્થ થાય, શરીરે બલવતી, રોગહીન અને સુંદર થાય, યોગ્યતાના પ્રમાણમાં કુટુંબ બંધનમાંથી તેઓ મુકત—સ્વતંત્ર થાય, ને તે મુકતતા અને સ્વતંત્રતાથી કુટુંબની મૂર્ખઇચ્છાઓ અને કલેશમાંથી છુટી ખરાં કલ્યાણ કરવાની શકિતવાળી અને ઉત્સાહિની બને, કુટુંબના બાળવર્ગને પોષણ અને શકિત આપે અને વૃદ્ધવર્ગની કલ્યાણ વાસનાઓને તૃપ્ત કરે,' એવા માર્ગ શોધવા ને લેવા એ કન્યાકેળવણી વગર દુર્લભ બલકે અશકય છે.)

(વિદ્યા એ કામધેનુ છે તે જગતના તારક અને સુધારક પયગમ્બર (સ.અ.વ.)ના ઉપર્યુક્ત ફરમાન અનુસાર તેમજ મઝકૂર સંતપુરૂષોના પ્રવચનો મુજિબ સિદ્ધ થાય છે, તે સાથેજ વિદ્યાના

મહીમા, પ્રતાપ અને સામર્થ્યનો સ્વીકાર કરતાં) કવિરાજ **નયન** કહે છે કેઃ—

તોટક.

સુખ સંપ વધે, પરિતાપ ટળે,
નવચેતન જ્ઞાન પવિત્ર મળે;
કુવિચાર વિકાર કુછંદ ટળે,
અભિલાષ–તરૂ ફળ ફુલ ફળે;
પથ પ્રેરક તારક મિત્ર ગણી,
નિત પ્રીત ધરો ! દિલ ઇલ્મતણી !...(૧)

વિકસે નયનો હીય ઇલ્મ થકી,
શકશે નહીં મૂઢ મતિજ ટકી;
શુભકર્મ થકી શુભ આશ વકી,
ઇશ–મ્હેર વડે નિત લાભ નકી;
ખુબી ખાસ શકાય કરોડ ગણી,
નિત પ્રીતધરો ! ઉર ઇલ્મ તણી !...(૨)

જગકામ કઠિન ત્વરિત સરે,
પરિપક્વ વિચાર સુદૃઢ કરે;
શ્રમ ધીરજ ટેક અથાગ ધરે,
ઉર ઇચ્છિત સ્થાન જહાજ ઠરે;
સદ્ગુણ રૂપી ઉર કોટ ચણી,
નિત પ્રીતધરો ! બસ ઇલ્મ તણી !...(૩)

"ધન ઈલ્મ" અતિ નિત ઉંચ ખરે !
તુલના કયમ કોઈ નહીંજ કરે ?
જગમાં પદ જ્યેષ્ઠ નિઃશંક ઠરે,
દુઃખ તારક દોસ્ત અનુપ ખરે ?
  નિત શિક્ષણ છે અણમુલ મણી,
  નિત પ્રીત ધરો ! મન ઇલ્મ તણી !...(૪)

નિજ દેશ પ્રદેશ તમામ સ્થળે,
પરિચીત નહીં, પણ માન મળે;
યશવિશ્વ વધે, દુઃખ સર્વ ગળે,
રળશે જન, સમ્પત બુદ્ધ બળે !
  અહીંથી તહીંથી પણ જ્ઞાન ખણી,
  નિત પ્રીતધરો ! દિલ ઇલ્મ તણી !...(૫)

કંઇ શિક્ષણ આ નથી લેશ નવું,
અમ "પ્રેરક" નો ઉપદેશ કવું
"કદી ચીન સમા દુર દેશ જવું,
પણ ગ્રાહક ઇલ્મ તણુંજ થવું:"
  સુધરે ઝટ હાલત સર્વ તણી,
  નિત પ્રીત ધરો ! બસ ઇલ્મ તણી !...(૬)

જગ–હાલ તણો કંઈ ખ્યાલ કરો !
તન ચેતન શીઘ્ર અતીવ ભરો !

ઉપદેશ ખરો ઉર લેશ ધરો !
ઇલિમે સહુ ચાહ ત્વરિત ધરો !
સુખ સંપ–સુધા, શુદ્ધ જ્ઞાન ગણી,
નિત પ્રીત ધરો ! દિલ ઇલ્મ તણી !...(૭)

(વળી સ્ત્રી કેળવણી પ્રતિની ઉપેક્ષા વૃત્તિએ આપણાં ગ્રહજીવન કાળાં કરી મૂકયાં છે, અને એને પ્રતાપે આપણી ઉચ્ચ કુટુંબી ભાવના સિથીલ થતી ચાલી જાય છે. કુટુંબ સંસ્થાનાં સાર્વજનીક સૂત્રોમાંથી આપણા સૌની શ્રદ્ધા ધીમે ધીમે સરતી જાય છે. અજ્ઞાન અને અણઘડ ગૃહણીઓનો સંઘ સબળો થતો જાય છે, તેમ તેમ નિર્માલ્ય ગ્રહ કલેશો વધતા જાય છે, ગૃહિણી પદનું ગૌરવ વિસરાતું જાય છે, ને પરિણામે ગ્રહસ્થાશ્રી ધર્મના અપાલન વડે કૌટુમ્બીક કલહો પોતાનો પોત પ્રકાશી કુટુંબ સંસ્થાને વિખેરી નાંખે છે–સહકારનાં શાંત સામ્રાજ્યને હચમચાવી આધ્યાત્મિક અધઃપતન સાધે છે–જીવનરસ ઉડાડી ગ્રહજીવન ખારૂં ઝેર બનાવે છે. આટલા માટે જ્ઞાન સંપન્નની આવશ્યકતા છે એટલુંજ નહીં પણ કુટુંબ સંસ્થા સહાયક અને કુટુંબ ભાવના પોષક તત્વો ધાર્મીક વાતાવરણમાંજ પોષાય છે, સંસ્કાર શુદ્ધિ ધર્મ પાલન દ્વારાજ સધાય. શુદ્ધ સાંસ્કારિક વ્યક્તિઓ ગ્રહ સ્વર્ગ રચી શકે છે. એ કુટુંબ **મોહ જીત કુટુંબ** થાય આદર્શ ગ્રહજીવન એ

ધર્મજીવન-નિતીજીવન-રસજીવન છે. ૧ એ સ્ત્રી કેળવણીનાં હિમાયતીઓએ પોતાનાં દિલ ઉપર લકિર કરી લેવું.)

સ્ત્રી જાતિનું જવહર.

[1]અસ્મતો પર્દો, [2]હયા નેકી,
બીબીઓંકે ગેહ સારે [3]જવાહર હંય;
જો કે હંય ઈન [4]સિફાતોંસે [5]મવસુફ,
વોહી સબ અવરતોંમેં [6]બરતર હય. (હમદર્દ.)

(જે સ્ત્રીમાં લજ્જા, શિયળ નથી, તે સ્ત્રી નામને લાયક નથી.)

મર્દોને રેશમી વસ્ત્ર પહેરવાં મના શામાટે.

'રેશમી લુગડાં પુરૂષત્વનો નાશ કરે છે, અને સ્ત્રીત્વને પોષે છે; નાજુકાઇ વધારે છે. હિમ્મત, મર્દાઈ, બહાદુરી, ખંત, વિશ્વાસ, ભોગવૃત્તિ, સાદાઇ જેવા ઉત્તમ શણગારરૂપ ગુણોનો નાશ કરે છે. રેશમી કપડાં ઝનખાપણું આણે છે. વિગેરે વિગેરે ઘણા આધ્યાત્મિક નુકસાનો માત્ર સર્વનો કર્તા (ખુદા) જ જાણી શકે છે અને તેજ તેનાથી બચવાનું સમજાવી શકે છે.

બાહ્ય વસ્તુઓની અંતરની માનસિક સ્થિતિ ઉપર અસર થવાના કેટલાક દાખલા આરીસાની સામે ઉભેલા એક મહાન

૧ શિયળ. ૨ લજ્જા. ૩ ભૂષણ નગીના. ૪ ગુણો. ૫ ગુણધારી. ૬ વધારે સારી.

વિદ્વાન અને ગંભીર માણસને જોશો, કે આરીસા સામે કેવા ચાળા કરે છે ? જે ચાળા એક ગંભીર માણસને નહિ છાજતા કહેવાશે તમે ગમે તેવા ઉદાસીન વિચારમાં બેઠા હો, પણ જો તે વખતે કોઇ બાળક રમતું આવી જાય, તો તેને જોઇને તમારામાં કેવી પ્રેમની ઉર્મિઓ ઉભરાય છે ? વળી જો તે તમારા ખોળામાં આવે, તો તમે પણ બાળક બની તેની સાથે કેવી ગેલ કરો છો ? તમે કોઇને સ્ત્રીનાં લુગડાં પહેરાવો તો તે તરત સ્ત્રીઓ જેવા નખરાં કરવાં શરૂ કરશે; અંગ્રેજો જેવાં લુગડાં પહેરાવો, તો અક્કડખાં બનીને ચાલશે: જોગીઓનાં લુગડાં પહેરાવો, તો તેની વાણીમાં વિવેક અને વિનય આવશે; મોલવીઓ જેવાં લુગડાં પહેરાવો, તો ગંભીરપણું અને મ્હોટાઇ આવશે, નામર્દ અને નપુંસક માણસને તલવાર બંધાવો, તો તે પેતરા ભરશે, વળી સિપાહી જેવી હિમ્મત દાખવશે; ઘોડે ચઢાવો, તો છાતી કાઢીને બેસશે મઝહબથી બેદરકાર ખુદાના સ્મરણથી નાસનારના હાથમાં તસ્બીહ આપશો, તો તેનું લક્ષ તરત ખુદાના સ્મરણ તરફ જશે. હવે એ ધાર્મીક પ્રતિબંધની બોલો વાહવાહ (વિશ્વધર્મ–ઇસ્લામ)

શબે—બરાતની બરકતો.

આ મંગળ રાત્રિએ (૧) રહમતના ફરિસ્તાઓ આસ્માન ઉપરથી ઝમીન ઉપર ઉતરે છે, (૨) જે અલ્લાહની ઇબાદત કરે છે તેના ઉપર રહમની વૃષ્ટિ થાય છે, (૩) નાના મોટા

ગુનાહોની ક્ષમાની યાચનાથી માફી મળે છે. (૪) પાપીનો પણ પાપમાંથી છૂટકારો થાય છે, પણ (૫) જાદુગર, જ્યોતિષિ, કંજુસ, માવતરોને રંજાડનાર, દારૂડીયો, સૃષ્ટિ વિરૂદ્ધ કાર્ય કરનાર, તેમજ કાર્ય કરાવનાર, નિશો લાવનાર કેફી ચીઝોનો પીનાર, આ સાતે પ્રકારના લોકો સિવાય અન્ય ઉપર નવાઝિશ થાય છે. અને (૬) રાત્રે ૪ રકઆત નિફ્લ નમાઝ, દરેક રકઆતમાં 'અલ્હમ્દ' પછી 'સુરએ ઇખલાસ'–'કુલ હો વલ્લાહો અહદ' પચ્ચીસ પચ્ચીસ વાર પઢે અને પછી વળતે દિવસે પંદરમીનો રોઝો રાખે તેને અલ્લાહ તેનાં ૫૦ વર્ષનાં દૂષ્કૃત્યોમાંથી મુક્તિ આપે છે. પણ એ મુબારિક રાતનો મહિમા ફક્ત સારાં સારાં ભાત ભાતનાં સ્વાદિષ્ટ અને લઝીઝ પકવાનો પકવવામાંજ સમાઈ ગયેલો માની એ બરકતી રાતની બરકતો હાસિલ કરવાને બદલે પોતાની બેસમજી અને નાદાનીથી ધર્મવિરૂદ્ધ નાનાં મ્હોટાં કાર્યો કરી સવાબને બદલ અઝાબ વહોરે છે તેના માટે 'શબે બરાત' સાથે પ્રશ્નોત્તર 'સાદિક' માં મહાશય મુન્શી મુહમ્મદ હુસેન સાહબે ચર્ચેલ તે શ્રવણ કરશો.

શબે બરતાસે સવાલ.

અય શબે બરાત ઉમ્ર હય તેરી બહોત બડી ?
મે સનો[૧] સાલ તેરે કહાં તક કરૂં શુમાર !

હય હિજરતે[2] રસૂલકે ચેહ ચૌદવીં સદી,
  ઔર તુ હરેક સાલમેં આતી હય એક બાર.
દેખા હય તુને આંખસે ઇસ્લામકા ઉરૂજ,[3]
  તુઝકો તો ખુબ યાદ હય તારીખે રોઝગાર,
કરતા હું એક સવાલ મુઝે તુ જવાબ દે,
  પેહલે ભી થા યેહ ફિરકયે[4] ઇસ્લામકા શઆર[5] ?
કયા ઉમ્મતે નબીકી યેહી રસ્મોરાહથી[6] ?
  જો ફિઝમાના[7] હય મુરવ્વજ[8] બહર[9] દયાર,[10]
બોલ ઉઠ જો તુને દેખી હો અગલે ઝમાનેમેં, ?
  હલવેકી ચાટ ઔર અનારૂંકી યેહ બહાર.[11]
ફર્ઝ હય એઅન[12] આજ પટાખુંકા છોડના,
  યે મસ્ગુલા[13] ન હોવે તો બચ્ચે હંય બેકરાર[14] !
હલવા ન ખાયે જો વોહ મુસલમાં હી નહી,
  છોડે ન જો અનાર વોહ કાહેકા દીનદાર ? !
સામાન કોઈ ઘરમેં મુયસ્સર[15] અગર ન હો,
  હલવાઇ[16] ઔર બનિયેસે લે આતે હંય ઉધાર !

---

૧ સદી. ૨ વતનત્યાગ, દેશપલટો. ૩ ચઢતી, ઉદય. ૪ ફાંટા. ૫ દસ્તુર. ૬ રીતરીવાજ ૭ વર્તમાનકાળ. ૮ પ્રચલિત, ચાલુ. ૯ પ્રત્યેક, દરેક. ૧૦ ઘર, મકાન. ૯--૧૦ ઘરઘર. ૧૧ વસંત. ૧૨ પ્રાથમિક, પ્રથમનું. ૧૩ કામકાજ, પ્રવૃત્તિઓ ૧૪ બેચયન, ચિંતાતુર. ૧૫ પ્રાપ્ત. ૧૬ કંદોઇ.

જવાબે શબે બરાત.

બોલી શબે બરાત કે મેં કયા જવાબ દું,
  લોગોંકે સરપે જબસે જેહાલત[17] હુઇ સવાર!
ઇસ્લામકે તરીકસે[18] બસ હોકે મુનહરિફ,[19]
  કર બયઠે હંય મુરાસિમે[20] બેહુદા[21] અખત્યાર!
યેહ કોમ આજ અહલે[22] જહાંકી[23] નિગાહમેં,
  બદ રસમીયુંસે આપ હય અપને ઝલીલોખ્વાર!
ઇસ્લામમેં પતા ભી નહીં જીન રૂસુમકી,[24]
  અસ્લે[25] ઉસુલ દીં ઉન્હેં કરને લગે શુમાર.

સોમવારની મ્હોટાઇ.

આ માંગળિક દિવસે (૧) ખુદા તઆલાએ આસ્માન તેમજ ઝમીનને ઉત્પન્ન કર્યાં. (૨) હઝરત ઇદરિસ (અ. સ.) ને આસ્માન ઉપર બોલાવ્યા (૩) હઝરત મુંસા. (અ.) ને તૂર પહાડ ઉપર સંબોધી વાત કરી, (૪) જગત સુધારક અને જગત તારક પયગમ્બરે ખુદા (સ. અ. વ.)નો મુબારક જન્મ થયો. (૫) હઝરત રસૂલે ખુદા (સ. અ. વ. સ.) આ નાશવંત જગતથી અદ્રશ્ય થયા—વફાત પામ્યા. (૬) હઝરત રસૂલે ખુદા (સ. અ.

---

૧૭ અજ્ઞાનતા, ૧૮ રીવાજ, રૂઢી. ૧૯ વિરોધી. ૨ રિવાજો, ૨૧ અયોગ્ય, કઢંગા ૨૨ લોકો. ૨૩ જગત. ૨૪ રિવાજો. ૨૫ મૂળ સિદ્ધાંતો.

વ.) ના અનુયાયિઓનાં કર્મનો રિપોર્ટ તેમને રજુ થાય છે. (૭) ખુદાની વહેદાનિયત—એક ઇશ્વરવાદ—અલ્લાહની એકતાની શરૂઆત થઇ (૮) સ્વર્ગનાં દ્વારો ખુલ્લાં કરવામાં આવે છે. (૯) લલ્લાહ ઉપવાસ કરવા મુસ્તહબ ઠર્યું (૧૦) મુસાફરીએ જવાનું મુસ્તહબ ઠર્યું. (૧૧) ચઢતે ચાંદ—મહિનાની શરૂઆતની તારીખો—અજવાળીયાનાં પ્રથમ દિવસોમાં પ્રવાસે નિકળવું મુસ્તહબ ગણાયું. (૧૨) ઉતરતે ચાંદ—મહીનાનાં અર્ધભાગ વિત્યા કેડે—અંધારિયાના છેવટના ભાગમાં સફરે જવું નહીં. કારણ કે એ વખતમાં વેપાર માટે જનારને નફાના બદલે નુકસાન થાય છે.

અમંગળ શનિવાર.

પ્રથમ ઉદ્ધત કુરૈશના લોકો હઝરત રસૂલે ખુદા (સ. અ. વ.) સાથે દગો રમ્યા હતા (૨) હઝરત મુસા (અ. સ.) હઝરત નૂહ (અ. સ.), હઝરત સાલેહ (અ. સ.) અને હઝરત ઈસા (અ. સ.) પયગમ્બરોની આજ્ઞાઓનું ઉલ્લંઘન કરનારી તેમની પ્રજાઓએ પોતે પોતાના પયગમ્બરોને દગો દીધો હતો. (૩) હઝરત યુસુફ (અ. સ.) ના ભાઇઓએ તેમજ બની ઇસરાઇલે છળકપટ કર્યું, અને તેની શિક્ષારૂપે જગત નિયંતાએ તેમના સ્વરૂપ ફેરવી નાંખ્યાં, ઘરડાઓને ડુક્કર અને યુવાનોને વાંદરાં બનાવી દીધા.

મુહબ્બતનું તાત્પર્ય.

હઝરત અબૂબક્ર અનાની (રદી.) કહે છે કે મુહબ્બતની ચર્ચા કેટલાએક સંત પુરૂષોમાં એકવાર મક્કા મોઅઝઝમામાં ચાલી. ખૂબ ગરમ વાદવિવાદ થયા પછી ત્યાં હઝરત જુનેદ બગદાદી (રેહ.) જેમની ઉમર તે વખતે ઘણી નાની હતી તેમને કહેવામાં આવ્યું કે તમો પણ મુહબ્બતનું સ્પષ્ટિ-કરણ કરો.

આપે ઘણીજ ગંભીરતાથી અતિ અસરકારક શબ્દોમાં મુહબ્બતનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે પ્રેમી તો એ કે જે પોતાના નફસથી ગાફિલ બની પોતાના પરવર દિગારની પ્રેમ લગ્નિમાં લુબ્ધ અને મુગ્ધ રહે છે, તેની આજ્ઞાઓનું પાલન કરવામાં હરઘડી તઇયાર તેમજ તત્પર રહે છે, અંતર ચક્ષુ-ઓથી તેના પ્રત્યે પ્રેમ દૃષ્ટિ કરે છે, પ્રિતમની પ્રેમાગ્નિ તેના અંતરાત્માને બાળી ભષ્મ કરી દે છે, પ્રિતમના પ્રેમથી ભરેલ પ્રેમ પ્યાલીમાં પ્રેમરસનું પવિત્ર પાન એ પ્રેમીને સાંપડે છે, પોતાના વહેવારમાં પ્રિતમના પ્રેમનુંજ હરવખ્ત સિંચન કરે છે, ટુંકમાં એજ કે પ્રેમી નિત્ય પોતાના પ્રિતમ અલ્લાહના પ્રેમની ખાતિર અને તેના નામ માટેજ સર્વ કાર્ય કરે છે. બોલતાં, ચાલતાં, ફરતાં, ઉઠતાં, બેસતાં, સુતાં કે જાગતાં એટલે પ્રત્યેક સ્થિતિમાં પ્રેમી પ્રભુ પ્રેમનુંજ રટણ કર્યા કરે છે, ખુદાના પ્રેમ રસમાં તલ્લિન હરવખ્ત બની પ્રભુમય ઝીંદગી બસર કરે

છે, એ પવિત્ર પ્રેમમાંજ મન, વાચા અને કાયા દરેક પ્રત્યેક પ્રકારે કાર્ય કરે જાય છે.

હઝરત જુનેદ બગદાદી (રેહ.) ના પ્રેમ રહસ્યનાં આ અલૌકીક વિવેચનથી તમામ સંત પુરૂષોની ચક્ષુઓમાંથી પ્રેમનાં અશ્રુઓનો પ્રવાહ વહેવા લાગ્યો અને છેવટે સર્વાનુમતે હઝરત જુનેદ બગદાદી (રેહ.) ને તમામ સંતોનાં શિરોમણી તરીકે એ સભાએ સ્વીકાર કર્યો.

' કુલહો વલ્લાહો અહદ 'નું એક ફળ.

હઝરત જીબ્રઇલે (અ.) એકવાર હઝરત રસૂલે ખુદા (સ. અ. વ.) ને જણાવ્યું કે હરતાં, ફરતાં, ઉઠતાં, બેસતાં રાત દિવસમાં દરેક વખતે ' કુલહો વલ્લાહો અહદ ' નો જાપ જપ્યા કરો, કારણ કે એ રટણમાં તમારા સર્જનહાર ને પાલનહાર પરવર દિગારની શાનનું વર્ણન છે. વળી જે એ જાપ ૫૦ વાર જપે તેના માટે અલ્લાહ ૫૦ હજાર મરતબા વધારશે. અને તેની ૫૦ હજાર બૂરાઇયો તેનાથી અલગ કરશે. અને ૫૦ હજાર નેકીયોનો ઉમેરો કરશે; વળી વધારે વાર જાપ જપે તેને અલ્લાહ વધારે પૂણ્યશાળી બનાવશે.

ફજરની નમાઝ પછી કોઇની સાથે વાતચીત કર્યા પહેલાં ' કુલહો વલ્લાહો અહદ ' નો ૧૦૦ વાર જાપ જપનારને તે દિવસે ૫૦ સંત પુરૂષોનાં સુકર્મનો સવાબ પ્રાપ્ત થશે.

શયતાનનો વેપાર અને તેના ગ્રાહકો

હઝરત ઇસા (અ.સ.) ને એક વાર શયતાન મલઉનની મુલાકાત થઇ તે પાંચ ગધેડા હાંકી જતો હતો, હઝરત ઈસા (અ.સ.)એ પૃછ્યું કે આ શું છે? શયતાને જવાબ દીધો કે, મારા વહેપારનો માલ છે, હું તે વેચવા જાઉં છું. ત્યારે હજરત ઇસા (અ.સ.)એ પૂછ્યું કે, માલ શું શું છે? શયતાને જવાબ દીધો કે ઝુલ્મ—બળજોરી, અહંકાર, અદેખાઇ, અપ્રમાણિકતા અને ઠગબાજી. ઝુલમ તો હું પાદશાહોને વેચાતો આપું છું, અને અહંકાર તો અમીર ઉમરાવો અને જાગીરદારોને વેચાતો આપું છું. અદેખાઈ કારીયો—મહાન વિદ્વાનોને વેચાતો આપું છું. અપ્રમાણિકતા—છેતરપીંડી વહેપારીઓની આગળ વેચું છું અને ઠગબાજી—મકર સ્ત્રીઓની આગળ વેચાતી આપું છું.

જગતનો શણગાર અને એ શણગારનો નાશ

સુરએ બકરના ઉલ્લેખમાં નિશાપુરી કહે છે કે દુનિઆ એક બગીચો છે, જેની શોભા પાંચ ચીજોથી છે; જેવી કે પ્રથમ આલિમોના ઇલ્મથી—વિદ્વાનોના વિદ્યાભંડારથી, (૨) અમીર ઉમરાવો અને રાજ્યકર્તાઓના ન્યાયથી, (૩) ભકત જનોની ભકિતથી, (૪) વેપારીઓની થાપણ-ઇમાનદારી, (૫) પ્રાણીઓ તરફનાં દયાભાવથી. જગતના આ શણગારનાં

નાશ માટે શયતાને પાંચ વાવટા લાવી એ પાંચે શણગારની સામે ઉભા કર્યા (૧) અદેખાઇના ઝંડાને ઇલ્મની સામે, (૨) ઝુલ્મના ઝુંડાને ઇન્સાફ—ન્યાયની સામે, (૩) દંભને ઇબાદત—ભકિતની જગ્યાએ (૪) બેઇમાનીને ઈમાનદારીની સામે અને (૫) ઠગબાજીને ભલાઈની સામે ઉભા કરી જગતરૂપી બગીચાની શોભા હણવા માંડી.

મુસલીમો માટે તાવ એક અજીબ ન્યામત.

કિતાબુલ અકાઇકમાં લખેલું છે કે એક દિવસે હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.સ.) એ હઝરત જીબ્રઇલ (અ૦ સ૦) ને પૂછયું કે તાવનું પ્રબળ કેવું છે? મારી ઇચ્છા છે કે તેનો નમુનો બતાવો, એકવાર એવું બન્યું કે, હઝરત રસુલે ખુદા (સ૦ અ૦ વ૦ સ૦) એક ઝાડ નીચે જઇ ઉતર્યા અને ખુદાનું કરવું કે તે વેળા હઝરત જીબ્રઈલ (અ૦ સ૦) ત્યાં હાઝીર હતા. એકાએક ત્યાં એક ઘોડેસ્વાર આવી પહોંચ્યો તેના હાથમાં એક પાતળી સ્ટીક (સોટી) જેવી લીલી ડાલી હતી. જ્યારે તે ઝાડ પાસે આવ્યો ત્યારે ઝાડનાં તમામ પાંદડાઓ ટપોટપ ખરી પડયાં હઝરત હબીબે ખુદા (સ૦અ૦વ૦સ૦) મે પૂછયું કે હે જીબ્રઇલ! (અ૦ સ૦), એ સ્વાર કોણ હતો? હઝરત જીબરઇલ (અ૦ સ૦) એ જવાબ દીધો એ તો તાવ હતો હઝરત નબીએ અકરમ (સ૦અ૦વ૦સ૦) મે ફરમાવ્યું કે જ્યારે

તાપની અસર ઝાડ ઉપર આવી થઇ ત્યારે ઇન્સાન ઉપર તેની અસર કેમ કંઇને કંઇ ન થાય?! તેવામાં આકાશવાણી થઈ કે હે મોહંમદ! (સ૦અ૦વ૦સ૦) જેમ ઝાડ પોતાનાં પાંદડાંઓના પોશાકથી નગ્ન થઇ ગયું તેમ તાપનાં કારણે તમારી ઉમ્મત ગુનાહોથી બિલકુલ પાક અને મુકત થઇ જશે; તેના તમામ ગુનાહો તાપના પરસેવા સાથે વહી બહાર નીકળી જશે.

તાવનો મહીમા

સંતોના શિરોમણી અને આત્માઓના મુગટમણી, જગતના તારક અને સુધારક હઝરત રસુલે ખુદા (સ. અ. વ. સ.) ફરમાવે છે. કે, એક દિવસનો તાવ એક વર્ષના ગુનાહોનો કફ્ફારો છે (વૈદ્યોની માન્યતા પ્રમાણે એક દિવસના તાવથી તાવવાળાની એક વર્ષની શક્તિ હણાઈ જાય છે.) જે ત્રણ દિવસ બિમારી ભોગવે તેના આગલા કૂકર્મોથી જન્મટાણાં જેવો બિલકુલ પાક સાફ થઇ જાય છે. જે આ બિમારીની હાલતમાં મરણને શરણ થાય છે તેને શહિદનો મરતબો મળે છે, અને તે કબ્રના ફિતનાથી મુક્ત થઇ જાય છે, વળી સવારમાંજ જન્નતના ફળો તેને જમવા માટે આપવામાં આવે છે, બિમાર ખુદાનો મહેમાન ગણાય છે. જ્યાં સુધી તે માંદગી ભોગવે છે ત્યાં સુધી તેના દરરોજના કર્તવ્યના બદલે અલ્લાહ તેને સિત્તેર શહિદો ઉપર ઉંચું સ્થાન એનાયત કરે છે. બિમારીમાંથી આરોગ્ય થનાર માના પેટમાંથી પયદા થતી વખત જેવો બેગુ-

નાહ થઇ જાય છે. જેને ફક્ત ત્રણ સાઅત–કલાકજ તાવ આવે અને તે હાયવોય કર્યા વગર ધિરજથી મુંગે મોઢે સહન કરી એને ખુદાએ આપેલી તકલીફમાં દુઃખી થવાને બદલે ખુદાનો ઉપકાર માને અને તેમાં રાઝી રહે તો ખુદા તઆલા દોઝખથી તેનો છૂટકારો કરી દે છે. વળી તાવમાં પીડાતો સબ્ર કરે તેના માટે ખુદા પોતાના ફરિશ્તાઓ આગળ ફખ્ર–ગર્વ કરે છે.

ચોખાનું મહત્વ.

કિતાબ શરએ ઈસ્લામમાં લખ્યું છે કે ચોખા જમતી વેળા હઝરત મહબૂબે ખુદા (સ. અ. વ. સ.) ઉપર દૂરદે શરીફ પઢવું એ મુસ્તહબ છે કેમકે ચોખા જન્નતનું એક ભારે જવાહિર છે કે જેની અંદર પાક પરવર દિગારે પોતાના પ્યારા નબિયે કરીમ (સ. અ. વ. સ.) ના નુરે મુબારિકનો સંગ્રહણ કર્યો હતો, પણ જ્યારે બંન્ને જગતને પ્રકાશિત અને દેદિપ્યમાન કરવા માટે એ ભવ્યનૂર તેમાંથી લઈ લેવામાં આવ્યું ત્યારે તે ચોખો ફાટીને દાણો બની ગયા.

હઝરત અલી (ક. વ.) કહે છે કે આકાએ નામદાર સરવરે કાએનાત પયગમ્બરે ખુદા [સ. અ. વ. સ.] નું ફરમાન છે કે જે જે ચિઝો જમીનમાંથી ઉત્પન્ન થઇ છે, તે તે દરેકે દરેકમાં લાભાલાભ–લાભ અને ગયર લાભ બેઉ સાથે સમાયેલા છે, પરંતુ ચોખા એક ઝમીનની ઉત્પન્ન થયેલી એવી

ચીજ છે કે જેમાં લાભજ લાભ છે—શરિર સુખાકારી તેમાં છે પણ બિમારી તેમાં છેજ નહીં. વળી ચોખા એ એક એવું પવિત્ર ભોજન છે કે જેની શોધખોળમાં કેહફના સહાબીઓએ પોતાના માણસો મોકલ્યા હતા.

એક જંગલી બદુનું અદ્દભૂત બુદ્ધિ ચાતુર્ય.

એકવાર એક બદુ હઝરત હુસેન (રદી.) ની સેવામાં આવી વિનંતી કરી કહેવા લાગ્યો—મેં તમારા બઝુર્ગિદા નાના સાહેબને કહેતાં સાંભળ્યા હતા કે જ્યારે તમને તમારી હાઝત બીજા પાસે માંગવાની ઝુરૂરત પડે ત્યારે તમારે ચાર શક્ષોમાંથી એકની પાસે જઇ માંગવી, તે ચાર આ છે:—

(૧) કોઇ કુળવાન અરબ, (૨) કોઈ ઉદાર દીલના શેઠ;—માલિક, (૩) કોઇ કુરાને કરીમના હાફિઝ; (૪) કોઇ ખુશ મિજાઝ રાજા કે હાકેમ.

બદ્દુએ આગળ જણાવ્યું કે કુળવાન અરબ હોવાની જે વિશેષતા આં હઝરતે પેશ કરી છે, તે હું જોઈ રહ્યો છું કે, અરબસ્તાનના તમામ અરબ લોકો જે મોટાઇ અને માન ધરાવે છે તે આપનો પ્રતાપ છે; વળી સખાવતની વિશેષતાનો ગુણ જેની ઝૂરૂરત હઝરત રસૂલે ખુદા (સ. અ. વ.) એ બતાવી છે તે તો તમારામાં પરિપૂર્ણતાએ પહોંચેલ સર્વત્ર જગ વિખ્યાત છે. કારણ કે એ ઉદારતા તો તમારો કુદરતી વારસો છે. હવે કુરઆને પાકનું મોડે હોવું એતો આપના ખાનદાનમાં

વંશ પરંપરા ચાલ્યુંજ આવે છે. અને છેવટે પયગમ્બરે ખુદા (સ. અ. વ.) એ ભવ્ય લલાટની નિશાની બતાવી છે તે પણ તમારા લલાટની ભવ્યતા સાબિત કર્યા વગર રહી શકે તેમ નથી. કારણ કે મેં આપના નાના સાહેબને કહેતાં સાંભળ્યા છે કે જ્યારે મને જોવાનું મન થાય ત્યારે જોવા ઇચ્છનારે હ. હસન તેમજ હ. હુસેન (રદી.) ના મુખાર્વિંદ પ્રત્યે દૃષ્ટિ કરવી.

બદ્દુનું આ સંભાષણ સાંભળી હ. હુસેને (રદી.) પૂછ્યું કે તને શું જોઇએ છે? બદ્દૂએ પોતાની માંગણી ઝમીનપર લખીને બતાવી. એ વાંચી હઝરત હુસેને ફરમાવ્યું કે, જો તેં મારા નાના સાહેબને એમ કહેતાં સાંભળ્યા છે કે કાર્ય કરતાનું કર્તવ્ય હદમાં હોય તો મારા પૂજ્ય ઇમામ પિતાશ્રી કહે છે કે, પ્રત્યેક જણની કીંમત એજ વસ્તુથી થઈ શકે કે જે તેની કીંમત અને કદર વધારે છે. હું તને ત્રણ સવાલ પુછું છું. જેમાંથી તું એકનો જવાબ આપીશ તો આ સોના મહોરથી ભરેલી કોથળીનો ત્રીજો ભાગ તને આપીશ; જો બે ઉત્તર આપીશ તો ⅔ ભાગ તને મળશે અને જો ત્રણે જવાબ આપીશ તો આખી થેલી ને થેલી તને આપી દઇશ.

બદ્દૂએ કહ્યું ખુશીથી પૂછો. હઝરત હુસેન (રદી.) એ પૂછ્યું કે તમામ અમલોમાંથી કયો અમલ-કર્તવ્ય શ્રેષ્ઠ છે? બદુએ જવાબ દીધો-કે ખુદા ઉપરજ ઇમાન લાવવું. ૨ પ્રશ્ન

તેમણે એ પૂછ્યો કે ? મનુષ્યની હલાકત–પાયમાલીમાંથી કઈ ચીઝમાં તેને નજાત–મોક્ષ મળે ? તેના ઉત્તરમાં બદૂએ જણાવ્યું કે ખુદા ઉપર તવક્કુલ–પરિપૂર્ણ વિશ્વાસ ધરાવવાથી માણસ પોતાના નાશમાંથી બચી જાય. ત્રીજો સવાલ એ પૂછ્યો કે મનુષ્યને કઇ વસ્તુથી ભલાઇની પ્રાપ્તિ થાય છે ? જવાબ દીધો કે ઇલ્મથી. કે જેની જોડે સહિષ્ણુતા અને સહનતા જોડાયેલા હોય. ત્યારે તેમણે પૂછ્યું કે એ ગુણ કોઇમાં ન જોવામાં આવે તો પછી ? બદૂએ કહ્યું કે એની પાસે એ માલ હોવો જોઇએ કે જેમાં સખાવત રહેલી હોય. ત્યારે તેમણે ફરી પૂછ્યું કે એવો માલ કોઈની પાસે પણ ન હોય તો ? તો પછી કંગાલિયતતા કે જેમાં ધૈર્ય અને શાંતિ મળેલા હોય. વળી તેમણે પૂછ્યું એવી કંગાલિયત પણ ન હોય તો ? તો બદૂએ કહ્યું છેવટ બાળી ભષ્મ કરનાર વિજળી.

આ સાંભળી હઝરત હુસેન (રદી.) બહુજ એ બદૂ ઉપર પ્રસન્ન થયા અને તેના બુદ્ધિ ચાતુર્યની કદરમાં આખી ને આખી થેલી તેને દઇ દીધી.

આ વર્ણન હઝરત ઇમામ રાઝી (રદી.) એ સૂરએ–બકના આરંભના વિવરણમાં કર્યું છે.

ગહન અર્થ ભરેલું બુદ્ધિ ચાતુર્ય.

એક સમયે એક માણસે એક દુરવેશ પાસે જઈ પૂછ્યું "ખુદા સર્વત્ર છે, એમ કહેવાય છે, તો તે મને કેમ નથી દેખાતો ?

તે ક્યાં છે, તે મને બતાવો." વળી બીજો પ્રશ્ન એ પૂછ્યો કે "માણસને તેના પાપાચરણ માટે શા માટે શિક્ષા થવી જોઈએ? કારણ કે જે જે માણસ કર્મ કરે છે તે ખુદા પ્રેરણાથી કરે છે અને એમ ન હોત તો બધા પોત પોતાનું હીત ખુશીથી સાધી લેત." અને ત્રીજો સવાલ એ કર્યો કે "ખુદા શયતાનને અગ્નિમાં નાખી તેને શાસન કરે છે, એ કેમ બને? કારણ શયતાન પોતે પણ અગ્નિરૂપ છે, ત્યારે અગ્નિ અગ્નિને શું કરી શકે?!"

આ ત્રણે સવાલ સાંભળી એ દુરવેશે એક માટીનું ઢેફું ઉપાડી તે માણસને માથા ઉપર માર્યું.

તે માણસે કાઝી—ન્યાયાધીશ પાસે દુરવેશની ફરિયાદી કરી, એટલે કાઝીએ દુરવેશને બોલાવી એ માણસને મારવાનું કારણ પૂછ્યું. "દુરવેશે જવાબ દીધો કે તે તેના ત્રણે સવાલોનો જવાબ છે. આશ્ચર્ય પામી કાઝીએ પૂછ્યું એ કેવી રીતે." દુરવેશે કહ્યું, "આ માણસ કહે છે કે તેને માથામાં લાગ્યું, તો તે મને તેનું દુ:ખ બતાવે, પછી હું તેને ખુદા ક્યાં છે એ બતાવીશ. બીજું એ કે એ કાર્ય મેં કેવળ ખુદા પ્રેરણાને લીધેજ કર્યું છે, તો તે માટે હું દોષિત કેમ ઠરૂં. ત્રીજું એ કે તેનું શરીર માટીનું છે, ત્યારે માટીનું માટી ઉપર શું ચાલે?!"

દુરવેશનું આ બુદ્ધિ ચાતુર્ય જોઇ તે ફરિયાદી ચકિત થયો.

કાઝી સાહેબ પણ બહુ ખુશ થયા અને દુરવેશને માન સાથે છોડી મુક્યા.

જઝિયાનો આશિર્વાદ.

હઝરત અબુ ઉબેદાએ હિમ્સ છોડી દમિશ્ક—દમાસ્કસ કુચ કરવાના ઠરાવ ઉપરથી પોતાના ખઝાનચી હબીબ ઇબ્ને મસ્લમાને બોલાવી કહ્યું, 'ઇસાઇઓથી જે જઝિયા વેરો કે ખંડણી લેવામાં આવે છે, તે આપણે તેમના શત્રુઓથી રક્ષણ કરવાના બદલામાં લઇએ છીએ, પરન્તુ હમણા આપણી સ્થિતિ એવી નબળી છે કે આપણે પોતે તેમની રક્ષાનું જોખમ ઉઠાવી શકતા નથી, તેથી જે કંઈ તેમની પાસેથી વસુલ લેવામાં આવ્યું છે, તે સર્વ તેમને પાછું આપી દયો અને તેમને કહી દયો કે તમારી સાથે જે સબંધ હતો, તે હાલ પણ છે, પરન્તુ હમણા અમે તમારા રક્ષણની જવાબદારી લઈ શકતા નથી. તેથી 'જઝિયા' કે જે **રક્ષણનો બદલો** છે, તે તમને પાછો આપવામાં આવે છે. કયાં છે જઝિયાને શ્રાપ સમજનારા ? આવો આગળ, અને જુઓ જઝિયાને ખરા સ્વરૂપમાં ! ! ધન્ય છે એ રૈયત પ્રેમી સેનાધિપતિને કે જે લીધેલ ખંડણી વગર માગે ઝાતે પાછી આપવા તૈયાર હોય ! ! !

એ આજ્ઞાના અમલથી કઈ લાખોની રકમ જે વસુલ લેવામાં આવી હતી તે પાછી જેના નામે જમા થઇ હતી તેને

વીણી વીણીને આપવામાં આવી ઇસાઇઓ ઉપર આ બના-વની એટલી બધી અસર થઇ કે તેઓ રડતા જતા હતા અને લાગણીના આવેશમાં કહેતા જતા હતા કે 'ખુદા તમને જલદી અમારી પાસે સુખરૂપ પાછા લાવો ' ત્યારે યાહુદીઓ ઉપર તો એના કરતાં ભારે અસર થઇ અને કહેવા લાગ્યા, 'તવરેતના સોગંદ ! જ્યાં સુધી અમે જીવતા છીએ ત્યાં સુધી કયસર હિમ્સ ઉપર કબજો કરી શકતો નથી.' ત્યાર પછી તેઓએ કોટના દરવાજા બંધ કરી લીધા અને દરેક ઠેકાણે ચોકી પહેરા બેસાડી દીધા. હ, અબૂ ઉબૈદાએ હિમ્સવાસીઓ સાથેજ એવી વર્તણુંક દાખવી હોય તેવું કાંઈ નથી બલ્કે જેટલાએ જિલ્લા જીતાઈ ચુકયા હતા તે સર્વ ઠેકાણે જઝિયાની જેટલીએ રકમ વસુલ લેવામાં આવી હતી તે પાછી આપવાનું લખી મોકલ્યું.

શામાટે ? ઈસ્લામનો જય જયકાર થાય !

રોમનો હાર ખાઇને દમિશ્ક અને હિમ્સથી નીકળી અંતા-કયા પહોંચ્યા અને હરકયુલસને ફરિયાદ કરી કે અરબોએ આખા સિરિયાની પાયમાલી કરી નાંખી ત્યારે હરકયુલસે કેટ-લાક નામાંકિત સરદારો અને પ્રતિષ્ઠિ માણસોને દરબારમાં બોલાવી કહ્યું "અરબો તમારાથી બળમાં સંખ્યામાં સાધન સામગ્રીઓમાં ઉતરતા છે, ફરી તમે તેઓના મુકાબલામાં કેમ ટકી શકતા નથી ?"

આ સવાલથી સર્વેએ લજ્જાનાં માર્યાં માથાં નીચાં નમાવી દીધાં અને કોઇએ કાંઈ ઉત્તર આપ્યો નહીં, પરંતુ એક અનુભવી વયોવૃદ્ધ ઇસાઇ બોલ્યો "અરબોનાં નિતી–આચરણ અમારા નિતી–આચરણથી શ્રેષ્ઠ છે; તેઓ રાત્રે પ્રાર્થના કરે છે અને દિવસે રોઝા રાખે છે; કોઈપર ઝુલ્મ કરતા નથી; માંહોમાંહે એક બીજાથી એક સમાન રીતે મળે છે. ત્યારે અમારી સ્થીતિ એવી છે કે આપણે દારૂ પીઇએ છીએ, દુરાચરણ કરીએ છીએ, વચન પાલન કરતા નથી. અન્યો પર અત્યાચાર ગુજારીએ છીએ. એ બાબતોની અસર છે કે તેઓના દરેક કાર્યમાં ઉત્સાહ અને દૃઢતા નઝરે પડે છે અને આપણું દરેક કામ હિમ્મત અને દૃઢતાથી ખાલી હોય છે."

એ વૃયોવૃદ્ધ ઇસાઇની ઉપરોક્ત–વાણી પરથી હાલના મુસ્લિમોને ધડો લેવાની શીખ દેતાં અલફારૂકના ભાષાંતરકાર અબ્દુલ જબ્બાર અમીન સાહેબ સાદિકના અંક ૩ જાનાં પાના ૧૨૬ ની મેટરમાં કહે છે કેઃ–જુઓ વિધર્મી તો વિધર્મી પરંતુ શત્રુઓ સુદ્ધાં તે સમયના મુસ્લિમોની ઉંચ નીતિ ને સદાચરણનાં વખાણ કરતા, પણ આજે વખાણના સ્થાને નિંદા થાય છે. જોકે શત્રુઓ સંખ્યાબળ, અંગબળ, દ્રવ્યબળમાં મુસ્લિમોથી ચઢિયાતા હતા, છતાં જ્યાં ત્યાં મુસ્લિમોના જયના ડંકા કેમ વાગતા ? ફક્ત ઉંચ અખલાક–નિતી, સદાચરણ સદ્દવર્તન, ઇમાન, ઇસ્લામી કાનુન પાલનના પ્રતાપેજ તેઓની જગેજગ

વિજય પતાકા ફરકતી રહેતી હતી. હઝરત ઉમર ફારૂક (રદી.)ના સમયના મુસ્લિમો, અને આજના હિંદી મુસ્લિમોનો લગાર મુકાબલો કરી જોશો તો જણાશે કે ઇસાઈ વૃદ્ધ પુરૂષોએ જણાવેલા તે સમયના ઇસાઇઓના જેવા ઘણા ખરા દુર્ગુણો હાલ આપણામાં ઘર કરી બેઠા છે, અને એથીજ આપણી પડતી છે. ફારૂકી સમયના મુસ્લિમો જેવાજ મુઠ્ઠીભર મુસ્લિમ વીરો અખિલ સ્પેન ફતેહ કરી છેક ફ્રાન્સના હૃદય સુધી પહોંચી ગયા, પરંતુ આપણા જેવા મુસ્લિમો ત્યાં જ્યારે લાખોની સંખ્યામાં હતા, ત્યારે એક એકને ત્યાંથી હાંકી કાઢવામાં આવ્યા. સારાંશ કે આજે પણ હિંદી મુસ્લિમો ખરા અર્થમાં મુસલમાન બની જાય તો ફરી (આપણા પાડોશી ભાઇયોના) સંખ્યાબળ, દ્રવ્યબળ કે અંગબળ કોઇ આપણને ડરાવી શકેજ નહીં. એમજ બને ત્યારે તો આજ પણ ફારૂકી સમય (આપણે ત્યાં) ઉપસ્થિત થઈ શકે છે.

પ્રકરણ છઠ્ઠું.

ધર્મ રહસ્ય.

ધર્મગુરૂ અને શિષ્ય વચ્ચેનો એક બોધદાયક સંવાદ.

પ્રકરણ છઠ્ઠું.

ધર્મ રહસ્ય

ધર્મગુરૂ અને શિષ્ય વચ્ચેનો એક બોધદાયક સંવાદ.

હઝરત શકીક (રહ)—"હે, હાતિમ! તું મારી પાસે કેટલા વર્ષ થયાં વિદ્યાદાન લે છે?"

હઝરત હાતિમ (રહ)—"૩૩ વર્ષ થયાં."

હ૦ શ૦—"એ મુદ્દત દરમિયાન તેં શું હાસિલ કર્યું?"

હ૦ હા૦—"આઠ ફાયદા; એ આઠ લાભ સિવાય બીજું કશું મેં નથી મેળવ્યું.

હ૦ શ૦—"ઇન્ના લિલ્લાહે વ ઇન્ના અલૈયહે રાજેઊન. અમે તમારી સાથે આખું આયુષ્ય ગાળ્યું, છતાં તેં આઠ બાબતો સિવાય કંઈ વિશેષ પ્રાપ્ત ન કર્યું?"

હ૦ હા૦—"સાચું પુછો, તો એજ આઠ લાભ લીધા છે, એનાથી અધિક મેળવવાને પણ નથી માગતો, કારણ કે મારી પોતાની મુકિત અને છુટકારો એજ આઠ બાબતોમાં સમાયેલો હું તો સમજું છું, અને એથી વિશેષની દરકાર પણ મને નથી."

હ૦ શ૦—"ભલે જરા મારી આગળ આવીને બતાવતો ખરો કે એ આઠ ફાયેદા કયા કયા છે?"

હ૦ હા૦—"પહેલો લાભ તો એ કે માણસોને જોતાં જણાયું કે દરેક એક એક મહબુબ અને મઆશુક પસંદ કરી બેઠા છે, તેમાં કેટલાક તો કબ્ર સુધી સંગાત આપે છે અને કેટલાક તો નિરાધાર અવસ્થા સુધી સાથ દે છે અને ત્યાર પછી અલગ થઇ જાય છે, કોઇ કોઇની કબ્ર અંદર પ્રવેશ નથી કરતું અને ત્યાં જઇ તેની સહાય નથી કરતું. એ ઉપરથી મેં એવો નિર્ણય કર્યો કે કોઇ મઆશુક એવાની શોધ કરૂં કે કબ્ર અંદર મારો મિત્ર બને અને મદદ કરે અને કબ્રના અઝાબ ટાણે કામ આવે અને સહાય દે. તેવા મિત્રની શોધ કરતાં જણાયું કે એ મિત્ર તો કારે ખયર—સુકર્મ— છે, એટલે પ્રથમ મેં એને સ્વાધીન કર્યો, અને પછી તેને મારો લાડલો પ્યારો બનાવ્યો, જેથી તે મને કબ્રમાં મિત્ર બની મદદગાર થાય."

હ૦ શ૦—"શાબાશ, હે, હાતિમ ? તેં ઘણું સારૂં કર્યું. બીજો ફાયદો કયો ?"

હ૦ હા૦—"બીજો લાભ એ લીધો કે જગત જનોના સહવાસથી મને જણાયું કે ઘણાયે પુરૂષો પોતાના પાપાત્માના તાબેદાર અને દુનિયાની મોહમાયાના ગુલામ છે, એટલે કે દુનિયાની મોજમઝા માણવામાં અને અયશો ઇશરત ઉડાવવામાં ગિરફતાર છે, એથી મેં ઇશ્વરી વાણી જેનો અર્થ એ છે કે **જે તાબેદાર પોતાના માલિક [ખુદા] થી બીનો અને નફસાની ખ્વાહિશ–મનના પાપી વિચારોથી પોતાને અટકાવ્યો, તો ખચ્ચિત સ્વર્ગ તેના આરામનું ધામ છે.**" એ ઉપરથી મેં ખચ્ચીત માની લીધું કે કુરઆને પાક સત્ય છે, એટલા માટે મારા પોતાના પાપાત્મા વિરૂદ્ધ બંડ માંડયું છે, તે એટલે સુધી કે એ પાપી અંતરની એક પણ પાપી ઇચ્છા પુર્ણ થવા ન દીધી અને એમ કરી એ ઇશ્વરી સુત્રનો પાબંદ બની ગયો."

હ૦ શ૦—"બારકલ્લાહ–અલ્લાહ સવાબદે; બહુ સારૂં કર્યું. ત્રીજો ફાયદો જણાવ."

હ૦ હા૦—"ત્રીજો નફો એ મેળવ્યો : કે માણસો કમાલ

દરજ્જે કષ્ટ અને આપતીઓ ભોગવી ધન દૌલત અને માલ મિલ્કત ઓછા વત્તા પ્રમાણમાં ભેગી કરવામાં પછાત નથી પડતા અને તે મળવાથી આનંદ સાગરમાં નિત્ય નાહે છે અને જણાવે છે કે તેઓ પણ સંપતીવાળા અને ધનાઢ્ય છે. આ નઝરો નઝર જોઇ મને ખુદાઇ કલમાની યાદ આવી કે જે વાણીમાં ખુદા ફરમાવે છે કે **'જે તમારી પાસે છે એ ખર્ચ છે અને જે અલ્લાહ પાક પાસે છે, તે બાકી—અવશેષ છે અને જમા—સંઘરો છે.'** આની કુદરતી સુચનાની મારા ઉપર અસર એ થઈ કે આટલા વર્ષોની મહા મહેનતથી મેં જે કાંઇ ભેગું કર્યું હતું, તે અલ્લાહના માર્ગમાં વાપરી નાખ્યું અને ફકીરોને દઈ દીધું કે જેથી એ અલ્લાહને ત્યાં જમા રહે અને પરલોકની સફરનું ભાથું બને."

હ૦ શ૦—"ઘણું સારું"

હ૦ હા૦—"દુનિયા દારોને જોઉં છું કે કેટલાક એમ સમજે છે કે માણસની મ્હોટાઈ અને ખાનદાની તેના કુટુંબ કબીલાના વધારાના પ્રતાપે છે અને તેટલા માટે તેના ઉપર ફખર—ગર્વ કરે છે અને બીજા એમ સમજે છે કે મનુષ્યની બુઝુર્ગી ધનદૌલત, માલમિલ્કત અને છોકરાં છૈયાંના વધારાના કારણે છે અને એથી તેમને

તેમની બડાઇ છે અને વળી કેટલાક તો એમ ધારે છે કે માણસની બડાઇ તો જુલ્મ કરવામાં ક્રોધે વિકાળ બનવામાં, ખાઇપી મોજ માણવામાં છે એટલે એ બાબતોને લઇ ઘણી મગરૂરી બતાવે છે, ત્યારે અલ્લાહની આજ્ઞા તો મોટાઇ એ બાબતમાં જણાવે છે કે **જે કોઈ તમારામાંથી વધારે પરહેઝગાર છે, તે જ અલ્લાહ આગળ વધારે મોટો છે.'** એથી મને તો ખાત્રી થઈ ગઈ કે અલ્લાહની વાણી બેશક સત્ય અને લાભ કારક છે, અને એથી ઉલટું યાને કોઈ ધનદોલતના પ્રતાપે પોતાને મોટો સમજી બેસે છે, કોઈ કુળવંત ખાનદાનને લઇ પોતાને કુળવાન સમજી બેસે છે, કોઇ શારીરક શકિતના લીધે પોતાને શક્તિશાળી ગણી લે છે, એ સર્વ ભૂલમાં છે આ ભૂલનો ભોગ હું ન બનું એટલા માટે મેં તો તકવા–પરહેઝ-ગારી–ખુદાઈ ખૌફ–અંગીકાર કર્યો કે જેથી અલ્લાહ પાકની આગળ મારી ગણતરી અહલેકરમ–કૃપાના માણસોમાં થાય."

હ૦ શ૦—"ઘણું ઉચ્ચીત; હવે પાંચમો ફાયેદો જણાવ."

હ૦ હા૦—"જગતજનો એક બીજાને ભુંડા ભલા–મલામત–કરે છે અને વાસ્તવીક રીતે તેનું કારણ એ છે કે એક બીજાની અદેખાઇ–ઈર્ષા કરે છે, વિદ્યાને લીધે

અને દરજાને લીધે. તેનો ફયસલો કુરઆને મજીદ તો એ આપે છે કે '**મેં વહેંચી આપી લોકોની વચ્ચે તેમના આજીવીકા જગતની અંદર.**' એથી મારા મનને ખાત્રી થઇ ગઈ કે આજીવીકાની વહેંચણી તો જગતની ઉત્પતી અગાઉ–રોઝે અઝલ–થી થઈ ચુકી છે અને તેમાં કોઇનું પણ કાંઇ ચાલે તેમ તો છે નહિ. આથી મેં કોઇપણ મનુષ્યની ઈર્ષા ન કરી અને હું તકદીરે ઇલાહી–લલાટે લખાયેલ લેખ ઉપર સંતોષ સાથે રાઝી થઇ ગયો અને પછી જગત-જનો સાથે મળતો રહ્યો."

હ૦ શ૦—"ઘણું સારૂં; હવે છટ્ટા ફાયેદાનું વર્ણન કર."

હ૦ હા૦—"છટ્ટો ફાયેદો મેં એ ઉપરથી લીધો કે જગત-વાસીઓ એક બીજાને શત્રુ લેખે છે, કોઈ કારણથી કિંવા કોઇ નિશાથી આ બાબતનો નિર્ણય પણ ખુદાઇ કલામમાં મોજુદ છે. તે એકે '**શયતાન ખચ્ચીત પ્રત્યક્ષ શત્રુ છે, તેને દુશ્મન સમજો.**' એટલા માટે હું શયતાન અને તેના ફરમાં બરદારો સિવાય ઇશ્વરી આજ્ઞા અનુસાર અન્ય કોઇને શત્રુ નથી ગણતો અને શયતાનની આજ્ઞાનું પાલન ન કર્યું. ખુદાયે પાક આગળ શિષ નમાવી તેની ઇબાદત અને ભક્તિ કરી, અને

આજ માર્ગને સાચો સમજ્યો, કેમકે ખુદાયે પાક ફરમાવે છે કે **હે, આદમના પુત્રો! શું તમે વચન આપી કરાર નથી કર્યો કે નહિ માનીએ આજ્ઞા શયતાનની, એટલા માટે કે તે તમારો પ્રત્યક્ષ ખુલ્લમખુલ્લા શત્રુ છે; અને મારી ઈબાદત કરો, એજ સીધો માર્ગ** ઇચ્છીત સ્થળે લઈ જનાર છે."

હ૦ શ૦—" "મરહબા, ઘણું સારૂં."

હ૦ હા૦—"હવે, સાતમો ફાયદો સાંભળો; દરેક જણ આજીવીકા પ્રાપ્ત કરવાને અતિશય યત્ન પ્રયત્ન આદરે છે અને એથી મના કરેલ અને શકવાળી વસ્તુઓમાં સપડાઈ જાય છે અને પોતાને હલકો અને ખરાબ કરે છે. હવે એક કુરઆનીક આયાત મારી નઝરે ચઢી ગઇ જેનો ભાવાર્થ એ છે કે '**નથી ઝમીન ઉપર હરવા ફરવાવાળો કીડો [જીવજંતુ] અને જાનદાર–પ્રાણી, પણ અલ્લાહ પાક તેના ખાનપાન માટે જવાબદાર છે.**' તેથી મને પણ સમજાયું કે હું પણ એક જીવ ઝમીન ઉપર છું. એટલે હું વિશ્વપતિ પાલનહાર પરવરદિગાર સાથે એક ધ્યાન થયો અને ખાવા પીવા પહેરવા ઓઢવાની ચિંતાને

એક કોરે મુકી દીધી કે અલ્લાહ પાક તો પોતેજ રોઝી દેવા માટે બંધાયેલો છે, એટલે કોઇને કોઈ પ્રકારે તે પહોંચાડશે."

હ૦ શ૦—" સુબ્હાનલ્લાહ, ઘણુંજ પ્રશંસનિય; કહો આઠમો ફાયેદો."

હ૦ હા૦—" આઠમો ફાયેદો મને એ થયો કે પ્રત્યેક જણની આસ્થા કોઇ ખાસ આદમી અથવા કોઈ ચીઝ ઉપર જામેલી હોય છે, અથવા ધન દૌલત કિંવા મુલ્કકે ધંધો રોઝગાર કે હુન્નરઉદ્યોગ ઉપર. એટલે કે તમામનો અએતબાર ખુદાની સરજનતા મખલુક ઉપર લટકેલો છે એથી મેં કુરઆનના એ સૂત્ર ઉપર પુખ્ત વિચાર કરીને ખુદાયે પાક ઉપર વિશ્વાસ બાંધ્યો, કે જે સુત્રમાં અલ્લાહ ફરમાવે છે કે ' જે આસ્થા ધરાવે છે અલ્લાહ ઉપર, તો એજ અલ્લાહ તેના માટે પુરતો છે અને ઘણો સારો કાર્યકર્ત્તા છે. આ શ્રદ્ધાથી મખુલક ઉપરની આસ્થાથી મેં દૂર રહેવા માંડયું."

શ૦—" તેં ઘણુંજ સારૂં કર્યું હાતિમ, ખુદાયે પાક તને સંપૂર્ણ સમજની બક્ષિશ કરે. મેં તવરાત, ઈન્જીલ, ઝુબુર અને કુર્કાન વાંચ્યા છે, એ ચ્હારે આકાશી ગ્રંથો એ આઠે ફાયેદા ઉપર દલીલ કરે છે; જેણે એ

આઠે ફાયેદાઓ ઉપર અમલ કરી કામમાં લીધા, તે જાણે કે ન્હારે ગ્રંથો પ્રમાણે વર્ત્યો." ધન્ય ઘડી ધન્ય ભાગ્ય તમારા.

હ૦ હા —"હે પીરે કામિલ, કૃપા કરી બતાવશો કે તસવ્વુફ કોને કહે છે?"

હ૦ શ૦—"હે બેટા! એ સર્વ વર્ણન ઉપરથી જણાય છે કે તમને ફક્ત ઇલ્મિનીજ ઝુરૂરત નથી, પણ ઘણાજ અમલ–વર્તનની આવશ્યકતા છે તસવ્વુફ શું છે એના જવાબમાં તમે સમજી લ્યો કે તસવ્વુફ બે બાબતોનું નામ છે, એક તો એ કે સત્ય વહેવાર ખુદાએ પાક સાથે રાખવો, અને બીજું એ કે જગતજનો સાથે ભલાઇ કરતા રહેવું. હવે જે મનુષ્ય જગત સરજનહાર સાથે સાચો વર્તાવ રાખે અને જગત બંધુઓ સાથે ભલમનસાઇથી વર્તે, અને સહનશિલતા દાખવે, એજ સૂફી. સર્વ શક્તિમાન સાથે સત્ય વર્તન રાખવું એટલે કે પોતાની ખુશી તે પાક ઝાતની આજ્ઞા ઉપર કુરબાન કરે, એટલે કે એ કામથી ખુશ રહે કે જે તેનું ફરમાન હોય. હવે લોકોની સાથે ભલમનસાઈ અને સહનશિલતાથી વર્તવું એટલે કે તેમનાં કામને પોતાના કામ ઉપર સરસાઇ દે, જ્યાંસુધી કે તેમનાં

કામકાજ ધર્મની આજ્ઞાથી વિરૂદ્ધ ન હોય, એ એટલા માટે કે જે ધર્મથી ઉલટો ચાલે અથવા ધર્મના ના ફરમાનોથી ખુશ રહે, તે સુફી નથી, જો એ સુફી-નેક-નીતિવાન-ધર્મિષ્ટ હોવાનો દઆવો કરે, તો તે જુઠો છે."

હ૦ હા૦—"બેશક, સત્ય છે: બંદગીનો અર્થ સમજાવવા કૃપા કરશો."

હ૦ શ૦—"બંદગીનો અર્થ સમજવા માગો છો, તો સમજી લો કે બંદગીના ત્રણ અર્થ છે, એક તો એ કે હુકમ માનવો શરીઅત-ધર્મનો, બીજો એ કે અલ્લાહે નિર્માણ કરેલ ભાવિ, કિસ્મત, અને કઝા ઉપર ખુશ રહેવું, અને ત્રીજો એ કે પોતાની ખુશીથી છોડી દઇ ખુદાઇની રઝામંદી અને અખત્યાર-કુદરત ઉપર રાઝી રહેવું."

હ૯ હા૦—"જઝાકલ્લાહ, બેશક સત્ય ફરમાવો છો, તવક્કુલ એટલે શું?"

હ૦ શ૦—"તવક્કુલનો અર્થ એ છે કે ખુદાએ પાકના વાએદાઓ-વચનોને સાચા અને મજબુત-સ્થિર માનવા અને સત્ય સમજવું કે અલ્લાહ તઆલાએ તમારા નસીબમાં જે લખ્યું છે, તે બેશક તમને મળશે, જો કે સકળ સંસાર તેને ફેરવવા મથે; અને જે તમારા નસીબમાં નથી, તે તમારી કોશીષ અને જગત તમામની કોશીષથી તમને નહિ મળે."

હ૦ હા૦—" અખલાકનો અર્થ સમજાવશોજી. "

હ૦ શ૦—" અખલાક એને કહે છે કે તમારાં સર્વ કાર્યો—તમે જે કાંઇ કરો તે સર્વ—ખાસ અલ્લાહ માટેજ હોય અને જે કામ હાથ ધરો, તેમાં તમારૂં મન લોકો તરફ ન વળેલું હોય અને એનો પણ વિચાર ન કરો કે માણસો એ કામ માટે તમારા વખાણ કરે અને વળી મેણાં લોકોનાં ઠેણાથી પણ નારાઝ ન થાઓ. હે, વત્સ! જગતવાસીઓને ખરાબ સમજવા એ બાહ્ય આડંબર અને ખોટી મ્હોટાઇનું કારણ છે. "

હ૦ હા૦—" બેશક, રિયાનું સ્પષ્ટિકરણ કરશો. "

હ૦ શ૦—" રિયાનો ઉપાય એ છે કે દુનિયાને અલ્લાહ પાકની અકળીત કળાને તાબે સમજે, જેવી રીતે નિર્જીવ પદાર્થો જેવાં કે પત્થર, કાંકરા, ઝમીન આદી કોઇને પણ પોતાના હાથે સુખ કે દુઃખ, રાહત કે તકલીફ નથી પહોંચાડી શકતા, તેવી રીતે સકળ સંસારના પ્રાણીઓની શક્તિ કે મજાલ નથી કે સર્વ વ્યાપક અને સર્વ શક્તિમાન ખુદાની આજ્ઞા કે ઇચ્છા સિવાય કોઇને પણ સુખ દુઃખ પહોંચાડી શકે. હે, પુત્ર! જ્યાં સુધી મનુષ્યને કુદરતનો ધણી—શક્તિનો માલિક અને સારા નરસાનો કાર્યવાહક સમજશો, ત્યાં સુધી રિયા—બગલાવૃતિ (જગત જનોને દેખાડવા અને તેમ કરી ધર્મિષ્ટ કે આલિમ કે સુફી થઇ સત્ કાર્યો કરવાની ડોળઘાલુ રીતિનીનિ અખત્યાર કરવી તે) બાકી રહેશે."

ઉપસંહાર.

આજની મુસ્લિમ કઢંગી સ્થિતિ, હડધૂત હાલત, દયાજનક ખાનાખરાબી, ભયંકર પાયમાલી અને શર્મનાક અવદશામાંથી તાત્કાલિક ઉગરી પોતાની અસલી માનભરી તેમજ દબદબાભરી ઇસ્લામી રહેણી કરણી પાછી હાથ ધરવા માટેના ઉપાયો, યોજનાઓ અને સાધનોરૂપી ખુદાઇ ફરમાનો, હ. સરવરે કાએનાત (સલ.) ની અનુકરણિય હદીસો, બુઝૂર્ગાને દીનના મનનિય પ્રવચનો આદિ ધાર્મિક સિદ્ધાંતો ઇસ્લામના પ્રમાણભૂત ગ્રંથોના આધારે સૂચવતું આ "ઇસ્લામનું ગૌરવ" અહિં ખત્મ કરૂં તે અગાઉ મ્હારા વાંચનારા બંધુઓને વિનવીશ કે આપણી ભાઇબંધ કોમો અત્યારે રાજકિય, સામાજીક, આર્થિક તેમજ વ્યવહારિક શક્તિઓમાં કેટલી બધી આગળ વધી ગઇ છે અને તે પ્રત્યેકમાં કેટલી બધી ફાવી ગઇ છે અને તેથી પોતે તેમની ભાઈબંધ પ્રજાઓને કેવી હંફાવી રહી છે અને તેમના ઉપર કેવી સત્તા જમાવી રહી છે, તેના કારણે અન્યત્ર ગોતવા જવાના બદલે સાંભળો, રા. ' નયન ' સાહેબ કહે છે કે:—

અમારા ધર્મની રીતિ, અહીંને અન્ય વખણાયા,
સબળ સંપે બની સંગી, જગે ઉત્કર્ષ કહેવાયા;

બધે મુસ્લિમ પ્રત્યે, અનાદર આજ મંડાયા,
ઉચ્ચાઇ ટુંક માંહે કે, વિપત્તિનાં વાદળાં છાયાં,
દરિદ્રી ખૂબ ઘૂરકે છે, વિકાસી ચક્ષુઓ સામે,
રહી છે નામની આજે, અમારામાં મુસલમાની.

આ કારણો હાથ આવવાથી નાહિંમત કે ડરપોક થઈ "હોતી હય, હોને દો," "ચલતી હે, ચલને દો," એવા નામોશીભર્યા હલકટ છોકરવાદથી પોતાની ઇસ્લામી શાનને શરમાવવાના બદલે આપણી ભાઈબંધ પ્રજાઓ જેના પ્રતાપે આજે આબાદ, સમૃદ્ધ, સત્તાશાળી અને દ્રવ્યસંપન્ન તેમજ સંપત્તીવાન સર્વત્ર થઈ રહી છે, તે સાધનો આપણે પોતે હાથ કરી શકીએ તેટલા માટે પ્રથમ મુસ્લિમ ફિરકા-બંદી જડમૂળથી ઉખેડી તેને બદલે ઈત્તેફાક, મુહબ્બત અને ઇખ્લાસથી સજ્જ થઇ, ઈલ્મો હુન્નર હાથ કરી, વેપાર વણ-જમાં આગળ વધી, ભાઇબંધ કોમોની હરોળમાં આવી ટકી રહેવા માટે બાહિમ્મતે બુલંદ અને હોસલગીથી પ્રમાણિકપણે કામ લેતા જઇએ તો શું આપણે આપણા માન અને ગૌરવ-ભર્યાં અસલ સ્થાને નહિં પહોંચી શકીએ એની ના કોણ કહી શકશે ? પણ એ સાધનોને શબ્દોનાજ ઉપચાર તરીકે ગણી કાઢી કામયાબી, ઉન્નતિ અને આબાદીના ધોરી માર્ગ તરફ ઇસ્તિકલાલથી આગળ વધવા માટે કામમાં લેવામાં ન આવવાથી કશું વળે તેમ નથી, કશું મળે તેમ પણ નથી, કારણ કેઃ—

વાતે વડાં થાતાં નથી, વાતો કર્યાંથી શું વળે ?
પકવાન પિરસ્યા યત્નવિણુ, ના કોળીઓ મોઢે વળે !

વળી,

ખૂટે ન લાંબી વાટજો, બેસી રહે વડલા તળે;
તૂટે ન કાચો તાંતણોજો, યત્ન કરવા ના વળે.

અને ખુદ પરસ્પર વિશ્વાસઘાતના ખેલાતા ખેલો કે જેણે આપણું બીજા કરતાં અધિક–ભયંકર નિકંદન કાઢયું છે, અરે સત્યાનાશ વાળ્યું છે, અરેરે આપણને હતા નહતા કરી બે-આબરૂ અને હડધૂત બનાવી મૂક્યા છે, તેને પ્રથમ સદાને માટે દફનાવી દઈ પછી પક્ષભેદમાં વહેંચાઇ ગયેલી સંસ્થાઓને એકત્ર કરી વિખરાયેલી શક્તિઓના સામટા બળે કાર્યક્ષેત્રમાં ઝંપલાવી દેવાની આપણી અનિવાર્ય ફર્ઝ હાથ ધરીએ અને પછી

હસ્તીસે અપની કામ લે, દામન વફાકા થામ લે,
હુબ્બે વતનકા જામ લે, ઔર લુત્ફે સુબ્હો શામલે;
કર ખિદમતે કોમો વતન,

જો આપણે એટલું કરવા સમર્થ નીકળીએ તો આપણો બેડો ઇ. અ. પાર છે.

છેવટે પાક પરવરદિગારે આલમ પાસે અતિશય આજીજિ ને ઇનકિ સારી સાથ કરગરીને દોઆ માગીશ કેઃ—

અય કારસાઝે આલમ, સુનલે દુઆ હમારી;
ઈમદાદ કર બરાએ, ખયરૂલ વરા હમારી.

નાજુક હે આજ હાલત, ઇસ્લામકી ખુદાયા,
બાદલ મુસીબતોંકા, હે મુસ્લિમોં પે છાયા.

બિસ્માર કરદે યારબ, કરદે ગુરૂરો નખવત;
ફિર કરદે પૈદા એહલે ઈસ્લામમેં ઉખુવ્વત.
ફરમા દે દરગુઝર બસ હરએક ખતા હમારી.

રેહને ન પાયેં દિલમેં, બુગ્ઝો હસદ વ કીને;
ફઝલો કરમસે તેરે, હો જાયેં પાક સીને.
હોને લગે યેહ ઈઝ્ઝત, ફિર જા બજા હમારી.
વા કરદે કોશિશોં કે ફિર હમમેં દર ઇલાહી;

ઇલ્મો હુનરસે હમકો કર બેહરાવર ઈલાહી.
અગલીસી શાન પૈદા કરદે ખુદા હમારી.

પીરો જવાંકો એસા સરશારો મસ્ત કર દે;
દારૂએ હુરીઅતસે, પયમાના દિલકા ભર દે.
યંહ હૈ "નસીમ" હકસે બસ ઇલ્તીજા હમારી.

સમાપ્ત.

૭૮૬

જુજ નકલો જ બાકી છે.

મોગલ શહેનશાહતના ભેદ ભરમોથી ભરપુર.

શાહી ગુપ્ત ભંડાર.

(અજબ મનહર ડિટેકટીવ નોવેલ.)

'લગાડી આગ કે શોધ્યો લાગ?' 'થયું મરણ કે કર્યું હરણ?!' 'ધાની મલમપટ્ટી કે પ્રેમની ચટપટ્ટી?' 'જીવલેણ શત્રુ કે જીવજાન મિત્ર!' 'છુપી પોલિસની શોધ કે શાહ ચોરનો બોધ?!' વગેરે દિલફરેબ બનાવો ઉપરાંત 'બાહોશ બહેરામની બાહદુરી' 'અજીબ અવલોકન કળાની અજાયેબી' 'પ્રપંચી પુરૂષોના પ્રપંચ' આદી ચિત્ર વિચિત્ર બનાવોથી ભરપુર, મોટી સાઇઝ, પાકી બાઈન્ડીંગ, સોનેરી નામ મૂલ્ય રૂા. ૨ બેના બદલે હાલ ફક્ત રૂા. ૧। સવા ૮. ખ. અલગ.

મળવાનું ઠેકાણું—

ઈમામખાન માસ્ટર.

ઉપલેટા—કાઠિયાવાડ.

દીન ઓરીસમાં મળતી પ્રખ્યાત મઝહબી કિતાબો.

[ઉર્દુ ઝબાંન ગુજરાતી હરફોમાં]

કુરઆને પાક—(અરબી ઝબાન ગુજરાતી હરફોમાં) કુરઆને પાકના પંદર સીપારા મોટા હરફોમાં છપાવી એક જીલ્દ બનાવી છે. હદીયો ચાર રૂપીયા.

પંજસુરા મએ મજમુએ વઝાયફ—આ પ્રખ્યાત પંજસુરાની થોડાજ દીવસમાં બે આવૃત્તિઓ ખપી જવાથી ત્રીજી આવૃત્તિ ઘણા સુધારા વધારા સાથે બહાર પાડી છે જેમાં કુરાને પાકની આઠ સુરાઓ અને ૧૭ વઝીફાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે લગભગ બસો પાના છે. સોનેરી નામ સાથે પાકી અંગ્રેજી બાંધણીની જીલ્દબંદી કરી છે. નકલો ઘણી નીકળી છે માટે લેતી વખતે પુંઠા ઉપર નિઝામુદ્દીન કુરેશીનું સોનેરી નામ જોઇને લેવું. હદીયો એક રૂપીઓ.

સુરએ યાસીન શરીફ—કુરઆને મજીદના દિલ રૂપે યાસીન શરીફની સુરા જુદી છપાવી છે. હદીયો બે આના.

તરીકે ફાતેહા—અરબી ઉરદુ નહી જાણનારાઓ માટે ખાસ ઉપયોગની આ કિતાબમાં ફાતેહાનો તરીકો લખવામાં આવ્યો છે. હદીયો બે આના.

સુરએ કેહેફ—પંજસુરામાં સુરએ કેહેફ છે છતાં જે સુરએ કેહેફ જુદી વાંચવા ચાહતો હોય તેના માટે જુદી છપાવી છે. હદીયો ચાર આના.

દુઆએ ગંજુલ અર્શ—આ પ્રખ્યાત વઝીફાને બધા જાણે છે. જેના પઢવાના હઝારો ફાયદા છે. હદીયો બે આના.

રૂકને દીન—આ મઝહબી ફિકેહની કિતાબમાં દરેક મસઅલો સવાલ જવાબ રૂપે લખેલો છે જેથી મસઅલાની શોધમાં કોઇ મોલવી પાસે જવાની જરૂર રહેતી નથી. પોણા ચારસો પાનાના દળદાર સોનેરી નામના પુસ્તકની કીમત દોઢ રૂપીઓ.

તઝકીરતુલ અવલીયા ભાગ ૧—૨—આ કિતાબમાં ૨૭૯ અવલીયા અલ્લાહના હાલાત અને કરામાતો લખવામાં આવી છે દરેક ઇસ્લામીએ આ કિતાબો વાંચી પોતાના ઇમાનને તાજો રાખવો જોઇએ. કીમત બંને ભાગના ત્રણ રૂપીઆ.

રાંડાકી શાદી—વિધવા અવરતોને માટે આ કિતાબ વાંચવા લાયક છે. નઝમમાં હોવાથી અલ્લાહ રસુલના હુકમો વાંચતા ભારે આનંદ મળે છે. કીમત ચાર આના.

મીલાદે અકબર—મીલાદે શરીફની એમ તો સેંકડો કિતાબો બહાર પડી છે પરંતુ મીરઠવાલો આશકે રસુલ શાયદ અકબર સાહેબની આ મીલાદ શરીફ ખાસ વાંચવા લાયક છે. કીમત બાર આના.